

અહિંસા પરમ ધર્મ છે
સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે
સ્વરાજ્યપ્રાપ્તિનો મહામંત્ર

સ્વરાજ્યપ્રાપ્તિનો મહામંત્ર

અથવા

ભારતવર્ષનો ઉષઃકાળ

(સચિત્ર રાજનૈતિક અને સામાજિક નવલકથા)

અનુવાદક અને પ્રકાશક,

વ્રજલાલ જાદવજી ઠક્કર

માંડવીની પોળ-અમદાવાદ

સોલ એજન્ટ

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

બુકસેલર અને પબ્લિશર

ત્રણ દરવાજા—અમદાવાદ

પ્રથમાવૃત્તિ
પ્રત ૧૦૫૦ } મૂલ્ય રૂ. ૨-૮-૦ { વિક્રમાબ્દ ૧૯૮૦
ખ્રિસ્તાબ્દ ૧૯૨૪

મુદ્રણસ્થાન: 'આદિત્યમુદ્રણાલય', રાયખડરોડ—અમદાવાદ
મુદ્રક: પ્રાણજીવન વિશ્વનાથ પાઠક.

આ નવલકથાના પૃષ્ઠ ૧ થી ૮૦ 'ભાગ્યોદય' પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યા છે ને બાકીનો તમામ ભાગ 'આદિત્ય' મુદ્રણાલય અમદાવાદમાં પ્રાણજીવન વિશ્વનાથ પાઠકે છાપ્યો છે.



શ્રી૦ પુરૂષોત્તમ ઠાકરશી રૅાય સંપત-મુંબઇ.

અર્પણપત્રિકા

શ્રીમાન્ પુરુષોત્તમ ઠાકરશી રૅાયસપત

મુંબાઈ

આપણો ઉભયનો સ્નેહસબંધ થોડા વખતથી થયેલો હોવા છતા એ સમય દરમ્યાન આપનામા જે અપૂર્વ સદ્ગુણોનુ, ઉત્તમ ચારિત્ર્યનુ, વિશુદ્ધ સ્નેહપ્રીતિનુ, સતત સાહિત્યવિલાસિતાનુ હુ દર્શન કરી શકયો છુ તેથી મુગ્ધ થઈ આપણી ઉભયની મૈત્રીના ચિહ્ન તરીકે આ નવલકથા આપની અનુમતિથી આપને જ અર્પણ કરી કૃતાર્થ થાઉ છુ જગન્નિયતા નારાયણ આપણી મિત્રતાને દિનપ્રતિદિન વિશેષ દૃઢ કરે એટલીજ એ પરમ પ્રભુને અનન્યભાવથી પ્રાર્થના છે

નિરતર સ્નેહાધીન

વ્રજલાલ જાદવજી ઠક્કર

પ્રસ્તાવના

બંગાળીભાષાના સર્વમાન્ય વિદ્વાનોમા આ નવલકથાના લેખક હરિદાસ બાબુની મુખ્યત્વે ગણના થાય છે તેમની સિદ્ધહસ્ત લેખિનીથી ' કર્મપથ ' નામની બગાળી નવલકથા લખાઇ છે તથા આ તેનુ ગુજરાતી ભાષાતર છે.

જગવિખ્યાત કવીન્દ્ર રવીન્દ્રનાથ ટાગોર, ડૉકટર બ્રજેન્દ્રનાથ શીલ એમ એ પી. એચ ડી, સાહિત્યમહારથી મહોપાધ્યાય પંડિત હરપ્રસાદ શાસ્ત્રી એમ. એ સી આઇ. ઈ, દેશપૂજ્ય બિપિનચન્દ્ર પાલ, દેશબન્ધુ બૅરિસ્ટર ચિત્તરંજન દાસ વગેરે અગ્રગણ્ય વિદ્વજ્જનોએ શ્રી હરિદાસ બાબુની લેખનશૈલીની મુક્તકંઠે પ્રશંસા કરેલી છે

ગુજરાતી સાહિત્યમા આ નવીન પ્રકારની નવલકથા લેખાશે, કારણ અમારી માન્યતા પ્રમાણે ગુજરાતીમા રાજનૈતિક નવલકથાઓની ઘણી ખોટ છે આ ' સ્વરાજ્યપ્રાપ્તિના મહામંત્ર 'મા રાજનૈતિક ક્ષેત્રને પરિષ્કાર તથા વિસ્તૃત કરવાની અભિલાષાથી લેખક મહોદયે એવુ સમયાનુકૂળ ચિત્ર અંકિત કર્યું છે કે તેથી સામાજિક અને રાજનૈતિક નેતાઓ પણ યથાર્થ માર્ગ શોધી કાઢવામા સફળતા મેળવે.

મહાત્મા ગાંધીજીએ કિંવા જગતના મહાન્ પુરુષે હિંદવાસીઓને સ્વરાજ્યપ્રાપ્તિ માટે જે માર્ગ દર્શાવ્યો છે તેજ માર્ગનુ આ નવલકથામાં કાંઇક અંશે સ્પષ્ટિકરણ થાય છે, છતા પ્રસ્તુત નવલકથા દરેક રીતે મહાત્મા ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરતી છે એવો ભ્રમ કોઇએ નહિ

કરવાની વિનતિ છે મહાત્માજીના મુખ્ય 'અહિંસા'ના સિદ્ધાન્તનુ વિશેષે કરીને આ નવલકથામા પ્રતિપાદન કરવામા આવેલુ છે

અસહકારની હિલચાલ વખતે આ વાર્તા, એ વખતની રાજનૈતિક સ્થિતિને અનુસરી લખાયલી છે તેથી વર્તમાનકાળની રાજનૈતિક સ્થિતિ અને સ્વરાજ્યપ્રાપ્તિના સિદ્ધાતોને તે સર્વાંશે અનુસરતી નથી ઘણા અંશે અનુસરે છે, એટલો ખુલાસો અત્રે કરી દેવો આવશ્યક લાગે છે.

લગભગ દોઢ વર્ષ ઉપર આ નવલકથા છાપવાનુ કામ 'ભાગ્યોદય પ્રિન્ટિંગ પ્રેસમા આપેલુ તથા આરભના ૧ થી ૮૦ પૃષ્ઠ એ છાપખાનામા છપાયલા એ કામ બિલ્કુલ સતોષકારક નહિ હોવાથી તથા બીજા પુસ્તકો પ્રસિદ્ધ કરવાની પ્રવૃત્તિ ચાલૂ હોવાથી આ કામ વચ્ચે ઘણા દિવસ સુધી મુલતવી રાખવુ પડયુ બીજી પ્રવૃત્તિ પૂર્ણ થયા પછી આ પુસ્તકનુ છાપવાનુ અપૂર્ણ રહેલુ કામ શ્રીયુત પ્રાણજીવન વિશ્વનાથ પારેખના 'આદિત્ય' મુદ્રણાલયમા આપવામા આવ્યુ તેમણે આ કાર્ય બની શકતી ઉતાવળથી સતોષકારક રીતે કરી આપેલુ હોવાથી અત્રે તેમનો ઉપકાર માનવો પ્રસગોચિત ગણાશે.

'ભાગ્યોદય' પ્રેસમા જે ભાગ છપાયો છે તેમા પ્રૂફની ઘણી ભૂલો રહી ગઇ છે તેને માટે ઉત્તરદાતા કોણ છે એ જણાવવાની હવે જરૂર નથી. પુનરાવૃત્તિ પ્રસગે એ ભૂલો સુધારવામા આવશે સમાલોચક મહાશયો એ ભૂલો માટે અનુવાદકને ઉત્તરદાતા ગણવાનો ભ્રમ ન કરે એ હેતુથી આટલો ખુલાસો કરવો પડયો છે.

માડવીની પોળ, અમદાવાદ — સાહિત્યસેવક

તા. ૧ જાન્યુઆરી ૧૯૨૪ — વ્રજલાલ જાદવજી ઠક્કર

રણશૂરા રજપૂતોમાં પ્રબળ પરાક્રમોથી અને સતી સાધ્વી રજપૂતાણીઓના આદર્શ આત્મોત્સર્ગથી પરિપૂર્ણ સચિત્ર વાર્તાસંગ્રહ

રજપૂતોની રંગભૂમિ

(સચિત્ર બીજી આવૃત્તિ)

પ્રયોજક, **વ્રજલાલ જાદવજી ઠક્કર**

જે પ્રબળ પરાક્રમી રજપૂત જાતિએ સ્વદેશની સ્વાધીનતા માટે, સ્વધર્મનું રક્ષણ કરવા માટે પોતાના પ્રાણની માયાનો ત્યાગ કરી સમરાંગણમાં પોતાના વીર જીવન સમર્પણ કર્યાં હતાં, જે સતી સાધ્વી આર્ય સન્નારીઓ અનેક સંકટો આવી પડવા છતાં મનમાં, વાચા અને કર્મણાથી પુણ્યમાર્ગપર દૃઢ રહી ભારતના ઈતિહાસમાં પોતાની પ્રતિભા, આદર્શ, આત્મત્યાગ, ધર્મપ્રીતિ આદિ અનેકવિધ સદ્‌ગુણોનો સુવર્ણાક્ષરે પરિચય કરાવી ગઈ છે, જેમની જીવનકથા હજી પણ આર્ય સન્નારીઓના અંતરમાં ધર્મપ્રીતિના અને સ્વદેશહિતના સંકલ્પોને જાગ્રત કરે છે એ અક્ષય કીર્તિશાલિની વીરશિરોમણી રજપૂત જાતિના ઇતિહાસને અનુસરી આ વાર્તાસંગ્રહ લખવામાં આવ્યો છે. પ્રત્યેક વાર્તામાં પ્રણય, વિરહ, મિલન, સ્વદેશભક્તિ, આત્મોત્સર્ગ વગેરેનો સમાવેશ થયેલો છે પાકું સોનેરી પૂઠું, પૃષ્ઠ ૩૦૦, **ચાર** પ્રાસંગિક **ચિત્રોથી** આ નવલકથાને સુંદર બનાવી છે મૂલ્ય માત્ર રૂ. ૩–૦–૦ ત્રણ.

'લુહાણા-બંધુ' કાર્યાલય, માંડવીની પોળ–**અમદાવાદ.**

ॐ तत्सत्परमात्मने नमः ।

સ્વરાજ્યપ્રાપ્તિનો મહામંત્ર

અથવા

ભારતવર્ષનો ઉષઃકાળ

પ્રથમ ખણ્ડ

(૧)

સુરેશચંદ્ર કલકત્તામાં આમહર્સ્ટ સ્ટ્રીટ ઉપર આવેલા એક હૉસ્ટેલમાં રહેતો હોઈ તેણે આ વર્ષે બી૦ એ૦ ની પરીક્ષા આપી હતી. આ વખતે ગરમીની રજાઓમાં કાશ્મિર તરફ ફરવા જવાની તેની ઇચ્છા હતી. કૉલેજ બંધ થતાં કેટલાક મિત્રોની સાથે તે વિ-દેશભ્રમણ કરવા નીકળી પડ્યો. ગરમીની સઘળી રજાઓ પ્રવાસમાં પસાર કરી તે જ્યારે કલકત્તા પાછો આવ્યો ત્યારે તેને એક પત્ર મળ્યો. એ પત્ર કૃષ્ણનગરથી બે દિવસ પૂર્વે આવ્યો હતો. એ પત્રની અવિકલ નકલ અત્રે ઉતારવામાં આવે છે.

" પ્રિય ભાઇ !

કાલે પ્રભાતકાળે ઘણા પોલિસોએ આવી અમારા મકાનને ઘેરી લઇ આખા મકાનની જડતી લીધી છે, એટલુંજ નહિ પણ પોલિસે

નંદલાલને થાણામાં લઇ ગયા છે. ત્યાર પછી થાણાના ઘણા માણસો આવી વિપિનચંદ્ર વગેરે સજ્જનોને કેદ કરી લઈ ગયા છે. ભાઇ નંદલાલને પોલિસે શામાટે પકડયો છે એ હું જાણતી નથી. મા એને માટે ઘણી ચિંતા કરે છે. લાંબુ કાળ માટે પણ તેનાં આંસુ સુકાતાં નથી. આ પત્ર મળે કે તરત જ એક વખત તમે અત્રે આવી જજો. આ રક્ષાબંધન જેવા મંગળ પ્રસંગે અમારા દુઃખનો પાર રહ્યો નથી.

તમારી ભગિની કનકલતા. ”

અત્રે અમારે કનકલતાનો થોડો પરિચય આપવો જોઇએ. કનકલતા કૃષ્ણનગરના એક નિષ્ઠાવાન્ બ્રાહ્મણની કન્યા હતી. બ્રાહ્મણનું નામ જયગોવિંદ હતુ. પિતા નિર્ધન હોવાથી વિધાતાએ કનકલતાને શારીરિક સૌન્દર્ય અર્પણ કરવામાં ઘણી ઉદારતા દર્શાવી હતી સુવર્ણ તેના આખા શરીરમાં હતુ, મુક્તામાળા મુખમાં હતી અને ઉજ્વળ હીરા તેનાં બન્ને નેત્રોમાં હતા; છતાં જયગોવિંદ સાથે વિધાતાની પ્રથમથી જ ખટપટ હોય એમ લાગતું હતું. જયગોવિંદે ભવિષ્યનો સહજ પણ વિચાર કર્યા સિવાય કનકલતાનો આઠ વર્ષની ઉમ્મરે જ વિવાહ કરી દીધો. તેથી વિધાતાએ અતિશય નારાજ થઇ એ વિવાહ થયા પછી પાંચ વર્ષે જયગોવિંદના જમાઇને પોતાની પાસે બોલાવી લીધો. કનકલતા તેર વર્ષની ઉમ્મરે જ વિધવા તરીકે ઓળખાવા લાગી.

કનકલતાને વર તો મળ્યો પણ ઘરથી તે તદ્દન વંચિત રહી એમ જ કહેવું જોઇએ. સાસરૂ કોને કહે છે એ તે જાણતી નહોતી. વિવાહ વખતે તેણે મોટી લાજ કાઢી હતી તથા ત્યાર પછી પણ

બે વખત તેણે લાજ કાઢી હતી, અર્થાત્ આજ સુધીના જીવનમાં તેણે ત્રણ વખત વહૂ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતુ એક વખત વિવાહને દિવસે તથા પછી બે વખત તેનો પતિ કોઇ કારણને લીધે સાસરે આવ્યો હતો ત્યારે એટલે કે ત્રણ વખત જ તેણે લાજ કાઢી હતી. ત્યાર પછી ઘુંઘટ સાથે તેનો પરિચય થયો નહોતો. ખીલતા કમળની માફક કનકલતાનું મુખારવિન્દ હમ્મેશાં જયગોવિંદના ઘરના આંગણામાં પોતાનો પ્રકાશ ફેલાવતું હતું

કનકલતાની માતા એક શિક્ષિત ઘરની છોકરી હતી. બાલ્યાવસ્થામાં અમુક વર્ષ સુધી તેણે કન્યાશાળામાં શિક્ષણ મેળવ્યું હતું. કનકલતાને તેણે લખવુ વાંચવુ શીખવાડ્યું હતું. એ શિક્ષણના પ્રતાપે કનક તેના ન્હાના ભાઇ નન્દુને બીજી ચોપડી ભણાવતી હતી નન્દલાલ તેની બ્હેન કરતાં છ વર્ષ ન્હાનો હતો. કનકલતાના એક મામા હતા, પણ મામી નહોતી. મામાનુ નામ સત્યપ્રસાદ હતું. તેમણે ઉચ્ચ શિક્ષણ મેળવેલું હોવા છતા વ્યવહારબુદ્ધિના અભાવથી અને થોડી સહૃદયતાના દોષથી પોતાની સઘળી સંપત્તિ ગૂમાવી દીધી હતી. તેઓ વચ્ચે વચ્ચે કૃષ્ણનગર આવી પોતાની બ્હેન અને ભાણેજોની ખબર જોઇ જતા હતા.

કૃષ્ણનગરમાં કનકલતાના પિતાને એક અકૃત્રિમ મિત્રની પ્રાપ્તિ થઇ હતી. તેમનું નામ રામલાલ હતું. જયગોવિંદ રામલાલને ત્યાં નોકરી કરતા હતા. રામલાલ એક ઘણા સાધુ સ્વભાવના પુરુષ હતા ઘણાખરા માણસો તો તેમને રામલાલ નહિ કહેતાં ' દીનબંધુ ' કહેતા હતા.

આ નવલકથાના આરંભ સમયે રામલાલની ઉમ્મર લગભગ પચાસ વર્ષની હતી. સંસારમાં બે પ્રકારના લોક જોવામાં આવે છે.

તેમાંના એક પ્રકારના લોકોની જેમ જેમ ઉમ્મરે વધે છે તેમ તેમ તેમનું આળસ પણ વધે છે. બીજા પ્રકારના લોકોમાં ઉમ્મર વધવાની સાથે સ્ફૂર્તિ વધે છે. આપણા રામલાલ પણ બીજા પ્રકારના પુરુષ હતા તેઓ પોતાના કાંતની ખોટ રસિકતાથી પૂર્ણ કરતા હતા. તેમનું મુખ હમ્મેશાં હાસ્યપ્રફુલ્લ રહેતું હતું. મુખ્યત્વે કરીને પ્રકૃતિની સ્વચ્છતા ઉપર આ ક્ષમતા પોતાનું ઘણું પ્રધાનત્વ પ્રાપ્ત કરે છે.

રામલાલ ઘણું દ્રવ્ય કમાતા હતા, પણ તેઓ એકઠું સુદ્ધાં કરતા નહિ. આધુનિક શિક્ષણના નામથી જે શિક્ષણને ઓળખવામાં આવે છે તે રામલાલે મેળવેલું નહિ હોવા છતાં તેઓ તેના વિશેષ પક્ષપાતી હતા. તેથી તેઓ પોતાના પ્રિય પુત્ર શ્રીમાન્ સુરેશચંદ્રને કલકત્તા રાખી શિક્ષણ અપાવતા હતા. સુરેશની સાથે અમારા પાઠક પાઠિકાઓનો આરંભમાં જ પરિચય થયો છે. અસ્તુ· રામલાલ પાસે દ્રવ્ય નહિ બચવાનું એક કારણ હતું તેમના મૂળ વતનમાં તેમની સ્થાપેલી એક પ્રાથમિક નિશાળ હતી. રામલાલની આવકનો એક તૃતીયાંશ ભાગ એ નિશાળ ખાઇ જતી હતી.

રામલાલ જમીનદાર હતા. અદાલત સાથે તેમને થોડો ઘણો સંબંધ રાખવો પડતો હતો, તેથી આજકાલના મુખ્ય વકીલોમાં પ્રસિદ્ધ વકીલ રાધાવલ્લભ બી. એ, એલ, એલ. બી. સાથે એમનો ગાઢ સબંધ થયો હતો. ગાઢ સબંધ અથવા ઘનિષ્ટતા બે પ્રકારની થાય છે. સમાન ચરિત્ર અને સમાન હૃદય એ એક પ્રકાર છે અને કામને માટે બીજો પ્રકાર છે. રાધાવલ્લભ સાથેનો રામલાલનો સંબંધ બીજા પ્રકારનો હતો એમ કહેવાની જરૂર નથી.

રાધાવલ્લભ સરકારી વકીલ નહિ હોવા છતાં કૃષ્ણનગરના તેઓ એકછત્ર સમ્રાટ હતા. તેઓ ભાષણ કરવા કિંવા પોતાના પક્ષનો બચાવ કરવા ઉભા થતા ત્યારે દારૂના ઢગલામાં અગ્નિસંયોગ થયો હોય એવો ભાસ થતો હતો. ઘણા લોકોનું એમ પણ કહેવું હતું કે, વકીલ સાહેબની વકીલાત બીજા બધા વકીલો કરતાં ચઢીઆતી હતી. એ કારણથી એમની વિશેષ ખ્યાતિ હોય તો એ સંભવિત હતું. વળી ઘણાખરા રાજદ્વારી કેસોમાં તેમને સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવતા હતા.

રાધાવલ્લભ મૌખિક વીર હોવાની સાથે સાથે કલમવીર પણ કાંઈ ઓછા નહોતા, કેમકે મુંબાઇથી પ્રસિદ્ધ થતા એક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલા એમના અંગ્રેજી લેખ અમે વાંચ્યા છે. એમના મિત્ર તથા ઉપરોક્ત પત્રના સંપાદક એ લેખોને સંપાદકીય સ્તંભમાં સ્થાન આપતા હતા. વકીલ સાહેબના લેખોમાં કેટલો બધો જુસ્સો હોવો જોઇએ તેની કલ્પના આટલા ઉપરથી થઇ શકે તેમ છે. એવું સંભળાય છે કે, રાધાવલ્લભ સાથે એક વખતે એક ડેપ્યુટી કલેક્ટરનું મનોમાલિન્ય થયું હતું. પછી પૂછવું જ શું? વકીલ સાહેબે પોતાના લેખરૂપી હંટરોના મારથી એ ડેપ્યુટી કલેક્ટરનો દમ નાકે આણ્યો હતો.

પહેલાં રાધાવલ્લભના એક અગ્રગણ્ય રાજનૈતિક નેતા તરીકે સમસ્ત કૉન્ગ્રેસો અને કોન્ફરન્સોમાં હાજરી આપતા હતા, પરંતુ તેમને જ્યારે એમ માલૂમ પડયું કે, તેમને સરકારી વકીલનો અધિકાર આપવા માટે ઉપરી અધિકારીઓ વચ્ચે પત્રવ્યવહાર ચાલે છે ત્યારે રાધાવલ્લભનો રાજનૈતિક ઉપદ્રવ ઓછો થઇ ગયો. આજકાલ તેઓ કૉંગ્રેસ, કૉન્ફરન્સ કિંવા બીજી કોઇ પણ રાજનૈતિક સભામાં

જતા નહિ. હવે તેઓ એમજ કહેતા હતા કે, એ સઘળી રાજકીય ચળવળ દેશોન્નતિના કાર્યમાં વિઘ્નકર્તા છે

હવે અમે રાધાવલ્લભનું થોડું સાંસારિક જીવનચિત્ર આલેખવાનું જરૂર ધારીએ છીએ. અંગ્રેજી તેમજ સંસ્કૃત કવિઓએ કહ્યું છે કે, વિચ્છેદ કિંવા વિરહ પ્રેમને ગંભીર બનાવી દે છે. જો એ કથન ખરું હોય તો રાધાવલ્લભનો દાંપત્ય પ્રેમ એક અગાધ સમુદ્રના જેવો અસીમ હતો એમાં કાંઇ સંદેહ નથી, કેમ કે એ સમુદ્રમાં હમ્મેશાં વિચ્છેદરૂપી કલહનો વડવાનળ સળગ્યા કરતો હતો. આમ હોવાથી રાત્રે તેઓ સુરા સિંચનથી એ અગ્નિને બુઝાવી નાખવાનો પ્રયત્ન કર્યા કરતા હતા.

સ્ત્રીની સાથે બનતું નહિ હોવાથી જ રાધાવલ્લભ હમ્મેશાં નવીન પુષ્પના અમૃતનું પાન કર્યા કરતા હતા અને તેથી તેમના હૃદયની પિપાસા શાન્ત થતી હતી. સ્વામીના એ રોગને દિવસે દિવસે વધતો જોઇને તેમની સ્ત્રી શ્રીમતી મોહિની દેવીએ ઘણી વખત એ રોગ દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ એવા રોગ જલ્દી દૂર થતા નથી.

પાઠકબંધુઓ! તમે રાધાવલ્લભને રમણી ભક્ત પુરુષ ન સમજી લેશો! કેમ કે તેઓ રમણી જાતિ ઉપર ભયંકર દ્વેષ રાખતા હોય એ વાત અમે સારી રીતે જાણીએ છીએ. તેઓ એમ કહેતા કે, સ્ત્રીઓના મનની ગતિ સર્પની માફક વાંકી છે અને તેનું દંશન વીંછીના જેવું તીવ્ર છે. પ્રમાણમાં તેઓ એમ દર્શાવે છે કે, બીચારા રાવણનો એક સ્ત્રીને લીધે જ વંશસહ વિનાશ થયો! ખરૂં પૂછો તો આખા મહાભારતમાં દ્રૌપદીના જ ક્રોધનો અગ્નિ સળગે છે. કેવળ એક રમણીને લીધે જ આખા ટ્રૉય રાજ્યનો ધ્વંસ થયો હતો.

સ્ત્રીની સાથે રાધાવલ્લભનો હમ્મેશનો કલહ જોઈને તેમના એક મિત્રે તેમને ફરીથી બીજો વિવાહ કરવાની સલાહ આપી; પરંતુ રાધાવલ્લભે તેને સમજાવી દીધું કે, 'વિવાહ કરીને સ્ત્રીને આપણી અર્ધાંગના કદાપિ ન બનાવવી જોઈએ સ્ત્રીના જેવો પુરુષનો બીજો શત્રુ સંસારમાં કોઈ નથી ! આમ હોવાથી પુરુષે તેનાથી હમ્મેશાં સાવધાન રહેવું જોઈએ. સ્ત્રીને જોતાંની સાથે જ યુદ્ધ જાહિર કરી દેવું જોઈએ, વિદ્રુપ અને રસિકતાનાં વાક્ય બાણોથી સ્ત્રીજાતિને હમ્મેશાં વીંધી નાખવી જોઈએ, પ્રેમાલાપનો ઢોંગ કરી તેની વંચના કરવી જોઈએ, તેને આશાના પંજામાં ફસાવવી જોઈએ, પરંતુ તેની સાથે કદાપિ વિવાહ ન કરવો જોઈએ "

અમે અમારા વાચકબંધુઓને કહેવું ભૂલી ગયા છીએ કે, આજકાલ કરતાં પાંચ માસથી જયગોવિંદનું ક્ષયના રોગથી મૃત્યુ થઈ જવાથી તેનાં નિરાશ્રય સ્ત્રી પુત્ર અને કન્યાને રામલાલના કુટુંબમાં ભળી જવું પડ્યું હતું. જો રામલાલે એ ભાર ન ઉપાડી લીધો હોત તો જયગોવિંદના કુટુંબને રસ્તે રખડીને ભિક્ષા જ માગવી પડત. હમણાં કનકલતાની ઉમ્મર પચીસ વર્ષની હતી. રામલાલની સ્ત્રી શ્યામમયી તેના ઉપર પુત્રીના જેટલો પ્રેમ રાખતી હતી. સુરેશ કનકલતાને બ્હેન કહીને બોલાવતો હતો નંદલાલ રામલાલની જમીનદારીમાં જ કામકાજ શીખતો હતો. કનકલતા તથા તેની માતાએ રામલાલના ઘરની રસોઈનો ભાર ઉપાડી લીધો હતો.

કામ પડવાથી રામલાલને વારંવાર રાધાવલ્લભને ઘેર જવું પડતું હતું. રાધાવલ્લભ પણ કામકાજ નહિ હોવા છતાં રામલાલને ત્યાં આવતા જતા હતા. સંભવતઃ તેઓ સૌજન્ય દર્શાવવાના ઉદ્દેશથી જ આવતા હતા; છતાં સૌજન્ય દર્શાવવા માટે મહિનામાં જેટલી વખત

આવવાની જરૂર હતી તે કરતાં વધારે વખત રાધાવલ્લભ આવતા હોવાથી રામલાલને તેમના વિશેષ કૃતજ્ઞ બનવું પડતુ હતુ. તેઓ વચ્ચે વચ્ચે રાધાવલ્લભને ભોજનનુ નિમંત્રણ પણ કરતા હતા.

એક દિવસે રાધાવલ્લભ રામનાલને ત્યાં ભોજન કરતા હતા. એ દિવસે માતા બીમાર હોવાથી કનકલતાને ભોજન બનાવવુ પડયું હતું રાધાવલ્લભે પહેલાં પણ કેટલીક વખત કનકલતાને જોઇ હતી બિલાડી જેવી રીતે પિંજરાના પક્ષીને જુએ તેવી જ રીતે રાધાવલ્લભ કનકલતાને જોતા હતા. કનકલતા એ ભાવને મનમાં ને મનમાં સમજતી હતી, કેમ કે મન અંતર્યામી છે, છતાં સઘળુ જાણીને પણ તે એ વિષયનો ઉચિત પ્રતિકાર ન કરી શકી પક્ષી બિલાડાની કુદૃષ્ટિનો પ્રતિકાર કરી શકે છે કે? જે વખતે કનકલતા ભોજન પીરસતી હતી એ સમયે રામલાલે પૂછ્યુ.—"કેમ વકીલ સાહેબ! શાક કેવાં થયાં છે!"

"બહુ ઉત્તમ થયાં છે ભોજન કોણે બનાવ્યુ છે?"

"નન્દલાલની બ્હેન કનકલતાએ."

"વાહ–વાહ! ત્યારે તો કનકલતાના બન્ને હાથ સોનાથી મઢી દેવા જોઇએ."

"અમારી કનકલતા સાક્ષાત અન્નપૂર્ણા છે."

"રસોઇ જમતાં એમ જ લાગે છે કે, કનકલતા સાક્ષાત દ્રાપદી છે."

આ વાક્ય સાંભળી રામલાલ ઉચ્ચ સ્વરે હસી પડ્યા કનકલતાનું મ્હોં લાલચોળ બની ગયુ લજ્જાથી તેનુ કપોળ લાલ બની ગયુ. રોષથી તેનું સમસ્ત મુખમંડળ રંગાઇ ગયું. જે સ્થળે રોષ



'બહુ ઉત્તમ થયા છે ભોજન કોણે બનાવ્યુ છે!

પૃષ ૮

વાક્યોદ્વારા પ્રકટ ન થતાં મનમાં ખુપાઇ રહે છે ત્યાં તે પોતાની સઘળી શક્તિ મુખ ઉપર ફેલાવી તેને લાલચોળ બનાવી દે છે.

ભોજન કરી રહ્યા પછી રાધાવલ્લભે નન્દલાલનો પ્રસંગ ઉપસ્થિત કરીને કહ્યું. "જો નન્દલાલ બીજું બધું છોડી દઇ વકીલનો કારકુન બનશે તો તેની ઉન્નતિ ઘણી ઝડપથી થશે વળી હમણાં મ્હને બીજા એક સારા કારકુનની જરૂર પણ છે. જો નન્દલાલ રાજી હોય તો હું તેને મ્હારે ત્યાં રાખી શકું છું."

રામલાલે સંમતિ દર્શાવી અને નન્દલાલે પોતાની ખુશી બતાવી એટલે રાધાવલ્લભે તેને પોતાનો કારકુન બનાવ્યો. આ કાર્યમાં કનકલતાએ થોડી આપત્તિ કરી હતી, પરંતુ તેમ કરવાનું કોઇ કારણ એ દર્શાવી શકી નહિ, તેથી તેની આપત્તિ વ્યર્થ થઇ.

(૨)

આજકાલ કરતાં ચાર વર્ષથી નન્દલાલ રાધાવલ્લભના કારકુનનું કામ કરતો હોય તે અદાલતમાં આવજા કરતો હતો. આમ છતાં હજી સુધી તે પોતાના કામમાં ચાલાક થઇ શક્યો નહોતો ઉસ્તાદ વકીલની કારકુની કરવામાં જે જે ગુણો હોવાની જરૂર હતી એ સઘળા ગુણોનો નન્દલાલમાં અભાવ હતો. પોતાના કુળોને માથાથી પગ સુધી લુટવાને માટે અસંખ્ય છળ પ્રપંચ અને ચાલાકીઓની જરૂર પડે છે; પરંતુ આપણો નન્દલાલ એ સઘળા ગુણોથી તદ્દન શૂન્ય હતો સ્ટામ્પ ખરીદવાનું અસત્ય નિમિત્ત દર્શાવી મૂર્ખ માણસોના રૂપિયા ખીસ્સામાં નાખતા તેને આવડતું નહોતુ જે રાજ્યપુરુષ અથવા પોલિસ અધિકારી લાંચ નહોતો લેતો તેને અમુક રૂપિયા લાંચ તરીકે આપવા પડશે એવી અસત્ય વાત કહીને તે સટમાં

સપડાયેલા મૂર્ખ માણસોનું દ્રવ્ય પચાવી પાડવાનું જાણતો નહોતો. નન્દલાલ કારકૂન બનીને ટ્યૂટરનું કામ કરી શકતો નહોતો તથા જે વાદી કેસ હારી ગયો હોય તેને ઉંધુ છતું સમજાવી અપીલ દાખલ કરાવવાને પણ રાજી કરી શકતો નહોતો

ચતુર વકીલના કારકૂનને વારંવાર ન્હાના વકીલ બનીને ઝાડ નીચે બેસનારી પાનવાળીના મંડળમાં વકીલાત કરી પક્ષાપક્ષના મધ્યમાની અગ્રિમ ડિગરી ડિસમિસ કરવી પડે છે, પરંતુ નન્દલાલ એ ચતુરાઇથી—એ વિદ્યાથી તદ્દન અનભિજ્ઞ હતો નન્દલાલ રાધાવલ્લભદ્વારા અનુરુદ્ધ થઇને આ કાર્યમાં જોડાઇ અદાલતના કામમાં ગુંથાયેલ હતો; છતાં પોતે એ કાર્ય માટે અયોગ્ય છે એમ તે સારી રીતે જાણતો હતો. આમ હોવા છતાં તે કનકલતાનો ભાઇ થતો હોવાથી રાધાવલ્લભ તેના ઉપર ઘણી કૃપા રાખતા હતા તેઓ પોતે પોતાનાં કુળો પાસેથી તેને થોડા વધારે પૈસા અપાવતા હતા. વચ્ચે વચ્ચે એક બે સારી વસ્તુઓ ખરીદ કરી તેઓ નન્દલાલને આપી એમ કહેતા હતા કે, “લે, આ વસ્તુઓ ત્હારી માતા તેમજ બ્હેનને આપજે.” અસ્તુઃ

કનકલતાના મામા સત્યપ્રસાદ પ્રથમની માફક હજી પણ કૃષ્ણનગર આવી બ્હેન તથા ભાણેજોને મળી જતા હતા. આ વખતે રામલાલને ત્યાં આવી એક બે દિવસ રહીને તેઓ ચાલ્યા ગયા. સુરેશ તથા તેના મિત્રો સાથે અત્રે તેમનો પરિચય થયો હતો. એ લોકો તેમને મામા કહીને જ બોલાવતા હતા કેવળ કૃષ્ણનગરમાંજ નહિ પરંતુ કલકત્તાના પણ કેટલાક શિક્ષિત યુવકોમાં સત્યપ્રસાદની વિલક્ષણ ધાક હતી. યુવક સંપ્રદાય તેમની સાથે વાતચિત કરી ઘણા

નવીન સમાચાર જાણતો હતો તથા અનેક પ્રકારનું નવીન શિક્ષણ મેળવતો હતો અમને તો એમ જ લાગે છે કે, સત્યપ્રસાદ સર્વ વિ-ષયોનું ગૅઝેટ હતા

સત્યપ્રસાદની ઉમ્મર સાઠ વર્ષ ઉપર હોવા છતાં પણ તેમના શરીરની સ્થિતિ સારી હતી હજી સુધી તેમના બત્રીસ દાંતોમાંનો એક પણ દાંત પડી ગયો નહોતો. એ દાંતોમાં હમ્મેશાં હાસ્યરસ વિરાજમાન રહેતો હતો. તેમનામાં વૃદ્ધાવસ્થાની વિચક્ષણતા, શૈશવની સરળતા અને યૌવનની રસિકતા વગેરે સર્વ ગુણ વિદ્યમાન હોવાથી તેઓ સર્વની સાથે સમાન ભાવથી મળી શકતા હતા

સત્યપ્રસાદ એક જબરા હિસાબી માણસ હતા તે ઉપરાંત યૌવનકાળમાં તો તેમની હિસાબની માત્રા પુરી સો ડિગ્રી ઉપર હતી. કદાચ કોઈ રીતે રૂપિયા મળવાનો સંભવ હોય તો તેને શા શા કામમાં ખરચવા એ તેઓ પ્રથમથી જ બજેટના રૂપમાં લખી નાખતા હતા. એક દિવસે તેમના એક રસિક મિત્રે વિશેષ વ્યાકુળતાથી તેમની પાસે આવીને પૂછ્યું –"ભાઈ! તમારા શિર ઉપર હમ્મેશાં મ્હોટાં મ્હોટાં ખરચોનો ભાર રહ્યા કરે છે. આવતા માસમાં મ્હને પાંચસો રૂપિયા મળવાના છે. એ રૂપિયા શા શા કામમાં ખરચવા એ જો આપ મ્હને બતાવો તો હું મ્હારા એ રૂપિયાની સદ્ગતિ કરી શકું તેમ છુ."

પ્રાયઃ સર્વ લોકોનું કહેવું એવું છે કે, સત્યપ્રસાદમાં પ્રતિભા હતી આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ અમને પણ એમનાં એક બે કાર્યોમાં મળ્યું છે જે કાર્ય પૂર્વે કોઈથી નહોતાં કરી શકાયાં એવાં એક બે કાર્યો તેઓ કરી શક્યા હતા; છતાં તેમના હિસાબ અને હાથની ઝડપથી એમાંનું એકે કાર્ય સ્થિર થયું નહોતું તથા તેથી તેમની સઘળી

પૈતૃક સંપત્તિનો નાશ થયો હતો. સંપત્તિ નષ્ટ કરવાનો દોષ જો કોઇ તેમના ઉપર મૂકતુ તો તેઓ ગણિતસિદ્ધ પંચાંગ ઉઘાડી બતાવીને કહેતા કે, 'મ્હારો પોષ માસમાં જન્મ થયેલો હોવાથી હુ પૈતૃક સંપત્તિ ભોગવી શકુ તેમ નથી.' આ ઉપરથી સત્યપ્રસાદ મામા પંચાંગ ઉપર વિશ્વાસ રાખતા હતા એવા ભ્રમમાં નહિ પડી જવાની વાચકોને વિનતિ છે. અમે તેમને શ્લેષા, મઘા અને અહરપર્ણ જોઇને જ કોઇ કાર્યનો આરંભ કરતાં જોયા છે

પૈતૃક ધનને સ્વાહા કરીને સત્યપ્રસાદે કોઇ પણ દિવસે સ્વોપાર્જિત ધનનો ભોગ કરવાની ઇચ્છા કરી નહોતી તેઓ કહેતા કે, 'મ્હે વિવાહ કર્યો નથી. કેવળ મ્હારા એક પેટને માટે ધીવરવૃત્તિનું અવલંબન કરી પૈસા કમાવા માટે મ્હારે ભવ સમુદ્રમાં શા માટે જાળ ફેલાવવી જોઇએ."

સત્યપ્રસાદને ઘણું સારું અંગ્રેજી આવડતુ હતુ તથા સંસ્કૃતનુ પણ સારુ જ્ઞાન તેમણે મેળવ્યુ હતું. પ્રભા પત્રના સંપાદક ગણેશપ્રસાદની સાથે તેમનો ઘણો પરિચય હતો એ પરિચયને પરિણામે તેમની બન્નેની વચ્ચે હૃદયતા પણ વધી ગઇ હતી. એ હૃદયતાનુ કારણ સાદૃશ્ય હતું. તેઓ બન્ને શિક્ષિત હતા—બન્ને લક્ષ્મીની કૃપાથી શૂન્ય હતા આજકાલ સત્યપ્રસાદ મામા પ્રભા કાર્યાલયમાં રહી પ્રૂફ વગેરે તપાસતા હતા અને ત્યાં જ ભોજન કરતા હતા ભોજન કર્યા વિના કોઇનું કામ ચાલી શકતું નથી તેથી સત્યપ્રસાદ તેના સિવાય કેવી રીતે ચલાવી શકે ? આહાર બે પ્રકારનો થાય છે, એક દેહનો અને બીજો મનનો દેહના આહાર તરફ સત્યપ્રસાદનું વિશેષ લક્ષ્ય નહોતું. જે કાંઇ મળતુ તેનાથી ચાલતું હતું, પરંતુ તેમના મનની ક્ષુધા ઘણી તીવ્ર હતી.

'પ્રભા' ઑફિસમાં ઘણાં અંગ્રેજી હિન્દી વર્તમાનપત્રો અને માસિકો આવતાં હતાં સત્યપ્રસાદ હમ્મેશાં સ્હવારે એ સર્વનું અવલોકન કરી ઉદ્ધરસ્થ કરતા હતા. મધ્યાન્હકાળે લાયબ્રેરીમાં જઈ ભિન્ન ભિન્ન પ્રકારનાં પુસ્તકો વાંચતા હતા અને સંધ્યાકાળે સભા સમિતિઓનાં ભાષણો સાંભળી અવશિષ્ટ રહેલી ક્ષુધાને શાન્ત કરતા હતા. અમે તેમને સાહિત્ય પરિષદ, રાજકીય પરિષદ, સભ્યમંડળ, આર્યસમાજ વગેરે સંસ્થાઓનાં અધિવેશનોમાં અનેક વખત જોયા છે. સત્યપ્રસાદ હરેક ઉત્સવમાં હાજરી આપતા હતા તેઓ સર્વ સ્થળે જતા પરંતુ તેમાં કદાપિ લીન થતા નહિ કેવળ પ્રેક્ષકની માફક જ તેઓ સર્વ સ્થળે હાજર રહેતા હતા.

એટલામાં સ્વદેશી આન્દોલનનો હલ્લો મચ્યો. રાજનૈતિક ગગનમાં ઘણા જોર શોરવાળો વાયુ વિહરવા લાગ્યો. કોઈ કોઈ વિચારશીલ વ્યક્તિ એ સ્વદેશી આન્દોલનમાં ફ્રાન્સ દેશના ઈ૦સ૦ ૮૯વાળા સામાજિક અને રાષ્ટ્રીય વિપ્લવનાપૂર્વ લક્ષણની કલ્પના કરવા લાગી રાજપુરુષો પણ સાવધાન હતા. જેમણે આધુનિક જગતનો ઇતિહાસ વાંચ્યો છે તેઓ જાણે જ છે કે આવા પ્રકારના વિરાટ આન્દોલન વખતે શિક્ષિત પોલિટિકલ—રાજનૈતિક સમાજ નરમ અને ગરમ નામથી ઓળખાતા બે વિભાગમાં વિભક્ત થઈ જાય છે સરકારના વહિવટદારો પણ એ વાત જાણતા હતા. તે ઉપરાંત એમને એ પણ માલુમ હતું કે, એ આન્દોલનના સમગ્રે વિદ્યાર્થીઓ અને યુવકોના હૃદયમાં પણ વિશેષ ચાંચલ્ય ઉપસ્થિત થશે તથા તેઓ તેનું અશાન્ત વાહન બની જશે. આમ હોવાથી અધિકારી વર્ગ એ શ્રેણિ ઉપર વિશેષ નજર રાખતો હતો.

'પ્રભા' કાર્યાલય ઉપરોક્ત આંદોલનનું એક કેન્દ્ર બની ગયું ઘણા સ્વદેશી વિદ્યાર્થીઓ અને યુવકો એ કાર્યાલયમાં હમ્મેશાં આવતા જતા હતા. 'પ્રભા'ના સંપાદકની સાથે સત્યપ્રસાદના આ આંદોલન ઉપર ઘણા તર્ક વિતર્ક ચાલતા હતા. બન્નેમાં ઘણો મતભેદ હતો. એક દિવસે સંપાદક મહાશય આવેલા યુવકોને કહેતા હતા કે, 'આ સ્વદેશીવૃક્ષ યથા સમયે ગગનસ્પર્શી થઇને સ્વરાજ્ય ફળનો પ્રસવ કરશે.' એ સાંભળી સત્યપ્રસાદે કહ્યું 'એ વૃક્ષના અંકુર ઉગવામાં જ ભુલ થઇ છે પરજાતિવિદ્વેષની મૃત્તિકા ઉપર એનું બીજ રોપવામાં આવ્યું છે. આમ હોવાથી એનું અકાળે જ મૃત્યુ થશે એમ મ્હને લાગે છે.'

સંપાદક મહાશયે કહ્યું:—"સત્યપ્રસાદ ભાઇ! આ આંદોલનનો નાશ થઇ જશે તથા તેનું કોઇ ફળ નહિ આવે એમ જ આપને લાગે છે કે?"

સત્યપ્રસાદે ગંભીરભાવથી કહ્યું:—"બેશક, એ વાત નિશ્ચિત છે. આ ચળવળથી સ્વરાજ્ય મેળવવાની આશા રાખવી વૃથા છે. આ ચળવળથી જો લાભ થાય તેમ હોય તો તે એટલો જ કે એથી હિન્દુ જાતિમાં થોડી સ્ફુર્તિ આવશે. લોકમત કેળવાઇ આગળ વધશે. આ આંદોલનનો જ્યારે નાશ થશે ત્યારે લોકસમાજ પાછળ હઠી જશે પરંતુ લોકમત પાછળ નહિ હઠી જાય. રાજશક્તિ એ અગ્રગામી લોકમતની ઉપેક્ષા કરી શકે તેમ નથી. રાજપુરુષોને માટે એને માન આપીને જ વર્તવાની ફરજ પડશે. આ ચળવળનું સ્થાયી ફળ એ જ છે, તે સિવાય એનાથી વિશેષ કાંઇ થઇ શકે તેમ નથી."

વળી બીજે એક દિવસે 'પ્રભા' પત્રના સંપાદકની સાથે સત્યપ્રસાદની ચર્ચા થઇ. સંપાદક મહાશય કહેતા હતા કે, "મ્હેં યૂરો-

પની મુસાફરી કરી છે અગ્રેજ લોકો ગમે તેવા હો, મ્હેં તેમને મ્હારી નજરે જોયા છે. હું એમની એક પણ વાત પસંદ કરતો નથી એમના શરીરનો ગોરો રંગ પણ મ્હારી નજરમાં ચુનાની કલઇ છે ”

સત્યપ્રસાદે કહ્યું —“ રામ-ધનુષમાં સાત રંગો એકઠા થવાથી ગોરો રંગ બને છે એ ગોરા રંગના દર્શનથી આપનાં નેત્રોને જો પીડા જ થતી હોય તો આપે એમ સમજી લેવુ જોઇએ કે, આપનાં નેત્રોમા કોઇ ભારે રોગ થયો છે આ વર્ણભીતિ એનું જ લક્ષણ છે મ્હારી એવી સલાહ છે કે, આપ સત્વર મેડિકલ કૉલેજમાં જઇ આપનાં નેત્રોની પરીક્ષા કરાવી આવો નેત્રોનો રોગ દૂર થયા સિવાય આપ ભગવાનના સૃષ્ટિસાન્દર્યને સારી રીતે નહિ જોઈ શકો યૂરોપનો તુષારશ્વેતવર્ણ, સુદૂર પ્રાચ્યનો પીતવર્ણ અને ભારતનો કૃષ્ણવર્ણ એ સર્વ ભગવાનની સૃષ્ટિ છે એ સર્વથી જ વિશ્વના વર્ણવૈચિત્ર્યની સૃષ્ટિ થઇ છે, એમાંનો કોઈ પણ વર્ણ સુસ્થ નેત્રોને માટે કષ્ટદાયક થતો નથી. ”

સત્યપ્રસાદના આવા પ્રકારના વિસ્મૃત વિમોકાર મતવાદને લીધે ઘણા માણસોનુ કહેવુ એવુ હતુ કે, એમના ભેજામા કાંઇ ફિતુર જેવુ થયુ છે

(૩)

સ્વદેશી આંદોલનનો પ્રવાહ કૃષ્ણનગરમા પણ આવી પહોંચ્યો. કૃષ્ણનગરના અનેક યુવકોએ મળીને એક સ્વદેશી સંકીર્તન દળનુ સંગઠન કર્યું હતું. તેઓ શહેરનાં બજારોમાં અને રસ્તાઓમાં સ્વદેશી ગીત ગાતા ફર્યા કરતા હતા અને ‘વન્દે માતરમ્’ નો ધ્વનિ કરતા

સર્વને વિદેશી વસ્તુઓનો ત્યાગ કરવાનું કહેતા હતા. વિપિનચંદ્ર નામનો યુવક એ દળનો સરદાર હતો. આપણો નન્દલાલ એ દળનાં સર્વ કાર્યોમાં લેફ્ટેનેન્ટનું કામ કરતો હતો. વિપીનચંદ્ર કૃષ્ણનગરની કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરતો હતો તથા એક વકીલને ત્યાં તેના પુત્રના શિક્ષક તરીકે રહેતો હતો.

નન્દલાલ સ્વદેશીનો અર્થ ફકત, મીઠું, દેશી ખાંડ અને દેશી વસ્ત્રોનો ઉપયોગ કરવો એ જ સમજતો હતો. વાસ્તવિક રીતે દેશી વસ્તુઓનો ઉપયોગ કરવા ઉપરાંત સ્વદેશીમાં બીજું શું છે એ નન્દલાલ સમજતો નહોતો. તેણે કેવળ અંગ્રેજી ફોર્થ સ્ટેન્ડર્ડ સુધી અભ્યાસ કર્યો હતો. અમુક વર્તમાન પત્રમાં કયો લેખ સારો છે અને કયો સામાન્ય છે એ વિષયનો નિર્ણય કરવા જેટલી શકિત તેનામાં નહોતી. જે લોકો સ્વદેશીનો પ્રચાર કરે છે તેમના ઉપર પોલિસની કડવી નજર કેમ રહે છે, સ્વદેશી સભામાં સી. આઇ. ડી. ના માણસો કેમ જાય છે, સ્વદેશભકત માણસોના ઉપર સી. આઈ. ડી. ના માણસોની હમ્મેશાં કેમ તીક્ષ્ણ દૃષ્ટિ રહે છે, તેઓમાંના કેટલાકની પાછળ ડિટેકિટવો કેમ ફરે છે, સ્વદેશી પ્રચારકોમાંના કેટલાક મહાશયોને જેલખાનાની હવા કેમ ખાવી પડે છે એ વાતો હમ્મેશાં વર્તમાનપત્રોમાં વાંચવામાં આવતી હોવા છતાં નન્દલાલ એનું ખરું રહસ્ય સમજી શકતો નહોતો. બીજા બધા વિચારો કરવા છોડી દઇ તેણે એવો નિશ્ચય કર્યો કે, સ્વદેશીનો પ્રચાર કરતાં જે કાયદાઓનો ભંગ કરે છે તેને જ સરકારના વહિવટદારો સજા કરે છે.

વિપિનચંદ્રના મંડળે કેટલુંક કામ સામયિક ઉત્તેજનાને વશ થઇ સીમા ઓળંગીને કરી નાખ્યું. એક દિવસે એ મંડળના એક માણસે એક ગ્રાહકનું વિલાયતી કપડું છીનવી લઇ તેનો જાહિર રીતે અગ્નિ-

સત્કાર કર્યો. એ કપડાના ખરીદનારે આ સબંધી પોલિસ ખાતામાં કાંઇ રીપોર્ટ તો ન કર્યો, પણ એ વાત ગુપ્ત રહી નહિ. એ વિષયની થોડી ઘણી હકીકત સરકારી અમલદારોના કાન સુધી જઇ પહોંચી. એક દિવસે રાધાવલ્લભે નન્દલાલને પોતાની પાસે બોલાવીને કહ્યું.–"નન્દલાલ! ત્હારા નામ ઉપર થાણામા રીપોર્ટ થયો છે. તું અત્રેના સ્વદેશી મંડળનો નેતા છે. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટે મ્હને એ વાત કહી હતી તથા તેઓ એમ પણ જાણી શકયા છે કે, તુ મ્હારે ત્યાં કારકૂનનુ કામ કરે છે. હવે તુ જો ત્હારુ કલ્યાણ ઇચ્છતો હોય તો સ્વદેશી વિદેશીનુ નામ છોડી દે એવા ઝગડા ઉભા કરવાથી કાંઇ લાભ નથી. અગ્રેજ લોક આપણા રાજા છે એમને જે કાર્ય ન ગમતું હોય તે આપણે કરવુ જોઇએ નહિ."

નન્દલાલે કહ્યુ:—"દેશી વસ્ત્રો ખરીદવાથી અને દેશી વસ્તુઓનો ઉપયોગ કરવાથી તેનું પરિણામ સરકાર માટે ખરાબ આવે તેમ છે કે?"

"દેશી વસ્ત્રો અને વસ્તુઓનો ઉપયોગ કરવામાં કાંઇ વિશેષ દોષ નથી. તુ ત્હારાથી બની શકે એટલી દેશી વસ્તુઓનો ચુપકીદીથી ઉપયોગ કર એમાં કોઇને કાંઈ હરકત નથી, છતાં તુ બજારોમાં ફરે છે, 'વન્દેમાતરમ્'ના પોકાર કરી શોરબકોર મચાવે છે તથા જે કોઇ વિલાયતી વસ્તુ ખરીદ કરે છે તેના ઉપર જુલ્મ ગુજારે છે. તું આમ કરે એટલે પછી સરકારી અધિકારીઓ ક્રોધે ભરાય એમાં શુ આશ્ચર્ય?"

"માત્ર ગણ્યાં ગાંઠયાં માણસો સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરે તો તેથી કામ ચાલી શકે નહિ દેશનાં સઘળાં મનુષ્યો સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરે એવો પ્રયત્ન અમારે કરવો જોઇએ અને

તેથી જ અમે સર્વ મનુષ્યોને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાનો ઉપદેશ આપીએ છીએ. સઘળાં મનુષ્યોના અંતરમાં સ્વદેશી ભાવ જાગ્રત કરવાના ઉદ્દેશથી જ અમે ' વન્દેમાતરમ્ 'નુ ગાન ગાતા ફરીએ છીએ. "

" પણ મ્હેં એમ સાંભળ્યું છે કે, તે દિવસે બજારમાં કોઇ માણુસે વિલાયતી કપડુ ખરીદેલુ હોવાથી તમે સર્વેએ મળી એ કપડુ છીનવી લઇ બાળી નાખ્યુ હતુ. "

" એ માણુસને કપડાની કિમ્મત આપી સન્તુષ્ટ કર્યા પછીજ અમે કપડાને બાળી નાખ્યું હતું. "

" કપડુ લઇ એને બાળી નાખવાની શી જરૂર હતી ? " એવાં કામ ન કરો તો તમારા સ્વદેશીને કલંક લાગે કે ? "

" એમાં કલંક જેવુ કાંઇ નથી. સર્વ માણુસોને સ્વદેશીનુ શિક્ષણ આપવા માટે જ કપડુ બાળી નાખવામાં આવ્યુ હતુ. "

" હું ત્હારી સાથે વિવાદ કરવાને ઇચ્છતો નથી. આજે મ્હેં તને સાવધાન કર્યો છે. અધિકારી વર્ગ સાથે મ્હારો વિશેષ સંબંધ છે અને તું મ્હારો કારકૂન છે તેથી તને આટલી હકીકત કહેવાનો મ્હને હક હતો. ન કરે નારાયણુ ને જો ત્હારા ઉપર કોઇ સ્વદેશી પોલિસ કેસ થશે તો મ્હારે અદાલતમાં અપમાનિત થવુ પડશે. આમ હોવાથી તું એ ઝગડાથી દૂર રહે. હું તને એ વાતનો વારંવાર નિષેધ કરું છુ. "

રાધાવલ્લભનાં આ વાક્યોનો કાંઇ ઉત્તર નહિ આપતાં નન્દલાલ ચુપ રહ્યો.

(૪)

નન્દલાલે ઘેર આવીને જોયુ તો વિપિનચંદ્ર તેની રાહ જોતો બેઠો હતો. નન્દલાલે રાધાવલ્લભ સાથે થયેલી સઘળી વાતચિત તેને કહી સંભળાવી. વિપિનચંદ્ર રાધાવલ્લભ ઉપર અગ્નિશર્મા થઇને તેમને અનેક કટુવચનો કહેવા લાગ્યો. સુરેશે એ પ્રસંગને હસવામાં ઉડાવી દીધો, કેમ કે તેનામાં વિશેષ પોલિટિક્સ નહોતુ. પિતાની બીમારીની હકીકત જાણી તે કલકત્તાથી કૃષ્ણનગર ચાલ્યો આવ્યો હતો.

આજકાલ કરતાં વીસેક દિવસથી રામલાલ ભયંકર રોગથી બીમાર હતા. તેમનું સઘળુ જમણું અંગ શિથિલ થઇ ગયુ હતું ડૉકટરી ઇલાજો ચાલ્યા કરતા હતા ડૉકટર હમ્મેશાં બે વખત આવી સળીથી પેશાબ કરાવતા હતા. કનકલતા આહારનિદ્રા ભૂલી જઇને તેમની સેવા શુશ્રુષા કરતી હતી. રાધાવલ્લભ વચ્ચે વચ્ચે રામલાલની ખબર જોવા આવતા હતા તથા રોગશય્યા પાસે બેસી કનકલતાને રોગી સંબંધી અનેક પ્રશ્ન પૂછતા હતા

વિશેષ ચિકિત્સા ચાલૂ હોવા છતાં રોગ દિવસે દિવસે વધતા જ લાગ્યો. રામલાલ હવે મહામુશ્કેલીએ થોડી વાતચિત કરી શકતા હતા. એક દિવસે તેમણે સુરેશને કહ્યું:-" ભાઇ ! મ્હારા દિવસો હવે પૂરા થયા છે. મ્હારે હવે જલ્દી ઇશ્વર પાસે હિસાબ આપવા જવુ પડશે. ત્હારે માટે હું વિશેષ કાંઇ રાખી શકયો નથી ! જીવનમાં હું જે કાંઇ કમાયો છુ એ સઘળુ સત્કર્મોમાં ખરચાઇ ગયુ છે. તેથી મ્હારા ચિત્તને ઘણી શાન્તિ મળી છે, કેમ કે, સંચિત ધનનો સદ્વ્યય નથી થતો તો તેથી ચિત્ત અશાન્ત જ રહે છે. હવે જે કાંઇ સામાન્ય સંપત્તિ રહી છે તેનો વારસ તું છે, તેથી મૃત્યુપત્ર કરવાની જરૂર નથી. ભાઈ ! તું ભણ્યો ગણ્યો છે, તેથી હું તને

શો ઉપદેશ આપું ? તું હમ્મેશાં ઇશ્વર ઉપર અડગ શ્રદ્ધા રાખજે. જીવનમાં બની શકે એટલો પરોપકાર કરજે. જો તું આ બે કાર્ય નહિ કરે તો પરલોકમાં પણ મ્હારા આત્માને દુઃખ થશે, માટે સાવધાન રહેજે ! "

સુરેશનાં નેત્રામાં આંસું ભરાઇ આવ્યાં પછી રામલાલે પોતાની પત્નીને બોલાવીને કહ્યું-" જો, સુરેશનો વિદ્યાભ્યાસ પૂર્ણ નહિ થયેલો હોવાથી હું પુત્રવધૂનું મ્હોં જોઇ શક્યો નથી એ દુઃખ મ્હને રહી ગયું છે. મ્હારો પરલોકવાસ થયા પછી તું તું કોઇ સારા ઘરની લક્ષ્મી સ્વરૂપિણી કન્યા સાથે સુરેશનો વિવાહ કરજે વળી ત્હારે એકકે પુત્રી નથી તેથી કનકલતાને તું ત્હારી પુત્રી જ સમજજે તથા જ્યાં સુધી નન્દલાલ સર્વ રીતે સમર્થ થઇ અલગ ન થાય ત્યાં સુધી તેમને સર્વને તું આપણા સંસારમાં રાખજે "

એ દિવસે રાત્રે જ રામલાલની વાચાશક્તિ એકાએક દૂર થઇ અને તેઓ બેશુદ્ધ બની ગયા ધીમે ધીમે તેમના જીવનની આશા અંતર્હિત થવા લાગી. શ્વાસ રુંધાવા લાગ્યો શરીરમાં ઘણી શિથિલતા આવી ગઇ. બે દિવસ અને બે રાત આવી સ્થિતિમાં પસાર કરી તેમનો પ્રાણવાયુ અનંતમાં લીન થઇ ગયો-રામલાલ મરી ગયા !

(૫)

રામલાલનું શ્રાદ્ધ શાન્તિપુરમાં તેમને ઘેર જ થયું હતું નન્દલાલ પણ ત્યાં ગયો હતો શ્રાદ્ધ થઇ ગયા પછી સુરેશ પાછો અભ્યાસ બગડતો હોવાથી કલકત્તા ચાલ્યો ગયો નન્દલાલ તેની માતા અને બ્હેનને શાન્તિપુરમાં સુરેશને ઘેર રાખી એકલો કૃષ્ણનગર આવી રાધાવલ્લભને ત્યાં જ ભોજન વગેરે કરી અદાલતમાં જવા લાગ્યો

એક દિવસે રાધાવલ્લભે તેને કહ્યું—"ત્હારાં માતાજી અને બ્હેન એકલાં જ હમણાં સુરેશને ઘેર રહે છે, તેથી તેમને ત્યાં કષ્ટનો અનુભવ થતો હશે ત્હારે એમ કરવાની શી જરૂર છે? રામલાલની આવક તો સારી હતી તેથી તેઓ દશ પંદર માણસોનું સહેલાઇથી ભરણ પોષણ કરી શકતા હતા, પરંતુ સુરેશ કાંઇ કમાતો નથી-તે તો કલકત્તા રહીને કેવળ અભ્યાસ જ કરે છે! આવી સ્થિતિમાં એના શિર ઉપર તું ત્હારા કુટુંબના નિર્વાહનો ભાર રાખે એ ઠીક નથી. હવે તું ત્હારાં માતાજી અને બ્હેનને અહીં લઇ આવ. તેમની મરજી હશે તો તેઓ મ્હારે ઘેર નિર્વિઘ્ને રહી શકશે, તેથી મ્હને પણ સુખ છે આજકાલ રસોઇઆના બહુ નખરા સહન કરવા પડે છે વળી જો તમારી સ્વતંત્ર રહેવાની ઇચ્છા હશે તો આજકાલ રામલાલનું મકાન ખાલી પડેલું છે એ મકાન ભાડે રાખી તમે તેમાં રહી શકો તેમ છો. તમારો ગૃહસંસાર સારી રીતે ચાલી શકે એ માટે હું મ્હારાથી બનશે એટલી મદદ તમને જરૂર કરીશ"

સુરેશ પોતાનો પ્રિય મિત્ર હોવા છતાં તેને પોતાની માતા અને બ્હેનનું ખરચ વેઠવું પડે એવી નન્દલાલની ઇચ્છા નહોતી તેથી તેણે રાધાવલ્લભની સલાહ પ્રમાણે માતાને પત્ર લખ્યો રાધાવલ્લભને ઘેર રહેવા કનકલતા કોઇ પણ પ્રકારે રાજી થઇ નહિ, તેથી નન્દલાલને રામલાલના ખાલી મકાનમાં જ નવો ગૃહસંસાર માંડવો પડયો.

ગુલાબી નામની કચેરીમાં પાન વેચનારી એક સ્ત્રી નન્દલાલના ઘર માટે જોઇતો સરસામાન લઇ આવતી હતી તથા તે ઘરનું થોડું કામકાજ પણ કરતી હતી ગુલાબી શોકીન સ્ત્રી હતી, તેથી વાસણ વગેરે માંજવાનું કામ કનકલતા અને તેની માતા કરતી હતી.

અમારા જે જે પાઠકો અદાલતમાં જઇને ગુલાબીના હાથનું પાન ખાઇ તથા તેની સાથે રસાલાપ કરી પોતાને ધન્ય સમજી ચુકયા છે તેમને તેનો વિશેષ પરિચય આપવાની જરૂર નથી, પરંતુ અમને એમ લાગે છે કે, ઘણાખરા પાઠકોને એવો સુયોગ પ્રાપ્ત નહિ થયો હોય. આમ હોવાથી પાઠકો સાથે ગુલાબીની થોડી ઓળખાણ કરાવ્યા સિવાય ચાલે તેમ નથી.

જો દશ વર્ષ ઉપર અમે ગુલાબીની ઓળખાણ અમારા વાંચકોને કરાવી હોત તો સારૂ થાત કેમ કે, એ વખતે એ ગુલાબ પોતાની પૂર્ણ ખીલેલી સ્થિતિમાં સગૌરવ સૌરભ ફેલાવતું હતું. હમણાં તો તે સુગંધિશૂન્ય અને રાગશૂન્ય સુકું ગુલાબ હતુ આમ છતાં મધુલોભી ભ્રમરોની માફક કેટલાક લોકોએ હજી પણ તેનો પીછો છોડયો નહોતો. એક રસિક વૃદ્ધ જમાદાર હમ્મેશાં તેની પાસે આવીને 'રસમયી ગુલાબ' નામથી સંબોધન કરતો હતો અને ગુલાબી તેને 'દૂર જા—ઘરડા ખખ્ખર' કહીને સન્માનિત કરતી હતી.

ગુલાબીનો જ્યારે વખત હતો ત્યારે તેનો બીજો જ વ્યવસાય હતો. એ વખતે તેની પાસે ઘણા ઘરાક આવતા હતા તથા એ વ્યવસાય ચલાવીને ગુલાબીએ કેટલાંક સોનાનાં ઘરેણાં અને થોડા રૂપિયા એકઠા કરી લીધા હતા. છેવટે એક શઠ તથા લંપટના પ્રેમપાસમાં ફસાઇને તેને રસ્તાની ભિખારિણી થવુ પડયુ. એક દિવસે એ મનનો ચોર એના ધનની પણ ચોરી કરી અંતર્ધ્યાન થઇ ગયો ગુલાબીએ પોલિસને ખબર આપી પોલિસના લાંચીઆ લોકોએ પણ ગુલાબીને ઠગવામાં કાંઇ કસર રાખી નહિ તથા ચોરીનો પત્તો પણ લાગ્યો નહિ. એ સમયથી દારોગા દીનદયાળ સાથે ગુલાબીનો

વિશેષ પરિચય થઇ ગયો આ એક લાભ સમજવો જોઇએ. એ દારોગાની સાથે અમારા વાંચકોની પણ ભવિષ્યમાં દોસ્તી થશે.

હવે ગુલાબીનો જુનો વ્યવસાય રહ્યો નહોતો. એની ઉમ્મર ઢળી ગઇ હતી; તેથી હવે તેને અદાલતમાં એક વૃક્ષ નીચે પાન બીડીની દુકાન કરવી પડી હતી. જેમનો હમ્મેશાં એક વ્યવસાય ન હોય એવાં ઘણાં માણસો હોય છે. ગુલાબીના આ નવા વ્યવસાયમાં કૃષ્ણનગરના ભાવી સરકારી વકીલ રાધાવલ્લભ તેના મુખ્ય ગ્રાહક કિંવા પેટ્રન સંરક્ષક હતા.

ગુલાબી ત્રણ પ્રકારનાં પાનની વ્યવસ્થા રાખતી હતી. સામાન્ય વર્ગનાં માણસો માટેનાં પાન જૂદાં હતાં અને અદાલતના બીજા કારકૂનો વગેરે માટેનાં પાન પણ જૂદાં હતાં. ત્રીજા પ્રકારનાં પાનના અધિકારી કેવળ રાધાવલ્લભ હતા. રાધાવલ્લભ ગુલાબીનાં પાનની કદર કરી તેને માસિક બે રૂપિયા બક્ષિસ આપતા હતા. તદુપરાંત ગુલાબી બીજા એક વિષયમાં તેમની કમીશન એજન્ટ હતી.

એક દિવસે કલકત્તાથી રાધાવલ્લભના સંપાદક મિત્ર આવ્યા. બન્ને જણે બાર લાયબ્રેરીમાં બેસી છ વાગ્યા સુધી રાજનૈતિક વિષયની વાતચિત કરી. છેવટે સંપાદક મહાશય ન્યાય વિભાગ અને શાસન વિભાગ અલગ કરવાની યોગ્યતામાં પોતાના પત્રમાં બે લેખ લખવાની પ્રાર્થના કરી વિદાય થયા. બીજા વકીલો ચાલ્યા ગયા હતા. રાધાવલ્લભ ત્યાં એકલા જ હતા. એવામાં ગુલાબી તેમને માટે પાન લઇ આવી એટલે તેમણે કહ્યું:–" ગુલાબી, ઘણા દિવસથી તું કાંઇ પ્રયત્ન કરતી નથી. હવે તો કોઇ સારો માલ શોધી લાવ."

ગુલાબીએ કહ્યું:–" એક સારા માલની આજે મ્હને ખબર

મળી છે એક બે દિવસમાંજ હું ચોકડું બેસાડી દઇશ જો માલ પસંદ પડે તો મ્હને દશ રૂપિયા બક્ષિસ આપવી પડશે."

રાધાવલ્લભે પ્રસન્ન મુખે કહ્યું:–" કબૂલ છે. ગુલાબ ! તને ખુશી કરવામાં હું ક્યારે પાછો હઠું છું ? ઠીક, બીજી પણ એક વાત મ્હને યાદ આવી છે આજકાલ તું નન્દલાલને ઘેર કામ કરવા જાય છે ને ? તું નન્દલાલની બ્હેનને રાજી કરી શકે તેમ નથી કે ? એ ઘણી ખૂબસૂરત છોકરી છે !"

"એ સંબધી આપે કાંઈ કહેવાની જરૂર નથી હું પ્રથમથીજ એ વિષયની ચિંતામાં છું, પણ એ છોકરી ઘણી ચાલાક છે." ગુલાબીએ ઉત્તરમાં કહ્યું

(૬)

નન્દલાલને ઘેર આવી કનકલતાને એકલી જોઇને ગુલાબી વાર-વાર તેની પાસે રાધાવલ્લભની વાત કાઢતી હતી તથા તેઓ કેવા મહાન્ પુરુષ છે, તેમની કમાણી કેવી ધીકતી છે તથા તેઓ કેટલા બધા આમોદપ્રિય અને રસિક છે એ સઘળી વાતોનું તે વિસ્તારથી વર્ણન કરતી હતી. એ સઘળી વાતો કહેતાં તે જ્યારે કનકલતાને વિરક્ત બની ગયેલી જોતી ત્યારે નન્દલાલનો પ્રસંગ ઉપસ્થિત કરીને કહેતી કે, અદાલતમાં પોતાના કુળો પાસેથી રાધાવલ્લભ ખાસ ભલામણ કરીને નન્દલાલને ઘણી સારી રકમ અપાવે છે. એ વાત સાંભળી કનકલતાની વિરક્તિ કાંઇક અંશે દૂર થઇ જતી હતી !

એક દિવસે કનકલતાની સાથે ગુલાબી એવા પ્રકારની વાતચિત કરતી હતી એવામાં વિપિનચંદ્રની સાથે નન્દલાલ ઘેર આવ્યો. ગુલાબી વિપિનચંદ્રને કૃષ્ણનગરના સઘળા સ્વદેશિઓનો 'ગુરુ' કહેતી હતી

તેને જોઇને ગુલાબીએ પૂછ્યું-"કેમ મહાશય ! આ વખતે તમે રક્ષાબંધનનો ઉત્સવ નહિ કરો કે ? તમે હડતાળ નહિ પાડો કે ?"

વિપિનઃ—શા માટે ન પાડીએ ? રક્ષાબંધનનો દિવસ શ્રાવણી પૂર્ણિમા છે. એ વખતે તું કચેરીમાં પાન વેચી શકીશ નહિ. સઘળી દુકાનો બંધ કરવામાં આવશે. એ દિવસે લેણુંદેણું નહિ થઇ શકે ?

ગુલાબી.—કચેરી પણ બંધ થશે કે ?

વિપિનઃ—ના, કચેરી ખુલ્લી રહેશે.

ગુલાબી—કચેરી ખુલ્લી રહેશે તો વકીલો, કારકૂનો તથા વાદી પ્રતિવાદીઓ પણ આવશે. હું દુકાન બંધ કરીશ તો તેમને પાન બીડી ક્યાંથી મળશે ?

કનક—એક દિવસ પાનબીડીનો ઉપયોગ નહિ કરે તો તેઓ બીમાર થઇ જશે કે ?

ગુલાબી—હા, એમજ છે પાન તમાકુ સિવાય તેમના પેટ ફુલી જશે ઠીક છે, વિપિનચંદ્રભાઇ ! એ દિવસે બીજું શું શું થશે ?

વિપિનઃ—સંકીર્ત્તન થશે સઘળા માણસો હાથમાં નિશાન લઇ આખા શહેરમાં ફરી સ્વદેશગીત ગાશે મધ્યાન્હકાળે બજારમાં એક ઘણી મ્હોટી જાહિર સભા ભરવામાં આવશે એમાં વ્યાખ્યાનો થશે તથા સ્વદેશી વસ્તુઓ વાપરી વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞાઓ લેવામાં આવશે.

ગુલાબીઃ—ત્યારે ગયા વર્ષની માફક વન્દેમાતરમનો પણ શોર-બકોર થશે કે ? એથી તો પોલિસના નોકરો ડરે છે તથા પોલિસના મ્હોટા સાહેબ તો એ 'વંદેમાતા'નું નામ સાંભળી સાક્ષાત અગ્નિશર્મા બની જાય છે !

વિપિન—તેઓ અગ્નિશર્મા બની જાય છે તેનો અમને સહજ પણ ભય નથી.

ગુલાબીઃ—તમે આમ કેમ બોલો છો? સાહેબ લોકો તો દેશના રાજા છે—તેઓ પોતાની વિરુદ્ધ વર્તનારને વિના વિલંબે જેલમાં મોકલી દે છે.

કનકઃ—જેલમા મોકલી દેવાનું કામ કાંઇ સહેલું નથી. અપરાધ કર્યાં સિવાય જેલમાં કોણ મોકલી શકે તેમ છે?

નન્દલાલ.—જો અન્યાયથી બળાત્કારે કોઇને જેલમાં મોકલવામાં આવે છે તો હાઇકોર્ટમાં અપીલ થઈ શકે છે.

વિપિનઃ—હું ન્યાય અન્યાયની પરવાહ કરતો નથી. સ્વદેશ માટે પ્રાણ જાય તો તે પણ ઉત્તમ છે.

ગુલાબીઃ—ત્યારે તો એમજ કહોને કે, સરકાર સાથે તમારે ઘણી અદાવત છે.

આમ કહી ગુલાબી ચાલી ગઇ રાધાવલ્લભે ભય દર્શાવ્યો હતો ત્યારથી નન્દલાલ જાહિર રીતે સ્વદેશી ચળવળમાં ભાગ લેતો નહોતો. એ વાત વિપિનચંદ્ર પણ જાણી શક્યો હતો. બીજી તરફથી રક્ષાબંધનનો દિવસ નજીક આવતો હતો. નન્દલાલ જેવો એક ઉદ્યોગી અને કર્તવ્યપરાયણ યુવક પાછો હઠી જાય એવી વિપિનચંદ્રની ઇચ્છા નહોતી. તેથી નન્દલાલને ઉત્તેજિત કરવા માટે આજે તે તેની સાથે જ કચેરીમાંથી ઘેર આવ્યો કચેરીનાં કપડાં ઉતારી હાથ મ્હોં ધોઇ બ્હારની બેઠકમાં આવી નન્દલાલ વિપિનચંદ્રની સાથે વાતચિત કરવા લાગ્યો. એવામાં તેના મામા શ્રીયુત સત્યપ્રસાદ હાથમાં હેન્ડ બેગ અને લાકડી લઇ આવી પહોંચ્યા. પોતાની બ્હેનની બીમારીના

સમાચાર સાંભળી ઘણા દિવસે તેઓ તેની ખબર જોવા આવ્યા હતા. કનકલતાની માતાને હમણાં વચ્ચે વચ્ચે તાવ આવતો હતો. સત્યપ્રસાદ મામાને જોઇ વિપિનચંદ્ર ઘણો આનંદિત થયો તથા કલકત્તાની સ્વદેશી હિલચાલના સઘળા સમાચાર તે તેમને પૂછવા લાગ્યો. સત્યપ્રસાદ મામાએ એ રાત્રે વિપિનચંદ્રને ત્યાં રહેવાનો જ અનુરોધ કર્યો.

(૭)

બૅાયકોટ કિંવા બહિષ્કારની હિલચાલની સાથે સાથે દેશના વિશિષ્ટ વર્ગના યુવકોનાં હૃદયમાં જે એક ઉચ્છૃંખલ અને કઠોરભાવ દિવસે દિવસે ઉત્પન્ન થઇને વધતો જતો હતો તે તરફ સત્યપ્રસાદનું વિશેષ લક્ષ્ય હતું. તેમનું કહેવુ એવુ હતું કે, 'યુવાવસ્થામાં મ્હને વસન્તનો મલય પવન, કોકિલનો કુહુધ્વનિ, ગુલાબની સુવાસ તથા સંગીતના મધુર ઝંકાર ઘણા પ્રિય લાગતા હતા; પરંતુ આજકાલના સ્વદેશી બાળકોને ઉપરોક્ત વાતો તદ્દન અર્થશૂન્ય લાગે છે. એ ઝંઝાવાત, ઉલકાપાત, વજ્રાઘાત અને ભૂકમ્પનના ઉપદ્રવોમાં આનન્દથી આત્મવિસ્મૃત થઇ જવાય છે. પ્રકૃતિનું માધુર્ય અને શાન્તિ તેમને બિલકુલ રૂચતી નથી.

યુવકોના સ્વભાવનો આવો વિપર્યાસ જોઇને સત્યપ્રસાદ ઘણા ક્ષુબ્ધ થતા હતા અને તેથી તેઓ કોઇ ઉદ્ધત સ્વદેશી યુવકને પોતાની પાસે બેઠેલો જોઇને તેની સાથે વિવાદ કરતા મંડી જતા હતા. એમ કરવાનુ મુખ્ય કારણ એને સુબુદ્ધિ આપી સન્માર્ગે લાવવાનુ હતું. વૃદ્ધાવસ્થા આજથી જ નહિ પણ ચિરકાળથી યૌવન ઉપર શિક્ષકતા કરવાનો અધિકાર અને ઇચ્છા કરે છે

સત્યપ્રસાદ વિપિનચંદ્રને જોતાની સાથે જ તેની સાથે શાસ્ત્રાર્થ

કરવા તૈયાર થઇ જતા હતા. એ સ્વદેશી ગુરૂ મહાશયની સાથે વાંચકોનો થોડો વિશેષ પરિચય કરાવવાની જરૂર છે.

વિપિનચંદ્ર પુષ્ટ શરીરનો, સુન્દર વક્ષવાળો એક યુવક હતો. તેનો પ્રેમ પણ તેના બળવાન્ હૃદયના પરિધિ અનુસાર પ્રશસ્ત હતો. મનમાં ને મનમાં સંસારના સઘળાં માણસોના કલ્યાણની કામના કરી તે સર્વના તરફ પ્રિય દૃષ્ટિથી જોતો હતો. વિપિનચંદ્રની જન્મદાત્રી માતા સુરલોક ગમન કરી જવાથી તે સ્વદેશભૂમિને જ માતાના નામથી સંબોધિત કરતો હતો. તેનું એવું કહેવું હતું કે, સ્વદેશભૂમિને પોતાની સર્વગુણસંપન્ના માતા ન સમજતી હોય એવી પૃથિવી ઉપર કોઇ જાતિ જ નથી વિપિનચંદ્ર પ્રત્યેક દેશજનનીનાં સમસ્ત સંતાનોને કેટલાક ભાગમાં વિભક્ત કરી તેમની એક એક જાતિના સ્વરૂપમાં ગણના કરતો હતો. તેના મનમાં જાતિ કદાપિ વર્ણ અને વંશગત થઈ શકતી નહોતી—જાતીયતા અને સ્વાદેશિકતા એક જ વસ્તુ હતી.

વિપિનચંદ્ર સ્વદેશવાસીઓ સંબંધી હમ્મેશા ઘણી વાતોની ચિંતા કર્યા કરતો હતો ખાદ્ય પદાર્થોની દિવસે દિવસે આટલી બધી મોંઘવારી કેમ થાય છે, દેશના શિલ્પ અને વાણિજ્યની આટલી બધી અવનતિ થઇ જવાનું શું કારણ છે, સર્વ સાધારણમાં શિક્ષણ અને જ્ઞાનનો સંચાર કેવી રીતે થઇ શકે તેમ છે, ધનવાનોનું સંચિત ધન કેવી રીતે દેશના ઉપયોગમાં આવી શકે તેમ છે, દેશવાસીઓના સ્વાસ્થ્યની સ્થિતિ કયા ઉપાયોથી સુધરી શકે તેમ છે, સમાજરૂપી શરીરમાં કયા કયા જીવનેણુ રોગોએ પ્રવેશ કર્યો છે તથા એ રોગો કેવી રીતે દૂર થઇ શકે તેમ છે, દેશબંધુઓને રાજકીય હક્કો કેવી

રીતે વધારે મળી શકે તેમ છે વગેરે અનેક વિષયોની ચિંતા તે કર્યા કરતો હતો.

સ્વદેશની હમણાંની શોચનીય સ્થિતિ સંબંધીનો વિચાર કરતાં કરતાં તે ઘણો ઉત્તેજિત બની જતો હતો. ઘરમાં એક એકાન્ત ઓરડો આવેલો હતો. એ ઓરડામાં સામાન્ય શય્યા ઉપર પડી વિપિનચંદ્ર તકીઆમાં મ્હોં છુપાવી રૂદન કરતાં કરતાં પોતાની ઈષ્ટ દેવીને ગદ્ગદ કંઠે બોલાવીને કહેતો હતો કે "મા ! તમે સર્વશક્તિમયી છો, તેથી આ દેશની સ્થિતિની તમે જ ઉન્નતિ કરી શકો તેમ છો સ્વદેશની આવી મૃતપ્રાય સ્થિતિને યોગ્ય ઉપાયોથી દૂર કરવાનું કામ મનુષ્ય શક્તિને માટે તદ્દન અસંભવ છે."

વિપિનચંદ્રના હૃદયની સઘળી સ્થિતિઓનું વર્ણન કરવું એ અમારી શક્તિબ્હારનું કાર્ય છે, પણ એટલું અમે અવશ્ય કહી શકીએ છીએ કે, એ યુવકનું હૃદય કુસુમ કલિકા કરતા કોમળ હોવા છતાં પણ કવચિત્ કવચિત્ તે વજ્ર કરતાં પણ કઠોર બની જતું હોય એમ લાગતું હતું.

વિપિનચંદ્રની પ્રકૃતિમાં થોડી ઉચ્છૃંખલતા પણ હતી. તે કોઇ પણ પ્રકારની પરાધીનતાને સહન કરી શકતો નહોતો લોકોની માન્યતા એવી છે કે, તે સર્વત્ર પોતાને માટે એ ભાવનો વ્યવહાર કરે છે, પરંતુ વાસ્તવિક રીતે એ માન્યતા સર્વથા ખોટી હતી તે અન્યાન્ય વ્યક્તિઓને પણ કદાપિ પરાધીન સ્થિતિમાં જોવાને ઇચ્છતો નહોતો. સંસારની સઘળી શૃંખલાઓના મુખમાં જે આધીનતાનો નિવાસ છે એ આધીનતાને માન્ય કર્યા સિવાય પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રીય શૃંખલાઓનું અસ્તિત્વ નહિ રહી શકે એ વાતનો વિપિનચંદ્ર કોઈ પણ રીતે સ્વીકાર કરતો નહોતો. સ્વદેશી આંદોલનના

વાયુનો ઝોકો લાગવાથી તેનો એ દ્વેષભાવ એવી રીતે વધી ગયો હતો કે, એક જાતિએ બીજી જાતિ ઉપર આધિપત્ય કરવું એ તેની સમજમાં મહા અન્યાય હતો. એથી બન્ને જાતિની અવશ્ય અધોગતિ થાય છે એવો જ એનો મત હતો.

વિપિનચંદ્રે ઘણા દેશોના ઇતિહાસ વાંચ્યા હતા. પ્રસંગ ઉપસ્થિત થતાં અનેક ઐતિહાસિક ઉદાહરણો દર્શાવીને પોતાની ઉપરોક્ત વાતની સત્યતા તે સાબિત કરતો હતો. તે કહેતો હતો કે, પોલેંડને પરાધીન કરી પોલ લોકોની જાતીયતાનો નાશ કરવાથી જ રશિયાએ પોતાના પગમાં જાણી જોઇને કુહાડી મારી. ગ્રીસ અને થેસલીને પદાનત કરવાથી જ તુર્કોના સર્વસ્વનો નાશ થયો. ઇટાલીની સ્વાધીનતા હરી લેવાથી જ આષ્ટ્રીઆની જાતીય અવનતિ થઇ. વિપિનચંદ્ર એમ કહેતો કે, ઇશ્વરે પોતાને હાથે સઘળી જાતિઓના લલાટપર જાતીયતાનું ચિહ્ન કાઢયુ છે. એ ચિહ્નને કોઇ દિગ્વિજયી રાજા સુદ્ધાં દૂર કરી શકે તેમ નથી. વળી જો કોઇ પોતાની મૂર્ખતાને વશ થઇ એ ચિહ્નને દૂર કરવાનો વૃથા પ્રયત્ન કરશે તો પરિણામે કેવળ તેમ કરનારની શક્તિનો જ નાશ થશે. જે દેશ કોઇ કારણને લીધે આજે પતિત જેવા દેખાય છે તે થોડા દિવસ પછી ઉન્નત થયેલો જોવામાં આવશે. જગતનો ઇતિહાસ આ જાતીય પુનરુદ્ધારની વાતને વારવાર પ્રમાણિત કરતો આવ્યો છે. જાતીય સત્વ જાતિની અક્ષય સંપત્તિ છે.

એ દિવસે સંધ્યાકાળ પછી નન્દલાલને ઘેર પ્રવીણ સત્યપ્રસાદની સાથે નવીન વિપિનચંદ્રનો પોલિટિકલ વાતો ઉપર ઘણો તર્ક વિતર્ક થયો. દેશ અને સમાજનું કામ કેવી રીતે સંપાદિત કરવુ જોઇએ એ વિષયમાં બન્ને વચ્ચે ઘણો મતભેદ હતો. બન્ને જણા સમાજના

પ્રવાહને મૂળમાંથી જ ફેરવવાના પક્ષપાતી હતા. તેઓ કહેતા હતા કે, આ પરિવર્ત્તન સમાજમાં કોઇ પણ પ્રકારની રોકટોક સિવાય થવું જોઇએ. જો એ પરિવર્ત્તનનો પ્રવાહ કોઇ પણ રીતે બંધ થઇ જશે તો સમાજરૂપી પ્રવાહના જીવન સલિલમાં કીચ્ચડ તેને સડાવી દેશે. સત્યપ્રસાદ મામાની એવી ઇચ્છા હતી કે, એ પ્રવાહ હમ્મેશાં અબાધિત ભાવ અને સ્વાભાવિક અવિરામ ગતિથી ઉન્નતિરૂપી સાગર તરફ અગ્રેસર થયા કરે. વિપિનચંદ્રની ઇચ્છા એવી હતી કે, એ પ્રવાહ પ્રચંડ જળ પ્રપાતની મૂર્ત્તિ ધારણ કરી સમાજના સઘળા મળને દૂર કાઢી નાખે. સારાંશ એ કે, વિપિનચંદ્ર અને સત્યપ્રસાદ બંન્ને જણા સમાજરૂપી શરીરને સુધારવા ઇચ્છતા હતા. સત્યપ્રસાદ મામા એ સુધારો કરવા માટે રાત્રિ વીતિ પ્રભાત થવાની રાહ જોતા હતા તેઓ કહેતા હતા કે, પ્રભાતનાં અરૂણ કિરણોથી સમાજ સુન્દર રૂપમાં પ્રકાશિત થશે, પરંતુ અધીર વિપિનચંદ્ર નિશાવસાનની રાહ નહિ જોતાં સમાજરૂપી ગૃહને અગ્નિદ્વારા તથા તેના ભીષણ પ્રકાશમાં પ્રકાશિત થયેલું જોવાને ઇચ્છતો હતો. તે કહેતો હતો કે, અગ્નિમાં તપાવેલી વસ્તુ હમ્મેશાં સમાન સ્વરૂપમાં રહે છે.

(૮)

ભારતવર્ષનાં પ્રાયઃ સર્વ સ્થળોએ શ્રાવણ માસની ધારાની સાથે સાથે મેલેરિયા તાવના ઉપદ્રવનો આરંભ જોવામાં આવે છે. એ સંબંધી એવી વાત સાંભળવામાં આવે છે કે, વર્ષાકાળમાં ન્હાનાં મ્હોટાં તળાવોનું પાણી, પાસે આવેલાં વૃક્ષોનાં પાંદડાં વગેરે પડવાથી સડી જઇને મેલેરિયાનું વિષ ઉત્પન્ન કરે છે તથા એનોફેલી નામના એક પ્રકારના મચ્છર એ વિષને ઘેરઘેર પહોંચાડી દે છે. પરંતુ અમારા એક સ્નેહી મિત્ર કે જેઓ હમણાં જ લખનૌથી ડૉક્ટરનું

સર્ટિફિકેટ લઇ આવ્યા છે તેઓ કહે છે કે, જે સ્થળોએ વરસાદનું પાણી કાઢી નાખવાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે ત્યાં જ વર્ષાઋતુમાં મહર્ષિ મેલેરિયાનુ આગમન થાય છે તથા જે સ્થળ વર્ષાકાળમાં વર્ષાના જળથી ડૂબી રહે છે તે સ્થળે ઉપર્યુક્ત મહર્ષિ દેખાતા જ નથી ! આ તર્કોનું નામ પડિતોનો મતવાદ છે, પરંતુ જેના પેટમાં પાડિત્યનો અભાવ છે તેમના મત પ્રમાણે પુષ્ટિકર ભોજન અને પાનીય પાણીના અભાવથી જ એ રોગનો ઉપદ્રવ થાય છે

આ વખતે કૃષ્ણનગરમાં મેલેરિયા તાવનો વિશેષ ઉપદ્રવ નહિ હોવા છતાં દુર્ભાગ્યે આપણી કનકલતાની માતા આજકાલ કરતાં બે માસથી મેલેરિયા તાવનો ભોગ થઇ પડી રોગશય્યા ઉપર સૂતી હતી. સર્વથી પ્રથમ તો તેને 'અમૃતધારા' 'ક્વિનાઇન મિક્ષ્ચર' વગેરે ઔષધીઓ આપવામા આવી હતી, પરંતુ તેનુ કાંઇ સારુ પરિણામ નહિ જણાયાથી થોડા વખતથી એક વૈદ્યરાજની ચિકિત્સા ચાલુ કરવામાં આવી હતી, છતાં કનકલતાની માતાને કોઇ પણ રીતે આરામ થતો નહોતો.

આ બીમારીને વખતે બીજા' માણસોની માફક રાધાવલ્લભ પણ નન્દલાલની માતાની ખબર જોવા આવતા હતા જે દિવસે તેમનુ શુભાગમન થતું હતું તે દિવસે ગુનાબી જ્વર થતા ન થતામાં આવતી હતી તથા કનકલતાને રાધાવલ્લભના આગમનની સૂચના આપી જતી હતી રાધાવલ્લભ ચોક્કસ સમયે આવી રોગીના પથ્યાદિને માટે બે ચાર રૂપિયા પણ આપી જતા હતા જે દિવસે નન્દલાલ ઘેર હોય અને વકીલ સાહેબ આવતા તે દિવસે સહાયતાનુ માપ ઓછુ થઈ જતુ હતું જે દિવસે નન્દલાલ ઘેર ન હોય તે દિવસે બીજા દિવસો કરતા કનકલતાના હાથમાં નવા સીક્કાના ચગ-

કતા રૂપિયા થોડા વિગેરે આવતા હતા તે માથે કનકલતાની માથે એચાર મીઠી વાતો કરી તેના મધુર કંઠસ્વરથી વકીલ સાહેબ પોતાની શ્રવણેન્દ્રિયને તૃપ્ત કરતા હતા કનકલતા તેમની વાતોના ઉત્તરોમાં ફક્ત 'હા' અને 'ના' જ કહેતી હતી

એક દિવસે કનકલતાને એકલી જોઇને રાધાવલ્લભ કહેવા લાગ્યા —" કનક ! જો ત્હારી માતાજીની દવા માટે વિગેરે રૂપિયાની જરૂર હોય તો તું મ્હને કહે, એ માટે ગભરાવાની કાંઇ જરૂર નથી "

કનકલતા થોડા સમય સુધી ચુપ રહી એ 'થોડા સમય'માં તેણે પોતાની માતાની સંકટાપન્ન પીડની વાત વિચારી. દ્રવ્યના અભાવને લીધે ચિકિત્સા સંબંધીની હરકતો વિચારી. સ્વગત એ બધુ વિચારીને તેણે કહ્યુ —' ઠીક, આપની જ્યારે આટલી બધી કૃપા છે ત્યારે આપ ત્રીસ રૂપિયા મોકલી આપજો એ ચાર દિવસ સુધી કોઇ મ્હોટા ડૉકટરને બોલાવી માતાજીની તબિયત બતાવવાની મ્હારી ઇચ્છા છે જો મ્હારી એ ઇચ્છા અપૂર્ણ રહેશે તો ભવિષ્યમાં મ્હને ઘણો પશ્ચાત્તાપ થશે "

કનકલતાની વાત સમાપ્ત થતાં જ રાધાવલ્લભે દશ દશ રૂપિયાની ત્રણ નોટ પોતાના ખીસ્સામાંથી બ્હાર કાઢી તેના હાથમાં મૂકી દીધી. એ નોટો આપતી વખતે તેમણે કહ્યુ —" કનકલતા ! તુ મ્હને જે કામ કરવા કહીશ તે અંતઃકરણપૂર્વક કરવા હું તૈયાર છુ. હું તને ચ્હાહું છુ. તને ન આપી શકુ એવી કોઇ પણ વસ્તુ નથી. તું ત્હારી બધી જરૂરીઆતો સંકોચ રાખ્યા સિવાય મ્હને જણાવજે "

આ વચનો સાંભળી કનકલતા એકદમ ચમકી ઉઠી. કોઇએ તેનું

પણ અપમાન કર્યું હોય એમ જ તેને લાગ્યું એક વખત ઉપરોક્ત ત્રીસ રૂપિયા રાધાવલ્લભને પાછા આપી દેવાનો વિચાર તેના અંતરમાં ઉપજ્યો, પરંતુ તે સાથે માતાની સ્થિતિનો વિચાર આવતાં તે તેમ કરી શકી નહિ પોતાના મનમાં સઘળો વિચાર કરી તેણે ગંભીર મુખે કહ્યું —" ખરું છે, આપ આપની ન્હાની બ્હેન કરતાં પણ મ્હને વિશેષ ચ્હાઓ છો આપ અમારા શુભેચ્છક અને સહાયક છો અને અમે આપનાં આશ્રિત છીએ. અમારા આવા સંકટના સમયે આપ અમને સહાયતા ન કરો તો બીજું કોણ કરે ? "

આમ કહી માતાને માટે પથ્ય તૈયાર કરવાનું નિમિત્ત દર્શાવી કનકલતા રસોડામાં ચાલી ગઇ. તેની માતાને થોડા સમયથી સહજ નિદ્રા આવી હતી. રાધાવલ્લભ થોડા સમય સુધી ઉભા રહી હમ્મેશાંની માફક એ દિવસે વિદાય તો થયા, પરંતુ જતી વખતે પોતાના મનમાં એવું જમા ખરચ કરી ગયા કે, 'આજે મ્હારા કામમાં મ્હને થોડી સફળતા મળી છે. '

રોગ જ્યારે દીર્ઘસ્થાયી થાય છે ત્યારે તે જરા અને મરણને બોલાવે છે. જ્યાં મરણ નથી આવતું ત્યાં જરા આવીને દેખા દે છે; કનકલતાની માતા ઘણા દિવસ સુધી કઠિન રોગ ભોગવ્યા છતાં મૃત્યુ પામી નહિ એ ખરું છે, પરંતુ તેનું શરીર હમ્મેશાંને માટે જરાગ્રસ્ત કિંવા દુર્બળ બની ગયું તેના માથાના સઘળા વાળ પાકી ગયા તથા શરીરની ચામડી તેમજ સઘળા અવયવ તદ્દન શિથિલ થઇ ગયા.

હવે એકલી કનકલતા ઉપર જ ઘરના સઘળા કામકાજનો ભાર આવી પડયો. કવચિત્ કવચિત્ કનકલતા એમ કહેતી કે, જ્યારે તેનો

ભાઈ પોતાનો વિવાહ કરી એક વહૂ લઇ આવશે ત્યારે તેના કામ-કાજનો ભાર ઓછો થશે !

એક દિવસે સઘળા કામકાજથી પરવારીને કનકલતા વિશ્રામ લેવા માટે સૂઈ ન્હેવાના ઓરડામાં જતી હતી એવામાં ગુલાબી આવી પહોંચી. એ વખતે રાતના આઠ વાગી ગયા હતા. પહેલાં ગુલાબી રાતના વખતે કદાપિ આવતી નહોતી, પરંતુ આજે તે આટલી મોડી રાત્રે કેમ આવી હતી તે અહીં કાગળમાં જ વાચકગણ જાણી શકશે. ગુલાબી જાણતી હતી કે તે દિવસે ખાસ કામને લીધે નન્દલાલ બ્હાર ગામ ગયો હતો તેણે આવતાંની સાથે જ પ્રથમ એવો પ્રશ્ન પૂછ્યો કે.—" આજે નન્દલાલભાઇ તો નહિ આવે, કેમ?"

કનક'—ના, તે કાલે સ્હવારે અગીઆર વાગ્યાની ગાડીમાં ઘેર આવવાનું કહી ગયો છે

ગુલાબી.—પરમ દિવસે રાધાવલ્લભભાઇએ પોતાના એક કુળ પાસેથી નન્દલાલને દશ રૂપિયા અપાવ્યા હતા. તેમનો એ કુળ એ દિવસે એક ઘણો ભારે કેસ જીત્યો હતો. રાધાવલ્લભભાઇએ તેને કહ્યું હતું કે, 'ભાઇ ! સર્વથી પ્રથમ મ્હારા કારકૂનને દશ રૂપિયા આપી ખુશી કરો, એટલે હું પણ ખુશી થઈશ.'

કનક —ખરું છે, નન્દલાલે એ વાત મ્હને કહી હતી તથા એ વાત સાંભળી માતાજી ઘણા ખુશી થયાં હતાં.

ગુલાબીઃ—બ્હેન ! રાધાવલ્લભભાઇ ઘણા સારા માણસ છે તમારાં માતાજીની બીમારીમાં સેંકડો રૂપિયા આપીને તમને તેમણે મદદ કરી હતી. આજે તેમણે મ્હને કહ્યું કે, 'ગુલાબી ! તું વચ્ચે વચ્ચે કનકલતા પાસે જઇને તેને બીજા રૂપિયાની જરૂર હોય તો

પૂછી આવજો' તમારા ઉપર તેમની ઘણી નેકનજર છે. મને મળે છે ત્યારે હરેક વખતે તેઓ તમારી ખબર અંતર પૂછે છે. હવે વિના વિલંબે તમારો ભાગ્યોદય થઇ જશે!

આ વચનો સાંભળવામાં આવતાં કનકલતાને ઘણો ક્રોધ ઉપજ્યો, પરંતુ તે પ્રકાશિત કરવાનો અવસર નહિ મળવાથી મનમાં પરિણત થઇ ગયો, કેમકે એ સમયે એકાએક વર્ણવ ગ ડેમ રાધાવલ્લભ નશાબાજની માફક લથડીઆં ખાતા ખાતા 'ગુનામ' 'ગુનામ' બોલતા ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઇ ગુલાબી બોલી ઉઠી —
“આ લ્યો, રાધાવલ્લભભાઇ પણ આવી પહોંચ્યા. વકીલ સાહેબ! અમે આપની જ વાત કરતાં હતાં.”

રાધાવલ્લભને જોઇ કનકલતા ખડકીનું બારણું ઉઘાડી ઝડપથી બ્હાર ચાલી ગઇ. ગુલાબી 'રહો-રહો, ઉભા રહો, ડરશો નહિ' કહીને તેને પકડવાનો પ્રયત્ન કરવા લાગી, પરંતુ કનકલતા તેના હાથમાંથી પોતાનો હાથ છોડાવી તત્કાળ બ્હાર નીકળી ગઇ.

એ દિવસે રાધાવલ્લભે વિશેષ નશો કર્યો હતો. ગુલાબી કનકલતાની પાસે બેસીને સંભવતઃ તેમની જ રાહ જોયા કરતી હતી; પરંતુ રાધાવલ્લભ આજે આટલો બધો નશો કરીને આવશે એવો વિચાર સુદ્ધાં તેના મનમાં ઉપજ્યો નહોતો.

“ક્યાં છે? કનકલતા ક્યાં છે? કનક મ્હારી વ્હાલી છે! હું તેને મ્હારા જીગરથી ચ્હાઉં છું. તે જેટલા રૂપિયા માગશે તેટલા આપવાને હું તૈયાર છું. ગુલાબી, તું જઇને હમણાં ને હમણાં કનકલતાને લઇ આવ.” આમ કહી રાધાવલ્લભ ઘણા ઉચ્ચ કંઠે બૂમો મારવા લાગ્યા.

"રાધાવલ્લભભાઈ! આમ તોફાન કરો, ચુપકીદીથી—" આમ કહી ગુનાબી તેમને ઠંડા પાડવાનો પ્રયત્ન કરવા લાગી. કેટલાક નશા બાજો એવા હોય છે કે તેમને ઠંડા પાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે તો તેઓ વિશેષ તોફાન કરે છે. બિચારી ગુનાબી ચતુર રાધાવલ્લભને કોઈ પણ પ્રકારે ઠંડા કરી શકી નહિ. પાડોશનાં માણસોએ આવીને.જ તેમને ઠંડા કર્યા.

એ સમયે નન્દલાલ અને સુરેશ પણ આવી પહોચ્યા સુરેશે રાધાવલ્લભને ઘણા જોરથી એક ધક્કો માર્યો રાધાવલ્લભ જમીનદોસ્ત થયા તેઓ પુન સ્વસ્થ થઈ ઉઠી ઉભા થાય તે પહેલાં તો નન્દલાલે તેમનુ ગળુ પકડીને તેમને મકાનની બ્હાર કાઢી મૂક્યા. એ સમયે કનકલતાના માતા કંપતી કંપતી બ્હાર આવીને ઉભી હતી ગુલાબો, 'બાપરે, મારી નાખ્યાં રે!' પોકારતી પલાયન કરી ગઈ પાડોશમાંનાં માણસો આવી પહોંચ્યા. આવી રીતે સગુનાબ રાધાવલ્લભનો એ ગતનો અભિસારાભિનય ખંડ પ્રલયથી સમાપ્ત થયો.

(૧૦)

અનધિકાર પ્રવેશની વિરુદ્ધ કાયદો છે અને તે મુખ્યત્વે કરીને સમાજનાં કૂતરાં તથા ગીધ વગેરે ઉપર અજમાવવામાં આવે છે. એ કાયદાના પાશમાં સમાજના વાઘ તથા સિંહોને સપડાવવાનુ કોઈ સાહસ કરતુ નથી. સબબ, રાધાવલ્લભ પણ એ કારણથી જ કાયદાની જાળમાં ફસાયા નહિ.

વળી અનધિકારની વિરુદ્ધ કાયદો છે તેથી લાભ શો છે? જો એ સર્વ સાધારણના ઉપયોગમાં આવતો હોત તો આજે કનકલતાના વિશુદ્ધ ચરિત્ર સબંધી મોહનીઆની માશી, કૃષ્ણલાલની કાકી

વગેરેની નિંદા કરવાની ખરાબ ટેવનું સહેલાઇથી કમી કરી શકાત. અસ્તુ ઉપર દર્શાવેલો બનાવ બન્યો તેના બીજા દિવસથી નન્દલાલે કોર્ટમાં જવું બંધ કર્યું. સુરેશે તેને બ્હાર ગામ જઇને રહેવાની સલા આપી. સુરેશ નન્દલાલની માતા તથા બ્હેનને મળવા આવ્યો હતો મમિલન સમાપ્ત થયા પછી તે એમ કહીને વિદાય થઇ ગયો કે, 'નાકા સાથે વેર બાંધી જળમાં વાસ કરવાનું કામ ઘણું કઠિન છે રાધાવલ્લભ કૃષ્ણનગરનું નાકુ છે!'

બીજી તરફથી પાડોશી અને કચેરીમાં ગયા પરિચ્છેદમાં વર્ણવેલા બનાવ સંબંધી અનેક પ્રકારની જલ્પનાઓ અને કલ્પનાઓ થવા લાગી હંમેશાં બનતા બનાવોને નવીન સ્વરૂપ આપી તેનું વર્ણન કરવાનો જે દુષ્ટ લોકોનો વ્યવસાય છે તેઓ કહેવા લાગ્યા કે, 'નન્દલાલની બ્હેન રાધાવલ્લભના સેંકડો રૂપિયા ખાઇ ગઇ છે તથા તે દિવસે તેના બોલાવવાથી જ રાધાવલ્લભ નન્દલાલને ઘેર ગયા હતા ગુલામોએ એમાં દલાલનું કામ કર્યું છે' વગેરે રાધાવલ્લભે આ પ્રવાદને પણ પોતાના ગૌરવમાં ભેળવી દીધો, કારણ કે **तेजीयसां न दोषाय.'**

ઉપરોક્ત અપવાદોનો ધ્વનિ કવચિત્ કવચિત્ નન્દલાલના કાનોએ પડી તેને ઘણો દુઃખી કરતો હતો એક દિવસે રાધાવલ્લભનો પરમ પ્રિય મિત્ર દારોગો દીનદયાળ નન્દલાલને રસ્તામાં મળ્યો. કુશળ સમાચાર પૂછ્યા પછી તેણે નન્દલાલને કહ્યું —"નન્દલાલ! હવે તમે રાધાવલ્લભભાઇ પાસે કેમ જતા આવતા નથી? તેઓ તમને પોતાના પુત્ર બરાબર ગણે છે તમારા ઉપર તેઓ ઘણો પ્રેમ રાખેછે છતાં તમે વિના કારણ નારાજ થઇ નોકરી ચાકરી વગર ઘેર

બેઠા છો! તમે હજી બાળક છો તેથી જ આવી મૂર્ખતા કરો છો. જો આવી રીતે ચુપકીદીથી બેસી રહેશો તો તમારો ઘરસંસાર કેવી રીતે ચાલશે?"

આ વાક્યો સાંભળવામાં આવતાં નન્દલાલને ઘણો ક્રોધ ચઢ્યો; છતાં આગળ પાછળનો વિચાર કરતાં એ દરિદ્ર નવયુવકનો ક્રોધ તેના મનમાં ને મનમાં જ શમાઇ ગયો. પોલિસ ખાતાના માણસ સાથે વિશેષ વાદવિવાદ કરવો નન્દલાલને પસંદ નહોતો.

ચાર પાંચ દિવસ પછી ગુલાબી પાછી નન્દલાલને ઘેર આવી તથા તેણે કહ્યું –" નન્દલાલ! રાધાવલ્લભભાઇ તમારા ઉપર બિલકુલ નારાજ થયા નથી. તમે એમની પ્રતિષ્ઠાની પાયમાલી કરેલી હોવા છતાં તેઓ એ વાત ભૂલી ગયા છે. હવે તેઓ તમને મળવાની ઘણી ઇચ્છા રાખે છે."

ગુલાબીનાં આવા વચનોથી નન્દલાલનું મન પલળ્યું નહિ. તેણે ગુલાબીને કડવી ગાળોથી સન્માનિત કરીને કહ્યું.–" જો હવેથી તું આ ઘરમાં પગ મૂકીશ તો હું હારી ટાંટીઓ જ તોડી નાખીશ."

નન્દલાલે કલકત્તામાં નોકરી મેળવવા માટે અરજી કરી હતી તથા એ અરજીનો સંતોષકારક ઉત્તર આવવાનો સંભવ હતો, પરંતુ ખરચની રકમ મેળવવાની અને બજારનું દેવું ચુકવવાની અડચણ હતી. તેણે સુરેશને રૂપિયા મોકલવા માટે એક પત્ર પણ લખ્યો હતો. જો એ રૂપિયા આવી જાય તો નન્દલાલ રક્ષાબંધન કિંવા શ્રાવણી પૂર્વે કલકત્તા અવશ્ય જવાનો હતો.

(૧૧)

આ સમયે કૃષ્ણનગરમાં પણ રક્ષાબન્ધનનો ઉત્સવ ઘણી ધામધુમથી ઉજવવામાં આવ્યો. પ્રભાતકાળ થતાં જ સ્વદેશી યુવકોએ એકઠા

થઇ સરિતાસ્નાન કર્યું. ત્યાર પછી સ્વદેશગીત ગાતાં ગાતાં અને વંદેમાતરમ્‌નો ધ્વનિ કરતા કરતાં તેમણે સમસ્ત નગરની પ્રદીક્ષણા કરી આજે પ્રાતઃકાળથી જ કૃષ્ણનગરનું આખું બજાર બંધ હોઇ નગરવાસીઓએ ઉપવાસ કરવાની વ્યવસ્થા રાખી હતી સ્વદેશી યુવકોએ જ એ કાર્યનો ભાર પોતાના ઉપર ઉપાડી લીધો હતો. જે માણસ દુકાન બંધ ન કરે તેની પાસે જબરદસ્તીથી દુકાન બંધ કરાવવાની તેમણે ગોઠવણ કરી હતી. એ યુવક મંડળના નેતાઓમાં કેટલાક સ્થાનીય જુનિયર વકીલો પણ હતા પોલિસ પણ શહેરની શાન્તિ સાચવવા કાળી કમલી અને પીળી પાઘડી પહેરી આમતેમ ફરતા હતા.

સુરેશ તરફથી રૂપિયા નહિ આવેલા હોવાથી નન્દલાલ હજી સુધી કૃષ્ણનગરનો ત્યાગ કરી શક્યો નહોતો, પણ તેણે હરેક વર્ષની માફક આ વર્ષે રક્ષાબંધનના ઉત્સવમાં ભાગ લીધો નહિ. પ્રથમથી જ તેણે સઘળા યુવકોને એવું કહીને ક્ષમા માગી લીધી કે, 'મ્હારું શરીર સારું નથી.' પણ વિપિનચંદ્ર તથા તેના બીજા સાથીઓ ક્યાં માને એવા હતા ? તેમણે સર્વેએ નન્દલાલને ઘેર જઇ તેના હાથ ઉપર રક્ષા બાંધી દીધી; છતાં નન્દલાલ મકાનની બ્હાર નીકળ્યો નહિ. સ્વદેશી યુવકોએ નટવરલાલના મકાન પાસેથી પસાર થતાં એમ સાંભળ્યું કે, 'નટવરલાલના ઘરમાં આજે કોઇએ ઉપવાસ કર્યો નથી તથા ત્યાં ભોજન તૈયાર થાય છે.' આ સમાચાર જાણવામા આવતાં જ સર્વ યુવકો નટવરલાલને ઘેર ગયા તથા બારણા પાસેથી જ તેમણે વંદેમાતરમ્‌નો અવાજ કર્યો. એ યુવકોમાંથી નટવરલાલના એક ઘનિષ્ટ પરિચિત મિત્રે ઘરમાં જઇને જોયું કે, જે હકીકત તેમણે સાંભળી

છે તે ખરી છે તેણે ઘણા વિનયથી રસોઇ બંધ કરાવવા કહ્યું; પરંતુ નટવરલાલે તેનું કહેવું સાંભળ્યું નહિ તેણે તે કોરે ભરાઇને સ્વદેશી યુવાને કેટલીક અશ્રાવ્ય ગાળો પણ સંભળાવી દીધી. આવો પ્રકાર જોઇ વિપિનચંદ્રને ઘણો ક્રોધ ઉપજ્યો તથા તેણે કહ્યું - "નટવરલાલભાઇ! જો તમે સીધી રીતે રસોઇ થતી નહિ અટકાવો તો અમે તમારા રસોડામાં પ્રવેશ કરી ચુલ્હામાં પાણી રેડીશું. વળી એ કાર્ય માટે અમને દુઃખી થવું પડશે તો તેની પણ અમને ચિંતા નથી."

બરાબર આ સમયે ફોજદાર મુબારકઅલીએ કેટલાક કૉનસ્ટેબલો સાથે આવી પહોંચી થોડા સ્વદેશી યુવકોને કેદ કરીને કહ્યું:— "તમે લોકો ક્યાં સુધી બેઇજ્જત થાઓ છો એ અમે પણ જોઇશું"

રહેતાં રે દશ વાગ્યે કિલ્લાના મયદાનમાં જે એક વિરાટ સભા ભરાઇ હતી એમાં પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ પણ કેટલાક માણસો સાથે હાજર હતા જે સમયે સભા સ્થળમાં એક વક્તાએ ઉપરોક્ત યુવકોના કેદ પકડાયાની વાત કાઢી હતી એ સમયે સઘળા શ્રોતા રોષથી વિચલિત બની ગયા હતા. શાન્તિનો ભંગ થાય એવું લાગવાથી પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટે સભાનો ભંગ કર્યો હતો.

ત્યાર પછી કેટલાક વકીલોએ એક સ્થળે એકઠા થઇ શું કરવું એ સંબંધી વિચાર કર્યો સ્વયં રાધાવલ્લભે વર્ત્તમાનપત્રોમાં છાપવા માટે છુપી રીતે એક ટેલિગ્રામ—તારનો મુસદ્દો તૈયાર કર્યો. આવી રીતે રાધાવલ્લભ દહીં તથા દૂધ બન્નેમાં હાથ રાખતા હતા. એ ટેલિગ્રામ યોગેશચંદ્ર બંદોપાધ્યાય બી. એ બી એલ ની સહી સાથે કલકત્તાનાં, કેટલાક અગ્રગણ્ય વર્ત્તમાનપત્રોમાં પ્રકટ થવા માટે મોકલી આપવામાં આવ્યો. એ તારનો ભાવાર્થ આ પ્રમાણે હતો:—

'કૃષ્ણનગરનો રક્ષાબંધનનો ઉત્સવ શાન્તિથી સમાપ્ત થઇ શક્યો નથી. અવૈધ ભયદર્શન અને બળપ્રયોગના અપરાધને લીધે ચાર યુવકો કેદ પકડાયા છે. મધ્યાન્હકાળે બંગભંગના પ્રતિવાદમાં જે સભા ભરાઇ હતી તે પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબે કેટલાક સિપાહીઓની સાથે આવી વિખેરી નાખી. આ બનાવથી સર્વ માણસોને ઘણું દુઃખ થયુ છે.'

(૧૨)

પોલિસ ઇન્સ્પેકટર રઘુનાથ આ સ્વદેશી કેસની સાધારણ તપાસ કરતાં જ એમ જાણી શક્યો કે, ફોજદાર મુબારકઅલીએ કાગનો વાઘ કર્યો છે તેણે પોતાના ઉપરી અધિકારીઓને લખી મોકલ્યુ કે, 'આસામીઓએ વાદી ઉપર કાંઇ વિશેષ અત્યાચાર કર્યો નથી એ લોકોના ઉપર જે જે અભિયોગ મૂકવામા આવ્યા છે તેની પોષકતામાં પોલિસની જુબાની સિવાય બીજુ કોઇ વિશ્વાસ યોગ્ય પ્રમાણ મળ્યુ નથી. આથી ભવિષ્યમાં એવુ સાબિત થશે કે, એ યુવકોની વિરુદ્ધ સરકાર તરફથી બનાવટી કેસ ઉભો કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે'

રઘુનાથની ઉપર મેજીસ્ટ્રેટ સાહેબનો સંપૂર્ણ વિશ્વાસ હતો. તેઓ રઘુનાથને એક ખરો Reformed Hindu સમજતા હતા તેથી તેમણે તેનો ઉપરોક્ત આશયનો રીપોર્ટ પોલિસના સાહેબને દેખાડ્યો. છેવટે તેમણે બન્નેએ કેટલોક વિચાર કરી એ કેસ સાથે સંબંધ ધરાવતા સઘળા કાગળ પત્રો રાધાવલ્લભ પાસે તેમનો અભિપ્રાય જાણવા મોકલી આપ્યા.

બીજે દિવસે રાધાવલ્લભે મેજીસ્ટ્રેટ સાહેબને બંગલે જઇ તેમની સાથે મુલાકાત કરી. કુશળ વર્તમાનની પૂછપરછ થયા પછી તેમણે

સાહેબને એમ સમજાવ્યું કે, ' બધી હકીકત ખરી છે, પણ જે ચાર આસામીઓને પકડવામાં આવ્યા છે તેમના ઉપર જ કેસ ચલાવવાથી કામ ચાલી શકે તેમ નથી. અહીંની સઘળી સ્વદેશી હિલચાલનો મુખ્ય નાયક મ્હારો પ્રથમનો કારકુન નન્દલાલ છે. તેની એવી હિલચાલને લીધે જ મ્હારે તેને નોકરી ઉપરથી કાઢી મૂકવો પડયો છે. વળી હું ખાત્રીપૂર્વક એમ જાણી શકયો છું કે, આસામીઓએ પ્રથમ નન્દલાલને ત્યાં જઈ તેના આદેશથી જ નટવરલાલને વેર ચઢાઈ કરી હતી. આમ હોવાથી નન્દલાલને ગુન્હેગારોમાં દાખલ કર્યા સિવાય કેસમાં જોર આવશે નહિ. રઘુભાણુના રીપોર્ટમાં કેસની તપાસનો મુખ્ય અંશ રહી ગયો છે. નન્દલાલની વિરુદ્ધ હજી સુધી જોઈએ એવાં પ્રમાણ મેળવવામાં આવ્યાં નથી. "

છેવટે રાધાવલ્લભે સાહેબને એમ પણ સમજાવ્યું કે, ' ઇન્સપેકટર રઘુભાણુ ભલા અને સાદા સીધા માણસ છે. ઘણાખરા પ્રસંગોએ ભલા માણસનો અર્થ મૂર્ખ કરવામાં આવે છે. રઘુભાણુ મારફત કોઈ પણ સ્વદેશી કેસના પ્રમાણો મેળવવાનું કામ મ્હને ઘણું મુશ્કેલ લાગે છે. તેઓ પોતે સ્વદેશી છે. આ સઘળી ગુપ્ત વાતો છે, મ્હારા સિવાય બીજું કોઈ તે જાણતું નથી. જો આ કેસ માટે બરાબર જોઈતાં પ્રમાણો મેળવવાં હોય તો તપાસ કરવાનું કામ આપ દારોગા દીનદયાળને સોંપો. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ પણ તેમને એક ચતુર તથા હોશિયાર માણસ સમજે છે. '

પછી રાધાવલ્લભે પોતાના રીપોર્ટ સહિત કેસના સઘળા કાગળપત્રો પાછા મોકલી આપ્યા. રીપોર્ટમાં તેમણે લખી દીધું કે, ' Evidence is insufficient, further inquiry necessary. '

અંતે રાધાવલ્લભના કહેવા પ્રમાણે એ કેસની તપાસ કરવાનું કામ રઘુનાથને બદલે દારોગા દીનદયાળને સોંપવામાં આવ્યું.

(૧૩)

દારોગા દીનદયાળ એક ચાલાક માણસ હતો એમાં કાંઇ સંદેહ જેવું નથી, કેમકે કોઇ કોઇ પોલિસ ઑફિસર માતાના પેટથી જ પોલિસનું સ્વરૂપ ધારણ કરી જન્મે છે. દીનદયાળ એ શ્રેણિનો માણસ હતો. તેનો મુદ્રાલેખ જ એવો હતો કે, પોલિસના માણસથી કદાપિ કોઇ કામમાં ભૂલ થતી જ નથી પોલિસ ખાતાના માણસો સિવાય બીજા સઘળા માણસોનો જન્મ કાયદાનો ભંગ કરવાને જ થયો છે; તેથી એ જન્મસિદ્ધ ઑફિસરોએ સઘળાં નરપશુઓ ઉપર નિરંતર તીક્ષ્ણ દૃષ્ટિ રાખવી જોઇએ

શાસન વિભાગનો નિયમ છે કે, પેટમાં વિદ્યા નથી હોતી તો કોઇ દારોગાનું કામ કરી શકતું નથી. તેથી દીનદયાળ પ્રત્યક્ષમાં દારોગા શબ્દધારી છે ત્યારે એમ સમજવું જોઇએ કે, તે નિરક્ષર નહિ પણ સાક્ષર હશે ! અમે તેને ગુજરાતીમાં રીપોર્ટ લખતાં જોયો છે. તેના રીપોર્ટમાં કેટલેક ઠેકાણે ભાંગ્યા તૂટયા અંગ્રેજી શબ્દો જોવામાં આવતા. આમ હોવાથી તેની ભાષામાં કર્ત્તા, કર્મ અને ક્રિયાનો વ્યાકરણ સંબંધ નહિ હોવા છતાં કોઇ ભૂલ સમજવામા આવતી નહિ. તે સિવાય દીનદયાળ બે ચાર પોલિટિકલ શબ્દોનો ઉચ્ચાર પણ કરતો. આ પુસ્તકના લેખકે કેટલીક વખતે તેને 'મોડરેટ' ને બદલે 'મીડરેટ' એક્સ્ટ્રીમિસ્ટ' ને બદલે 'એક્સ્ટ્રીમીટીઝ,' 'પોલિટિકલ' ને બદલે 'પોલિકટિકલ' કહેતાં સાંભળ્યો છે.

ધર્મકથાઓમાં દીનદયાળનો ઘણો વિશ્વાસ હતો. આ વાતની

પુષ્ટિમાં અમે કેવળ એક જ ઉદાહરણ આપીએ છીએ. પાર્વતી નામની એક સ્ત્રીને ઘેર રાધાવલ્લભ કાચપાત્રમાં વ્હિસ્કી રેડીને એ પાત્ર જ્યારે દીનદયાળના હાથમાં આપતા ત્યારે એ પાત્ર ઉપર પોતાના હાથ મૂકી બે ચાર વખત બીજમંત્રનો જાપ કર્યા સિવાય તે તેનું પાન કરતો નહિ કૃષ્ણલાલનું એવું કહેવું હતું કે, કળિકાળમાં તન્ત્રોક્ત પંચમકારોની સાધના કરવાથી ઘણી ઝડપથી સિદ્ધિ મળે છે ! ઉપરોક્ત પાર્વતીને ઘેર રાધાવલ્લભની સાથે આ સ્વદેશી કેસ સાથે સંબંધ ધરાવતી સઘળી હકીકતનો વિચાર કરવામાં આવતો હતો તથા એ પાર્વતીને ઘેરથી દીનદયાળ ઘણાખરા કેસોનો નિકાલ કરી લાવતો હતો.

પાર્વતીની ઉમ્મર લગભગ પચાસેક વર્ષની હતી; તેથી તેને હજી સુધી પ્રેમપથિકોને ફસાવવા માટે કોઈ જાળનો આશ્રય લેવો પડયો નહોતો તેનો એક પ્રેમિક હોઈ તેનું નામ પ્રેમચંદ હતું. પાર્વતીની એક યશોદા નામની પુત્રી હોઈ ધણી સાથે અણબનાવ થવાથી માતા પાસે જ રહેતી હતી તથા તેના પતિએ બીજી એક નવયુવતીને પોતાની સંસારસહચરી બનાવી હતી. યશોદાની ઉમ્મર હમણાં ત્રીસેક વર્ષની હોઈ તે પણ માતાને સારી કમાણી કરી આપતી હતી. આડોશ પાડોશમાંની તથા બ્હારની ઘણી ખરી સ્ત્રીઓ નવરાશનો વખત પાર્વતીને ઘેર આવી પસાર કરતી હતી. પાર્વતી એ સઘળી સ્ત્રીઓની કમીસન એજન્ટ હતી. પાર્વતી વિધવા હોઈ તેનો ઉપપતિ પ્રેમચંદ તેને ઘેર જ પડી રહેતો હતો. ફોજદાર દીનદયાળના ઉપદેશ અને આદેશ અનુસાર પાર્વતી એક બીજું કામ પણ કરતી હતી. દારોગો દીનદયાળ કચેરીમાં જે કોઈ માણસને ' નવી ફેશનનો માણસ ' સમજી તેના ઉપર સંદેહ કરતો તો તે તેની

ખબર પ્રેમચંદને આપનો હતો. પ્રેમચંદ એ આગંતુકને પોતાના વાક્યપાશ અને કૌશલ જાળમાં બરાબર ફસાવી પાર્વતીને ત્યાં લઈ જતો તથા રાત્રે એ મકાનમાં તેને કોઈ સુંદર સ્ત્રીની અગર તો યશોદાની સેવામાં રાખી તેને સંતુષ્ટ કરતો હતો. સેવિકા એ નવી ફૅશનના માણસને પ્રેમના મશીનમાં નાખી, મદ્યપાન કરાવી તેના પેટની સઘળી હકીકત કઢાવી લેતી હતી મદ્ય ઘણો મહાન્ પદાર્થ છે. એના રૂપથી વિમોહિત થઈને કોઈ પોતાની સઘળી ગુપ્ત હકીકત પ્રકટ ન કરી દે એવો સંસારમાં ભાગ્યે જ કોઈ માણસ હશે. આ ઉપાયથી દીનદયાળ એ ખૂની આસામીઓને પકડીને ઉપરી અધિકારીઓને પ્રસન્ન કરી શક્યો હતો. આ કારણથી જ તે વારવાર એમ કહેતો હતો કે, ' કળિયુગમાં પંચ મકારોની સાધના કરવાથી ઘણી ઝડપથી સિદ્ધિ મળે છે. આમ હોવાથી પોલિસના જે માણસે સુચતુર બનવું હોય તેણે તાંત્રિક બની જવું જોઈએ '

માત્ર પાંચ જ દિવસમાં દીનદયાળે સઘળી તપાસ કરી નાખી. એ તપાસનો રીપોર્ટ તેણે પાર્વતીને ત્યાં જ તૈયાર કર્યો હતો. છેવટે તેણે એવા આશયનો રીપોર્ટ તૈયાર કર્યો કે, 'નટવરલાલને ત્યાં સ્વદેશી યુવકોએ જબરદસ્તી કરીને જે ભય દર્શાવ્યો હતો તેની પુષ્ટિમાં સંતોષજનક પ્રમાણ મળી ગયાં છે. જે ચાર યુવકોને કેદ પકડવામાં આવ્યા છે તેમણે નન્દલાલ નામના એક સ્વદેશી નેતાના હુકમથી એ અપરાધ કર્યો હતો. વિશેષ તપાસ કરતાં છુપી રીતે મ્હને એમ પણ માલૂમ પડ્યું છે કે, ઉપરોક્ત આસામીઓમાં ' પોલિટિકલ ' રાજનૈતિક કારસ્થાન સુદ્ધાં ચાલે છે. તેથી હુકમ મળતાં નન્દલાલના ઘરની જડતી લઈ તેને પહેલા નંબરનો ગુન્હેગાર કરી શકાય તેમ છે.'

આવો રીપોર્ટ મળતાં પહેલાં જ મૅજીસ્ટ્રેટ સાહેબે સરકારી વકી-

ઓને મુખે નન્દલાલના અપરાધની વાત સાંભળી હતી તેમણે વિચાર્યું કે, નેતાને સજા કર્યા સિવાય તેના મંડળને સજા કરી શકાશે નહિ. છેવટે મૅજીસ્ટ્રેટ સાહેબે નન્દલાલ સંબંધી જે કરવું ઉચિત લાગે તે કરવાની દીનદયાળ દારોગાને રજા આપી તથા નન્દલાલના ઘરની જડતી લઈ તેને કેદ કરવાના પરવાના ઉપર સહી કરી.

આ સમાચાર જ્યારે રઘુબાબુ ઇન્સ્પેક્ટરના જાણવામાં આવ્યા ત્યારે તે ઘણો આશ્ચર્યચકિત તથા ચિંતાતુર બની ગયો.

તે દિવસે રાત્રે દીનદયાળ પાર્વતીને ઘેર રાધાવલ્લભને મળ્યો, એ મુલાકાત વખતે શી વાતચિત થઈ એ અમે જાણતા નથી.

(૧૪)

બીજે દિવસે રહવારે નન્દલાલના ઘરની જડતી લેવામાં આવી. દારોગા દીનદયાળે ત્રીસ ચાળીસ કૉન્સ્ટેબલો સાથે આવીને તેના ઘરને ચોતરફથી ઘેરી લીધું. રઘુબાબુ પોલિસ ઇન્સ્પેક્ટર હોવાથી 'સર્ચપાર્ટી'નો અધિપતિ થઈને આવ્યો હતો. આ બનાવથી ચારે તરફ કોલાહલ થઈ રહ્યો જોતજોતાંમાં સેંકડો મનુષ્યો તમાશો જોવા આવ્યાં; પણ પોલિસે અંદર જતાં અટકાવવાથી સર્વ બ્હાર ઉભા રહ્યાં. એ મનુષ્યોમાં મુલાબી પણ હતી. તે પણ પોલિસનો આ તમાશો જોવા આવી હતી.

નન્દલાલના ઘરની જડતી લીધા પછી ત્રણ વસ્તુઓ દીનદયાળને મળી આવી. (૧) લોકમાન્ય બાલગંગાધર તિલકની એક છબી, (૨) મહાત્મા ગાંધીજીએ લખેલી 'સત્યાગ્રહ' નામની ચોપડી અને (૩) સ્વદેશી સભાની કેટલીક જાહિરખબર.

જડતી લીધા પછી દીનદયાળે નન્દલાલને કેદ કરી હાથકડી

પહેરાવી કૉન્સ્ટેબલોને સ્વાધીન કર્યો આ જોઇ નન્દલાલની માતા બેહોશ બની ગઇ. કનકલતાના ભયનો પણ પાર રહ્યો નહિ. છેવટે રઘુનાથે નન્દલાલની માતાના મુખપર પાણી જરા છાંટી તેને શુદ્ધિમાં લાવે. નન્દલાલની માતાએ પોતાની આંખો ઉઘાડી પરંતુ મ્હોડે કાંઇ કહ્યું નહિ તેનું શરીર થરથર કંપતું હતું

રઘુનાથે કનકલતા તથા તેની માતાને કહ્યું —" તમે બિલકુલ ભય રાખશો નહિ હું અત્રે હાજર છું ત્યાં સુધી તમને સહજ પણ અનિષ્ટ થશે નહિ. તમે મ્હારા મા બ્હેન બરાબર છો"

કનકલતાની માતાએ રુદન કરતાં કરતાં કહ્યું —" ભાઇ ! ઇશ્વર તમને દીર્ઘાયુ કરશે તમે મ્હારા નન્દુને બચાવો. એ હજી બાળક છે ! ભાઇ ! એણે કોઇનું કાંઇ બગાડયું નથી. તમે આ ગરીબ ડોશી ઉપર દયા લાવી એને છોડી દો. "

રઘુનાથે સાંત્વનાસૂચક સ્વરે કહ્યું —" માતાજી ! તમારા નન્દલાલ ઉપર કોઈ પણ પ્રકારનો જુલ્મ ગુજારવામાં નહિ આવે તમે ગભરાઈ જશો નહિ. સ્થિર થાઓ. ચિંતા કરવાની જરૂર નથી. હવેથી નન્દલાલ મ્હારી દેખરેખમાં રહેશે. "

આમ કહી રઘુનાથે નન્દલાલની હાથકડી કઢાવી નાખી. બુઢ્ઢાના જીવમાં જીવ આવ્યો. તેણે કંપતાં કંપતાં કહ્યું.—" ભાઈ ! તમે માર્કંડેયની માફક ચિરંજીવી થાઓ. તમે આ ગરીબ ડોશી ઉપર ઘણી દયા કરી છે "

ત્યાર પછી રઘુનાથના સંકેત અનુસાર કનકલતાએ પોતાની માતાને ઘરમાં લઇ જઈ બિછાનામાં સુવાડી દીધી. બાજી તરફથી દીનદયાળે રઘુનાથને કહ્યું —" ઠીક ત્યારે, હવે આપ જ ગુન્હેગાર પાસે

રહો. હવેથી એ આપના કબજામાં છે હું ત્યાં સુધીમાં ઘરની જડતી લઉં છું."

આમ કહી પ્રેમચંદની સાથે દીનદયાળ ઘરમાં કનકલતા પાસે ગયો. જડતીના સાક્ષી તરીકે પ્રેમચંદને પાર્વતીને ત્યાંથી બોલાવવામાં આવ્યો હતો.

"ઉભા રહો, હું પણ તમારી સાથે આવું છું" આમ કહીને રઘુનાથ પણ તેમની પાછળ પાછળ ગયો. આથી દીનદયાળ સહજ નારાજ થયો; પરંતુ તે કાંઇ હરકત કરી શક્યો નહિ, કેમ કે રઘુનાથ તેનો ઉપરી અધિકારી હતો.

કનકલતાના ઓરડામાં કેવળ એક ટ્રંક હતી. કનકલતાએ ટ્રંકનું તાળું ઉઘાડી નાખ્યું. રઘુનાથએ જાતે જ એ ટ્રંકમાંની સઘળી વસ્તુઓને આમ તેમ ફેરવીને જોઇ અને પછી તે સર્વને લઇને બ્હાર નીકળ્યો. એ વખતે દીનદયાળ કનકલતાને બે ચાર જરૂરી પ્રશ્ન પૂછતો હતો. એ પ્રકાર જોઈ રઘુનાથએ તેને કહ્યું:—"કનકલતા સ્રીજાત છે. એની સાથે વિશેષ વાતચિત કરવાની જરૂર નથી. મૅજીસ્ટ્રેટે કાંઇ તેના નામ ઉપર વૉરંટ કાઢયું નથી."

પછી રઘુનાથએ કનકલતા તથા તેની માતાને કહ્યું:—"નન્દલાલને થોડા વખત માટે સરકારી થાણામાં લઇ જવો પડશે. જડતીમાં વાંધા પડતી કોઇ વસ્તુ મળી આવેલી નહિ હોવાથી એ હકીકત સાહેબને જણાવી તેને છોડી દેવામાં આવશે. એને માટે સહજ પણ ચિંતા કરવાની જરૂર નથી."

પોલિસના માણસો નન્દલાલને લઇ ચાલ્યા ગયા એટલે ગુલાબીએ પોતાના રાગનો આલાપ ચાલુ કર્યો. તે આડોશી પાડોશીને સંભળાવીને કહેવા લાગી:—"અરેરે! જે જે 'વંદેમાતા' કહે છે

તે દરેકનું આવી રીતે સત્યાનાશ વળી જાય છે. બીચારો સારા માણસનો ડાહ્યો છોકરો જેતજેતામાં કેવા ભયંકર સંકટમાં ફસાયો! એવી વહાલી માતાને તો નવગજના નમસ્કાર કરવા જોઇએ! ફિરંગીઓની સાથે શત્રુતા કરી કોણ બચી શકે છે!!"

કહેવાની જરૂર નથી કે પાડોશીઓની દેખાદેખીથી ગુલાબીએ પણ કનકલતા અને તેની માતાને શબ્દોથી સાંત્વના આપી હતી તેણે કહ્યું:—"બ્હેન! નન્દલાલ ઉપર મ્હારો પણ ઘણો પ્રેમ છે. એને છોડાવવા માટે હું દારોગા સાહેબને કાલાવાલા કરવા પણ ચુકીશ નહિ."

સંકટ આવી પડે છે ત્યારે લોક પોતાના શત્રુ અને મિત્રને ભૂલી જાય છે. કનકલતા પણ પાછલી વાતો ભૂલી ગુલાબીનો હાથ પકડી ગમે તે પ્રકારે પોતાના ભાઇને છોડાવવાની ગદ્‌ગદ કંઠે તેને વિનતિ કરવા લાગી.

પાડોશમાંના નારાયણદાસ અને ગોવિંદદાસે કહ્યું:—"જો રાધાવલ્લભ ધારે તો નન્દલાલને છુટો કરાવી શકે તેમ છે. તેઓ જો મૅજીસ્ટ્રેટ અને પોલિસના મ્હોટા સાહેબને એમ કહે કે નન્દલાલની વિરુદ્ધ કાંઇ પ્રમાણ મળી આવ્યું નથી તો તેઓ હમણાં જ તેને છોડી દે."

ગુલાબી બોલી ઉઠી:—"ત્યારે પ્રથમ હું રાધાવલ્લભબાબુના પગોમાં જઇને જ પડું છું. જો તેઓ મ્હારું કહેવું માની નન્દલાલને છોડાવવાનો પ્રયત્ન નહિ કરે તો તેમની નજર આગળ હું મ્હારો જીવ કાઢીશ. ઠીક, હું જાઉં છું."

ગુલાબી ચાલી ગઇ. એ દિવસે ઘણું સમજાવવામાં આવ્યા છતાં કનકલતા અને તેની માતાએ પાણી સુદ્ધાં પીધું નહિ,

(૧૫)

વિદાય થતી વખતે રઘુનાથ કહી ગયો હતો તે પ્રમાણે નન્દલાલને છૂટો કરવામાં આવ્યો નહિ. ગુલાબી હમેશાં દીનદયાળ, રાધાવલ્લભ અને કનકલતાની પાસે આવતી જતી હતી. તેણે એક દિવસે કનકલતાને કહ્યું:—"બ્હેન! મ્હારાથી બની શકે એટલી મહેનત કરીને મ્હેં રાધાવલ્લભબાબુને મનાવ્યા છે, પણ જો તમે કોઈ વખતે તેમની પાસે જઈ નન્દલાલને છોડાવવાની પ્રાર્થના કરશો તો એક ક્ષણનો વિલંબ કર્યા વગર પોલિસના મ્હોટા સાહેબ પાસે જઈ તેઓ તેને છોડી દેવાનું કહેશે. કાલે સ્હાંજે જબરદસ્તીથી મ્હેં તેમના પગ પકડી લીધા હતા. એ વખતે તેમણે કહ્યું, 'ગુલાબી, નન્દલાલને છોડાવવા માટે તું તો હાથ ધોઈને મ્હારી પાછળ પડી છે, પરંતુ તે જેનો સહોદર ભાઈ છે તેણે તો એકે વખત મ્હારી પાસે આવીને પોતાના ભાઈને છોડાવવામાટે કાંઈ કહ્યું નહિ.' તેમનું એ વાક્ય સાંભળીને મ્હેં કહ્યું, "આપ કનકલતાની વાત કરો છો કે? તે આવશે—પોતાના ભાઈને છોડાવવાની આપને વિનતિ કરવા માટે આવશે. તમે એક વખત નન્દલાલને છોડાવવાની મ્હને આશા આપો; જેથી કનકલતા વિના વિલમ્બે આપની પાસે આવશે. વિના કારણ કોઈ કોઈની પાસે જાય છે કે?' મ્હેં આટલું કામ કર્યું છે. હવે બાકીનું કામ તમારા હાથમાં છે."

ગુલાબીનાં આ વાક્યોનો કનકલતાએ કાંઈ પ્રત્યુત્તર આપ્યો નહિ. તે પોતાના મનમાં ને મનમાં કાંઈ વિચારવા લાગી. એ જોઈ ગુલાબીએ કહ્યું:—"શો વિચાર કરો છો? એમાં વિચારવા જેવું કાંઈ નથી. રાધાવલ્લભબાબુએ કહ્યું છે કે, "કનકલતાના કહેવાથી નન્દલાલને હું જરૂર છોડાવીશ."

કનકઃ—તમારી વાતનો ઉત્તર હું કાલે આપીશ. જો જવું હશે તો તમારી સાથે ત્યાં જવામાં કાંઇ હરકત નથી.

ત્યાર પછી કનકલતાએ પોતાના ભાઇના પકડાયાના સમાચાર સુરેશને લખી મોકલ્યા. એ પત્રની નકલ અમે આ નવલકથાના આરંભમાં જ પાઠકોની સેવામાં સમર્પિત કરી ચુક્યા છીએ એ પત્ર મળ્યા પછી સુરેશે કલકત્તાના કેટલાક સ્વદેશી આગેવાનોની મુલાકાત કરી. તેણે આ કેસને માટે એક દેશી જુનિયર બૅરિસ્ટરને નિયુક્ત કર્યો. સુરેશ બૅરિસ્ટરની સાથે કૃષ્ણનગર આવ્યો. બૅરિસ્ટર સાહેબના કૃષ્ણનગરમાં એક મિત્ર હોઈ તેમનું નામ યોગેશચંદ્ર એમ૦ એ૦ બી૦ એલ૦ હતું. બૅરિસ્ટર સાહેબે પોતાના એ મિત્રને ત્યાં જ મુકામ કર્યો.

યોગેશચંદ્ર નવીન વકીલ હોવા છતાં ધીમે ધીમે તેમણે ઘણી સારી ખ્યાતિ મેળવી હતી. તેમના વ્યવહાર તથા કાર્યપટુતાને જોઈ સર્વની એવી દૃઢ માન્યતા હતી કે યથાસમયે તેઓ કૃષ્ણનગરના એક પ્રસિદ્ધ વકીલ થશે. વાસ્તવિક રીતે યોગેશચંદ્ર અધ્યવસાયી, સાહસી, બુદ્ધિશાળી, સુવક્તા અને સ્વદેશાનુરાગી હતા. જનસમાજનાં હિતનાં કાર્યોમાં ભળતાં તેમને ઘણો આનંદ મળતો હતો. સંકટમાં સપડાયલા સ્વદેશી યુવકોના પક્ષમાં તેમણે પોતાની ઇચ્છાથી જ તપાસ ચાલૂ કરી હતી. એ તપાસ કરી માહિતી મેળવવામાં તેમને દ્રવ્યનો પણ ભોગ આપવો પડયો હતો. તેમને જરૂરી મદદ કરવા માટે કૃષ્ણનગરના અનેક વકીલ તથા ગૃહસ્થ પુરુષોએ ઉત્સાહથી વચન આપ્યાં હતાં.

સુરેશની સાથે કલકત્તાના એક સુવિખ્યાત બૅરિસ્ટર આવ્યા

છે એ સમાચારથી નન્દલાલના છૂટા થવાની આશા કનકલતા તથા તેની માતાના અંતરમાં ઉપજી હતી.

એક દિવસે કનકલતાએ જમતી વખતે સુરેશને ગુલાબીએ કહેલી વાત કહી. તે સાથે રાધાવલ્લભની પૂર્વકથા અને તેનો હમણાંનો વિચાર પણ તેણે સુરેશને જણાવી દીધો. હવે સુરેશ સારી રીતે સમજી શક્યો કે, નરાધમ રાધાવલ્લભ અને દારોગા દીનદયાળના કપટ કારસ્થાનમાં સપડાવીને જ નન્દલાલને ગુન્હેગાર તરીકે કેદ પકડવામાં આવ્યો છે. મકાનની જડતી વખતે રઘુનાથજીએ દર્શાવેલી સહૃદયતા અને સહાનુભૂતિની વાત સાંભળી સુરેશના મનમાં તેના તરફ ઘણી શ્રદ્ધા ઉપજી તે પોતાના મનમાં ને મનમાં બોલ્યો:–" પોલિસના કેટલાક આવા લોકોના બળ ઉપર જ અંગ્રેજ લોક દેશ ઉપર સુશાસન કરવાની નામના પેદા કરે છે."

બીજે દિવસે બૅરિસ્ટરને સાથે લઇ સુરેશ રઘુનાથજીને મળ્યો. ઘણી વાતચિત થયા પછી એવો નિશ્ચય કરવામાં આવ્યો કે, કોઈ પણ રીતે રઘુનાથજી પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટને મળી આ કેસને આગળ નહિ વધવા દેતાં તેનો અંત લાવશે. રઘુનાથજીએ કહ્યું :–" સાહેબ ઘણા ભલા માણસ છે. ગુન્હેગારોએ કાંઇ ગંભીર ગુન્હો કર્યો નથી એવું સમજવામાં આવતાં જ તેઓ મુખ્યત્વે કરીને કેસ પાછો ખેંચી લેવાની આજ્ઞા કરશે."

પછી યથા સમયે રઘુનાથજીએ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબને બંગલે જઇ તેમની મુલાકાત કરી. કેસ સંબંધી બન્ને વચ્ચે ઘણી વાતચિત ચાલી; પરંતુ રઘુનાથજીની વિનંતિ સ્વીકારવામાં આવી નહિ. સાહેબ કેસ પાછો ખેંચી લેવા રાજી થયા નહિ. આજ સુધીમાં સાહેબે રઘુનાથજીની ઘણી વિનંતિઓ સ્વીકારી હતી; પરંતુ આ પ્રસંગે પોતાની

વિનંતિનો અસ્વીકાર થવાથી રઘુબાબુને ઘણું આશ્ચર્ય લાગ્યું; કેમ કે રાધાવલ્લભનું શકુનીત્વ તેનાથી અજ્ઞાત હતું.

સાહેબે કહ્યું :–"Babu ! are you a swadeshiste?" (બાબુ ! તમે સ્વદેશી છો કે ?)"

રઘુબાબુએ કબૂલ કર્યું કે તે એક Honest સ્વદેશી છે.

સાહેબે હસતાં હસતાં કહ્યું :—"Yes, Babu, honesty is the best policy even in swadeshism."

રઘુબાબુએ ઉપર્યુક્ત વાતની વિરુદ્ધ કાંઇ કહ્યું નહિ. તે વ્યથિત ચિત્તે પાછો ચાલ્યો આવ્યો. યથા સમયે એ મુલાકાતનું નિરાશાજનક પરિણામ યોગેશચંદ્ર, સુરેશચંદ્ર અને બૅરિસ્ટર સાહેબના જાણવામાં આવ્યું. અસ્તુ !

બૅરિસ્ટર સાહેબે ગુન્હેગારોને જામીનપર છોડવાની અરજી કરી પણ એ અરજી ઉપર સુદ્ધાં નામજૂરીનું કલંક લગાડવામાં આવ્યું.

યથા સમયે કેસ દાખલ થયો. ઘણું કરીને સ્વદેશી કેસની વાત ઝડપથી સત્વર ફેલાઇ જાય છે, તેથી બીજા સ્વદેશી કેસોની માફક આ કેસમાં પણ પ્રેક્ષકોની સખ્યા વિશેષ જણાતી હતી. રાધાવલ્લભ સરકારી પક્ષના વકીલ હતા, તેથી હમ્મેશાં પોલિસ સુપ્રિન્ટેન્ડેટ સાહેબનો ચપરાશી તેમની પાસેથી રોજનો રીપોર્ટ લઇ જતો હતો. વાદી પક્ષનો મુખ્ય સાક્ષી પ્રેમચદ બૅરિસ્ટર સાહેબની ઉલટ પાલટ તપાસમાં એક રીતે સ્પષ્ટતાથી એવું કબૂલ કરી બેઠો કે તે પોલિસનો જાસૂસ છે, પણ તેથી શુ ? તે જાસૂસ હોય તેથી ખરી હકીકત કહેવામાં શી હરકત હોય ! મૅજીસ્ટ્રેટે તેની જબાની વિશ્વાસપાત્ર ગણી તથા પાંચ ગુન્હેગારોમાંથી ચારને સજા કરવામાં આવી. એ ચારમાં નન્દલાલ પણ હોય તેને ૭ માસની સખ્ત મજુરી સાથેની કેદની સજા થઇ.

રાધાવલ્લભ અને દીનદયાળની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ, કેમ કે હિંસ્યનું મૃત્યુ અગર પતન થઈ જવાથી હિંસક એક પ્રકારનો ઘણો ભયંકર આનંદ અનુભવે છે.

અપીલ દાખલ કરવાની સલાહ આપી બૅરિસ્ટર સાહેબ ચાલ્યા ગયા. અપીલ તેમજ કનકલતા અને તેની માતાના નિર્વાહ-ખર્ચને માટે થોડા રૂપિયાની પણ જરૂર હતી. એ રૂપિયા એકત્રિત કરવા માટે સુરેશ પણ કલકત્તા ચાલ્યો ગયો.

બીજે દિવસે ગુલાબીએ આવી યથારીતિ રડવામાં પાક ભજવ્યો. તેણે નન્દલાલની માતાને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેણે કહ્યું કે, 'અપીલમાં નન્દલાલ જરૂર છૂટો થઈ જશે; કેમ કે રાધાવલ્લભભાઈએ મ્હને એવું કહ્યું છે કે, 'નન્દલાલની વિરુદ્ધમાં કોઈ ખાસ પ્રમાણ નથી.' વિદાય થતી વખતે ગુલાબી કનકલતાના કાનમાં કહી ગઈ કે, 'બ્હેન ! નન્દલાલની સજાને માટે તમે જ જવાબદાર છો. આટલું બધું થયેલું હોવા છતાં હજી એક ઉપાય છે.'

કનકલતાએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. તેને અનેક કાર્યોનો આભાસ મળ્યા કરતો હતો; તથાપિ એમાંથી એકની પણ સ્પષ્ટ મૂર્ત્તિ નજરે પડતી નહોતી. આમ હોવાથી ગુલાબીની આવી વિદૂપાત્મક ભર્ત્સના તેને અર્થશૂન્ય તો ન જ લાગી.

સ્વગત થોડો વિચાર કર્યા પછી કનકલતા સમજી ગઈ કે, તેણે રાધાવલ્લભના કામાગ્નિમાં પોતાના સતીત્વની આહુતિ આપી નહિ તેથી જ એ અગ્નિએ ધીમે ધીમે પ્રચંડ રોષાગ્નિમાં પરિણત થઈ પોતાના નિરપરાધી ભાઈનો ગ્રાસ કરવા માંડ્યો છે. સંસારમાં પોતાના ભાઈ અને માતા કરતાં કનકલતા બીજા કોઈને વિશેષ સમજતી નહોતી. વળી એ વિષયમાં તેને થોડો પણ સંદેહ નહોતો કે,

નન્દલાલને કેદની સજા થવાની વાત જાણવામાં આવતાં જ માતાને પ્રાણવિયોગનું અસહ્ય કષ્ટ સહન કરવું પડશે. કનકલતા પોતાના ભાઈને કેદથી છોડાવવાના બદલામાં પોતાનાં સુખશાન્તિ તો શું પણ પ્રાણ સુદ્ધાં સમર્પણ કરી શકે તેમ હતી. ભાઈને માટે અકરણીય કર્મ પણ કરી શકે તેમ હતી.” ગુલાબી કહી ગઈ હતી કે, “હજી એક ઉપાય છે.” એ ઉપાય કેવો છે અને શો છે? ઘણા વિચારો કર્યા પછી કનક સમજી ગઈ કે જો તે નરકના કુંડમાં પ્રવેશ કરી શકે તો જ તેનો ભાઈ કેદમાંથી છૂટી શકે અને તેની માતાના જીવનનું રક્ષણ થઈ શકે; પરંતુ શરીર સહિત સજ્ઞાન સ્થિતિમાં નરકમાં પ્રવેશ કરવો એ તેને પ્રાણ ત્યાગવા કરતાં પણ વિશેષ કઠિન લાગતું હતું.

ઉપર્યુક્ત વિચાર અંતરમાં ઉપજતાં જ કનકલતાનું મસ્તક ભમવા લાગ્યું. અનેક પ્રકારની પરસ્પર વિરોધી ચિંતાઓથી તેનું મન અસ્થિર બની ગયું.

વિષમ સ્થિતિમાં જઈ પડતાં કોઈ કોઈની બુદ્ધિમાં વિષમ ઉપાયો ઉપજે છે. ઘનઘટાચ્છન્ન ગગનમાં ભીષણ દુર્યોગને સમયે વિજળીની છટાની માફક, અમારી આ પથભ્રાન્ત પથિકાએ અંધકારમય અરણ્યમાં એક ન્હાનો માર્ગ જોયો. કનકલતાના મસ્તકમાં એક નવીન ઉપાયનો આવિષ્કાર થયો. જે માર્ગ ગુલાબી દર્શાવી ગઈ હતી તે ખરી રીતે માર્ગ નહિ પણ માર્ગનો આભાસ હતો. હવે કનકલતાએ શઠે શાઠ્યં સિદ્ધાંતના અનુસાર વર્તવાનું પ્રસંગોચિત ધાર્યું. રાધાવલ્લભ સાક્ષાત શયતાન હતો. તેણે પોતાની શયતાનિયતથી જ કનકલતાના ભાઈને કેદમાં મોકલ્યો હતો. આમ હોવાથી કનકે વિચાર્યું કે, ‘શયતાનની સાથે શયતાની કર્યા સિવાય કામ ચાલી શકે તેમ નથી, પરંતુ એમ કરવાથી એક પ્રકારનું અસત્ય કલંક લાગવાનો સંભવ

છે. એવા અસત્ય કલંકથી શા માટે ડરવું જોઈએ ? હું પોતે મ્હારા મનોદેવતા સમક્ષ તો શુદ્ધ પવિત્ર રહીશ જ.'

(૧૬)

યોગેશચંદ્રે આ સ્વદેશી કેસનો એક વિસ્તૃત રીપોર્ટ લખી તે કલકત્તાનાં મુખ્ય મુખ્ય વર્તમાનપત્રોમાં પ્રકટ થવા માટે મોકલી આપ્યો. એમાંથી એક પત્રના સંપાદક રાધાવલ્લભના મિત્ર હતા. એ સંપાદક મહાશય એકલા રાધાવલ્લભને જ નહિ પરંતુ બીજા ઘણા વકીલ બૅરિસ્ટરોને પોતાના હાથમાં રાખતા હતા. કેમકે સમાજના એ શીર્ષસ્થાનીય લોકોને હાથમાં રાખવાથી જ પ્રસિદ્ધ પૉલિટિકલ નેતા બની શકાય છે એવો તેમનો વિશ્વાસ હતો. તેથી ન્યાય અને સત્યનું બલિદાન દઈ હમ્મેશા તેઓ એ માર્ગનું અનુસરણ કરતા હતા.

પૂર્વોક્ત રીપોર્ટને એ સંપાદક મહાશયના વર્તમાનપત્રમાં સ્થાન મળ્યું નહિ, કારણ કે રીપોર્ટમાં રાધાવલ્લભના જેટલા સવાલ જવાબ ઉધ્ધૃત કરવામાં આવ્યા હતા તે સર્વમાં સ્વદેશી હીલચાલની ઘણી મજાક કરવામાં આવી હતી. એવો રીપોર્ટ વર્તમાનપત્રમાં પ્રકટ થાય તો તેથી રાધાવલ્લભની ઘણી અપકીર્તિ થાય તેમ હતી.

યોગેશચંદ્રનો પત્ર મળતાં સુરેશ ઉક્ત પત્રની ઑફિસમાં જઈ સંપાદક મહાશયની મુલાકાત કરી. ઑફિસમાં જતાંની સાથે જ સુરેશે કહ્યું:—" હું કૃષ્ણનગરના વકીલ યોગેશચંદ્ર એમ. એ, બી. એલ. ના આદેશ અનુસાર આપને એક વાત પૂછવા આવ્યો છું. મિ. યોગેશચંદ્રે આપના તરફ એક સ્વદેશી કેસનો રીપોર્ટ મોકલ્યો હતો. એ કેસમાં કૃષ્ણનગરના ચાર સ્વદેશી યુવકોને કેદની સજા થઈ છે. આપનું પત્ર સ્વદેશી અભિનવ કિંવા રાષ્ટ્રીય હીલચાલનું મુખપત્ર

છે; આમ છતાં યોગશચંદ્રનો રીપોર્ટ આપના પત્રમાં શા કારણથી પ્રકટ થયો નથી એ જાણવાની તેમની ઇચ્છા છે. ”

સંપાદક મહાશયે ગંભીર ભાવ ધારણ કરી કહ્યું.—“ રાધાવલ્લભભાઇ કૃષ્ણનગરના એક સર્વશ્રેષ્ઠ પ્લીડર છે. આ કેસમાં તેઓ સરકારી પક્ષ તરફથી Appear થયા હતા. રીપોર્ટ વાંચ્યા પછી મ્હેં તેમને એક પત્ર લખ્યો હતો. તેના ઉત્તરમાં તેમણે એવું લખી જણાવ્યું છે કે, ‘ એ કેસ સ્વદેશી નહોતો વળી એ કેસના ચુકાદામાં સહજ પણ અન્યાય થયેલો નથી ’ એથી જ શ્રીયુત યોગેશચંદ્રનો રીપોર્ટ છાપ્યો નથી. ”

સંપાદક મહાશયના આ વચનો સાંભળી સુરેશે એ કેસની સઘળી હકીકત તેમને કહી સંભળાવી. રક્ષાબંધનને દિવસે કેવી રીતે ચાર યુવકો કેદ પકડાયા હતા એ પણ તેણે કહ્યું પછી રાધાવલ્લભે બદમાશ દીનદયાળ સાથે મળી કારસ્થાન રચીને નિરપરાધી નન્દલાલને કેવી રીતે ફસાવ્યો એ વાતને પણ તેણે ઘણા જોર શોરથી કહી; પરંતુ એ હકીકત સાંભળતાં એકાએક સંપાદક મહાશયની ધીરજનો અંત આવી ગયો. તેમણે ખુરસી ઉપરથી ઉઠી ઉભા થઇને કહ્યું:—“ રાધાવલ્લભ કૃષ્ણનગરના સર્વશ્રેષ્ઠ વકીલ અને મુખ્ય પોલિટિકલ લીડર (Political Leader) છે એમના જેવા પુરૂષપુંગવની વિરુદ્ધ આવી ખોટી હકીકત સાંભળવાને માટે મ્હને બિલકુલ વખત નથી. આજે પાંચ વાગે મ્હારે કોંગ્રેસ કમિટીની બેઠકમાં જવું છે અને હમણાં વાગ્યા છે: પોણાપાંચ. આમ હોવાથી હું મ્હારા સમયનો સહજ પણ દુરુપયોગ કરી શકું તેમ નથી. ”

આમ કહી સ્વદેશહિતૈષી સંપાદક મહાશય સ્વદેશસેવાના કામ

માટે સત્વર ઑફિસનો ત્યાગ કરી ચાલ્યા ગયા. એમના જેવા સ્વદેશી નેતાને તો પ્રત્યેક મિનિટ અતિ મૂલ્યવાન્ હોય છે.

(૧

બે દિવસ પછી સ્હવારને વખતે ગુલાબી કનકલતાને મળવા આવી. કુશળવર્તમાન પૂછ્યા પછી તેણે કનકલતાને કહ્યું:–" બ્હેન ગુલાબી, ઘણો વિચાર કર્યા પછી હવે એ વાતને હું સારી રીતે સમજી ગઇ છું કે, આ સંકટમાંથી રાધાવલ્લભ સિવાય બીજું કોઈ અમારો ઉદ્ધાર કરી શકે તેમ નથી ચાલો, હમણાંજ હું તમારી સાથે તેમને ઘેર આવીશ. ત્યાં આવી તેમના ચરણોને મ્હારા અશ્રુજળથી ભીંજાવીશ. ચાલો, હું તમારી સાથે આવું છું. હું જોઇશ કે તેઓ મ્હારા ભાઇને કેટલો જલ્દી છોડાવે છે !"

આ વાકયો સાંભળી પ્રથમ તો ગુલાબી આશ્ચર્યચકિત બની ગઈ; પરંતુ કનકલતાએ વિશ્વાસ બેસાડવાથી તેણે પ્રથમ રાધાવલ્લભને ખબર આપી સંધ્યા સમયે તેને પોતાની સાથે લઈ જવાનુ કહ્યું; પણ ચતુર કનકલતાએ તેને એટલો પણ વખત નહિ આપતાં કહ્યું.– "ના ના, એટલો વિલંબ કરવાની કંઇ જરૂર નથી. આજે મ્હારા ભાઇને છોડાવવાનું તેમની પાસેથી વચન લીધા સિવાય હું પાણી પણ પીવાની નથી."

છેવટે હારી જઇ દૂતીને, શ્રી રાધાને સાથે લઇ રાધાવલ્લભ તરફ એ વખતે જ જવું પડયું; છતાં એ વખત અભિસારને માટે વિશેષ સગવડ ભરેલો નહોતો; કેમ કે એ વખતે રાધાવલ્લભ ગોષ્ઠમાં જતા હતા. તેમણે પીતાંબર પહેરી શ્રીરામ સુધામરૂપી કારકૂનો અને કુબ્જાની સાથે અદાલતમાં ગાયો ચારવા જવાની તૈયારી કરી હતી. એવામાં કનકલતાને સાથે લઇ ગુલાબી ત્યાં જઇ પહોંચી. ગુલાબી-

એ રાધાવલ્લભને ઉદ્દેશીને કહ્યું:—" રાધાવલ્લભભાઇ ! કનકલતા તેમના ભાઇને છોડાવવાની પ્રાર્થના કરવા આપની પાસે આવ્યાં છે. હવે આપને અમારા નન્દલાલભાઇને છોડાવવા જ પડશે "

પરંતુ આ સમયે કનકલતાના મુખ ઉપર પ્રાર્થના અગર વિનયદ્યોતક ભાવ નહોતો. તે સહાસ્ય મુખથી અને વિલોલ કટાક્ષોથી રાધાવલ્લભને પંચશરથી વીંધી નાખતી હતી. પાઠક ! કનકલતાનો આજનો નિર્લજ્જ ભાવ અને અશિષ્ટ વ્યવહાર જોઇ ચમકી ઉઠશો નહિ. નાટકના સ્ટેજ ઉપર જે અભિનેત્રી લજ્જિત તથા સંકુચિત બની જાય છે તે કદાપિ અભિનય ભજવવામાં સફળ થતી નથી. કનકલતા આજે અભિનય કરી તેમાં સફળતા મેળવવાની આશાથી આવી હતી, શરમાવા કે રડવા કકળવા આવી નહોતી. રમણીને પોતાના પ્રેમિકની પાસે રડવું પડે છે, ચરિત્રવાન્ વ્યક્તિની પાસે લજ્જા દર્શાવવી પડે છે. વાઘ, સિંહ વગેરે હિંસ્ર પશુઓ પાસે શિષ્ટાચાર દર્શાવવો અને રુદન કરવું નિષ્ફળ છે. પશુપ્રકૃતિ અને લંપટ પાસે હસીને, દાંત દેખાડીને, ભ્રકુટી ચઢાવીને તથા કટાક્ષો ફેંકીને કામ સાધવું જોઇએ. ઉપર્યુક્ત ઉપાયોથી કનકલતા પ્રથમથી જ પરિચિત હતી. તેમાં વળી તેણે લજ્જાશીલતાનો તો કદાપિ કોઇની પાસે અભ્યાસજ કર્યો નહોતો. હમ્મેશાં હાસ્ય પરિહાસ કરવાનો જ તેનો સ્વભાવ હતો. જે રમણીઓના મુખમાં સુંદર દંતપંક્તિ હોય છે તેમને નાહક હસ્યા કરવાનો રોગ ઘણું કરીને લાગુ પડી જાય છે.

રાધાવલ્લભ રાત્રે એકાન્તમાં કનકલતાનું એ મધુર હાસ્ય જોવાને જ ઇચ્છતા હતા; તેથી તેમણે ગુલામીને કહ્યું:—" ગુલામી, હમણાં હું કચેરીમાં જાઉં છું. કનકલતાની જો મ્હને કાંઇ કહેવાની

ઇચ્છા હોય તો તું તેને રાત્રે મ્હારી પાસે લઇ આવજે. એ સમયે હું શાન્તિથી તેની સઘળી હકીકત સાંભળી તે ઉપર વિચાર કરીશ."

કનકલતાએ કહ્યું.—" ના—ના, હમણાં જ આપને મ્હારી સાથે વાતચિત કરવી પડશે. આપ ગમે તે રીતે મ્હારા ભાઇને છોડાવો; નહિ તો હું કોઇ પણ રીતે આપનો પીછો છોડવાની નથી. "

ગુલાબીએ કહ્યું :–" વકીલ સાહેબ ! નન્દલાલને છોડાવવાનું આપની પાસે કબૂલ કરાવ્યા સિવાય પાણી સુદ્ધાં નહિ પીવાની કનકલતાએ પ્રતિજ્ઞા કરી છે. "

આ વખતે કનકલતાએ કહ્યું:—" વકીલ સાહેબ ! જો મ્હારો પ્રાણાધિક ભાઇ છૂટો થશે તો હું આપની દાસીની પણ દાસી થઇ જઇશ. હવે આપ જ અમારૂં બળ, બુદ્ધિ અને ભરોસો છો. આપ જ અમારા શિરપરનું સંકટ દૂર કરી શકો તેમ છો. "

આમ કહી તેણે સતૃષ્ણ નયનથી રાધાવલ્લભને કટાક્ષ બાણથી વીંધી નાખ્યા. કહેવાની જરૂર રહેતી નથી કે, એ અસ્ત્રાઘાતથી રાધાવલ્લભ ધરાશાયી થઇ ગયા. તેમણે કહ્યું:—"કનકલતા ! જ્યારે ત્હેં પોતે જ મ્હારે ત્યાં આવવાનું કષ્ટ સહન કર્યું છે ત્યારે પછી મ્હારે ત્હારા અનુરોધનું રક્ષણ કરવું જ પડશે. ત્હારા અનુરોધની હું કોઇ પણ રીતે ઉપેક્ષા કરી શકું તેમ છું કે ? જો તું પ્રથમ જ મ્હને મળવા આવી હોત તો ત્હારા ભાઇને જેલમાં જવું પડત કે ? "

કનકલતાઃ—હશે, કૃપા કરી મ્હને મ્હારા એ અપરાધની ક્ષમા આપો. આપની પાસે આવવાનું ગુલાબીએ મ્હને ઘણી વખત કહ્યું હતું; પરંતુ શર્મ આવતી હોવાથી જ હું આપની પાસે આજ સુધી આવી શકી નહોતી. મ્હારા એ ગુન્હાની સજા પણ મ્હને મળી ચુકી છે. હશે, પહેલાં ન આવી પણ આજે તો આવી છું ને !

હવે આપને મ્હારી ચિંતા રાખવી પડશે. જો આપ મ્હારો અનુરોધ નહિ સ્વીકારો તો હું આત્મહત્યા કરીશ કિંવા વિષપાન કરીશ. " આમ કહીને તે પાછી હસવા લાગી.

કનકલતાની આ દંતરશ્મિની સ્નિગ્ધ કૌમુદીની સાથે તુલના નહિ કરતાં પ્રખર સૂર્યરશ્મિ સાથે જ તુલના કરવાની અમારી ઇચ્છા થાય છે; કેમ કે તેણે રાધાવલ્લભના હૃદયમાંથી રોષના અંધકારને જોત જોતામાં દૂર કરી નાખ્યો તથા નન્દલાલ તરફના નિષ્ઠુર ગાઢ બરફ-ને વિગળિત કરી નાખ્યો. નિરુપાયે રાધાવલ્લભે નન્દલાલને જેમ બને તેમ જલ્દી છોડાવવાનું કહી કનકલતાને વિદાય કરી દીધી તથા જતી વખતે તેમણે કહ્યું :–" જેમ બને તેમ જલ્દી અપીલ દાખલ કરવામાં આવશે. "

વિદાય થતી વખતે કનકલતાએ કહ્યું–" જ્યાં સુધી મ્હારો ભાઇ છુટો થઇને ઘેર નહિ આવે ત્યાં સુધી હું મ્હારુ મ્હો કોઇને બતાવીશ નહિ "

(૧૮)

અપીલ કરવા માટે યોગેશચન્દ્ર સત્વર કેસના ચુકાદાની નકલ મેળવવાની અરજી કરી. બીજી તરફથી રાધાવલ્લભે પણ એક દિવસે તેમને કહ્યું :–" કેવળ પ્રેમચન્દની જબાની સિવાય પ્રથમ નંબરના આરોપી નન્દલાલ વિરોદ્ધ બીજુ કાંઇ પ્રમાણ નથી તથા અપીલમાં એ વાત ઉપર જ ખાસ ભાર મૂકવાની જરૂર છે કેમ કે વિશેષ કાંઇ નહિ થાય તો પણ નન્દલાલનો તેથી અવશ્ય છુટકારો થશે. "

સાત દિવસમાં જ અપીલ ઉપસ્થિત કરવામાં આવી તથા બે અઠવાડીઆં પછીની તારીખ પડી. તારીખને દિવસે યોગેશચન્દ્રે પણ ગુન્હેગારોના પક્ષકાર તરીકે સવાલ જવાબ કર્યા. સઘળા આસામી-

ઓની નિર્દોષિતા સબંધી જે કાંઇ કહેવું હતું તે તેમણે કહી નાખ્યું. પ્રત્યુત્તરમાં રાધાવલ્લભે પહેલા નંબરના ગુન્હેગાર નન્દલાલની નિર્દોષિતા સબંધી મિ. યોગેશચન્દ્રે જે કહ્યું હતું તે માન્ય કરીને કહ્યું:—
"કેવળ ગુન્હેગાર નન્દલાલને છોડી દેવાથી ન્યાયની મર્યાદાનું રક્ષણ થઇ શકે તેમ છે; પરંતુ બીજા આસામીઓ ગુન્હેગાર હોવાના ઘણા અકાટ્ય પ્રમાણ છે."

ત્રણ દિવસ પછી ન્યાયાધીશ સાહેબે ફેસલો આપ્યો. તેમણે વિપિનચંદ્ર અને બીજા ત્રણ આસામીઓની સજા કાયમ રાખી કેવળ નન્દલાલને છોડી દીધો.

તે દિવસે સંધ્યાકાળ થવાને થોડો વિલંબ હતો એવામાં નન્દલાલ જેલમાંથી છુટી ઘેર આવ્યો. ગૂમ થઇ ગયેલો ખજાનો પુનઃ પ્રાપ્ત થવાથી તેની માતાનાં નેત્રોમાંથી આનંદાશ્રુઓ સરી પડવા લાગ્યાં. ઘણી ધામધુમથી તેણે સત્યનારાયણ દેવની કથા કહેવડાવી તથા નન્દલાલ છુટો થયાના સમાચાર ટેલિગ્રામદ્વારા સુરેશને કલકત્તા પહોંચાડવામાં આવ્યા.

બીજે દિવસે સ્હવારે સુરેશે કલકત્તાથી કૃષ્ણનગર આવી પહોંચી યોગેશચન્દ્ર પાસે કૃતજ્ઞતા દર્શાવી. એ વખતે અદાલતના કમ્પાઉન્ડમાં એક વડવૃક્ષ નીચે ખુરસીપર બેસી યોગેશચન્દ્ર ધૂમ્રપાન કરતા હતા. ઘણા પરિચિત માણસોએ ઉપરોક્ત સ્વદેશી કેસની સઘળી સત્ય હકીકત જાણવાની ઇચ્છાથી તેમને ચોતરફથી ઘેરી લીધા હતા. તેમણે ઘણી બુદ્ધિમત્તાથી સ્વદેશી કેસના મુખ્ય આસામી નન્દલાલને છોડાવેલો હોવાથી સર્વ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. ગુલાબીની દુકાન પણ એ વૃક્ષની એક બાજૂએ જ હતી.

યોગેશચન્દ્રની લોકોને મુખે પ્રશંસા સાભળી પ્રથમ તો તે ચુપ રહી· પરંતુ પછી મુખ વિકૃત કરીને તેણે કહ્યું —"હા—હા, ખરું છે, વા વાયાથી નળીઉં ખસ્યું તે દેખીને કૂતરુ ભસ્યું!"

સુરેશ ગુલાબીએ ઉચ્ચારેલા આ શબ્દોનો રહસ્યાર્થ સમજી શક્યો નહિ. તેણે વિસ્મયથી વ્યાકુળ બનેલા ચિત્તે નન્દલાલને ઘેર જઇ સર્વના આનંદમાં ભાગ લીધો

ભોજન વગેરે થઇ ગયા પછી કનકલતાએ પોતાના અભિસાર-નો સુરેશને સહજ આભાસ આપ્યો. તેણે નિરુપાયે ગુલાબીની સાથે જઇ રાધાવલ્લભને કેવી રીતે છેતરીને પોતાના ભાઇને છોડાવ્યો તેનું પણ સંક્ષેપમાં વર્ણન કર્યું. હવે જ સુરેશ ગુલાબીએ ઉચ્ચારેલા ઉપરોક્ત શબ્દોનો રહસ્યાર્થ સમજી શક્યો તેણે કહ્યું:—"કનકબ્હેન! તમે ઘણું સાહસિક કામ કર્યું છે. રાધાવલ્લભ જ્યારે એમ જાણશે કે તમે તેને ઠગ્યો છે ત્યારે ક્રોધથી અંધ બની જઇ તે તમારા સર્વ-સ્વનો નાશ કરવા તત્પર થશે આમ હોવાથી તમારે ઘણી ઝડપથી આ સ્થાનનો ત્યાગ કરી જવાની જરૂર છે."

બીજે દિવસે સ્હવારે સુરેશ નન્દલાલ, તેની માતા અને કનકલતાને લઇ કલકત્તા ચાલ્યો ગયો. ગુલાબીએ રાધાવલ્લભનું નિમ-ત્રણ લઇ યથા સમયે આવીને જોયુ કે, પક્ષી ઉડી ગયુ છે—પિંજર ખાલી પડયુ છે. તત્કાળ તેણે રાધાવલ્લભ પાસે જઇને ખબર આપી કે, શિકાર પલાયન કરી ગયો છે.

(૧૯)

નન્દલાલ કલકત્તા જઈ સુરેશની બોર્ડિંગની પાસે જ એક ન્હાનું મકાન ભાડે રાખી રહેવા લાગ્યો તથા ચોતરફ ફરીને તે નોકરીની શોધ કરવા લાગ્યો. તેના મામા સત્યપ્રસાદે નન્દલાલને મુખે એમ

સાંભળ્યું કે, વિપિનચંદ્ર કેદમાં જ પડેલો છે. કેદ ઉપર સત્યપ્રસાદને ઘણો તિરસ્કાર હતો એક જેલના ડૉકટર સત્યપ્રસાદના મિત્ર હતા તથા એક વખતે તેઓ જેલ જોઈ પણ આવ્યા હતા. ત્યારથી તેઓ એમ કહેતા હતા કે, "કારાગારના લુહારખાનામાં નિષ્ઠુરતાની અને દુઃખોની હથોડીઓથી મારી ઠોકીને કેદીઓનાં હૃદય વિશેષ કઠોર બનાવી દેવામાં આવે છે એ નરકમાંથી નારકીઓનું વાસ્તવિક બંધારણ થાય છે."

એક દિવસે સત્યપ્રસાદને એવી ખબર મળી કે, કૃષ્ણનગરની જેલમાંથી વિપિનચંદ્ર નામનો એક રાજનૈતિક કેદી અલીપુર જેલમાં આવ્યો છે. આ ખબર મળતાં જ એક દિવસે તેને મળવા જવાનો સત્યપ્રસાદ મામાએ નિશ્ચય કર્યો.

સત્યપ્રસાદે ઘણા ગ્રંથોમાં રશિયાનાં કેદખાનાઓનું ભયંકર વર્ણન તથા ત્યાં કેદીઓનો નાશ કરી લોખંડની સાંકળોથી બાંધી નિબિડ અંધકારમય નિર્જન કારાગારમાં કેવાં કઠોર દુઃખોમાં રાખવામાં આવે છે તેનું વિસ્તારિત વિવરણ વાંચ્યું હતું આ દેશમાં સ્વદેશી કેદીઓને કેવી સ્થિતિમાં રાખવામાં આવે છે તેનું પ્રત્યક્ષ દર્શન કરવાનો મામા મહાશયે વિચાર કર્યો.

એક દિવસે સત્યપ્રસાદ મામા જેલમાં જઈ વિપિનચંદ્રને મળ્યા. વિપિનચંદ્રે તેમને પ્રણામ કરી તેમની ચરણરજ લીધી વિપિનચંદ્રને કેદમાં જોઈ મામા મહાશય ઘણા દુઃખી થયા. તેમણે પૂછ્યું:—"વિપિનચંદ્ર! કેમ છો?"

"સારો છું, અહીં મ્હને કાંઈ વિશેષ દુઃખ જેવું નથી."

"તમે હાઈકોર્ટમાં અપીલ કરી હતી?"

"ના."

"ના કેમ કરી ? અપીલ કરી હોત તો તમે જરૂર છૂટી જાત."

વિપિનચન્દ્રે હસીને કહ્યું—"જો બધા માણસો હાઇકોર્ટમાં અપીલ કરી છૂટા થવાનો પ્રયત્ન કરે તો પછી માતૃભૂમિ કિંવા સ્વદેશ માટે કોણ જેલમાં જાય ?"

"જેલમાં ગયા સિવાય સ્વદેશસેવા નથી થઈ શકતી કે ?"

"સામાન્ય સ્વદેશસેવા માટે જેલમાં જવાની જરૂર પડતી નથી, પરંતુ જેને સ્વદેશીનો માર્ગ સ્વીકારી સ્વરાજ્ય સુધી પહોંચવું છે તેને જેલનો રસ્તો પણ વટાવવો પડશે, બીજો કોઇ રસ્તો જ નથી."

"જેલખાનું તો પૃથ્વીનું નરક છે."

"સ્વર્ગમાં પહોંચવા માટે યુધિષ્ઠિરને પણ નરકનું દર્શન કરવું પડયું હતું"

આ શબ્દો સાંભળી મામા ચુપ થઈ ગયા મનમાં ને મનમાં તેમણે કહ્યું—"પહેલાં વિપિનચન્દ્રના મનમાં સ્વદેશી ભાવનો જે આકાર ઇંડા જેવો હતો તે કારાદણ્ડના આઘાતથી ફાટી જઈ હવે તેમાંથી સ્વરાજ્યનું બચ્ચું નીકળી પડયું છે." તેઓ જાણતા હતા કે, દુઃખની વિશેષતાથી માણસ જે સિદ્ધાંતોએ પહોંચે છે એ સિદ્ધાંતો તેના મસ્તકમાંથી એકાએક નીકળી શકતા નથી, તેથી મામા સ્વદેશી અને સ્વરાજ્યના તર્કનો ત્યાગ કરી બોલ્યા.—"વિપિનચન્દ્ર ! સરકારે તમને વિના અપરાધે કેદની સજા કરી છે એમ જ તમે માનો છો કે ?"

"ના, ખરી રીતે હું ગુન્હેગાર છું. રક્ષાબંધનને દિવસે નટવરલાલને ત્યાં જબર્દસ્તીથી રસોઇ બંધ કરાવવાનો મ્હેં પ્રયત્ન કર્યો હતો. કાયદાની નજરે તે એક ગુન્હો છે."

મામા સત્યપ્રસાદે વિપિનચંદ્રનો આ ઉત્તર સાંભળી ગંભીર-ભાવથી કહ્યું.—"પ્રિય ભાઇ ! પ્રત્યેક મનુષ્ય વ્યક્તિગત સ્વાધીન છે. એ સમયે નટવરલાલ પણ સ્વાધીન હતા. એવી સ્થિતિમાં તમે સ્વાધીનતાના હિમાયતી હોવા છતાં તેમની સ્વાધીનતામાં શામાટે હાથ નાખ્યો ? તમે એક શિક્ષિત યુવક હોવા છતાં એવું અન્યાયપૂર્ણ કાર્ય કેમ કર્યું ?"

"સ્વદેશને માટે હું કેટલું દુ:ખ સહન કરવાને તૈયાર હોવાથી જ મ્હે એ કાર્ય કર્યું છે. મ્હેં Martyr (શહીદ) બનવાની આકાંક્ષા કરી હતી."

"સ્વદેશવાસીઓ ઉપર અત્યાચાર કરીને તમે Martyrdom મેળવવાને ઇચ્છો છો ? આ તમારી કેવી સ્વદેશપ્રિયતા ? આવી ભૂલ માટે તમને પશ્ચાત્તાપ નથી થતો ?"

આ વાક્યોથી વિપિનચંદ્રનું હૃદય સહજ વ્યથિત થયું. ઉત્તેજિત બની જઇને તેણે કહ્યું:—"સત્યપ્રસાદ મામા ! જો આપ કોઇ પણ રીતે પુનઃ સ્વદેશી યુવક થઇને જન્મ ગ્રહણ કરી શકો તો જ આપને મ્હારા મનનો ભાવ માલુમ પડી શકે. ભગવાને હવે અમારાં હૃદયોમાં ક્ષત્રિયવૃત્તિને પ્રબળ કરી દીધી છે, પરંતુ તેને અજમાવવાનો કોઇ ઉપાય નથી. પૃથ્વીના સઘળા સભ્ય સ્વદેશભક્ત શિક્ષિત યુવકોએ સ્વદેશને માટે, સામ્રાજ્યને માટે રણક્ષેત્રમાં પ્રાણ વિસર્જન કરવાનો અધિકાર મેળવ્યો છે, તે પ્રમાણે એ અધિકાર ચરિતાર્થ કરીને તેઓ રાજસમાન મેળવે છે. આપણે ભારતીય લોક છીએ તેથી એ અધિકારથી વંચિત છીએ. જો અમે ઉષ્ણ શોણિતની તાડનાથી પોતાનાં શક્તિ સામર્થ્યને ભ્રમવશ અસત્યને રસ્તે ચલાવીએ તો તેથી અમારે સર્વાંશે દોષી ઠરવું પડે કે ?"

" અવશ્ય. "

" જે શિક્ષિત યુવકોનાં હૃદયમાં સહજ પણ દ્રોહભાવ હોય તેમને સૈનિક બનવાનો અધિકાર ન્યાયયુક્ત છે કે કેમ એ ઘણી ગંભીર સમસ્યા છે. આ સમયના રાજપુરુષો જ એ વિષયની મીમાંસા કરી શકે તેમ છે. પરંતુ વિપિનચંદ્ર ! આ વિષય પરત્વે હું તમને બે ત્રણ પ્રશ્ન પૂછવાને ઇચ્છું છું. મનનો ભાવ નહિ છુપાવતાં તમે ખરા ઉત્તરો જ આપશો એવી હું આશા રાખું છું "

" આપ બેલાશક પૂછો. હું મ્હારા જ્ઞાન અને વિશ્વાસ અનુસાર આપના પ્રશ્નોના બરાબર ઉત્તર આપીશ "

" હરેક સૈનિકને માથે ગંભીર જવાબદારી છે એ વાત તો તમે પણ કબૂલ કરતા હશો ? "

" હા, કરું છું "

" વળી તમે એ પણ જાણતા હશો કે સૈનિકોને હરેક પગલે પોતાના ઉપરી અધિકારીઓની આજ્ઞાનુસાર કામ કરવું પડે છે ? "

" હા, એ પણ હું જાણું છું. "

" જો આજે ગવર્નમેન્ટ તમારા જેવા પચાસ હજાર શિક્ષિત ભારતીય યુવકોને (Experiment) યા પરીક્ષાના ઉદ્દેશથી સૈનિક બનવાનો અધિકાર આપે તો તમે સૈનિકપદની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી સેનાવિભાગના સમસ્ત Discipline કિંવા શૃંખલાઓનું રક્ષણ કરી શકશો ? "

" કેમ ન કરી શકીએ " ?

" સામ્રાજ્યની જરૂરીઆતો પ્રમાણે તમે રાજાની આજ્ઞા મેળવી બ્હારના શત્રુઓની સાથે જીવ સટોસટનો સંગ્રામ કરી શકશો ! "

" જરૂર કરી શકીએ "

"બહુ સારું, જેવી રીતે બહારના શત્રુઓનું દમન કરવું એ સૈનિકોનું એક આવશ્યક કર્તવ્ય છે તેવી જ રીતે દેશમાં અંતર્વિપ્લવ થઈ ગયા પછી તેનું દમન કરવું એ પણ આવશ્યક કર્તવ્ય છે. જો તમને સૈનિક બનાવવામાં આવે અને એવો પ્રસંગ ઉપસ્થિત થાય તો તમે તમારું કર્તવ્ય બજાવી શકો કે નહિ?"

આ વખતે વિપિનચંદ્ર ચુપ રહ્યો તેણે કંઈ ઉત્તર આપ્યો નહિ. સત્યપ્રસાદ મામાએ કહ્યું –' વિપિનચંદ્ર! તમે મ્હારા પ્રશ્નનો ઉત્તર આપો કોઈ પણ રીતે મનનો ભાવ નહિ છુપાવતાં યથાર્થ પ્રત્યુત્તર આપવાની તમે પ્રતિજ્ઞા કરી ચુક્યા છો."

"એમ જ માનો કે, એ સમયે અમે પ્રજાવિદ્રોહનું દમન કરવાની આજ્ઞા ન પાળીએ"

"સમ્રાટ્‌ના સૈનિક હોવાને લીધે એ વિદ્રોહનું દમન કરવા તમે બંધાયલા છો. જો તમે આજ્ઞા ન પાળો તો એ તમારી મ્યૂટિની જ સમજાય, જે મ્યૂટિની કરે છે તેને કોર્ટ માર્શલના ન્યાયથી યુદ્ધક્ષેત્રમાં જ પ્રાણદંડ સુધીની સજા થાય છે. તમારા જેવા મુઠી-ભર શિક્ષિત યુવક સૈન્ય ઉપર કોર્ટ માર્શલનો ઉપયોગ કિંવા પાલન કરવામાં સહજ પણ વિલંબ લાગે નહિ વિપિનચંદ્ર! મ્હારી પરીક્ષામાં તમે નપાસ થયા છો. હૃદયમાં પાપી વિચાર છુપાવી રાખીને સૈનિક બનવાનો પ્રયત્ન ન કરો. મ્યૂટીની વિશાળ બ્રિટિશ સામ્રાજ્યનો વિધ્વંસ નહિ થઈ શકે ઇ. સ. ૧૮૫૭ માં અંગ્રેજી શાસન આજકાલની માફક મજબૂત જડ પકડી શક્યું નહોતું. મ્યૂટિનીનો વાસ્તવિક અર્થ Brainless riot of the soldiery છે તેનાથી મ્હોટાં મ્હોટાં આધુનિક સામ્રાજ્યોનો વિધ્વંસ થઈ શકે તેમ નથી."

વિપિનચંદ્ર આ સઘળાં વચનો ધ્યાનથી સાંભળતો હતો. સત્યપ્રસાદ મામા પાછા કહેવા લાગ્યા –"આયર્લેંડ અને દક્ષિણ આફ્રિકાની થોડી પ્રજામાં કેટલોક રાજદ્રોહી ભાવ દેખાય છે. જો ત્યાંની પ્રજા કોઈ દિવસે અંતર્વિપ્લવ ઉભો કરે તો માલૂમ પડે કે, ત્યાંની [illegible] સેના જ રાજાની આજ્ઞા મેળવી સર્વથી પ્રથમ તેનું દમન કરવાનો પ્રયત્ન કરે છે. ફળત તેથી પ્રજાવિદ્રોહ જલ્દી વૃથા જ થઇ જાય. રશિયાના નિહિલિષ્ટ સ્યૂટિનીના પાપ વિચારનુ મનમાં પોષણ કરી ક્વચિત્ ક્વચિત્ સેના વિભાગમાં પ્રવેશ કરતા હતા. એક વખતે ઘણા નિહિલિષ્ટ યુવકોએ ગોલંદાજોમા ભળી જઇ રાજપ્રાસાદની સ્હામે તોપ લગાવવાને માટે કૂચનું વાજુ વગાડી દીધુ. એ પ્રકાર જોઇ કૌતુહલપૂર્ણ ચિત્તથી સમ્રાટ્ જે સમયે પ્રાસાદની એક બારીમાં આવીને ઉપસ્થિત થયો તે સમયે તેનું લક્ષ્ય કરીને પેલા લોકોએ તોપનો એક ગોળો છોડી દીધો. ઇશ્વરની કૃપાથી સમ્રાટ્ ઘાયલ ન થયો, પરંતુ તત્કાળ પેલા નિહિલિષ્ટોને પ્રાણદંડની સજા વેઠવી પડી."

અંતમાં સત્યપ્રસાદે કહ્યુ –" વિપિનચંદ્ર ! જ્યાં સુધી તમારા હૃદયમાં સમ્રાટ્ તરફ યથાર્થ ભક્તિ અને સામ્રાજ્ય તરફ અનુરક્તિ સંચારિત નહિ થાય ત્યાં સુધી તમારે સૈનિક બનવાની આકાંક્ષા પણ ન રાખવી જોઇએ, છતાં જો એવી આકાંક્ષા રાખશો તો તમને મહાપાપ લાગશે. "

પછી આ દેશના સ્વદેશી કેદીઓને જેલમાં કેવી રીતે રાખવામાં આવે છે એ વિષયની માહિતી મેળવી મામા એ વાત સારી રીતે સમજી ગયા કે, રશિયાનું કારાગાર નરક અને આ દેશનુ કારાગાર સ્વર્ગ છે. અત્રે કેદીઓને નિર્દય ભાવથી શાસન

કરવાને માટે knout નથી તથા Wheel-barrow પણ નથી. અત્રે નૃશંસ નિષ્ઠુરતાપૂર્ણ દુઃખનો અભાવ હોવાથી જ રાજનૈતિક કેદીઓને Hunger-trike કિવા ભૂખ્યા રહીને આત્મહત્યાનો પ્રયત્ન કરવો પડતો નથી.

વિપિનચંદ્ર શિક્ષિત યુવક હોવાથી જેલમાં તેને પ્રૂફ રીડીંગનું કામ મળ્યું હતું. તે ઘણું કરીને હમ્મેશાં સર્વ પ્રકારના કેદીઓની સ્થિતિનું વિશેષરૂપથી દર્શન કરતો હતો. તે પ્રમાણે તેણે જોયું કે કેદીઓમાંના ઘણાખરા સમાજના નિમ્નવર્ગના પશુ પ્રકૃતિના લોક છે. ભીષણ અજ્ઞાનાંધકારના સૂતિકાગૃહમાં ઉત્પન્ન થઇને દારૂણ દુર્દશાના ખોળામાં લાલનપાલન પૂર્વક તેમની વૃદ્ધિ થઈ છે એ દુર્ભાગીઓનો એક અતિશય બળશાળી નાયક હોઇએ નાયકનું નામ દરિદ્રતા છે તેની તાડનાથી એ લોકો સનળાં કુકર્મો કરે છે અને પછી એ કર્મોના ફળથી કેટલું દુઃખ ભોગવે છે

જેલના ડૉકટર ભલા માણસ હોઇ તેઓ પ્રાયઃ હમ્મેશાં વિપિનચંદ્રની ખબર લેતા હતા. એક દિવસે તેઓ એક બાળક કેદીને વિપિનચંદ્ર પાસે લઇ આવ્યા. એ બાળકનું નામ ઝુમન હતુ. તેની ઉમ્મર લગભગ બાર તેર વર્ષની હતી. પહેલી વખતના અપરાધથી તેને Reformatory માં રહેવુ પડયુ હતુ. આ વખતે ખીસ્સું કાપવાના ગુન્હાથી તેને ત્રણ માસની સજા થઇ હતી. ખીસ્સાંકાતરૂની વિદ્યામાં એ સિદ્ધહસ્ત હતો.

વિપિનચંદ્રે કહ્યુઃ—" આ ખીસ્સાંકાતરૂઓની આંખોમાં જાદુનું અંજન લાગેલું હોઇ તેની સહાયતાથી એ લોકો મનીબેગોની અંદર રાખેલી ધાતુની મુદ્રાઓને સ્પષ્ટરૂપથી જોઇ શકે છે."

ડૉક્ટરે કહ્યું :—"તે ઉપરાંત સુવર્ણ અને ચાંદીમાં ગમે તે એક પ્રકારની ખાસ ગંધનો નિવાસ છે તથા એ ગંધને આ વર્ગના કૂતરાઓ અનાયાસે સુંઘી લે છે."

ઝુમનનું રૂપ અને રંગ જોઇ વિપિનચંદ્ર સમજી ગયો કે, એ ઘણો બદમાશ છોકરો છે. ઝુમન પોતાની માતાનું નામ જણાવી શકતો હતો, પરંતુ પોતાના બાપનું નામ તેને માલુમ નહોતું માછલીઓની માતાની માફક આવા પ્રકારનાં બાળકોની માતાઓને પણ બાળકનો જન્મ થયા પછી છુટકારો મળે છે! માછલીઓનું તળાવ સરોવરમાં પોષણ થાય છે ત્યારે ઝુમન જેવા માતૃસંતાનો સમાજ સરોવરમાં સર્વ સાધારણની ઠોકરો ખાઇને ઉછરે છે તેઓ ઇચ્છાનુસાર ગમે તેના ઘરમાં પ્રવેશ કરી શકે છે, પરંતુ સરકારી નજરમાં એ રીતે પ્રવેશ કરવાનો અધિકાર નથી. આમ હોવાથી રાત્રિ દિવસ તેઓ જાહેર રસ્તાઓમાં નિવાસ કરે છે—રાજમાર્ગ જ તેમનું ઘરદ્વાર છે પરંતુ ક્વચિત્ ક્વચિત્ રાજાના ખજાનાનો ધ્વંસ કરવાની મતલબથી—રાજભોગના લોભથી તેમને જેલખાનનું આતિથ્ય સ્વીકારવું પડે છે.

જેલખાનામાં ઝુમન સાથે વિપિનચંદ્રની ઘણી ઓળખાણ થઇ ગઇ હતી. ઝુમન કેટલીક વખતે વિપિનચંદ્રના પગ દાબતો હતો તથા એ કાર્યના બદલામાં વિપિનચંદ્ર પોતાના ભોજનમાંથી તેને થોડું ઘણું આપતો હતો. જેલમાં કાયદાનો નિષેધ હોવા છતાં ઝુમન કોણ જાણે કે ક્યાંથી સિગારેટ લઇ આવતો હતો તથા વિપિનચંદ્ર તેને ઉપદેશ આપતો હોવા છતાં તે તેનો સદુપયોગ કરતો હતો. વિપિનચંદ્ર ઝુમનનાં ન્હાનાં મ્હોટાં કાર્યો જોઇ કેદી જીવનમાં વિશેષ આનંદ મેળવતો હતો. તે પ્રાય કહ્યા કરતો હતો કે, "ઝુમન! હવે

જેલમાંથી છૂટો થયા પછી તું કદાપિ કોઇનું ખીસ્સું નહિ કાતરતાં કોઇ બીડીવાળાની દુકાને નોકરી કરજે ”

(૨૦)

એક દિવસે પ્રભા કાર્યાલયમાં લાંબી શિખાવાળા એક નિષ્ઠાવાન બ્રાહ્મણની સાથે સત્યપ્રસાદ મામાની વાતચિત ચાલતી હતી એ બ્રાહ્મણને સર્વ માણસો પંડિતજીના નામથી બોલાવતા હતા પંડિતજીએ મ્હોટી મ્હોટી સ્વદેશી સભાઓમાં ભાષણો કર્યાં હતા તથા તેઓ પોતે પોતાને એક ચુસ્ત સ્વરાજ્યવાદી સમજતા હતા આગલે દિવસે કલકત્તાની ‘હોમરૂલ લીગ’ માં ‘ હિન્દુ મુસલ્માનોનો સંપ ’ એ વિષય ઉપર તેમણે એક ભાષણ કર્યું હતું. હમણાં તેઓ સત્યપ્રસાદ મામા પાસે એ ભાષણ સંબંધીની વાતચિત કરતા હતા એવામાં મૌલવી લિયાકતહુસેને આવી પંડિતજીને ઘેરી લીધા, કેમ કે તે દિવસે સંધ્યાકાળે અમુક મુસલ્માન આગેવાનોએ એક સ્વદેશી સભા ભરવાની વ્યવસ્થા કરી હતી એ સભામાં ભાષણ કરવાનું પંડિતજી પાસે કબૂલ કરાવી મૌલવી લિયાકતહુસેન ચાલ્યા ગયા. પછી પંડિતજીએ ઘણી વિરક્તિથી પોતાની ઓરડીમાં રાખવામાં આવેલા એક પાણીના ઘડાને બ્હાર ફેંકી દીધો સંભવત મૌલવી સાહેબની હાજરીથી એ ઘડો અભડાયો હશે ! પંડિતજીને ઘડો ફેંકી દેતા જોઇ સત્યપ્રસાદ મામા હાસ્યમુખે બોલી ઉઠયા –“ મહાશય ! મ્હને એમ લાગે છે કે, આપને સ્વરાજ્ય મળવામાં હવે વિશેષ વિલંબ નથી ”

એવામાં વિપિનચંદ્રે આવી મામાને પ્રણામ કર્યાં એક દિવસથી તે જેલના કઠિન કષ્ટથી છુટો થયો હતો છુટકારો થવાની સાથે જ સંસારી વેશનો ત્યાગ કરી તેણે સાધુવેશ ધારણ કર્યો હતો. આ

વખતે તેને સાધુના ભગવા વેશમાં જોઈ સત્યપ્રસાદ મામાને ઘણી નવાઇ લાગી. તેમણે કહ્યુઃ—"કેમ વિપિનચંદ્ર ! કેદમાંથી છુટતાંની સાથે જ સંસાર અકારો લાગ્યો કે ? તમે હવે સંસારનો સદંતર ત્યાગ કર્યો છે કે ?"

"હું સંસારી હતો જ ક્યારે કે તેનો ત્યાગ કરું ?"

"ત્યારે એકાએક આવો વેશ શા માટે ધારણ કર્યો છે ?"

"હરિદ્વારમાં રહેવા માટે."

"ત્યાં રહીને શું કરશો?"

"બની શકે એટલી દેશસેવા કરવાની ઇચ્છા છે."

"આ ભગવો વેશ ધારણ કર્યા સિવાય અને હરિદ્વારમાં રહ્યા સિવાય દેશસેવા થઇ શકે તેમ નથી કે ?"

"જુઓ, સાસરે જતી વખતે જરીથી ભરેલો જામો, કસબી ખેસ, મખમલના બૂટ વગેરે પહેરવામાં આવે છે. ઑફિસમાં જતી વખતે કોટ પાટલુનની જરૂર પડે છે, પણ ભગવાંધારી થયા સિવાય—સર્વસ્વનો ત્યાગ કર્યા સિવાય દેશસેવાનું કામ થઇ શકતું નથી સત્યપ્રસાદ મામા ! આપે આનંદમઠ નામનું પુસ્તક વાંચ્યું છે ને? હવે કહો જોઇએ કે, સન્યાસી બન્યા સિવાય કોઇ સહેલાઈથી દેશનું કામ કરી શકે તેમ છે કે?"

"આનંદમઠના સંતાન સંપ્રદાયે કેવળ એક પ્રકારની નજીવી ગરબડ કરી મૂકી હતી. તેથી તેમનો પ્રયત્ન સફળ થયો કે ? જુઓ વિપિનચંદ્ર ! આ વીસમી સદીમાં wireless તાર વગરના તાર, ટેલિગ્રાફ, સ્ટીમ એંજીન, હવાઇ જહાજ તથા તોપ બંદુકોની સ્હામે કેવળ આનંદમઠના તો શું પરંતુ કોઇ પણ મઠના સંન્યાસીઓ ક્ષણ કાળ માટે પણ ટકી શકે તેમ નથી."

સંન્યાસીઓ અને ભગવાંધારીઓ ઉપર સત્યપ્રસાદ મામાનો ઘણો તિરસ્કાર હતો એ વિષય ઉપર પ્રભાના સંપાદક સાથે કલાકો-ના કલાકો સુધી તેમનો વાદવિવાદ ચાલતો હતો. સત્યપ્રસાદની કોણ જાણે કે શા કારણથી એવી જ ધારણા થઇ ગઇ હતી કે દેશના સાધુ સંન્યાસીઓનું મંડળ સમાજરૂપી વૃક્ષના ઉપર છે અથવા સમાજ શરીર ઉપર અર્બુદ વિશેષ છે. એ લોકો પોતાના આશ્રયદાતા ગૃહસ્થોના રસનું શોષણ કરી પોતાની પુષ્ટિ કરે છે સત્યપ્રસાદ સમજતા હતા કે, માનવ સમાજની બાલ્યાવસ્થામાં તેમના પશુત્વનું દમન કરી દેવત્વ જગાડવાને માટે સન્યાસીઓની જરૂર છે એ ખરું પણ હમણા તો સમાજને પૂર્ણ યૌવનની પ્રાપ્તિ થયેલી હોવાથી આવી સ્થિતિમાં સાધુ સંન્યાસીઓથી લાભ નહિ પણ નુકસાન જ છે. સત્યપ્રસાદને એમ લાગતું હતુ કે ત્યાગ તથા ધર્મની મૂર્તિ ધારણ કરીને અનેકાનેક ભોગ તથા અધર્મોએ આવી આજકાલ સમસ્ત સન્યાસીઓનાં જીવન કલુષિત કરી નાખ્યાં છે વિલાસ, આલસ્ય, માદક વસ્તુઓનું સેવન તથા છુપી રીતે વિષયલંપટતા ચલાવવી એજ આજકાલના સાધુ સન્યાસીઓનું કર્તવ્ય કર્મ થઇ પડયુ છે પ્રાચીન ભારતવર્ષનો બૌદ્ધસંઘ છેવટે કેટલાં પાપોનું લીલાક્ષેત્ર બની ગયો હતો એ સબંધીની ઘણી હકીકત સત્યપ્રસાદ મામાએ કેટલાંક પુરાતન પુસ્તકોમાં વાંચી હતી આ કારણોથી જ વિપિનચન્દ્રની સાથે ગૈરિક અને ધર્મ સબંધી ઘણા તર્ક વિતર્ક કરી સત્યપ્રસાદે છેવટે કહ્યું—"આટલા માટે જ તમે સન્યાસી થઇને તેમની સંખ્યામાં વધારો ન કરો. જો તમારે દેશસેવા કરવી છે તો ભગવાં વસ્ત્રો ત્યાગી સાદાં વસ્ત્રો પહેરીને જ કરો. આજકાલ આપણા દેશના અસંખ્ય યુવકો જ્ઞાન-વિજ્ઞાન તથા અન્યાન્ય વિદ્યાઓનું શિક્ષણ મેળવવા માટે ભારત-

વર્ષની બ્હાર અનેક દેશોમાં જાય છે. તમે તેમને સાધુ સન્યાસી-ઓનો વેશ ધારણ કરવાનો રસ્તો ન બતાવો."

ઉપર્યુક્ત વચનો સાંભળી પન્ડિતજી મહાશય બોલી ઉઠયા.—"સત્યપ્રસાદ મામા! સન્યાસીઓ ઉપર આપનો ઘણો દ્વેષ જોવામાં આવે છે! એ લોકોએ આપનો એવો શો ગુન્હો કર્યો છે? ગૈરિક તો ત્યાગના માર્ગનું ચિન્હ—લક્ષણ છે તથા ત્યાગના માર્ગમાં જ મુક્તિ છે. હું ભોગમાર્ગને એક પ્રકારનું બંધન સમજું છું ભારતવાસીઓએ વિદ્યા અને આદર્શ શોધવા માટે વિદેશ જવાની કાંઇ જરૂર નથી, ભારતવર્ષની સભ્યતા જ શ્રેષ્ઠ તથા પ્રાચીન છે એ આપ ભૂલી ગયા છો કે શું? પાશ્ચાત્ય જાતિ વિજ્ઞાનબળથી જે નથી કરી શકતી તેને ભારતવાસી પોતાના યોગબળથી અનાયાસે જ કરી દેખાડે છે બ્રહ્મવિદ્યાની સાથે કદાપિ પાશ્ચાત્ય વિદ્યાની તુલના થઇ શકે તેમ છે કે?"

સત્યપ્રસાદે કહ્યું:—"હું ભારતવર્ષની વિશેષત્વપૂર્ણતા અને સભ્યતાનો અસ્વીકાર નથી કરતો તે ઉપરાંત એ વાર્તા પણ હું મુક્ત કંઠે સ્વીકારૂં છું કે, વર્તમાન ભૂતનું ઉત્તરાધિકારી થાય છે ભૂતની પાસે નૂતનને હમ્મેશાં ઋણી રહેવું પડે છે. જ્યાં જેટલું ઋણ હોય તેટલું જ ઋણીત્વનું પ્રમાણ હોય છે અતિ પ્રાચીનકાળનો સમાજ આપણા વર્તમાન કાળના સમાજનો આદર્શ થઇ શકે તેમ નથી જે આહાર માંધાતાના જમાનામાં ઉપયુક્ત થતો હતો એ આહારથી આ જમાનામાં ઉદરામયનો રોગ થવાનો સંભવ છે. જે વસ્ત્રોનો ઉપયોગ આપણે બાલ્યાવસ્થામાં કરી ચુકયા છીએ તે આ વખતે અવશ્ય નહાનાં થઇ ગયાં હશે, એને પેચી તાણીને આણી

વૃદ્ધાવસ્થામાં પહેરીએ તો હાસ્યાસ્પદ બનવું પડે, કેમ કે ભૂતકાળનો ભાર વર્ત્તમાનની ખાંધ ઉપર લાવવાથી એમજ થાય છે. આપણા વૃદ્ધ પ્રપિતામહે જે ચરણામૃતનું ભક્તિપૂર્વક પાન કર્યું હતું તેના એક બિંદુને આજે આપણે દુર્બિન કિંવા સૂક્ષ્મદર્શક યંત્ર નીચે રાખી તેમાં રોગનાં બીજ અને કીટાણુઓ શોધીએ છીએ. પ્રાચીન કાળની અંધ ભક્તિની સામગ્રી વર્ત્તમાન કાળમાં વૈજ્ઞાનિક ગવેષણાની સામગ્રી થઇ ગઇ છે—મ્હારી માન્યતા પ્રમાણે આ વાર્ત્તાનો કોઇ અસ્વીકાર પણ કરી શકે તેમ નથી "

પંડિતજીએ કહ્યું:—" પરંતુ આધુનિક વિજ્ઞાનની દોટ બહુ લાંબી નથી. આપનું વિજ્ઞાન અમારી યોગશક્તિ અને મનશક્તિનું વિશ્લેષણ કરી શકે તેમ નથી મહાપુરુષોએ દીધેલા એક એક આસનમાં કેવા અલૌકિક ગુણ છે તેની કલ્પના સુદ્ધાં આધુનિક વિજ્ઞાન કરી શકે તેમ નથી "

સત્યપ્રસાદ મામા બોલી ઉઠયા:—" પાશ્ચાત્ય જાગ્રતિની પહેલાં યુરોપનાં સાધારણ મનુષ્યો મંત્ર તંત્ર તથા પુરાતન ક્રિયા કલ્પોપર મરી પડતાં હતાં, ત્યાંના ઘણુ કરીને પ્રત્યેક સ્થળે મઠ હોઇ એ મઠમાં યોગી નામધારી અસંખ્ય સાધુઓ રહેતા હતા. એ સાધુઓ જે કાંઇ કહી દેતા હતા તે ઉપર યુરોપના લોકો આંધળાઓની માફક શ્રદ્ધા રાખતા હતા; પરંતુ નવા જમાનાની એક એવી નવી લહેર આવી કે તેણે જોતજોતામાં જુનું સઘળું ધસડી નાખ્યું. તો પણ એ પ્રાચીનત્વ કિંવા જુનાની યુગ હજી પણ રશિયાથી આવતી જણાય છે. આપણા ભારતવર્ષમાં એ વૃદ્ધાવસ્થાનો યુગ હજી પણ સર્વાંશે વર્ત્તમાન છે. આમ હોવાથી જ આપણને જાગ્રત થતાં વિલંબ લાગે તેમ છે એમ હું કહું છું. "

આ તર્કની મીમાંસા નથી. સત્યપ્રસાદ મામા અને પંડિતજી મહાશય તર્ક કરતા કરતા ચુપ થઇ ગયા. વિપિનચંદ્ર પણ તે દિવસે એ કાર્યાલયમાં રહી બીજે દિવસે ઇચ્છિત સ્થળે ચાલ્યો ગયો.

પ્રથમ ખણ્ડ સમાપ્ત

દ્વિતીય ખણ્ડ

(૧)

એક રીતે જોવા જતાં કલકત્તા શહેરની ઘણા મ્હોટા જંગલ સાથે તુલના થઈ શકે તેમ છે. એ જંગલમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં અસખ્ય જંતુઓનો વાસ છે. એમાં મનુષ્યાકાર કૂતરા અને શિયાળાથી માંડી બે પગવાળા સિંહ અને વાઘ સુદ્ધાં હમ્મેશાં ફર્યાં કરે છે. એમાં વાઘબજારમાં રહેતા કાશીનાથની કયા વર્ગના જીવોમાં ગણના થઇ શકે તેમ છે એ અમે કહી શકતા નથી. એ કામનો ભાર અમે તેમનો પરિચય કરાવીને અમારા વિદ્વાન્ વાચકો ઉપર જ છોડી દેવો ઉચિત ધારીએ છીએ

કાશીનાથ ઊંચા કુળના મ્હોટા માણસ હતા. એમનો ચહેરો તથા ભાવ પણ તેમની મહત્તાનુ સૂચન કરતો હતો. તેમની ઉમ્મર લગભગ પચાસેક વર્ષની હોઇ એમણે હિંદુ સ્કૂલમાં ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. આમ છતાં જો કોઇ તેમને મૂર્ખ કહે તો તે માની શકાય તેમ નહોતું. વળી અમે અમારી નજરે એમના બેઠકખાનામાં પુસ્તકોથી ભરેલાં ત્રણ કબાટો જોયાં છે, એ પુસ્તકોની પીઠ ઉપરનાં સુવર્ણાક્ષરોનાં નામ અમારા વાંચવામાં આવ્યાં છે. એમના બેઠકખાનામાં એમનુ એક જીવન પ્રમાણ ઑઇલ પેઇન્ટિંગ—તેલ ચિત્ર હતું. તેમાં તેઓ એક પહેરણ પહેરી, આંખોએ ચસમાં ચઢાવી હાથમાં પુસ્તક લઈ ઉભા રહેલા અમારી નજરે પડયા છે. એ ચિત્ર જોતાં કાશીનાથ એક સભ્ય જેન્ટલમૅન હોય એવો જ ભાસ થતો હતો.

એ ચિત્ર જે અવસ્થામાં ચીતરાવવામાં આવ્યું હતું એ અવસ્થામાં કાશીનાથના ચિત્તમાં ઘણી સ્ફુર્તિ હતી એ જમાનામાં જેને ત્યાં વારવિલાસિની કિંવા વેસ્યા ન હોય તેની મ્હોટા માણુસમાં ગણના જ થતી નહોતી ! આમ હોવાથી આપણા કાશીનાથને એક અવિદ્યામંદિરની પ્રતિષ્ઠા કરવી પડી હતી. એ મંદિરમાં તે અઠવાડીએ એક વખત–બુધવારે એક મહફિલ કરાવતા હતા. એ સુવકને ઉચિત આનંદનો ઉપભોગ ભોગવવા માટે કાશીનાથને અઠવાડીઆમા બે વખત કલપ લગાવવો પડતો હતો.

બાલ્યાવસ્થાથી ગાવા બજાવવા ઉપર કાશીનાથને વિલક્ષણ શૉખ હતો તેઓ પ્રાયઃ આ શૉખને લીધે હમ્મેશાં મોડી રાત સુધી ગાયિકાઓના બજારમાં ફર્યા કરતા હતા ગૌહરજાન અને મોતીજાનના નામનો ઉચ્ચાર કરતા તેમના મુખમાંથી લાળ નીકળી પડતી હતી–તેમનુ મ્હોં પાણી પાણી થઈ જતું હતું કાશીનાથ તબલા વગાડવામાં ઉસ્તાદ હતા, પરંતુ વચ્ચે વચ્ચે જો કોઈ એમના એ ઈલ્મની આલોચના કરતુ તો તેઓ તેના ઉપર ઘણા ક્રોધે ભરાતા હતા અને કહેતા હતા કે, "એક મહાન્ અદ્વિતીય ઉસ્તાદ પાસેથી લાખો રૂપિયા ખર્ચ કરીને હું આ વિદ્યા શિખ્યો છુ એ તમે જાણતા નથી–ઉઠાઉગીરીની વિદ્યાથી આવુ કામ ન કરી શકાય !"

હમણાં હમણાં ઉમ્મરની વૃદ્ધિ થવાની સાથે કાશીનાથ ઉપર કેટલુંક દેવુ પણ થયુ હતુ, છતાં તેઓ દેવાથી ડરતા નહોતા. નિર્ભયતાથી તેઓ એમ કહેતા હતા કે, " મ્હોટા માણુસો જ લેણદેણ રાખે છે. ન્હાના માણુસોને ખાવા પીવાની જ પંચાત હોય છે ત્યાં તેઓ કેવી રીતે દેવુ રાખી શકે ? સંસારમાં જેટલા મ્હોટા માણુસો છે તેમને સર્વને ત્યાં લેણદેણનો વ્યવહાર ચાલે છે. જેની પાસે સંપત્તિ છે, પણ લેણદેણ નથી તેનુ કુબેરના કોષમાં નામ જ નથી!"

કાશીનાથ ધર્મમાં આસ્થા રાખનાર પુરુષ હતા. ગણિત જ્યોતિષ તથા તંત્રોક્ત ‘કરણ-કારણ’ ઉપર તેમની ઘણી ભક્તિ હતી. એક વખતે તેમણે કોઇ એક સંન્યાસી પાસે વશીકરણનું અનુષ્ઠાન કરાવી ઠીકઠીક ફળ પ્રાપ્ત કર્યું હતું. એ વખતથી તાંત્રિક અનુષ્ઠાનો ઉપર તેમની પ્રગાઢ આસ્થા થઇ ગઇ હતી. કાશીનાથ પોતાના જમણા હાથમાં સોનાનું એક મંત્રોક્ત તાવિજ ધારણ કરતા હતા તથા હમ્મેશાં સ્નાન કર્યા પછી હથેળીમાં જળ લઇ એમાં એ તાવિજને સ્નાન કરાવી પછીથી એ જળ પી જતા હતા. કુળવાન્ કુટુંબના ગૃહસ્થ પુરુષને આવો વિશ્વાસ હોવાની આવશ્યકતા છે.

કાશીનાથ પોતાના નોકર ચાકરોને તેમના જીલ્લાના નામથી બોલાવતા હતા. ‘તમે’ તથા ‘આપ’ સંબોધનને બદલે ‘તું’ સંબોધનનો ઉપયોગ કરવાનું તેમને વિશેષ પ્રિય હતું. કાશીનાથનો એક ગુમાસ્તો બનારસનો રહેવાસી હતો. તેઓ એ ગુમાસ્તાને પ્રકૃત નામથી નહિ બોલાવતા. ‘બનારસી ગુમાસ્તો’ કહીને બોલાવતા હતા. એક સ્થૂળ શરીરવાળી દાસી ભાગલપુરની રહેવાસી હોઇ તેનું નામ રામપ્યારી હોવા છતાં તેઓ તેને ‘ભગેલી’ કહીને જ હમ્મેશાં બોલાવતા હતા. બીચારો કટકનો રહેવાસી માળી ‘કટકી’ના નામથી ઓળખાતો હતો. આ સઘળાં મધુર સંબોધનોથી તેમનાં દાસ દાસીઓ અસંતુષ્ટ રહેવાને બદલે સંતુષ્ટ રહેતાં હતાં.

બ્રાહ્મણ, ગુરુ અને પુરોહિતની કાશીનાથ સામાન્ય ખાતરબરદાસ્ત કરતા હતા. એ ત્રણ દેવતાઓમાંથી કોઇ દેવતા જો કદાચ આશીર્વાદ આપવા આવતા તો કાશીનાથ મસ્તક નમાવી પ્રણામ કરવાને બદલે

કેવળ હાથ ઉંચો કરી આઠ આના રૂપિયો આપી દઇ 'કુળવાન્ ગૃહસ્થોને આવી કુરીતિઓ સહન કરી લેવી પડે છે' કહી વિદાય કરી દેતા હતા. કાશીનાથ પુરોહિતો તરફ ઉદારતા દર્શાવતા હતા એટલું જ નહિ પણ એ સંતાનવતી વેશ્યાઓને માટે તેમણે નિસ્વાર્થ ભાવથી ભરણપોષણના માસિક ખરચનો બંદોબસ્ત કરેલો હતો. આથી કેટલાક દુષ્ટ લોકો એમ કહેતા હતા કે 'જો તેમણે એવો બંદોબસ્ત ન કર્યો હોત તો એ જોગમાયાઓ એમની ખોપરી ન ખાઇ જાત કે?' રામ રામ! એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ માટે આવી લોકવાયકા!

(૨)

બ્હાર ફરતા જે પુરુષોને સ્ત્રીની સાથે નથી બનતું તેનું મુખ્ય કારણ એ હોય છે કે, તેઓ પોતાની આવક જાવકનો ભાર હમ્મેશાને માટે પોતાની સ્ત્રીના હાથમાં છોડી દે છે. સ્ત્રીજાતિનો એવો સ્વભાવ જ છે કે, સ્વામીના હૃદયરૂપી કમાટની કુચીને બદલે મકાનની કેશબૉક્સની કુચી મળે છે તો પણ તે નારાજ થતી નથી. તે રૂપિયાના પૈસા કરે પૈસાના રૂપિયા કરે, રૂપિયાની નોટો કરે અને નોટોના રૂપિયા કરે તથા ઘરની સઘળી વસ્તુઓ તેની ઇચ્છાનુસાર આવે જાય એ શું થોડો અધિકાર છે? આડોશી પાડોશીઓની સાથે વ્યવહાર થઇ શકે, માતાનું તથા બીજા અંગત સંબંધીઓનું ધનકષ્ટ દૂર થઇ શકે એ શું કાંઇ જેવી તેવી વાત છે? સ્ત્રી જ્યારે એ સઘળાં કાર્યોમાં વ્યસ્ત રહે છે, ત્યારે તેનો સ્વામી જ્યાં મરજી થાય ત્યાં સ્વચ્છંદતાથી હરી ફરી શકે છે. સ્ત્રીઓને સંતુષ્ટ રાખવા માટે કોઇ નહિ ને કોઇ કામ જોઇએ જ, નહિ તો અનર્થ થવાનો સંભવ રહે છે.

કાશીનાથ સ્ત્રીચરિત્રને સારી રીતે જાણતા હતા, તેથી તેમણે પોતાની સ્ત્રી સુલોચનાના હાથમાં ઘરસંસારનો સઘળો ભાર મૂકી દીધો

હતો. સુલોચના એમના બીજા વિવાહની સ્ત્રી હતી. તેની ઉમ્મર લગભગ ચાળીશેક વર્ષની હશે. મ્હોટા ઘરની કન્યા હોઇ તે દેખાવમાં પણ સુંદરી હતી, પણ સ્ત્રી સુંદરી હોય છે તો તે સ્વામીને બાંધી રાખી શકે છે કે? વળી કાશીનાથ બંધાઇ રહે એવા પુરુષ નહોતા. તેમની પહેલી સ્ત્રી પણ ઘણી ખૂબસૂરત અને ગુણવતી હતી. તે પણ આ બાહ્યપ્રકૃતિના સ્વામીના પ્રેમથી વંચિત થઇ માનસિક દુઃખથી ન્હાની ઉમ્મરમાં જ એક સુંદર કન્યાને જન્મ આપી આલોકમાંથી વિદાય થઈ ગઇ હતી. સુલોચના વંધ્યા છે. તેથી એ કન્યા જ કાશીનાથનું એક માત્ર સંતાન છે. કાશીનાથની બ્હેન શ્યામયીએ એ કન્યાને ઉછેરી મ્હોટી કરી હતી તથા તેણે જ તેનું નામ સરોજિની રાખ્યું હતું.

સરોજિની ઉપર તેના પિતાનો અપાર પ્રેમ હતો. કાશીનાથના અતૃપ્ત હૃદયનો પ્રેમ એમની સ્ત્રી સુલોચનાને ઉલ્લંઘીને સ્નેહરૂપથી સરોજિની ઉપર કૃપા કરવા લાગ્યો હતો. એથી શ્રીમતી સુલોચના પોતાની સૉત્યની પુત્રી ઉપર હમ્મેશાં રૂષ્ટ રહેતી હતી. સુલોચના પ્રગલ્ભા અને મુખરા હતી. તેના નામ તથા બોલીથી વગના બારી બારણાં-ઓથી માંડી કૂતરા બિલાડા અને મનુષ્યો સુદ્ધાં કંપતા હતા—કેવળ શ્યામયી જ કંપતી નહોતી. શ્યામયી ઉમ્મરે કાશીનાથ કરતા દશ બાર વર્ષે મ્હોટી હતી. તેનામાં રસિકતા પણ ઘણી હતી. જે વખતે સુલોચના સરોજિની ઉપર નારાજ થઈ કાંઇ બબડતી એ વખતે શ્યામા "કેમ રે વહુ! તું બહુ બકવાદ કરવા મંડી છે કે?" કહીને સાતમમાં ચઢી જતી હતી. એથી સુલોચનાના સુલોચન નમી જતા હતા.

શ્યામયી સહજ બ્હેરી હોવાથી સુલોચનાની દંભપૂર્ણ વાતો તેના કાનમાં પ્રવેશ કરી શકતી નહોતી. સાંસારિક અશાન્તિ પણ તેને

વિશેષ સ્પર્શ કરી શકતી નહોતી, પરંતુ કાશીનાથ બહેરા નહોતા, તેથી સુલોચનાની કેટલીક વાકી વાતો તેમના કાનમા આઘાત કરતી હતી જ્યારે એ વાકી વાતો સાભળી સાભળીને તેઓ થાકી ગયા ત્યારે તેમણે વિચાર્યું કે એ સઘળી ગરબડ સરોજિનીની પાછળ છે જો તેને કોઇ યોગ્ય પાત્રના હાથમા સોપી પારકે ઘેર મોકલી દેવામા આવે તો ઘરમા સળગી ઉઠેલી અશાન્તિની આગ ઘણા અંશે બુઝાઈ જાય

કાશીનાથ ઉચ્ચ કુળના મ્હોટા માણસ હોવાથી તેઓ સસાર સુધારાના ભયકર વિરોધી હતા તેઓ વારવાર એમ કહેતા હતા કે, 'જેઓ અવિવાહિત કન્યાને મ્હોટી કરીને વિવાહ કરે છે તેમના પૂર્વજો રૌરવ નરકમા પડે છે ઋતુમતી કન્યાનો વિવાહ કરવો એના જેવુ મહાપાપ બીજુ એક પણ નથી આવા વિચારને લીધે સરોજિની જ્યારે નવ વર્ષની હતી ત્યારે કાશીનાથે એક ઉત્તમ પાત્ર શોધી કાઢી ઘણી જ ધામધુમથી પુત્રીનો વિવાહ કરી નાખ્યો હતો, પરંતુ વિવાહ પછી એક વર્ષે એટલે કે દશ વર્ષની ઉમ્મરે સરોજિની વિધવા થઇ આમ થતા શ્વસુર પક્ષના માણસોએ તેને કાળમુખીનો કલિકાબ આપી દીધો લાચાર તથા બદનામ થઈને એ બીચારી પુન પિયરમા આવી. એ વખતથી તે પિતાના ઘરમા રહેતી હતી

પાડોશમા રહેતા એક અર્ધદગ્ધ આર્યસમાજી મહાશયે એક દિવસે કાશીનાથ પાસે આવી સરોજિનીના પુનર્વિવાહની વાત કાઢી. એ વાત સાભળી વિશેષ ચીડાઈ જઇ કાશીનાથે કહ્યુ –"હુ જાણુ છુ કે, શ્રી સ્વામી દયાનન્દજીએ અક્ષતયોનિ વિધવાના વિવાહની હિમાયત કરેલી છે, પરંતુ દયાનન્દના મત પ્રમાણે મ્હારી કન્યાનો પુનર્વિવાહ કરુ એવો હુ મૂર્ખ છુ કે? પ્રતિષ્ઠિત માણસો પ્રાણાતે પણ પોતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોચવા દેતા નથી"

ગંગા ગાર્ડનમાં કાશીનાથનો એક બગીચો આવેલો હતો એ બગીચામાં બે મજલાનું એક સુંદર મકાન હતું ત્યાં કાશીનાથની સ્વર્ગવાસિની માતાએ એક શિવમંદિરની પ્રતિષ્ઠા કરી હતી કાશીનાથ મુખરા સુલોચનાની સાથે કલહ કરી વચ્ચે વચ્ચે પોતાની બ્હેન અને કન્યાને લઈ બે ચાર અગર પાંચ દશ દિવસ માટે એ બગીચામાં જઈને રહેતા હતા, પરંતુ જળ વિના માછલું રહી શકતું નથી તેવી રીતે કાશીનાથ નગરનિવાસ છોડી ગ્રામ્યવાસ કરી શકતા નહોતા એવા એવા સ્થળોએ રહી થોડા દિવસમાં જ તેઓ વ્યાકુળ બની જતા હતા, તેથી છેવટે હારીને પાંચ દશ દિવસ પછી તેમને પાછું કલકત્તા જઈને રહેવું પડતું હતું

વૃદ્ધા દયામયીને આ સ્થળે રહેવું ઘણું ગમતું હતું ખાસ કરીને તેને માટે આ સ્થળે ગંગાગર્ભના વાસપુણ્યની અને હમેશાં ગંગાસ્નાનની સગવડ હતી તદુપરાંત બગીચામાં જ તેની માતાનું સ્થાપિત કરેલું શિવમંદિર સુવર્ણમાં સોહાગા જેવું હતું. દયામયી આ ગંગા ગાર્ડનને જ ઉપકાશી અથવા બીજું બનારસ સમજતી હતી. હમણાં હમણાં સુલોચના સાથે વિશેષ અણબનાવ થવાથી દયામયી કાશીનાથની સાથે થોડા દિવસથી ગંગા ગાર્ડનમાં આવીને રહેતી હતી કુટુંબના માણસો આવી છિન્નભિન્ન સ્થિતિમાં રહેતા હોવા છતાં એ સંબંધીની કાશીનાથને કાંઈ ચિંતા નહોતી કુટુંબના માણસોને તેમની ઇચ્છા વિરુદ્ધ કોઈ પણ બંધનમાં બાંધી રાખવાને તેઓ ઇચ્છતા નહોતા તેમનું સાંસારિક બંધન સહજ શિથિલ હતું. આજકાલ તેઓ સ્વેચ્છાથી દમદમના બંગલામાં જઈને રહ્યા હતા પંદર વીસ દિવસને અંતરે જ્યારે મન થતું ત્યારે તેઓ ગંગા ગાર્ડનમાં આવી બ્હેન તથા પુત્રીની

ખબર જોઈ જતા હતા વાઘબજારવાળા બંગલામાં તેમની સ્ત્રી સુલોચના એકાધિપત્ય રાજ્ય કરતી હતી ઘરના સઘળા દાસ દાસીઓ અને નોકર ચાકરો તેની આજ્ઞાને અનુસરતા હતા મુખ્યત્વે કરીને આનંદી અને રસિકલાલ ગુમાસ્તો સુલોચનાના વિશેષ પ્રેમપાત્ર હતા

(૩)

સરોજિની પોતાની ફોઇની સાથે ગંગાગાર્ડનવાળા મકાનમાં જ રહેતી હતી ત્યાં તેમના નોકર ચાકરોમાં એક વૃદ્ધા દાસી, એક રસોઇઓ અને બે માળી હતા

બાગની લંબાઈ પહોળાઇ વિશેષ હતી તેમાં ફળ તથા શાકના વૃક્ષોની સંખ્યા સર્વથી વધારે હતી ફુલોમાં જુઈ, ચમેલી, માલકા, ગુલાબ, ચંપો, મોગરો બકુલ વગેરે સમસ્ત દેશી ફુલોના ન્હાના મ્હોટા વૃક્ષ હતા ' સરોજિનીનો પુષ્પવૃક્ષો ઉપર ઘણો પ્રેમ હતો ' તેણે વિલાયતી પુષ્પોની કલમો મંગાવીને તેનો પણ આ બાગમાં આવિર્ભાવ કર્યો હતો એમાં ઍસ્ટર, પૈન્સી, પિંક હોલિહક્, આઇ જેન્થમ્, વાયોલેટ, નાષ્ટ્રેજિયમ્ વગેરે હતા એ વિસ્તૃત બાગમાં મધ્ય સ્થળે સરોજિનીનો એ નવીન ન્હાનો બાગ વસંતકાળમાં જાણે કે એક મણિમુક્તાખચિત ગાલિચા જેવો જણાતો હતો તેની પાસે જ કેટલીક ઘનસન્નિવિષ્ટ તરૂલતાઓની શાખા પ્રશાખાઓએ પરસ્પરમાં જોડાઈને એક કુંજની સૃષ્ટિ કરી દીધી હતી માળીઓના શૈથિલ્યને પણ એનું એક કારણ કહી શકાય તેમ છે. ગમે તેમ હો પણ સરોજિનીએ હવે માળીઓને એ સુંદર અને સ્વાભાવિક લતાકુંજનો નાશ કરવાનો નિષેધ કર્યો હતો

સરોજિની હવે ઉમ્મરે મ્હોટી થઈ હતી. તેનું સૌંદર્ય પણ પૂર્ણ તેજથી પ્રકાશી નીકળ્યું હતું આયનામાં પોતાના સૌંદર્યનું નિરીક્ષણ

કરવું એ સરોજિનીનું નિત્ય કાર્ય થઇ ગયું હતું 'જે કોઇ તેને બોલાવતું તે "ખીલેલું કમળ'ના સંબોધનનો ઉપયોગ કરતું હતું 'ખીલેલું કમળ' સંબોધન સાંભળવું સરોજિનીને પણ ગમતું હતું તેના બાગમાં થઇને ગામની ઘણી સ્ત્રીઓ ગંગાસ્નાન કરવા જતી હતી એક દિવસે સરોજિની તરફ ઇશારો કરીને એક સ્ત્રીએ પોતાની સાથેની સ્ત્રીને કહ્યું, 'માયા' જો તો ખરી, છોકરીનું રૂપ કેવું ખીલી નીકળ્યું છે'' એ વાક્યે સરોજિનીના કાનમાં પણ પ્રવેશ કર્યો તેણે ઘરમાં જઇ આયનામાં પોતાનું સાંદર્ય જોઇ સગર્વ હાસ્ય કર્યું તે દિવસથી પોતે સુન્દરી છે એમ તે સારી રીતે સમજી શકી

ધીમે ધીમે છ માસ જેટલો સમય પસાર થઈ ગયો આ છ માસમાં સરોજિનીની આકૃતિ પ્રકૃતિમાં ઘણો ફેરફાર થઇ ગયો જીવનમાં યૌવનના તરંગોએ આવીને તેની બાલ્યોચિત ચપળતા, સરળતા અને ઉચ્ચ હાસ્ય વગેરે દૂર વહાવી દીધું હતું પંદર વર્ષની ઉમ્મરમાં જે ફેરફારો થાય છે એ સઘળા સરોજિનીમાં દેખાતા હતા એ ફેરફારોને લીધે તેને સહજ વ્યસ્ત થવું પડ્યું હતું જે માથું પહેલાં ખુલ્લું રહેતું હતું તેને તેણે હવે વસ્ત્રના પાલવથી ઢાંકવા માંડ્યું હતું. એટલું જ નહિ પણ કોઇ પુરુષ નજરે પડતાં તે મુખનો લજ્જાભાવ તથા નેત્રોનો વક્રભાવ અપૂર્ણ ઘુમટાથી છુપાવવાનો પ્રબળ પ્રયત્ન કરતી હતી માતૃત્વના પૂર્વાભાસે વક્ષની સ્થૂલતાને ઉન્નત કરેલી હોવા છતાં તે તેને વસ્ત્રાવરણથી ઢાંકવાનો પ્રયત્ન કરતી હતી નિતંબ ભારે થવાથી તેના ચરણોની ચંચળતા પ્રત્યેક પગલે પ્રકટ થતી હતી, તેથી સરોજિની હવે પ્રથમની માફક પશુ પંખીઓને પકડવા તેમની પાછળ દોડતી નહોતી. તેના કંઠસ્વરમાં એવો ફેરફાર થઇ ગયો હતો કે જો

કોઇ તેનુ બોલવુ સાભળતુ તો તત્કાળ તે શર્માઇ જતી હતી છ માસ પહેલા તેનામા આવી કોઇ વાતનો આભાસ સુદ્ધા નહોતો, પરતુ કિશોર કળીને ખીલતા વાર લાગતી નથી એથી કાલે જેને આપણે કળીના રૂપમા જોઇ હતી તે આજે સપૂર્ણ ખીલેલી કમલિનીના રૂપમા રૂપ તથા સુગધિ વર્ષાવીને ભ્રમરોને આહ્વાન કરી રહી છે

વૃદ્ધ ફોઇની પાસે સરોજિની હજી બાળિકા જ હતી દયામયી હમ્મેશા ત્રીજા પ્રહરે પોતાના હાથે તેનો ચોટલો બાધી તેનુ શરીર સુદશ્ય કરતી હતી ત્યાર પછી સરોજિની સુન્દર સાડી પહેરી બાગમા ફરતી હતી તથા સુગધિત પુષ્પોની માળા ગુથી કઠમા પહેરતી હતી તેના હાથ પગ અને ગાલ ઉપર સ્વાભાવિક રૂપ રાગની જ્યોતિ રહેતી હોવાથી તેને કદાપિ કૃત્રિમ પાઉડર વગેરેનો ઉપયોગ કરવો પડતો નહોતો સરોજિની કદાપિ વૈધવ્યોપયોગી સયમ શીખી નહોતી તથા પોતાના જીવનના કયા પ્રભાતમા વિવાહયોગ અને વૈધવ્યયોગ એક સાથે ચાલ્યા ગયા એ પણ તે જાણતી નહોતી કાશીનાથના કુટુબમા સયમનુ શિક્ષણ મળવાનો સભવ જ નહોતો સરોજિનીએ પોતાના ચરિત્રમા પોતાની ગુણવતી માતાના ગુણોમાથી કેટલાક ગુણો ઉત્તરાધિકાર તરીકે પ્રાપ્ત કર્યા હતા તથા વિલાસી પિતાના દોષોમાથી કેટલાક દોષ સુદ્ધા તેનામા આવ્યા હતા દયામયીના લાડકોડથી સરોજિનીના દોષોનુ પ્રમાણ કાઇક અશે વધી ગયુ હતુ, પરતુ એ સામાન્ય દોષોથી તેની અતપ્રકૃતિની સ્વચ્છતા અને સરળતાનો નાશ થયો નહોતો ન્હાના ન્હાના બાળકો જ્યારે તેના બાગમા ફુલ ચુટવા આવતા ત્યારે સરોજિની કોઇ પણ પ્રકારનો નિષેધ નહિ કરતા બદલામા ઉત્સાહ આપતી હતી

(૪)

અમારા વાચકબંધુઓ નન્દલાલ અને કનકલતાને નહિ જ ભૂલી ગયા હોય તેઓ લગભગ એક મહિનાથી કલકત્તા આવીને સુરેશની હૉસ્ટેલ પાસે એક મકાનમાં રહ્યા હતા એવામાં સદ્ભાગ્યે તેને નોકરી પણ મળી ગઇ માસિક પચીસ રૂપિયાનો પગાર તેને મળતો તથા થોડી ઉપરની પણ આવક હતી કૉલેજની રજાઓમાં સુરેશ પ્રાય નન્દલાલને મળવા તેને ઘેર જતો હતો એક રવિવારે નન્દલાલને ઘેર સત્યપ્રસાદ મામા સાથે સુરેશની મુલાકાત થઇ સત્યપ્રસાદ સુરેશ ઉપર ઘણો સ્નેહ રાખતા હતા તેમણે જ્યારે એમ સાંભળ્યું કે, સુરેશ સાયન્સના કોર્સમાં બી. એ પાસ થયો છે ત્યારે અત્યંત સંતુષ્ટ થઇને તેમણે તેને ડૉક્ટરી લાઇનમાં પ્રવેશ કરવાની સલાહ આપી તેમણે કહ્યુ –"સુરેશ ! જો તું ડૉક્ટર થઇશ તો ઘણા જીવોનુ રક્ષણ થશે વકીલાત કરતા ડૉક્ટરીને હુ ઉત્તમ સમજુ છુ" સુરેશની પણ ડૉક્ટરી શીખવાની ઇચ્છા હતી, પરંતુ બી એ. પાસ કર્યા સિવાય ડૉક્ટરી નહિ શીખવાનો તેણે પ્રથમથી જ સંકલ્પ કર્યો હતો

કનકલતાના નિત્ય નૈમિત્તિક કાર્યોએ આજે કાંઇક વિસ્તૃત રૂપ ધારણ કર્યું હતુ તેણે ભિન્ન ભિન્ન પ્રકારની રૂચિકર તેમજ સ્વાદિષ્ટ ભોજન સામગ્રી બનાવી સર્વને ભોજન કરાવ્યુ

આ સ્થળે જણાવવાની જરૂર છે કે નન્દલાલને એક મીલમા કારકુનની જગ્યા મળી હતી એ મીલના મજુરોના રહેઠાણની વ્યવસ્થા મીલકંપનીના માલિકોએ કરેલી હતી રવિવાર હોવાથી મીલ બંધ હતી તેથી મજુરોની પરિસ્થિતિનુ દર્શન કરવા સત્યપ્રસાદ મામા

નન્દલાલ અને સુરેશની સાથે મજુરોના નિવાસસ્થાન તરફ ગયા. નિમ્ન વર્ગના અશિક્ષિત દરિદ્રલોકોમા ભળી જઈ તેમની સાથે વાતચિત કરતા સત્યપ્રસાદ મામાને સારી રીતે આવડતું હતુ તેઓ કહેતા હતા કે, " જે સરળભાવ સમાજમા ઉચ્ચ ગણાતા માણસોમા જોવામા નથી આવતો એ સરળભાવ આ નિમ્ન વર્ગના અભણ મજુરોમા જોવામા આવે છે અજ્ઞાની માણસોથી જો કોઇ કામમા ભુલ થઇ જાય છે તથા તે ભૂલ કોઈ પણ રીતે તેમના જાણવામા આવે છે તો તેઓ બીચારા તત્કાળ પોતાની ભૂલ કબુલ કરે છે, પરન્તુ ભણેલા માણસો પોતાનો ભ્રમ કિંવા પ્રમાદ કદાપિ કબૂલ કરતા નથી શિક્ષિત વ્યક્તિ પોતાની વિદ્યાબુદ્ધિની કરામત દર્શાવી પોતાના ભ્રાન્ત મતથી એક બે ત્રણ કરીને ધીમે ધીમે ઘણી વિપરીત દિશામા પગલા ભરે છે, છતા મુખે એમજ કહે છે કે તેઓ પોતાના મત ઉપર અટલ છે–અચળ છે "

સત્યપ્રસાદ મામાએ સુરેશને કહ્યુ– " સંસારમા ઘણુ જોવા સાભળવાથી મ્હારો એવો દૃઢ વિશ્વાસ થઇ ગયો છે કે, સમાજનો જે વર્ગ જેટલો ઉપર છે તેમા સરળતાનો તેટલો જ અભાવ છે "

સુરેશે કહ્યુ –" પણ આ નિમ્ન વર્ગમા કેટલાક એવા પશુપ્રકૃતિના જીવ છે કે જેમના ઘણા કાર્ય ભીષણ રૂપથી જઘન્ય થાય છે "

સત્યપ્રસાદ – એ ખરુ છે પણ આમા એવા ઘણા માણસો છે કે જેમનામા દયા, માયા, ધર્મ જ્ઞાન અને મનુષ્યત્વ છે એ ગુણો ભલભલા સભ્ય માણસોમા પણ જણાતા નથી

પછી આ પ્રસંગે સત્યપ્રસાદ મામાએ સુરેશને એમ સારી રીતે સમજાવ્યુ કે, વિધાતાએ ઘણા માણસોનુ ભવિષ્ય કઠોર દુ:ખ અને દરિદ્રતાની આગમા ગાળીને જ નિર્માણ કર્યુ છે જેનામા શ્રેષ્ઠ ધાતુ

હોય છે તે એ અગ્નિપરીક્ષાથી ઉજ્જ્વળ કાન્તિ ધારણ કરી દેવ રૂપે પ્રકટ થાય છે તથા જેનુ બધારણ નિકૃષ્ટ ધાતુમય હોય છે તે લોખંડની માફક નિર્મમ, નિર્દય અને નારકી થઈને પ્રકટ થાય છે સત્યપ્રસાદ મામાએ કહ્યું –' કુલી અને મજુરો પણ મનુષ્ય છે—તેમનામા પણ અસ્ફુટ ભાવથી મનુષ્યત્વ છે એ વર્ગમા જો કોઇ પણ પ્રકારે જ્ઞાનના પ્રકાશનો પ્રવેશ કરાવી શકાય તો એ વર્ગ દરિદ્રતાની સાથે સગ્રામ કરીને પોતાનુ ખરુ મનુષ્યત્વ પ્રસ્ફુટિત કરી શકે તેમ છે. એટલુ જ નહિ પણ એ વર્ગની એકાદ વ્યક્તિ ઉન્નતિના ઉચામા ઉચા શિખર ઉપર ચઢી શકે તેમ છે " આટલુ કહીને સત્યપ્રસાદ મામાએ અમેરિકાના પ્રેસિડેન્ટ ઇબ્રાહિમ લિકન, ગારફીલ્ડ વગેરે કર્મવીરોના જીવનવૃત્તાત વાચવાની સુરેશને ભલામણ કરી

કુલી લાઇનની આસપાસ ચારે તરફ ફરીને સત્યપ્રસાદે જોયુ કે, ત્યા મજુરોને માટે પરચુરણ વસ્તુઓની દુકાન છે તથા થોડા અતરે એક દેશી દારૂનુ પીઠુ પણ આવેલુ છે આ ઉપરથી સત્યપ્રસાદ સમજી ગયા કે, એ કુલીઓની પાયમાલી થાય એવા સર્વ સાધન અત્રે છે, પણ તેમની ઉન્નતિ થાય એવી કોઇ રાત્રિની પાઠશાળા કે શ્રમજીવી સમિતિ નથી સત્યપ્રસાદ મામાએ દુખિત થઇને સુરેશને કહ્યું –"The nation dwells in the cottage. સુરેશ! બરાબર ધ્યાન દઈને વિચારી જો કે આ નિમ્ન વર્ગની ઉન્નતિ થયા સિવાય દેશની ઉન્નતિ થઈ શકે તેમ છે કે? સ્વદેશી યુવકો આગળ આ એક વિશાળ કર્મક્ષેત્ર પડ્યુ છે એ લોકો કેવળ બૉયકોટ અને 'વદેમાતરમ્' કરી પોતાની જે શક્તિ અને સમયનો વ્યર્થ વ્યય કરે છે તે શક્તિ જો કદાચ આ કાર્યમા પ્રવૃત્ત થાય તો દેશનુ એક મહાન્ કાર્ય અવશ્ય સપન્ન થાય "

આ સ્થળે અમે અમારા પાઠકોને સંક્ષેપમાં કહી રાખીએ છીએ કે સત્યપ્રસાદ મામાના ઉત્સાહ, સુરેશ અને નન્દલાલના સામાન્ય પ્રયત્ન તથા કેટલાક સ્થાનીય શિક્ષિત યુવકોના વિશેષ ઉદ્યોગથી થોડા દિવસમાં જ એ મજુરોના નિવાસસ્થાનમાં એક રાત્રિની પાઠશાળા અને શ્રમજીવી સમિતિ સ્થાપિત થઇ ગઇ કેટલાક શિક્ષિત યુવકોએ રાત્રિની પાઠશાળામાં મજુરોને શિક્ષણ આપવાનું કામ સ્વેચ્છાથી સ્વીકારી લીધું હતું, એ મીલના મેનેજર સાહેબ નન્દલાલના અનુરોધથી શ્રમજીવી સમિતિ અને રાત્રિ પાઠશાળાના મુખ્ય પેટ્રન થયા હતા તેમની આર્થિક સહાયતાથી જ એ બન્ને સંસ્થાઓ ચાલતી હતી

(૫)

દેશના યુવકો જે વખતે એકત્રિત થઇને સામાજિક હિતના કામકાજમાં ગુંથાય છે તથા અક્લાન્ત ભાવથી તેઓ પરિશ્રમ કરે છે તે વખતે એ દેખાવ જોઇ કોના હૃદયમાં આનંદ નથી થતો ? હરિદ્વારના કુંભમેળા અને પ્રયાગના માઘમેળા વખતે હિન્દુ સ્વયંસેવકો પોતાના દેશવાસીઓને માટે જે કાંઇ કરે છે તે કોઇ પણ રીતે ભૂલવા જેવું નથી ભારતના કેટલાય સ્થળે મરકી, દુષ્કાળ અને અન્ય ઉત્સવ પ્રસંગે ભારતીય યુવકો આવા પ્રકારના કેટલા દેશહિતકર કાર્યો કરે છે એનો રીપોર્ટ વર્ત્તમાનપત્રોમાં જોઇએ એવો પ્રસિદ્ધ થતો નથી તેથી સર્વ સાધારણને તેનો પરિચય થતો નથી ઉપરોક્ત શ્રમજીવી સમિતિના સ્વેચ્છાસેવકો કુલી મજુરો માટે કેટલો બધો પરિશ્રમ કરતા હતા એ વાત વિશેષ માણસો જાણતા નહોતા.

આશ્વિન માસ હતો. કુલી લાઇનમાં કોલેરાનો ભયંકર રોગ ફેલાયો હતો એ રોગથી બીમાર થતા એક બાળકને ઠંડી ચઢી આવી. મીલના

ડૉક્ટર સાહેબ એ બાળકની ચિકિત્સા કરતા હતા શ્રમજીવી સમિતિના ત્રણ સ્વેચ્છાસેવકોએ એ બાળકની સેવાચાકરી કરવાનો ભાગ ઉપાડી લીધો હતો એ રોગી બાળકનુ કોઇ સગુ વ્હાલુ નહોતુ તેથી સમિતિના યુવકોને પોતાને હાથે તેનુ મળ અને વમન સાફ કરવુ પડતું હતુ વડીઆળમા વખત જોઇ દવા આપવામા આવતી હતી હાથ પગને સેક કરવામા આવતો હતો તથા ડૉક્ટર સાહેબ બતાવી ગયા હતા તે પ્રમાણે બબ્બે કલાકને અંતરે 'રેક્ટ સલાઇન ઇન્જેક્શન' કરવામા આવતુ હતુ આખી રાત આવી રીતે પસાર થઈ પ્રાત:કાળે ડૉક્ટર સાહેબે બાળકની નાડી તપાસીને કહ્યુ –"હવે વિશેષ ભય જેવુ નથી. નાડી ઠેકાણે આવી ગઇ છે રોગી બચી જશે" સેવા તથા ચિકિત્સા સમાન ભાવથી ચાલવા લાગી આખો દિવસ આવી રીતે વીતી ગયા પછી રાત્રે એ વાગ્યાને વખતે રોગીને પેસાબ થયો

ત્રણ દિવસ પછી બાળકને અન્નપથ્ય આપવામા આવ્યુ, પરંતુ એ વખતે એના શરીરની સ્થિતિ ઘણી શોચનીય હતી. ઘણા દિવસથી તે મીલમા કામ કરી શકતો નહોતો આવી સ્થિતિમા કોઇ તેની સંભાળ રાખનાર નહિ હોવાથી નન્દલાલ તેને પોતાને ઘેર લઇ ગયો. હવે એ બાળકની સેવા ચાકરીનો સઘળો ભાર કનકલતા ઉપર આવી પડ્યો તે સાથે કનકલતાનો એ બાળકપર સ્નેહ વધવા લાગ્યો નન્દલાલના સઘળા સ્નેહીઓની બ્હેન–એ બાળકની પણ બ્હેન બની ગઈ.

રવિવારને દિવસે સુરેશે નન્દલાલને ત્યા આવી એ બાળક સંબધીની સઘળી હકીકત પૂછી લીધી નન્દલાલે કહ્યુ –"એને કૉલેરા થવાથી નાડી સુદ્ધા છૂટી ગઈ હતી. અમારી સમિતિના યુવકોએ પુષ્કળ પરિશ્રમ કરી એનુ જીવન બચાવ્યુ છે."

સુરેશે એ બાળકને પૂછ્યું –" ત્હારાં માબાપ છે કે ? "

" ના "

" ત્હારું ઘર ક્યાં છે ? "

" કલકત્તામાં "

" તું શી જાતિનો છે ? "

" કુર્મી "

" ત્યારે તો તું નીચો છે નીચો "

" નીચો શાનો ? હું હિંદુ છું "

" ત્હારું નામ શું છે ? "

" ઝુમન "

હવે સુરેશ એ વાતને સારી રીતે સમજી ગયો કે, એ પણ તેનો એક દેશવાસી છે તેણે પૂછ્યું —

" મીલમાં તું કેટલા વખતથી કામ કરે છે ? "

" એક મહિનાથી "

" તે પહેલાં તું શું કામ કરતો હતો ? "

" કલકત્તામાં એક બીડી વેચનારને ત્યાં નોકરી કરતો હતો "

" શો પગાર મળતો હતો ? "

" દશ રૂપિયા "

ઝુમન જૂઠું બોલ્યો હતો પોતાનો દર વધારવા માટે ઘણા માણસો આવી રીતે જૂઠું બોલે છે સુરેશે તેને પૂછ્યું –" મીલમાં શો પગાર મળે છે ?"

" છ રૂપિયા "

" ત્યારે બીડીવાળાને ત્યાં વધારે પગાર મળતો હોવા છતાં ત્હેં તેની નોકરી કેમ છોડી દીધી ? "

સુરેશની ઉલટ તપાસણીથી ઝુમનની જીભ બંધ થઇ ગઇ, આમ છતાં તે એકાએક ચુપ થઈ જાય એવો છોકરો નહોતો. તેણે કહ્યું–"જેલખાનાવાળા વિપિનચંદ્રભાઇએ જ મ્હને કોઇ બીડીવાળાને ત્યાં નોકરી કરવાનું કહ્યું હતું અને તેથી જ મ્હેં એવી નોકરી લીધી હતી, પરંતુ જે બીડીવાળાને ત્યાં હું નોકરી કરતો હતો તે સાલો ઘણો બદમાશ હતો. ગલ્લામાંથી પૈસા ઉચાપત કર્યાનો આરોપ મૂકી એ મ્હને થાણામાં લઇ જતો હતો, એવામાં મ્હેં એનો હાથ છોડાવી એ સાલાના નાકપર એવો ઠોંસો લગાવી દીધો કે તે જમીનદોસ્ત થઇ ગયો તથા એ તકનો લાભ લઇ હું નાસી છૂટયો."

"જેલખાનાવાળા વિપિનચંદ્ર કોણ?"

"તેઓ એક કેદી હતા. જેલમાં હું તેમનું ઘણું કામકાજ કરતો હતો. તેઓ ઘણા ભલા માણસ હતા. તેમણે જ મ્હને કહ્યું હતું કે, 'ઝુમન! હવે તું ખીસ્સાકાતરુનો ધંધો છોડી દઈ બીજું કાંઈ કામ કર. તું જ્યારે જેલમાંથી છૂટે ત્યારે કોઇ બીડીવાળાને ત્યાં નોકરીએ રહેજે.'"

"ત્યારે તું જેલમાં પણ જઇ આવ્યો છે, કેમ?"

"અરે! હું તો ત્યાં વિપિનચંદ્રભાઈની નોકરી કરતો હતો!"

નોકરીના વાસ્તવિક અર્થને સમજી સુરેશ હસી પડયો. તેણે કહ્યું–"ઝુમન! તું લખતાં શીખીશ?"

"લખવું વાંચવું એ તો બહુ સારું છે. જો મ્હને લખતાં વાંચતાં આવડે તો કોઇ ભારે નોકરી જલ્દી મળે. પછી હું બહુ રૂપિયા કમાઈ શકું અને મ્હોટો માણસ થઈ શકું."

પછી ઝુમનનું શરીર કાંઈક સબળ થયું અને તે મીલમાં કામ કરવા લાગ્યો ત્યારે તેને રાત્રશાળામાં દાખલ કરવામાં આવ્યો. હવે

તે સ્હવારને વખતે કનકલતાની આજ્ઞાઓ પાળતો હતો અને ભોજન કરી નન્દલાલની સાથે નોકરી ઉપર ચાલ્યો જતો હતો વાચકબધુઓ સમજી શક્યા હશે કે આ જ સેન્ચરી જેલનો ખીસ્સાકાતરુ ઝુમન છે સ્કૂલમા ભણી મ્હોટા માણસ થવાની ઇચ્છા હોવા છતા તેને રાત્રિશાળા સારી લાગતી નહોતી

રજાને દિવસે ઝુમન સપૂર્ણ સ્વાધીન રહેતો હતો તથા જગલી જાનવરની માફક મરજી પડે ત્યા ફર્યા કરતો હતો તે કોઇના બાગમા જઇ ઝાડપરથી ફળ તોડતો હતો, પુષ્પલતાઓ ઉપરથી પુષ્પો ચુટતો હતો અને બાગનો માળી જ્યારે તેને સજા કરવા આવતો ત્યારે ક્ષણ માત્રમા જ નાશી જતો હતો, કેમ કે અભ્યાસનો ગુણ ગમે એટલુ શિક્ષણ આપવામા આવે તો પણ જતો નથી

(૬)

કલકત્તાથી શ્યામબજાર જવા માટે બેલગછિયાની ટ્રામમા બેસીને જવુ પડે છે સુરેશ ત્યા જવા માટે મુખ્યત્વે કરીને ટ્રામનો જ આશ્રય લેતો હતો નન્દલાલને ઘેર જતી વખતે જે રસ્તો વાઘબજારથી કમરહટ્ટી જાય છે તેની વચ્ચે કાશીનાથનો બાગ આવેલો હતો

એ બાગમા ફળના ઘણા વૃક્ષ હોવાથી ઝુમનની ત્યા પણ આ-વજા હતી તેણે થોડા દિવસમા જ બાગના માળીઓ સાથે પોતાની ઘણી મિત્રાચારી કરી નાખી હતી, તેથી હવે ઝુમન જ્યારે બાગમા આવતો ત્યારે સરોજિની તેની પાસે ઘણા ફળ તોડાવતી તથા છેવટે તે પાચ દશ ફળ તેને ખાવા માટે પણ આપતી હતી કોઇ કોઇ દિવસે સરોજિનીની ફોઇના હાથથી પણ તેને બે ચાર પૈસા મળતા હતા '

સુરેશે એ બાગ પાસે થઇને જતા એક બે વખત સરોજિનીને જોઇ હતી ખાસ કરીને મનુષ્યની આખો ઓરડાની બારીઓ જેવુ

કામ કરે છે. સરોજિનીનું પૂર્ણ ખીલેલું યૌવનપ્રાપ્ત રૂપ એ બારીઓમાંથી બહાર નીકળી સુરેશના હૃદયપટ ઉપર અંકાઇ ગયું હતું પણ સરોજિની એ સંબંધી કાંઇ જાણતી નહોતી, કેમ કે બાગ પાસે થઇને ઘણા માણસો જતા આવતા હતા. એ બધા માણસો ઉપર લક્ષ્ય રાખવાથી તેને શો લાભ ? લક્ષ્ય ન રાખવું એ તો એક પ્રકારની લજ્જાશીલતા છે આ પ્રસંગે પાઠકો એવો પ્રશ્ન પૂછી શકે તેમ છે કે, ત્યારે સરોજિની ખૂબ બની ઠનીને નહોતી રહેતી કે શું ? ઉત્તરમાં નિવેદન છે કે, સુન્દરતા દેખાડવાને માટે હોય છે, દેખવા માટે હોતી નથી

આજકાલ નન્દલાલને ઘેર જવા માટે સુરેશ કમરહટ્ટી થઇને જવું જ પસંદ કરતો હતો એક દિવસે કાશીનાથના બાગ પાસે થઇને સુરેન્શ નન્દલાલને ઘેર જતો હતો એ વખતે ઝુમન એ બાગમાં એક જામફળીના વૃક્ષ ઉપર ચઢી જામફળ તોડતો હતો. સરોજિની ઝાડ નીચે ઉભી રહી હતી સુરેશની નજર સરોજિની તરફ જ હોવાથી તે ઝાડ ઉપર ચઢેલા ઝુમનને જોઈ શક્યો નહોતો, પણ તેને જતો જોઇ 'સુરેશચન્દ્રભાઇ" કહીને ઝુમન બૂમ પાડી ઉઠ્યો

ઝુમનને ઝાડ ઉપર ચઢેલો જોઇ સુરેશે કહ્યું –" કેમ રે ઝુમન ! તું અહીં શું કરે છે ? ' " સુરેશનો કંઠસ્વર સરોજિનીના કાનોમાં ગયો. એ વખતે યુવતી બીજી તરફ મ્હો ફેરવી ઉભી રહી હતી તેણે રાજહંસીની માફક ડોક વાંકી કરીને સુરેશ તરફ જોયું વિજળીની માફક એ યુવક અને યુવતીના નેત્રોનું પરસ્પર સંમિલન થયું સુરેશચન્દ્રના કાળા ચળકતા વાળ, બુદ્ધિવ્યંજક વિશાળ લલાટ, અપાર અનુરાગ દર્શાવતી નાસિકા, શુદ્ધ મુક્તાભાવ યુક્ત મુખશ્રી, ઉચ્ચાકાંક્ષાપૂરિત

ઉન્નત અને વિસ્તૃત વક્ષ, અંગસૌષ્ઠવ સુંદર દેહ, સ્વચ્છ શુભ્રકાન્તિ વર્ણ —સર્વેએ એક સાથે સરોજિનીના નેત્રમાર્ગમાં પડીને તેના મર્મ-સ્થળને સ્પર્શ કર્યો. સુરેશે શર્માઈ જઈ પોતાના બન્ને નેત્રો બીજી તરફ ફેરવ્યા, પરંતુ સરોજિની રહી રહીને તેના ઉપર અતૃપ્ત દૃષ્ટિપાત કરવા લાગી. યુવક યુવતીઓની પ્રથમ પ્રેમદૃષ્ટિ વખતે પુરુષ લજ્જિત થાય છે, પરંતુ રમણીઓ એ સમયે પોતાના સાહસનો પરિચય કરાવવા ચુકતી નથી. બન્ને જણા પરસ્પરની પ્રકૃતિનું થોડું અનુકરણ કરે છે. અસ્તુ.

ઝુમને ઉત્તરમાં કહ્યું—"હું જામફળ તોડું છું."

સુરેશ—ત્હારે ઘેર આવવું છે કે નહિ? આવવું હોય તો ચાલ.

ઝુમન—આપ ચાલવા માંડો. હું પાછળ પાછળ આવું છું.

સુરેશ ચાલ્યો ગયો. સરોજિનીએ ઝુમનને પૂછ્યું—"એ કોણ હતા?"

ઝુમન—મ્હેન! તમે એમને ઓળખતા નથી કે? એ તો અમારા સુરેશભાઈ છે.

(૭)

જો સુરેશચંદ્રનો કાંઈ અપરાધ થયેલો લાગે તો વાચકોએ ઉદા-રતાથી તેને ક્ષમા આપવી. તેણે સરોજિનીને પ્રેમની નજરથી જોઈ હતી. એ યુવતીના જાતિકુળ, તેનું નામ ધામ તથા તે કુમારિકા છે, સધવા છે કે વિધવા વગેરે કાંઈ પણ જાણ્યા સિવાય તેના તરફ આવી નજરથી જોવું એ ઉચિત કિંવા વ્યાજબી કાર્ય નથી થયું. આમ છતાં જે લોક પ્રેમદેવનાના આક્રમણને સારી રીતે જાણે

છે તેઓ એ વાતને ખુલ્લા દિલથી અવશ્ય કબૂલ કરશે કે, પ્રેમની વિજળીના સ્પર્શથી હૃદય સ્વયં સ્પંદિત થઇ જાય છે, દૃષ્ટિ લગામ છૂટા ઘોડાની માફક સ્વતઃ જ પોતાના પ્રિય વસ્તુ તરફ દોડવા માંડે છે એ અનુષ્ઠાનમાં સારા ખોટા, ન્યાય અન્યાય અને ઉચિત અનુચિત તર્કોને સ્થાન હોતું નથી

રમણીઓના હૃદય જીતવા માટે પુરુષને અનેક પ્રકારના યુદ્ધોનો આશ્રય સ્વીકારવો પડે છે એમાં પહેરવેશ, કેશમાર્જન, કટાક્ષના બાણ અને રમાલાપના તુર્યધ્વનિ કરવા પડે છે હમણાં સુરેશ એ માર્ગનો મુસાફર હતો આજકાલ તેણે નન્દલાલને ત્યાં વારંવાર આવવા માંડ્યું હતું એના પહેરવેશમાં પણ ઘણી વિલક્ષણતા જોવામાં આવતી હતી નન્દલાલને ત્યાં જતાં કાશીનાથના બાગમાં સરોજિનીને ઉભેલી જોઇ તેના ઉપર બે ચાર કટાક્ષબાણ છોડ્યા સિવાય તેનાથી રહી શકાતું નહિ, છતાં હજી સુધી તેને સરોજિની સાથે પ્રેમાલાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નહોતો એ વિષયની પૂર્તિ હાલ તરત તો ઝુમન માર્ફત '**परस्मैपद**'થી થવા લાગી

સુરેશ અને સરોજિની આગળ હવે ઝુમનનો ભાવ વધી ગયો હતો સરોજિની ઝુમનને મુખે એ વાત જાણી શકી હતી કે, સુરેશચંદ્ર કલકત્તામાં રહે છે તથા વચ્ચે વચ્ચે શ્યામબજારમાં રહેતા પોતાના મિત્ર નન્દલાલને ત્યાં આવે છે ઝુમન જ્યારે જ્યારે બાગમાં આવતો ત્યારે ત્યારે સરોજિની તેને પૂછતી કે—"કેમ રે ઝુમન ' ત્હારા સુરેશ-ભાઈ ક્યારે આવશે ? " આ પ્રશ્નના ઉત્તરમાં ઝુમન ક્વચિત્ એમ કહેતો કે 'રવિવારને દિવસે આવશે' તથા ક્વચિત્ કંટાળી જઇને એમ કહેતો કે 'તેઓ ક્યારે આવશે એ હું જાણતો નથી, કેમ કે તેઓ કાંઈ

પોતાના આવવા જવાની તારીખ મ્હને કહી જતા નથી !" ઝુમન એ વાત સારી રીતે સમજતો હતો કે, પોતાના અંતિમ ઉત્તરથી સરોજિનીનો મિજાજ બગડી જશે આથી એક દિવસે તેણે સુરેશને કહ્યું –" સુરેશભાઇ ! તમે પાછા કયારે આવશો તે કહી જાઓ. કાશીનાથ બાબુના બાગમાં રહેતા બ્હેન મ્હને હમ્મેશાં પૂછે છે કે, તમે કયારે આવશો ? હું જો તેમના આ પ્રશ્નનો ઉત્તર નથી આપતો તો તેઓ મ્હારા ઉપર ગુસ્સે થાય છે ! "

ઉપરોક્ત વાત ઉપરથી સુરેશની એવી ખાત્રી થઇ ગઇ કે જેને તેણે પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે પણ તેના ઉપર પ્રેમ કરે છે અને તેથી જ તેના મનમાં પ્રિય દર્શન કરવાની પ્રબળ લાલસા છે છેવટે સુરેશે ઝુમનને કહ્યું –" ઠીક છે, હું હવે જ્યારે જ્યારે આવવાનો હોઇશ ત્યારે ત્યારે એક દિવસ અગાઉથી તને ખબર આપીશ "

સુરેશની સરોજિની પિપાસા ચારગણી વધી ગઇ કંઠની પિપાસાની તૃપ્તિને માટે પાણી તથા હૃદયની પિપાસાની તૃપ્તિ માટે પ્રેમની જરૂર પડે છે ઇચ્છિત વસ્તુ જેટલી વિશેષ પાસે હોય છે તેટલી તેને માટે પિપાસા પણ વધે છે

ઝુમન સરોજિનીનું નામ જાણતો નહોતો તે તેને બ્હેન કહીને બોલાવતો હતો સુરેશ પણ તેની પ્રણયિનીનું નામ જાણતો નહોતો પણ તેથી શી હાની હતી ?

એક દિવસે સુરેશે પોતાની પ્રણયિની ઉપર એક લાંબી કવિતા લખી તથા તે ઝુમનના હાથમાં આપીને કહ્યું –"ઝુમન ! તું આ કાગળ

લઇ જઇ ત્હારી બ્હેનને આપજે, પણ ખબરદાર, એ વાત બીજા કોઇના જાણવામાં આવવી જોઇએ નહિ !"

એ કવિતામાં ચંદ્ર હતો, ચકોર હતું, વસંતનો મલયવાયુ હતો તથા કોકિલાનો કર્ણપ્રિય ધ્વનિ હતો ઝુમને યથા સમયે એ કવિતા સરોજિનીને પહોંચાડી દીધી પણ અફસોસનો વિષય છે કે, તે તેને વાંચી શકી નહિ કાશીનાથ સ્ત્રીકેળવણીના ભયંકર વિરોધી હતા, તેથી તેમણે સરોજિનીને લખતાં વાંચતાં શીખવાડયું નહોતું તેમનું એવું કહેવું હતું કે, ભણેલી સ્ત્રીઓ પરપુરુષોની સાથે પત્રવ્યવહાર કરે છે આ સ્થળે એમનું કથન એમના પોતાના ઘરમાં જ સાચું ઠર્યું !

સરોજિનીને અક્ષરજ્ઞાન નહિ હોવા છતાં એક રીતે જોતાં જતાં તેણે ઉપરોક્ત પત્ર વાંચી નાખ્યો હતો તે 'એવોલ્યુશન થિયરી' દ્વારા સમજી ગઇ કે, જ્યારે સુરેશચંદ્રે તેને ઉદ્દેશીને એ પત્ર લખ્યો છે ત્યારે એ જરૂર પ્રેમપત્ર ને હોઈ તેમાં 'પ્રિય' 'પ્રિયતમા', 'પ્રાણેશ્વરી' વગેરેનો નિવાસ અવશ્ય હશે ! સરોજિનીએ ઘણાં નાટક જોયાં હતાં. તે ઝુમનને કાંઇ કહ્યા કર્યા સિવાય ઘરમાં ચાલી ગઇ તથા કાગળને 'ઇષ્ટ કવચ,' કરવાના હેતુથી તેણે પેટીમાં મૂકી દીધો. આમ છતાં ઝુમન પોતાના પત્રનો ઉત્તર માગશે એવી આશંકાથી જ સરોજિની ઘરમાં ચાલી ગઇ હશે એમ અમને લાગે છે

ઝુમન પાછો આવ્યો એટલે સુરેશે તેને પૂછયું –" કેમ, ત્હેં ત્હારી બ્હેનને મ્હારો પત્ર પહોંચાડયો ?"

"હા, પહોંચાડયો"

"તેણે એ કાગળ વાંચ્યો કે ?"

"હા."

" વાચીને શું કહ્યું ? તે ખુશી થઇ કે ? "

" ના, તેઓ કાંઇ બોલ્યા સિવાય કાગળ લઇ ઘરમાં ચાલ્યા ગયા "

આ ઉત્તર સાંભળવામાં આવતાં સુરેશના હૃદયમાં દારૂણ ભય ઉપજ્યો પોતાની કવિતા બીજા કોઇના વાંચવામાં આવશે તો ભયંકર અનર્થ થશે એવી આશંકાથી તેણે હવે બીજે રસ્તેથી નન્દલાલના ઘર તરફ આવવા જવા માંડયું વળી ગ્રુમનદ્વારા એ કવિતા મોકલાવેલી હોવાથી તેણે ગ્રુમનને પણ તે તરફ જવાની મના કરી દીધી

(૮)

પ્રેમમાં એક વિશેષ ગુણ છે પ્રેમના કિરણો પ્રેમિકના હૃદયમાંથી નીકળીને પ્રકૃતિની પ્રત્યેક વસ્તુમાં પ્રતિબિંબિત થાય છે, અને તેનાથી પ્રતિહત થઇ પુન પ્રેમિકના હૃદયમાં પાછા આવે છે સરોજિની વારંવાર બાગમાં જઇને જોયા કરતી હતી કે, ભ્રમરોનો સમૂહ કેતકીના ફુલોનો પરાગ ચોરી લઇ પોતાનું શરીર રંગે છે તથા પ્રફુલ્લ પુષ્પોનું મધુ હરી લે છે જે કાળું હોય છે તેને પાઉડર લગાવી પોતાના પ્રેમક અથવા પ્રેમિકાની નજરમાં સુંદર દેખાવાની ઇચ્છા નથી થતી કે ? સરોજિની સમજતી હતી કે, સઘળા પુષ્પો પોતાની શોભા, સૌરભ અને મધુ લૂટાવીને જ જીવનને સાર્થક કરે છે

સંધ્યાકાળ થઈ ગયા પછી સરોજિની જોતી હતી કે, પ્રદોષના વખતે સઘળા પક્ષી કુંજમાં આવી વૃક્ષપત્રોને પોતાની આખા દિવસની કથા કહી સંભળાવે છે. પત્રાવલી પણ મર્મર કંઠથી તેનો પ્રત્યુત્તર આપે છે તથા એવી રીતની વાત કરતા કરતા જ્યારે ઘણી રાત વીતી જાય છે ત્યારે પક્ષીઓ તેમના ખોળામાં જ સુઇ જાય છે પ્રેમ

અંતર્જગતનો એક પ્રકાશ હોવા છતાં તેની જ્યોતિથી બાહ્ય જગતના સ્થાવર અને જંગમ પદાર્થો પણ જ્યોતિપૂર્ણ થઇ જાય છે

બાગમાં આવેલા કુંજની એક તરફ સરોજિનીએ જોયું હતું કે, એક શ્યામાલતા ઉંચું મ્હો કરી ભિક્ષા માગે છે તથા તેની એવી સ્થિતિ જોઇ પ્રેમિક વનસ્પતિ તેના તરફ ઝુકીને શાખારૂપી બાહુ ફેલાવી રહી છે જેને અવલંબનની આવશ્યક્તા છે તે પોતાના પ્રિય અવલંબનને શા માટે આલિંગન ન કરે? સરોજિનીને પણ હમણાં આલિંગનની જરૂર પડી હતી. જે રમણીએ યૌવનમાં પદાર્પણ કર્યું હોય તેની સ્થિતિ પણ બરાબર એ લતાના જેવી થાય છે, પરંતુ તેની નિર્વાચન શક્તિનો પ્રાય અભાવ થયા કરે છે ભાગ્યવશાત્ દેવ-મંદિરના સ્તંભનું અવલંબન કરી ગૌરવ સ્વર્ગની તરફ તે જાય એવો સંભવ છે તેમજ જો તે અભાગ્યના પંઝામાં ફસાય તો કોઇ સુકા વૃક્ષનું અવલંબન કરી નરકમાં જાય એ પણ બનવા જેવું છે

સ્ત્રીઓનું મહત્ત્વ જ એ છે કે, તેઓ સહજમાં પુરુષોને પોતાના હૃદયનું દાન દઇ દે છે, પરંતુ ઘણા નૃશંસ પુરુષો એ હૃદય નહિ લેતા કેવળ રક્ત માંસ જ લે છે અને તેથી જ વંચિતા અબળાઓને ઘણું કરીને અગાધ સમુદ્રમાં કૂદી પોતાનો પ્રાણ ત્યાગવો પડે છે.

જે અવલંબન સરોજનીએ પસંદ કર્યું હતું તેને અમે કોની સાથે સરખાવી શકીએ તેમ છીએ? દેવમંદિરના સ્તંભ સાથે કે સુકા વૃક્ષ સાથે? આ સંબંધી અમે કાંઇ નક્કી કહી શકતા નથી, છતાં એટલું અમે કહીએ છીએ કે, છેલ્લા થોડા દિવસથી સરોજિનીના હૃદયમાં ભયંકર ભય ઉત્પન્ન થયો હતો. આજકાલ કરતાં લગભગ પંદર દિવસથી તેણે સુરેશચંદ્રનું દર્શન કર્યું નહોતું આજકાલ કુમન

પણ ગૂમ થઇ ગયો હતો. સુરેશના દર્શન વિના દિવસો જેમ જેમ વીતવા લાગ્યા તેમ તેમ સરોજિનીના હૃદયમાં ઉત્કંઠા વધવા લાગી. તે હમ્મેશા એમ વિચારતી હતી કે, આજે અવશ્ય દર્શન થશે, પરંતુ એવી રીતે ઘણા દિવસ પસાર થઈ ગયા નિષ્ઠુર વર્ત્તમાન આવી રીતે આશાને હમ્મેશા નિરાશ કરી અતીતના આવરણમાં પોતાને છુપાવે છે

સરોજિની દિવસનો ઘણો ખરો વખત બાગમાં જ પસાર કરતી હતી તે પોતાના મનમાં ને મનમાં વિચારતી હતી કે આજે સુરેશચંદ્ર સ્હવારે જ આવશે તથા સ્હવારે નહિ આવે તો મધ્યાન્હકાળે અવશ્ય આવશે આમ હોવાથી તેણે આખો દિવસ બાગમાં રહેવું જ ઉચિત છે જે સમયે સરોજિની સ્નાન અને ભોજન કરવાને જતી હતી તે સમયે એના અંતરમાં એવી આશંકા ઉપજતી હતી કે 'કદાચ એવું ન બને કે, હું ઘરમાં હોઉં ને સુરેશચંદ્ર પાછા મ્હને મળ્યા સિવાય ચાલ્યા જાય' આવી આશંકાથી તે સત્વર સ્નાન અને ભોજન કરી લઇ પાછી બાગમાં આવતી હતી. એક દિવસે તેની ફોઇએ કહ્યું –બ્હેન! તું ચોવીસે કલાક બાગમાં શું કર્યા કરે છે

સરોજિનીએ ઉત્તરમાં કહ્યું=" કરવાનું શું હતું ? બાગમાં બેસી રહેવાથી કાંઇ દોષ છે કે ? "

લાડલી સરોજને દયામયી સહજ પણ વિરક્ત થયેલી જોવાને ઇચ્છતી નહોતી તેથી તે સરોજના ઉપરોક્ત પ્રતિપ્રશ્નથી ચુપ થઇ ગઈ,

બીજા પણ બે ચાર દિવસ આવી રીતે પસાર થઈ ગયા. સરો-

જિની આખો દિવસ બાગમાં રહેતી હોવા છતાં તે સુરેશચંદ્રનું દર્શન કરી શકી નહિ, છેવટે સહન નહિ થઈ શકવાથી એક દિવસે તે રડી પડી. એનું એ ઉધાનરૂદન અવરણ્યરૂદનની માફક નિરર્થક થયું એમ અમે કહી શકતા નથી પ્રેમના પ્રાબલ્યથી પ્રાણ દ્રવીને અશ્રુરૂપમાં નીકળી જાય છે, પરંતુ બીજાના જોયા સિવાય એને સાર્થકતા મળતી નથી એમ કોણ કહી શકે છે?

સરોજિનીના મનની સ્થિતિને અમે એક પ્રકારનો પૂર્વાનુરાગ કહી શકીએ છીએ એ પૂર્વાનુરાગમાં થોડો વિરહ આવવાથી એના સકળ કામમાં થોડું દુર્લક્ષ્ય જણાવા લાગ્યું. આહાર વિહાર, વેશભુષા આનંદવિનોદ તથા કોઈના મુખે વાર્તા સાંભળવી વગેરેમાં શિથિલતા કિંવા વિરક્તિ આવી પડી. જે પુષ્પલતાઓ તેણે પોતાને હાથે રોપી હતી તે જળાભાવને લીધે શ્રીવિહીન થઇ જવા લાગી

(૯)

એક દિવસે સરોજિની લતાકુંજમાં બેઠી બેઠી બની ગયેલા બનાવોનો વિચાર કર્યા કરતી હતી બાગ પાસેથી સુરેશચંદ્રનું આવવું જવું, તેનું એ દેવદુર્લભ ભુવનમોહન રૂપ, પરસ્પરના નેત્રોનું મિલન, ઝુમન માર્ફત સુરેશના પત્રની પ્રાપ્તિ તથા તે પછી સુરેશ અને ઝુમનનું આકસ્મિક રીતે અદશ્ય થવું વગેરે સઘળા બનાવોની સ્મૃતિ સરોજના મનમાં ઉપસ્થિત થઈ છેવટની એ વાતો સાથે કોઇ કાર્ય કારણનો સબંધ હશે કે કેમ એવો તેના મને પ્રશ્ન કર્યો, કેમ કે સુરેશચંદ્રે એ પત્ર મોકલ્યા પછી જ પોતાનું નિત્ય નૈમિત્તિક આવાગમન બંધ કરી દીધું છે હવે તેનાથી કેમ આવી શકાતું નથી એનું કારણ પણ એ પત્રમાં અવશ્ય લખેલું હશે સરોજિનીના અંતરમાં હવે

આવા પ્રકારના સંદેહનો ઉદય થવા લાગ્યો અંતે તે ઉઠીને પોતાની પેટીમાંથી સુરેશચંદ્રનો પત્ર લઇ આવી

આ પત્રને સરોજિનીએ અનેકવાર જોયો હતો, હૃદય સાથે ચાંપ્યો હતો તથા તેને ચુંબનો પણ કર્યા હતા હમણાં પણ તેણે એ પત્ર ઉઘાડીને બરાબર જોયો એ કાગળમાં મોતી જેવા અક્ષરો જોવામાં આવ્યા, પરંતુ તેનો અર્થ સમજવાની શક્તિ સરોજમાં નહોતી. તેને તેના પિતા ઉપર ઘણો ક્રોધ ભરાયો પિતાએ તેને લખતા વાંચતા શા માટે શીખવ્યું નહિ? છેવટે ગામના કોઇ ભણેલા ગણેલા બાળકને બોલાવડાવી તેની પાસે એ પત્ર વંચાવવાનો તેણે નિશ્ચય કર્યો. એ નિશ્ચયાનુસાર માળીને બોલાવવામાં આવ્યો તથા બની શકે તેટલી ઝડપથી ગામના એક ભણેલા ગણેલા છોકરાને પોતાની પાસે બોલાવી લાવવાની સરોજે તેને આજ્ઞા કરી

એક ન્હાના બાળકની સરોજિનીને કેમ જરૂર પડી હશે તેનો ઘણો વિચાર કરવા છતાં એ નિર્બોધ માળી કાંઇ નિશ્ચય કરી શક્યો નહિ તેણે વિચાર્યું, કદાચ કોઇને માટે બિલ્વપત્રો તોડાવવાના હશે. અસ્તુ માળી બાગમાંથી નીકળી થોડે દૂર ગયો એવામાં તેની નજર ઝુમન ઉપર પડી તે ઝુમનને જ કેદ કરી સરોજિની પાસે લઇ આવ્યો' ઝુમનની પોતાની ઇચ્છા પણ બાગમાંની બ્હેન પાસે આવવાની હતી, પરંતુ સુરેશચંદ્રે મના કરેલી હોવાથી તે બાગમાં આવવાનું સાહસ કરી શકતો નહોતો આજે તે ઇચ્છાપૂર્વક માળીના હાથમાં પકડાયો હતો, કેમ કે બાગવાળી બ્હેને પોતાને બળાત્કારે બોલાવી મગાવ્યો હતો એવો બચાવ કરવા જેવું કારણ તેને મળી આવ્યું હતું'

કાર્તિકેયની સાથે મયૂરનો જેવો સંબંધ છે તેવો જ સંબંધ

સુરેશની સાથે ઝુમનનો હતો. સરોજિની પણ એ વાતને કાંઇક અંશે જાણતી હતી. જો વાહન આવી શકે છે તો તેનો કાર્તિકેય પણ આવી શકે છે એવા વિચારથી સરોજની કાંઇક પ્રસન્ન થઈ. માગીના ચાલ્યા ગયા પછી તેણે ઝુમનને પૂછ્યું–"ઝુમન ! હવે તું અમારા બાગમાં કેમ આવતો નથી ? તું મ્હારા ઉપર કોઈ કારણથી નારાજ થયો છે કે શું ?"

હવે ઝુમન મૂળ વાત છુપાવી શક્યો નહિ. તેણે સઘળી વાત કબૂલ કરી તથા કહ્યું–"ના બ્હેન ! તમારા બાગમાં આવવાની મ્હારી ઘણી ઇચ્છા હતી, પણ સુરેશચંદ્રબાબુએ મના કરેલી હોવાથી હું આવી શકતો નહોતો."

આ વાત સાંભળવામાં આવતાં સરોજિનીના માનસમુદ્રમાં એકાએક ભરતી આવી. તેણે ઝુમનને કહ્યું –' જ્યારે ત્હારા સુરેશચંદ્ર-બાબુને અત્રે નહોતું આવવું તથા તને પણ નહોતો આવવા દેવો ત્યારે પછી તેમણે મ્હારા ઉપર શા માટે પત્ર લખી મોકલ્યો હતો ? હવે તું એ પત્રને લઇ જઈ જેમણે તને આપ્યો હતો તેમને પાછો આપી દેજે. હવેથી હું એવા પત્રને અડકીશ પણ નહિ."

સરોજિનીને લખતાં વાંચતાં આવડતું નહોતું તેથી કાગળ પત્રને અડકવું એ એને માટે ઝખ મારવા જેવું હતું. અસ્તુ. સુરેશે લખેલો પત્ર ઝુમનના હાથમાં આપી સરોજિની બંગલામાં ચાલી ગઇ. પત્ર હાથમાં લેતી વખતે પોતાની બ્હેનની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં હોય એમ ઝુમનને લાગ્યું.

(૧૦)

જે દિવસે ઝુમન પત્ર પાછો લાવ્યો તે દિવસે સુરેશચંદ્ર શ્યામબજારમાં નન્દલાલને ત્યાં જ હતો. પત્ર મળતાં જ સુરેશ સમજી ગયો કે, તેનું એ કાર્ય બીજા કોઇના જાણવામાં આવ્યું નથી. અનેક આશંકાઓને બદલે હવે તેના જીવમાં જીવ આવ્યો.

ઝુમને કહ્યું –"બ્હેનના બાગમાં હું મ્હારી ઇચ્છાથી ગયો નહોતો, મ્હને તેમનો માળી બળાત્કારે પકડીને લઇ ગયો હતો.' "

સુરેશ–ત્હારી બ્હેને તને શું શું કહ્યું હતું ?

"મ્હને તેમણે એવું કહ્યું હતું કે, 'ઝુમન ! હવે તું અમારા બાગમાં કેમ નથી આવતો ?' એ પ્રશ્નના ઉત્તરમાં મ્હેં કહ્યું, 'સુરેશચંદ્રભાઇએ મના કરેલી છે.' એ ઉત્તર સાંભળી બ્હેને કહ્યું, 'જ્યારે તમારી અહીં આવવાની ઇચ્છા નહોતી ત્યારે મ્હારા ઉપર આ પત્ર શા માટે લખી મોકલ્યો હતો ? તું આ પત્ર લઇ જઇ જેમનો હોય તેમને પાછો આપી દેજે.' આમ કહી તેઓ રડતાં રડતાં બંગલામાં ચાલ્યાં ગયાં."

સુરેશ–ત્હારી બ્હેન મ્હારા ઉપર ગુસ્સે ભરાઇ હતી કે ?

ઝુમન–હા, તેઓ ગુસ્સે ભરાયાં હતાં. તેમણે કહ્યું હતું કે, 'ત્હારા સુરેશચંદ્રભાઇ હવેથી આ તરફ નહિ આવે તો હું તેમના પત્રને અડકીશ પણ નહિ.'

સુરેશ–ઠીક ત્યારે, હવે હું તેને પત્ર લખીશ પણ નહિ. આ વાત સંબંધી તું કોઇને કાંઇ કહીશ નહિ.

માનવહૃદયમાં ભય અને ઉલ્લાસ એક જ સ્થળે રહે છે. પહેલાનો ગુણ કોઇનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ ઉત્પન્ન કરવાનો છે તથા બીજાનો

ગુણ પ્રસ્ફુટિત થવાનો છે હવે સુરેશનુ હ્રદય આનંદિત બની ગયુ. એમા આશાની ભરતી આવી. તે પોતાની ઉપાસ્ય દેવી પાસે પોતાના હ્રદયનો અનુરાગ પ્રદર્શિત કરવા ઘણો વ્યાકુળ બની ગયો, પણ હવે ઉપાય શો હતો ? દેવીએ જાતે જ તેના માર્ગને રોકી દીધો હતો જો તે પત્ર લખી મોકલે તો દેવી તેના પત્રને અડકે તેમ પણ નહોતી.

સુરેશના હ્રદય સાથે તેના મસ્તકનો તર્ક ચાલૂ થયો. હ્રદયે તેને બે વખત પત્ર લખવા ઉત્તેજિત કર્યો ત્યારે મસ્તકે કહ્યું—" ઝુમન એ પત્ર લઇ જવા માટે રાજી થશે નહિ "

હ્રદય—હું એને સમજાવીને પત્ર મોકલાવીશ '

મસ્તક—આ વિષયમા ઝુમનને વિશેષ દબાવવો ઉચિત નથી. એમ કરવાથી તે પોતાના મનમા શુ વિચારશે ?'

હ્રદય—ત્યારે હુ પોતે જ મ્હારી પ્રેમિકા પાસે જઇ તેને મળીશ

મસ્તક—એમ કરતા અનેક સંકટો સ્હામે ટક્કર ઝીલવી પડશે.

હ્રદય—અનુરાગ સંકટોની આશંકા કરતો નથી તેમજ તે સંકટોથી ડરતો પણ નથી જે અનુરાગ સંકટોથી ડરે છે તેને ખરો અનુરાગ કહી શકાતો જ નથી

ત્યાર પછી મસ્તક ચુપ થઇ ગયુ

(૧૧)

એ દિવસે મધ્યાન્હકાળે સુરેશચંદ્ર નન્દલાલને ત્યાંથી નીકળ્યો. તે જ્યારે કાશીનાથના બાગ પાસે આવી પહોચ્યો ત્યારે બાગમા તે પોતાની ઉપાસ્યદેવીને જોઈ શકયો નહિ આજે ઘણા દિવસે તે એ રસ્તે આવેલો હોવાથી પ્રણયિનીનુ દર્શન કર્યા સિવાય ત્યાંથી નહિ ચાલ્યા જવાનો તેણે પોતાના મનમા દૃઢ સંકલ્પ કર્યો હતો.

સુરેશ પાછો નહિ ફરતા બન્ને નેત્રો જે તરફ લઇ જાય ત તરફ જવા લાગ્યો. અને પ્રેમોન્મત્ત સુરેશ રખડી રઝળી સંધ્યાના અંધકાર થતા પાછો કાશીનાથના બાગ પાસે આવી ચઢ્યો. તેના પગે ત્યાથી નહિ ખસવાનુ તેને કહી દીધુ અને સુરેશે બાગનુ કંપાઉન્ડ ઓળંગી અંદર પ્રવેશ કર્યો, કેમ કે હવે તે વિશેષ સમય સુધી રસ્તામા ઉભો રહી શકે તેમ નહોતો અધિકાર સિવાય અન્યના સ્થળમા પ્રવેશ કરેલો હોવા છતા તેના મનમા લેશ પણ ભયનો સંચાર થયો નહિ પ્રેમના પ્રાબલ્યથી સઘળો ભય પલાયન કરી ગયો. મુગ્ધ સુરેશચંદ્રે એ નિર્જન બાગના એક એકાન્ત ભાગમા ઉજ્વળ નક્ષત્રખચિત ગગનચંદ્ર મંડપની નીચે પ્રકૃતિએ પોતાને હાથે બનાવેલા ઘાસના ગાલીચા ઉપર પોતાનુ શરીર નાખ્યુ

એ શય્યા ઉપર શયન કરી નિદ્રા નહિ આવતી હોવા છતા સુરેશ અનેક પ્રકારના સ્વપ્ન જોવા લાગ્યો પ્રેમના પ્રભાવથી લોક જાગ્રત સ્થિતિમા પણ સ્વપ્ન જુએ છે ખરી રીતે જોતા પ્રેમ એક જાદુગર છે, તે કલ્પનાના આવરણથી વાસ્તવિકતાનુ અસ્તિત્વ લુપ્ત કરે છે હમણા સુરેશ નેત્રો મીંચીને પોતાની પ્રણયિનીનુ દર્શન કરી રહ્યો હતો, કેમ કે પ્રેમિકો નેત્રો મીંચીને અંતર અને બાહ્ય જગતની સઘળી વસ્તુઓને જોઇ શકે છે તેમને માટે ખુલ્લી નજરમા અંધકાર છે

સુરેશને માલૂમ પડ્યુ કે થોડે છેટે એક સ્ત્રી સ્થિર ભાવથી ઉભી રહી છે આવુ જોઇ ભૂમિશય્યા ઉપરથી ઉઠી વૃક્ષોની પાછળ છુપાતો છુપાતો ધીમે ધીમે તે એ સ્ત્રી તરફ જવા લાગ્યો તદ્દન પાસે ગયા પછી સુરેશને માલૂમ પડ્યુ કે, તે એક વૃક્ષ છે ' તેનાથી ભૂલ થઇ ગઈ, પણ પોતાની નજીકમા જ સુરેશે કોઈ વસ્તુને હાલતી જોઈ હવે તે ધીમે ધીમે પગલા ભરતો એ તરફ આગળ વધવા લાગ્યો

એ વૃક્ષ સરોજિનીનો લતાકુંજ હતો. પત્રને કુસુમ સાથે પાછો મોકલાવ્યાથી દુઃખ, અભિમાન અને ક્રોધથી સરોજિનીનું હૃદય અત્યંત ઉત્તપ્ત બની ગયું હતું એ ઉત્તાપને દૂર કરવાના હેતુથી સરોજિની સંધ્યા-કાળ પછી બાગમાં ફરતી ફરતી પોતાના લતાકુંજમાં આવી ઘણા વખત-થી વિશ્રામ કરી રહી હતી. આજનો આ વિશ્રામ કાંઇ નવીન નહોતો તે હમ્મેશાં અત્રે આવી પોતાના મનને બહેલાવ્યા કરતી હતી સુરેશે કેળના ઝાડ પાસે ઉભા રહી જે સમયે કુંજમાં કોઇને હાલતું ડોલતું જોયું તે સમયે સરોજિની બંગલામાં જવાની તૈયારી કરી રહી હતી. એ તૈયારીમાં પાંચેક મિનિટ લાગી હશે એવામાં સુરેશ ત્યાં જઇ પહોંચ્યો

આજે પોતાના બાગમાં એક અદ્‌ભુત ચોર ભરાયો હોય એ વિષ-યનું સરોજિનીને બિલ્કુલ જ્ઞાન નહોતું અને તેથી જ વૃક્ષની આડમાં ચોરની છાયા જોઈ તે ઘણી આશ્ચર્યચકિત અને ભયભીત બની ગઇ પોતાની ફોઇને મુખે તેણે ભૂત પ્રેતની ઘણી વાતો સાંભળી હતી એ અપચ્છાયા પ્રથમ કાલ્પનિક હોય એમ લાગે છે અને બીજી વખત જોતાં તે રક્તમાંસયુક્ત વાસ્તવનો આકાર ધારણ કરી લે છે અપચ્છાયા રૂપી સુરેશ વિશેષ નજીક આવી ' હું આવી પહોંચ્યો છું ' બોલ્યો ન બોલ્યો એટલામાં તો સરોજિની ' ઓ બાપ ! ' કહી ભયની વિશેષતાથી બેશુદ્ધ બની ધરા ઉપર ઢળી પડી, પરંતુ સુરેશે ઝડપથી આગળ જઇ તેને પકડી લીધી ક્ષણ કાળ પછી શુદ્ધિમાં આવતાં સરોજિનીએ પોતાનો દેહ સુરેશના ખોળામાં જોયો. તેના મસ્તકનો સુરેશના ધબકતા હૃદય સાથે વારંવાર સ્પર્શ થતો હતો

સુરેશે મૃદુ સ્વરે કહ્યું –"તમને ભય લાગ્યો ? હું સુરેશ છું !"

આ શબ્દો સાંભળી સરોજિનીએ સુરેશના મ્હો તરફ જોયું.

રાત્રિના ભીષણ અંધકારનો વિસ્તાર થયેલો હોવા છતાં પણ પ્રેમિક દંપતિએ પોતાના હૃદયના પ્રકાશની સહાયતાથી એકબીજાને સારી રીતે ઓળખ્યાં, કેમ કે અંતરનો પ્રકાશ બ્હારના અંધકારનો નાશ કરી શકે છે

યુવક યુવતીનું જ્યારે પ્રથમ મિલન થાય છે ત્યારે તેઓ બાળકની માફક વાતચિત કરે છે કાંઈ પણ કહેવા જેવું નહિ હોવા છતાં તેઓ પરસ્પરમાં વાર્તાલાપ કરે છે એ આલાપ સંબંધશૂન્ય હોય છે, તેથી છેવટે તે અનુરાગના આવરણમાં છુપાઈ જાય છે

સુરેશે કહ્યું –" હું તમને મળવાની આશાથી આવ્યો હતો ઇશ્વરકૃપાથી મ્હારી આશા સફળ થઈ છે"

સરોજિની–ત્યારે તમે મ્હને ચ્હાઓ છો કે શું?

સુરેશ–હા, મ્હારા જીવ કરતાં પણ હું તમને વિશેષ ચ્હાઉં છું

આમ કહી સુરેશે સરોજિનીના મ્હો ઉપર ચુંબન કરી લીધું પછી તેણે તેના ગળામાં હાથ નાખીને પૂછ્યું –" આટલા માટે જ તમે મ્હારા ઉપર પત્ર લખી મોકલ્યો હતો, ખરું ને?"

સુરેશ–પત્ર નહિ, મ્હે ત્હારા ઉપર એક કવિતા લખી મોકલી હતી, પણ ત્હે એ કવિતા પાછી કેમ મોકલી દીધી?

સરોજ–મ્હને વાંચતાં આવડતું નથી

આવી રીતે એ લતાકુંજમાં બંનેએ પ્રેમાલાપરૂપી અક્ષરાભ્યાસ કર્યો કારણ, એકાંત લતાકુંજ જ પ્રણયી દંપતિને પ્રેમવિદ્યા શીખવાની યોગ્ય સ્કૂલ થાય છે દ્વાપરમાં વૃન્દાવનના કિશોર–કિશોરી એ સ્કૂલમાં પ્રેમવિદ્યાનું શિક્ષણ મેળવતા હતા એ જ્યાં સુધી સંસારમાં રહેશે ત્યાં સુધી યોગ્ય છાત્ર છાત્રીઓનો અભાવ પણ નહિ રહે જ્યારે પ્રેમિક

અને પ્રેમિકા કોઇ ગુપ્ત લતાકુંજમાં મળે છે ત્યારે તેમના હૃદયમાં આ-શંકાની જે વિજળી દોડ્યા કરે છે તે ઘણી અનિર્વચનીય હોય છે લોકોના પદશબ્દની કલ્પના કરી એક બીજા પરસ્પરને સાવધાન કરે છે ક્વચિત્ તેઓ એ કુંજના પત્રાવરણને ભેદી ભયચકિત નેત્રોથી જુએ છે અને પોતાના તરફ કોઈ આવે છે કે કેમ તેની શંકિત ભાવથી ખાત્રી કરે છે

સુરેશ અને સરોજિની બન્ને, દિવસ અને રાત્રિના સંમિલન વખતે આ લતાકુંજમાં આવ્યા હતા મિલનના આનંદનો દીર્ઘકાળ એમને ક્ષણસ્થાયી મુહૂર્ત જેવો લાગતો હતો હવે સુરેશ સરોજિનીનું નામ જાણી શક્યો હતો એથી વિશેષ પરિચય પ્રાપ્ત કરવાની કાંઈ જરૂર પણ નહોતી

સુરેશ અને સરોજિનીએ પ્રતિજ્ઞા કરી હતી કે, સૂઈ ગયા પછી તેઓ એક બીજાનું સ્વપ્નમાં દર્શન કરશે તેઓ પોતાની એ પ્રતિજ્ઞા પાળવામાં કૃતકાર્ય થયા. સુરેશ પોતાના મનમાં એવો વિચાર કરતો હતો કે, સરોજિનીના અંગ પ્રત્યંગ ઉપર તેનો સંપૂર્ણ અધિકાર છે. એ સઘળી એની સંપત્તિ અને એનું જ ઐશ્વર્ય છે એ અધિકાર સંબંધી એક દિવસે બન્નેમાં શાસ્ત્રાર્થ થયો હતો

સુરેશે સરોજિનીને કહ્યું –" તું મ્હારી છે "

સરોજિની બોલી –" ના, તમે મ્હારા છો "

આ તર્ક ઘણા વખત સુધી એવી જ રીતે ચાલ્યો તેનો કાંઇ છેવટનો નિર્ણય થયો નહિ. પ્રેમે બન્નેને ભુલાવ્યા હતા એટલે તેઓ અધિકારનો નિર્ણય કેવી રીતે કરી શકે ?

સુરેશ અને સરોજિની પોતાના આ અનિર્વચનીય પ્રેમને પોતાના

હૃદયમાં ઘણી સાવધાનતાથી છુપાવી રાખતા હતા, કારણ યથાર્થ પ્રેમિકો પોતાની પવિત્ર પ્રેમકથા કદાપિ કોઈ પણ રીતે બીજાને કહેતા નથી. એમના મુખ ઉપર પ્રફુલ્લતા અને મૌન ભાવ ક્રીડા કર્યા કરે છે આ અગમ્ય અને અનિર્વચનીય પ્રેમનો પ્રવાહ કિનારાઓ સુધી ઉછાળા મારવા છતાં સંયમની સમયભૂમિનું અતિક્રમણ કરતો નથી

(૧૨)

હવે અમે અમારા પાઠકોને થોડા વખત માટે કાશીનાથના વાઘબજારમાં આવેલા મકાને લઈ જઈએ છીએ હવે સુલોચનાના ચારિત્ર્ય માટે કાશીનાથના મનમાં શંકા ઉપજી છે શંકા નામ માનસિક રોગનું છે વયોવૃદ્ધિની સાથે સાથે શરીરની ચામડી ઢીલી થઈ જેવી રીતે કુંચિત આકાર ધારણ કરે છે તેવી રીતે મન પણ કુંચિત થાય છે તેથી સંદેહનો અર્થ બીજા શબ્દોમાં મનકુંચન થાય છે એના આગમનનો સમય વયસની વિપુલ પ્રાપ્તિ છે

સુલોચના ઉપર કાશીનાથને પ્રથમથી જ અવિશ્વાસ હતો ચરિત્રહીન અવિશ્વાસી પુરુષ કદાપિ પોતાની સ્ત્રીનો વિશ્વાસ કરતો નથી સ્ત્રી ગમે તો સંપૂર્ણ સતી સાધ્વી હોય છે તો પણ તે તેના ઉપર અવિશ્વાસ રાખે છે વિશેષે કરીને કાશીનાથ તો સુલોચના ઉપર સહજ પણ વિશ્વાસ રાખતા નહોતા સુલોચના કદાપિ તેમની અનુરક્તા બની નહોતી

અમે પ્રથમ કહી ચુક્યા છીએ કે, સુલોચના સ્વરૂપવતી હતી. અમારા પાઠકોમાંથી જે પાઠક સ્વરૂપની સમાલોચના કરવામાં સિદ્ધહસ્ત હોય તેમણે સુલોચનાના સ્વરૂપની સમાલોચના કરતાં પહેલાં એમાં પૂર્ણ યૌવન અને ચંચળતાને શામિલ કરવા બાળકના હાથમાંની

છુરીની માફક કોઈ કોઇ રૂપવતી પોતાના રૂપરૂપી અસ્ત્રની સાથે રમન કર્યા કરે છે તથા એ અસ્ત્ર ઘણું કરીને તેને પોતાને જ ઘાયલ કરે છે એ કોઇ કોઇમા સુલોચનાનો પણ સમાવેશ થતો હતો એને પણ પોતાના સ્વરૂપાસ્ત્ર સાથે રમન કરવી બહુ ગમતી હતી આનદી નામની દાસી તેની રમનની સાથી હતી એ કારણથી જ સુલોચનાની આનદી ઉપર વિશેષ મમતા જોવામા આવતી હતી.

ગૃહસસારનો પ્રાય સઘળો ખરચ સુલોચનાના હાથમા હતો, પણ તે એક પર્દાનશીન સ્ત્રી હતી. કાશીનાથ ઘર તરફ સપૂર્ણ બેદરકાર રહેતા હતા, તેથી શ્રીમતી સુલોચનાને ગૃહસસાર માટે જોઈતી સઘળી વસ્તુઓ રસિકલાલ નામના મહેતા પાસે મગાવવી પડતી હતી

ઘરના સઘળા દાસ દાસીઓ રસિકલાલની આજ્ઞામા રહેતા હતા, કેમ કે તેમને રસિકલાલ માર્ફત જ પોતાના પગા ની રકમ મળતી હતી, આમ છતા આનદી વારવાર રસિકલાલની ભૂલો શોધી કાઢતી હતી રસિકલાલ આનદીની હરેક વાત માનતો હતો આવો પ્રકાર જોઈ બીજા દાસદાસીઓ પરસ્પરમા એમ કહેતા કે, આનદીની ઉમ્મર ન્હાની હોવાથી રસિકલાલ તેના ઉપર આટલી બધી મહેરબાની રાખે છે કાશીનાથની એક બીજી દાસીએ લાગલાગટ બે દિવસ સુધી આનદીને રસિકલાલને ત્યાથી રાતના બાર વાગી ગયા પછી આવતી જોઇ હતી.

રસિકલાલની ઉમ્મર કાઇ વધારે નહોતી—ચાળીસ વર્ષની અદર જ હતી. શરીરનો રગ ગૌર નહિ હોવા છતા તેને કામદેવના જેવા નેત્રો અને મુછો હતી' રસિકલાલના માબાપે પુત્રનુ તેના ગુણ પ્રમાણે જ નામ પાડ્યું હતુ તેનામા પુષ્કળ પ્રેમ અને રસ હતો કોઇ કવિએ પ્રેમિકોની પણ 'ક્વૉલિટી' બતાવી છે. તે કહે છે કે, એક પ્રકારના

પ્રેમિક એવા પણ થાય છે કે જેઓ પ્રેમની નદીમાં કૂદી પડીને એકદમ તેને તળીએ પહોચી જાય છે તથા તેઓ પાછા કદાપિ ઉપર આવતા નથી બીજા એવા પ્રકારના પ્રેમિક થાય છે કે, તેઓ સેંકડો વખત પ્રેમની નદીમાં ડુબકી ખાવા છતા તરત ફરી કિનારે આવે છે. અમારો રસિકલાલ ફર્સ્ટ ક્વોલિટીના પ્રેમિકો જેવી પ્રકૃતિનો નહોતો. તેને પ્રેમની નદીમા અનેક વાર ડુબકીઓ મારવી પડી પરતી તથા પ્રત્યેક વખતે તે તરીને કિનારે આવી પહોચતો હતો

રસિકલાલ પાચ વર્ષથી કાશીનાથને ત્યા ગુમાસ્તાનુ કામ કરતો હતો તે વર્દ્ધમાનનો હોવાથી કાશીનાથ તેને 'વર્દ્ધમાની ગુમાસ્તો' કહીને બોલાવતા હતા અને તેથી રસિકલાલના કાશીનાથ ઉપર ઘણો ક્રોધ હતો બાકી એ કારણથીજ સતી સુલોચનાની રસિકલાલ ઉપર કૃપાદૃષ્ટિ પડી હોય એમ અમને લાગે છે જ્યા સ્વામી સ્ત્રી વચ્ચે વિરોધ રહેતો હોય છે ત્યા જે નોકર પોતાના શેઠને વિષદૃષ્ટિથી જુએ છે તે જ ગૃહિણીની નેકનજરને પાત્ર થાય છે રસિકના રમ્યપૂર્ણ મુખમંડળે સુલોચનાની સુદૃષ્ટિનુ આકર્ષણ કર્યું હતુ આમ હોવાથી કાશીનાથ જ્યારે સનાતનવતી વેશ્યાઓને ત્યા હોય ત્યારે રસિકલાલને વારવાર અન્તપુરમા બોલાવવામા આવતો હતો તથા અન્તપુરમા ઘણા સમય સુધી રોકાઈને તેને શેઠાણી સાથે અનેક જરૂરી તથા બિનજરૂરી વાતો કરવી પડતી હતી વાચાળ કિંવા બહુબોલી સુલોચના રસિકલાલ પાસે એક વખત મ્હો ઉઘાડ્યા પછી તે પાછુ બંધ કરતીજ નહોતી. શેઠાણીની સાથે રસિકલાલનો વિશેષ સબધ જોઈને આનદી રસિકલાલને વિષદૃષ્ટિથી જોતી હતી.

એક દિવસે રસિકલાલ નોટોનુ બડલ લઈ સુલોચના પાસે જઈ

તેના હાથમા થોડી નોટો આપતો હતો, પણ સુલોચનાએ થોડી નોટો લેવાની ના પાડી આખુ બંડલ માગ્યુ, જેથી રસિકલાલે કહ્યુ –" ના–ના, હુ તમને બધી નોટો આપી શકુ તેમ નથી આમાથી પાચસો રૂપિયાની નોટો શેઠ દમદમને બગલે પહોચાડવાનુ કહી ગયા છે " છતા સુલોચનાએ કાઈ સાભળ્યુ નહિ ને તો હસતી હસતી રસિકલાલના હાથમાથી બધી નોટો લઈ લેવાનો પ્રયત્ન કરવા લાગી એવામા એ ઓરડામા આનદીએ પ્રવેશ કર્યો આનદીને જોઇ કિંકર્ત્તવ્યવિમૂઢ બની જઇ રસિકલાલ નોટોનુ બડલ સુલોચનાના હાથમા છોડી દઇ બ્હાર ચાલ્યો ગયો

એ બનાવ બન્યા પછી રસિકલાલ સાથે આનદીનો એક માનસિક સગ્રામ થઈ ગયો આનદી રસિકલાલના ઘરનુ સઘળુ કામકાજ પોતાને હાથે કરતી હતી તથા વચ્ચે વચ્ચે તેમનામા રસાલાપ પણ થતો હતો આજકાલ આનદી જ્યારે ઘેર આવતી ત્યારે કાઈ કામનુ નિમિત્ત દર્શાવી રસિકલાલ બ્હાર ચાલ્યો જતો હતો આનદી એથી વિશેષ ચીડાઇને ઘરનુ કામ વધારી મૂકતી હતી

(૧૩)

ઘરના દાસદાસીઓમાથી ઘણાએ સુલોચનાને વિવાહિતા થઈ વહુ તરીકે ઘરમા આવતી જોઈ હતી, તેથી તેઓ તેને 'વહુજી' કહીને બોલાવતા હતા તેમનુ અનુકરણ કરી આનદી પણ સુલોચનાને એ સબોધનથી જ સબોધતી હતી અત પુરમા રસિકલાલનો અધિકાર ધીમે ધીમે વધતો જતો જોઇ આનદી સમજી ગઇ કે વહુજી એની દાળ રોટીમા ધૂળ નાખવાનો પ્રયત્ન કરે છે છેવટે તેણે પણ કૂટ બુદ્ધિનો ઉપયોગ કરવાનો પોતાના મનમા ને મનમા નિશ્ચય કર્યો

કાશીનાથને એક દિવસે ઘેર એકાન્તમાં બેઠેલા જોઇ આનંદીએ કહ્યું –" શેઠજી, આપ રસિકલાલનું અંતઃપુરમાં જવું આવવું એકદમ બંધ કરો એ સારા માણસ નથી "

" શા ઉપરથી તું આમ કહે છે ? ત્હારા જોવામાં કોઇ નવી વાત આવી છે કે ? "

" હું આપને વિશેષ કાંઈ કહી શકતી નથી, એ માટે મ્હને માફી આપો "

" તું ચોખ્ખી વાત કેમ કહેતી નથી ? ભય ગણ્યા સિવાય મ્હારી પાસે ખરી વાત કહે '

પોતાના હૃદયનો ઉભરો કાશીનાથ પાસે કાઢવાનો પ્રથમથી જ આનંદીએ નિશ્ચય કર્યો હતો આજે પોતાનો હેતુ પાર પાડવાના ઉદ્દેશથી જ તેણે આ પ્રસંગ ઉપસ્થિત કર્યો હતો, આમ છતાં થોડા વખત માટે તે હા–ના કરવા લાગી વાત કહેવાની એ એક રીત હતી, કારણ કે કોઈ પણ વાત સરળ ભાવથી કહી દેવામાં આવે છે તો તેની તેજસ્વી તીક્ષ્ણ ધારનો નાશ થાય છે તથા જે વ્યક્તિ વિરુદ્ધ એનો પ્રયોગ કરવામાં આવે છે તેનું કાંઈ પણ અનિષ્ટ થતું નથી તદનુસાર કાશીનાથે ઘણો જ આગ્રહ દર્શાવ્યો એટલે આનંદી કહેવા લાગી – " એક દિવસે વહૂજીના ઓરડામાં રસિકલાલ અને તેમની વચ્ચે નોટોનું બડલ લેવાની ખેંચતાણ થતી મ્હેં જોઈ હતી, પણ એમાં વહૂજીનો કાંઈ દોષ નથી, કેમ કે તેઓ સ્ત્રીજાત છે રૂપિયા જોઇને સઘળી સ્ત્રીઓ લલચાય છે. રસિકલાલ પુરુષ માણસ છે તેઓ રૂપિયા પૈસા લઇ ગમે ત્યારે વહૂજી પાસે આવે જાય એ સારુ ન કહેવાય, પણ જોજો શેઠજી, આ સબંધી રસિકલાલ આગળ આપ મ્હારા

નામનો ઉલ્લેખ ભૂલે ચુકયે પણ કરશો નહિ, નહિ તો મ્હારો રોટલો જશે ”

થયું, તે દિવસથી જ કાશીનાથે રસિકલાલનો અંતપુરનો અવર જવર બંધ કર્યો અને સુલોચનાને કહ્યું –“ આજથી રસિકલાલને માટે અંતપુરમાં આવવાની મના કરી દીધી છે હવે તે ખરચના રૂપિયા આનંદી માર્ફત તને પહોચાડશે તથા બજારના ખર્ચની રકમ તું તેમને બ્હાર મોકલી આપજે ”

આ વચનો સાંભળી ગર્જના કરી સુલોચના બોલી ઉઠી –“ મ્હારા ઉપર તમને કોઇ જાતનો વ્હેમ છે કે શું ?’

કાશીનાથ—ના-ના, વ્હેમ શાનો ? મ્હે એમ સાંભળ્યું છે કે, રસિકલાલ સારો માણુસ નથી તેથી એવો માણુસ હમ્મેશા અંતપુરમાં આવજા કરે તો લોકો વિના કારણ જેમ ફાવે તેમ બોલે.

સુલોચના-હું સ્ત્રીજાત છું ગૃહસંસારના સઘળા કામકાજની રસિકલાલને માહિતી છે જો તેઓ ઘરમાં નહિ આવે તો આ મ્હોટી ગાડીનો ગાડીવાન કોણ બનશે ?

કાશીનાથ-જો ત્હારો એવો જ વિચાર હોય તો રસિકલાલને રજા આપી તેની જગ્યાએ બીજા કોઈ ઘરડા ઠરેલ માણુસને રાખીએ.

આ શબ્દો સાંભળવામાં આવતા સુલોચનાના મનમાં ભયનો સંચાર થયો, કેમ કે એક નોકરનું સ્થાન બીજો પૂર્ણ કરી શકે છે, બદલીદ્વારા ઑફિસની ખાલી પડેલી ખુરસી પાછી ભરી શકાય છે, પરંતુ એ બદલીથી હૃદયનું શૂન્ય કિંવા ખાલી પડેલું સ્થાન ભરી શકાતું નથી. સુલોચના જાણતી હતી કે, રસિકલાલે તેના હૃદયના એક સ્થાનપર અધિકાર મેળવ્યો છે એ સ્થાન ફરી ખાલી પડી જાય

એવો ભય ઉપજાવ્યો તેણે કહ્યું–" રસિકલાલે એવો તે શો ગુન્હો કર્યો છે કે તેના જેવા જુના માણસના રોટલાને તમે લાત મારો છો?"

કાશીનાથ–હું જુના માણસના રોટલાને લાત મારવા ઇચ્છતો નથી, પણ એવા ખરાબ માણસને અંતઃપુરમાં આવતો જતો બંધ કરવો પડશે

સુલોચના–જેવી તમારી મરજી

એ દિવસથી સુલોચનાના અંતર્જગતમાં ધરતીકંપ ઉત્પન્ન થયો હતો કાશીનાથ પણ એના વ્હેમના ખરા સ્વરૂપને કાંઇક અંશે સમજી ગયા હતા, કેમ કે સુલોચના પોતાના મનના ભાવને સર્વાંશે છુપાવી શકતી નહોતી કોઈ કોઈ સ્ત્રી એ કાર્યમાં ઘણી અજ્ઞાન હોય છે આનંદીએ વિચાર્યું કે, તેણે એક કાંકરે બે પક્ષી માર્યા છે–તેણે વહુજી અને રસિકલાલને ઘણાં અપમાનિત કર્યા છે

મ્હોટા ઘરના મ્હોટા માણસો જાતે ગમે તેવા હોય તો પણ ક્વચિત ક્વચિત પારિવારિક પવિત્રતાનું રક્ષણ કરવા તરફ તેમનું વિશેષ ધ્યાન જોવામાં આવે છે અને તેથી જ ત્રણ દિવસ સૂધી કાશીનાથે દમદમને બંગલે જવાનો વિચાર કર્યો નહિ તે આખો દિવસ ઘેર રહી પોતે કરેલો નવીન બંદોબસ્ત કેવી રીતે ચાલે છે તેની સૂક્ષ્મદૃષ્ટિથી તપાસ રાખવા લાગ્યા આનંદી સુલોચનાની આજ્ઞા લઈ વારંવાર રસિકલાલ પાસે બેઠકખાનામાં જવા લાગી તથા વિદૂષની સોટી ઉંધી પકડી તે રસિકલાલની પીઠ પર ફટકા મારવા લાગી રસિકલાલને ઉદ્દેશીને તે કહેતી કે, "મુનીમ મહાશય! આજે આપ વહુજી પાસે કેમ ગયા નથી?" બીજી તરફથી સુલોચનાના પગમાંના ઝાંઝરોનો અવાજ વારંવાર સંભળાતો હતો કાશીનાથ સમજી ગયા કે, પોતાની

ગેરહાજરીમા સઘળા બધન અવશ્ય છિન્ન ભિન્ન થઈ જશે ફાસફાસી-ઓના પહેરાનો કાંઇ ઉપયોગ થશે નહિ એથી તેઓ પોતે ગગા-ગાર્ડનમા જઇ પોતાની બ્હેન અને પુત્રીને વાઘબજારવાળા બગલે લઇ આવ્યા

(૧૪)

સરોજિનાને એકાએક પોતાના પિતાની સાથે વાઘબજારવાળા બગલામા આવવુ પડયુ આ સબધીની સુરેશચદ્રને કાઇ ખબર આપવાનો સુયોગ પણ તેને મળ્યો નહિ વળી હવે ખબર આપવાનો કાઈ ઉપાય પણ રહ્યો નહોતો કેમ કે બે પ્રેમિકના જેટલો પરિચય થવો જોઈએ એટલો પરિચય સુરેશ અને સરોજિનીની વચ્ચે થયો નહોતો પોતાના સબધી સરોજિનીએ સુરેશને કેવળ એટલુ જ કહ્યું હતું તેને પિતા, ઓરમાન માતા અને ફોઈ છે, પણ પિતાનુ નામ શુ છે, કલકત્તામા તેમનુ નિવાસસ્થાન કયા છે વગેરે હકીકત સુરેશે પૂછી નહોતી તેમજ સરોજિનીએ કહી પણ નહોતી સુરેશે પણ પોતાનુ સઘળુ ઠેકાણુ તેને કહ્યું નહોતું તેમનુ મિલન ઘણા થોડા દિવસથી જ થયુ હતું તેમની મુલાકાત બેચાર વખત રાત્રિને સમયે બાગમા જ થઇ હતી એ મુલાકાતો પ્રસગે નિશ્ચિતતાથી બે ચાર ઉપયોગી વાતો કરવા જેટલો તેમને અવકાશ મળ્યો નહોતો

વગર વિચારે કરેલા કામનુ પરિણામ અશાન્તિ કિંવા દુખ છે સુરેશ માટે પણ એવુ જ પરિણામ આવ્યુ સધ્યા વીતી ગયા પછી તે બાગમા આવેલા લતાકુજમા ઉપસ્થિત થયો તેણે જોયુ કે, આજે હમ્મેશાની માફક ચતુર ચકવી તેની રાહ જોઇ રહી નથી. તેણે વિચાર્યું કે, આજે તે બાગમા બીજા દિવસો કરતા વ્હેલો આવ્યો હશે. સુરેશ

બેન્ચ ઉપર બેસી સરોજિનીના આગમનની રાહ જોવા લાગ્યો. પા કલાક, અડધો કલાક અને છેવટે એક કલાક વીતી ગયો, પણ પ્રિયતમા સરોજિની આવી નહિ સુરેશ ઉત્કંઠિત બની ગયો એક ક્ષણ તેને એક કલાક જેટલી જણાવા લાગી આવી સ્થિતિમા બીજો ઘણો વખત વીતી ગયો ધીમે ધીમે રાત્રિ વધવા લાગી ચંદ્ર ડુબી ગયો, પરંતુ સુરેશે તે તરફ ધ્યાન આપ્યુ નહિ તે સરોજિનીના પગલાનો મધુર અવાજ સાભળવાની આશાથી કાન માડી બેસી રહ્યો હતો

છેવટે હારીને સુરેશ ઉઠી ઉભો થઈ આમ તેમ દૃષ્ટિ ફેરવવા લાગ્યો, પરંતુ હાલતી ડોલતી વૃક્ષશાખાઓ સિવાય બીજુ કાઇ તે જોઇ શકયો નહિ તે લતાકુંજની બ્હાર નીકળ્યો તો માળીની ઓરડીમા તેણે દીપક સળગતો જોયો હવે તે ધીમે ધીમે માળીની ઓરડી તરફ જવા લાગ્યો એવામા એના પગ પાસેથી સરસર કરતી કોઇ વસ્તુ સાપની માફક સરી ગઇ જો બીજો પ્રસંગ હોત તો સુરેશ કૂદી પડત, પરંતુ આ વખતે તે અટકી ઉભો રહ્યો-વિશેષ ચિંતાતુર થયો નહિ. કારણ કે ભય અને ચંચળતા સ્થિતિ ઉપર આધાર રાખે છે

સુરેશે વિચાર્યું કે, સરોજિનીને કાંઈ પીડા થઇ હશે અને તેથી જ તે આજે લતાકુંજમા નહિ આવી શકી હોય સુરેશે બગલા તરફ જોયુ તો કોઇ પણ બારી બારણામા તે પ્રકાશનુ દર્શન કરી શકયો નહિ. સુરેશ આશ્ચર્યચકિત બની ગયો એ સ્થળે કોઈ મનુષ્ય છે કે કેમ તેનો તે નિશ્ચય કરી શક્યો નહિ મુખ્ય દ્વાર નજીક જતા તેણે તેના ઉપર મ્હોટુ તાળુ વસાયલુ જોયુ ત્યારે શુ સરોજિની આ બંગલાનો ત્યાગ કરીને ચાલી ગઈ? તે ક્યા ગઇ એ સબધી તેણે ગઇ કાલે કેમ કાંઈ કહ્યુ નહિ? ને કાઇ કહ્યા સિવાય ચાલી જાય એવી

તો નથી, કેમ કે તેનામાં સહજ પણ નિષ્ઠુરતા નથી ' તેનો અનુરાગ નિર્મળ અને સરળ છે સુરેશનું મસ્તક ભમવા લાગ્યું. તે શું કરે અને શું ન કરે ? તે કાંઈ નિર્ણય કરી શક્યો નહિ એ ખાલી બંગલાની નજીક ઘોર રાત્રિના સમયે વિશેષકાળ સુધી ઉભા રહેવું નિરાપદ નહોતું. ત્યાં આત્મગોપન કરવા માટે એક્કે વૃક્ષ સુદ્ધાં નહોતું કેવળ એક શિવમંદિર ત્યાં આવેલું હતું સુરેશે એ મંદિરના દ્વારને પણ તાળાંથી બંધ જોયું અંદર એક ક્ષીણ તેજવાળો દીપક સળગતો હોય એવો સુરેશને ભાસ થયો પૂજારી મહારાજ મંદિરમાં મધ્યાદીપ સળગાવી આરતી કરી મંદિરનું દ્વાર બંધ કરી વિદાય થઈ ગયા હશે એમ સુરેશે ધાર્યું

એવા રાત્રિના સમયે સુરેશ માળીની ઝુંપડી તરફ જવાનું સાહસ કરી શક્યો નહિ. તે સાવધાનતાથી બાગની બ્હાર નીકળી સ્ટેશન ઉપર ઉપસ્થિત થયો તેણે ઘડીઆળમાં જોયું તો રાત્રિનો એક વાગ્યો હતો. કલકત્તા જવા માટે હવે એક પણ ટ્રેઇન નહોતી કદાચ સમય અને સાધન હોત તો પણ સરોજિનીનો સંપૂર્ણ પત્તો મેળવ્યા સિવાય પાછો ફરે એવો સુરેશ નહોતો રાત્રિનો અવશિષ્ટ સમય પસાર કરવાના વિચારથી જ તે સ્ટેશને ઉપસ્થિત થયો હતો નન્દલાલને ઘેર આટલી મોડી રાત્રે જવું તેણે સયુક્તિક ધાર્યું નહોતું સ્ટેશનના પ્લૅટફૉર્મ પર થોડા સમય સુધી આંટા માર્યા પછી એક બેન્ચપર બેસી પ્રભાતકાળ થવાની રાહ તે જોવા લાગ્યો. સહજ આંખો મીંચવાની પણ તેની ઇચ્છા હતી, કિન્તુ દુશ્ચિન્તાઓની વિશેષતાથી તેને નિદ્રા આવવાનો લેશ પણ સંભવ નહોતો. છેવટે રાતના ચાર વાગ્યે તેને કેવળ નામ માત્રની નિદ્રા-તંદ્રા આવી હતી. એ પ્રસંગે સ્વપ્નમાં પોતાની પ્રિયતમા

જીવનમોહિની સરોજિનીનું દર્શન કરી તે વ્યાકુળતાથી ચમકી ઉઠી બેઠો થયો એ વખતે પ્રભાતકાળ થવા આવ્યો હતો. ભૂખ અને ઉજાગરો વેઠવામાં આવ્યાથી લોથપોથ થઈ ગયેલો સુરેશ શિશિરસિક્ત પ્રકૃતિના એ અપૂર્વ જાગરણ સૌન્દર્યને બિલ્કુલ અનુભવી શક્યો નહિ

(૧૫)

સહુવારે સુરેશ નન્દલાલને ઘેર નહિ જતા સરોજિનીના બાગ પાસે ઉપસ્થિત થયો એ વખતે સાત વાગવા આવ્યા હતા બાગનો એક માળી બ્હાર આવતો હતો સુરેશે તેને હિન્દુસ્તાની ભાષામાં પૂછ્યું –" યહ બાગ કિસકા હૈ ?

" કાશીનાથ શેઠકા " માળીએ ઉત્તર આપ્યો

" કાશીનાથ શેઠકા મકાન કહાપર હૈ ? "

" કલકત્તેમે "

" કલકત્તેમે કિસ જગહ ? "

" વાઘબાજારમે ક્યા આપને વાઘબાજારમે રહનેવાલા કાશીનાથ શેઠકા નામ નહિ સુના ? હમારે શેઠ સાહબ બડે ભારી આદમી હૈ–બહુત ખૂબ પૈસેવાલે હૈ કાશીનાથ શેઠ કલ યહા આયે થે ઔર આકર બ્હેનકો લે ગયે હૈ "

" તુમ્હારે શેઠકા મકાન કિતને નબરકા ઔર કિસ ગલીમે હૈ ?"

" સો તો મુઝે નહિ માલૂમ. આપ ક્યા ચાહતે હૈં ?"

આ પ્રશ્નનો સુરેશે કાંઇ ઉત્તર આપ્યો નહિ, કારણ કે તે શુભ પ્રેમરૂપી પાઠશાળાનો એક શિષ્ય થઇ ચુક્યો હતો, છતા હજી સૂધી પ્રેમપ્રાપ્તિ માટે તે અસત્ય બોલતા શીખ્યો નહોતો માળીએ સુરેશને તેનું નામ ઠામ પૂછ્યું, પરંતુ સુરેશે એ સબધી કાંઇ કહ્યું નહિ માળી

સહજ વિસ્મિત બની જઇ ચાલ્યો ગયો સુરેશ સમજી શક્યો કે, કાશીનાથ તેની પ્રણયપ્રતિમા સરોજિનીના પિતા છે તથા સરોજિની તેમની સાથે કલકત્તા ચાલી ગઇ છે તેથી સુરેશ પણ કલકત્તા તરફ વિદાય થયો

તે દિવસથી સુરેશ હમ્મેશા બે ત્રણ વખત વાવબજારમા જવા લાગ્યા થોડા દિવસમા જ તે ત્યાની સઘળી ગલીકુચીઓથી પરિચિત થઈ ગયો એ ગલીકુચીઓમા ફરતી વખતે તેની નજર હરેક ઘરની બારીઓ તરફ ખેચાતી હતી. હૃદયના સંકોચથી તેમજ કાશીનાથના સંપૂર્ણ ઠેકાણાની માહિતી નહિ હોવાથી સુરેશ કોઈને એ મકાન વિશે કાઈ પૂછી શક્યા નહિ ને હમ્મેશા થાકી જઈ ઉદાસચિત્તે ઘેર પાછો ચાલ્યા આવતો હતો

(૧૬)

પહેલા સુરેશના હૃદયમા આનંદ હતો, આશા હતી તેમજ ઉત્સાહ હતો એ સમયે કલ્પનાદેવી તેના હૃદયગગનપર રામધનુષ્યનુ ઉજ્વળ ચિત્ર અંકિત કરતી હતી સરોજિનીના મિલનથી એની દષ્ટિ સમક્ષ વિશ્વસસાર એક મ્હોટા હિરક ખડની માફક સદૈવ પ્રકાશતો હતો હવે સરોજિનીને ગૂમાવી સુરેશ પ્રથમના જેવુ સુખ અનુભવી શકતો નહોતો નિરાશાની સાથે ખિન્નતાએ આવી તેના હૃદયને અંધકાર-મય બનાવી દીધુ છે તેને હવે કાઇ સારુ લાગતું નથી કામકાજપર કંટાળો આવે છે લોકોનો કલરવ અને નિર્જનતાનો ભાવ-બન્ને તેને ખરાબ લાગે છે સ્વાભાવિક શોભા હવે પ્રથમની માફક તેના હૃદયને આનન્દનુ દાન દઇ શકતી નથી પહેલા તેના સઘળા વિચારોના મૂળમા સુખ હતુ હવે ચિંતા છે, પરંતુ એમા સુખનો સંપૂર્ણત અભાવ છે.

સુરેશ વિરહના પ્રશસ્ત પિંજરમાં ફસાઇ મનોકષ્ટથી પોતાનો કાળ પસાર કરે છે

કોઇ કોઇ કવિએ પ્રેમને એક પ્રકારના રોગ તરીકે ઓળખાવ્યા છે એ રોગ જે પ્રાણીને પોતાનો શિકાર બનાવે છે તેના મનમાંથી કર્તવ્યના જ્ઞાન અને આવશ્યકીય કામની ચિંતા થોડી ઘણી દૂર થઇ જાય છે એ રોગમાં સપડાયલો સુરેશ ઘણા દિવસથી શ્રમજીવી સમિતિ અને રાત્રિ વિદ્યાલયની વાત ભૂલી ગયો હતો, આમ છતાં ક્વચિત્ ક્વચિત તે ત્યાં જતો હતો તો ખરો જ સરોજિની કદાચ પાછી ગંગા ગાર્ડનમાં રહેવા ગઈ હશે એમ ધારીને સુરેશ વચ્ચે વચ્ચે નન્દલાલને ત્યાં જતો, પણ માર્ગમાં આવેલા બાગને તથા બંગલાને નિર્જન જોઈ તે ચિંતાતુર ચિત્તે પાછો ચાલ્યો આવતો હતો વારંવાર નિરાશા મળવાથી છેવટે તેણે તે તરફ જવું પણ બંધ કર્યું

કોઇ પણ રોગની હમ્મેશા સરખી સ્થિતિ રહેતી નથી દિવસે દિવસે તે ઘટીને દૂર થઈ જાય છે અથવા તો વધી જાય છે પ્રેમની ગણના કોઈ રોગશ્રેણિમાં કરતા વિગ્નને એવું સન્નિપાતિક ક્ષેત્ર માન વામાં આવે છે આજકાલ કરતાં ત્રણ માસથી સરોજિનીના વિરહથી દુખિત સુરેશમાં એ સન્નિપાતનો વિકાર દૃષ્ટિગોચર થાય છે લગભગ એક માસથી કલકત્તાની સ્કૂલો અને કૉલેજો ગ્રીષ્મકાળની રજાઓને લીધે બંધ થઇ ગઇ છે તથાપિ સુરેશ એ આખા મહિનામાં નન્દલાલને ઘેર ગયો નથી. એક રીતે જોવા જતાં તે નન્દલાલને પણ ભૂલી ગયો હતો, કેમ કે મૈત્રી કરતાં મધુર ભાવનો પ્રભાવ વિશેષ પડે છે નંદલાલે સુરેશને ચાર પાંચ પત્ર લખ્યા ત્યારે તેને કેવળ એક જ પત્રનો ઉત્તર મળ્યો. છેવટના પત્રમાં સુરેશે સંન્યાસધર્મ સ્વીકારવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી હતી

(૧૭)

કનકલતાએ ઘણા દિવસથી સુરેશમા થયેલા એક પ્રકારના માનસિક પરિવર્તનનુ દર્શન કર્યું હતું તેણે ઘણી વખત ઝુમનને મુખે બાગવાળી બ્હેનની વાત સાભળી હતી બાગવાળી બ્હેન ઝુમન ઉપર ઘણો પ્રેમ રાખે છે, ઝાડપરથી ફળો તોડાવી ખવડાવે છે અને જે દિવસે પોતાને માટે બીલ્વપત્ર એકઠા કરાવે છે તે દિવસે ઝુમનને બે ચાર પૈસાની પણ પ્રાપ્તિ થાય છે એની બ્હેન દેખાવમા ઘણી સુદર હોઇ તેનો સ્વભાવ સરળ છે આ સઘળી વાતો ઝુમને પોતાની હમ્મેશાના સુલભ બોલીમા કનકલતા પાસે સારી રીતે વ્યક્ત કરી હતી એક વખતે સુરેશે એ બાગમા પોતાને જવાની મના કરી હતી તે વાત પણ તેણે કહી દીધી હતી છેવટે બ્હેનનો એક માળી તેને બળાત્કારે પકડી ગયો—કેમ પકડી લઈ ગયો તે ઝુમન સ્પષ્ટતાથી કનકલતાને કહી શક્યો નહિ તેણે સુરેશના પત્રની વાત પણ છુપાવી રાખી હતી

એક દિવસે કનકલતાએ ઝુમનને મુખે સાભળ્યુ કે, તેની બાગ-વાળી બ્હેન ઘણા દિવસથી બાગવાળા બગલાનો ત્યાગ કરી બીજા સ્થળે ચાલી ગઇ છે આ ખબર કનકલતાના કાનોમા નગારાના અવાજની માફક અથડાઈ ઝુમનની બાગવાળી બ્હેન બાગમાથી ચાલી ગઇ તથા સુરેશે પોતાના તરફ આવવુ જવુ બધ કર્યું એ બન્ને વિષયનો કાઈ સબધ છે કે કેમ તેનો હવે કનકલતા વિચાર કરવા લાગી, છતા તે કાઈ ચોક્કસ નિર્ણય કરી શકી નહિ

એવામા એક દિવસે સરોજિનીના બાગના માળીએ આવી ઝુમ-નને બોલાવ્યો ઝુમન બ્હાર ચાલ્યો ગયો તથા બીજી ક્ષણે જ હાથમા એક પત્ર લઇ પાછો આવ્યો કનકલતાએ તેને પૂછ્યુ —" કોનો પત્ર છે ? "

ઝુમને ઉત્તરમાં કહ્યું – " આ પત્ર સુરેશભાઈને આપવાનો છે બાગવાળી બ્હેનનો માળી આવીને પત્ર આપી ગયો છે '

કનક –ત્હારી પાસેથી કદાચ ખોવાઈ જશે તું મ્હને જ આ પત્ર આપ હું એને સંભાળથી રાખી મૂકીશ અને સુરેશભાઈ અત્રે આવશે એટલે એમને આપીશ

આમ કહી કનકલતાએ ઝુમનના હાથમાંથી એ પત્ર લઈ લીધો ઝુમનના વિદાય થયા પછી કનકલતાએ પત્ર ઉઘાડયો એ એક ન્હાનો વાળેલો કાગળ હતો તેને કવરમાં બીડવામાં આવ્યો નહોતો એમાં મ્હોટા મ્હોટા હાસ્યોદ્દીપક અક્ષરોમાં નીચે દર્શાવેલી કેટલીક વાત લખી હતી

" અમારા વાઘબજારવાળા મકાનની પાછળના બાગમાં રાતના દશ વાગે જરૂર આવજો

તમારી સરોજિની "

પત્રના ઉપરના ભાગમાં જમણી બાજૂએ કાશીનાથનું નામ તથા ડાબી બાજૂએ તેમના મકાનનું ઠેકાણું લાલ શાહીમાં છાપેલું હતું મધ્ય ભાગમાં ઉજ્વળ અંગ્રેજી મૉનોગ્રામની છાપ હતી

અત્રે થોડી પૂર્વકથાનો પણ ઉલ્લેખ કરવો પડશે પિતાની સાથે વાઘબજારના મકાનમાં ગયા પછી સરોજિની સુરેશને પોતાના સમાચાર જણાવવા ઘણી વ્યાકુળ બની ગઈ બાગનો માળી હમ્મેશાં શાકપાન લઈને કલકત્તામાં આવતો હતો સરોજિની તેને ઝુમનની વાત પૂછતી હતી, પરંતુ ' હવે તે આવતો નથી ' એટલું જ કહીને તે છુ-ટકારો મેળવતો હતો સરોજિની સમજી શકી કે માળી માર્ફત સુરેશને પોતાના સમાચાર પહોંચાડી શકાય તેમ નથી

છેવટે નિરુપાય થઈને મનોરંજિનીએ એક બુકસેલરને ત્યાંથી આનંદી માર્ફત બાળપોથી અને પહેલી ચોપડી વેચાતી મંગાવી પછી સુલોચના પાસેથી આવશ્યકીય સહાયતા લઈ પોતાના વિશેષ પ્રયત્નથી એ માસમાં જ તેણે એ બન્ને ચોપડીઓનો અભ્યાસ કર્યો વાચનની સાથે તેણે ક-ખ વગેરેનું લેખનકાર્ય પણ શીખવા માંડ્યું હતું. ગરજ એ ઘણી મ્હોટી બલા છે પુષ્કળ પરિશ્રમથી લખવાનું સામાન્ય જ્ઞાન મેળવી મનોરંજિનીએ મ્હોટા કાગળો ઉપર ઘણી મહેનતથી અનેક નકલો ઉતાર્યા પછી છેવટે એક નકલ તૈયાર કરી તથા પોતાના પિતાના નામ ઠામ અને મૉનોગ્રામવાળા લેટરપેપર ઉપર એ હકીકત લખી તેને વાળીને રાખી મૂક્યો સાંજ પછી બાગનો માળી આવ્યો એટલે તેના હાથમાં એ પત્ર આપીને મનોરંજિનીએ કહ્યું—“આ પત્ર લઈ જઈને ચુપકીદીથી તું કુમનને આપજે તથા સુરેશચન્દ્ર આવે એટલે એ પત્ર તેમને આપવાની તેને ભાર દઈને ભલામણ કરજે ”

એ માળીએ નન્દલાલનું મકાન જોયું હતું તદુપરાન્ત ત્વરાથી કામ કરવાની પણ તેને સારી માહિતી હતી, તેથી બાગમાં પરત આવીને તરત જ નન્દલાલને ઘેર જઈ કુમનને બોલાવી ઉપરોક્ત પત્ર તેણે ઉચિત ભલામણ કરીને તેના હાથમાં આપી દીધો, આમ છતાં આ કામ જોઈએ એવી ચાલાકીથી તેણે કર્યું નહિ એ પત્રની ડિલીવરી ચુપકીદીથી નહિ કરતાં ઉચ્ચસ્વરે પોકાર કરીને તેણે કરી હતી અને તેની એવી અસાવધાનતાને પરિણામે જ એ પત્ર કનકલતાના હાથમાં જઈ પડ્યો, છતાં કનકલતાનો સ્વભાવ ઘણો ગંભીર હોવાથી તેણે એ પત્ર સંબંધીની સહજ પણ હકીકત કોઈને કહી નહિ.

(૧૮)

ઉપરોક્ત બનાવ બન્યા પછી થોડા દિવસે કનકલતાની કેટલીક પ્રતિવેશિની સ્ત્રીઓ વાલબજારમા મદનમોહનના દર્શન કરવા માટે ગઇ કનકલતા પણ એ શુભ કાર્ય કરવામા ભળી હતી ઝુમન પણ તેની સાથે હતો, કેમ કે, આ પ્રસગે સરોજિનીને મળવાનો તેણે પોતાના મનમા વિચાર કર્યો હતો

દર્શન વગેરે કર્યા પછી કનકલતાએ પોતાની ભગિનીઓ પાસેથી થોડા સમય માટે વિદાય લીધી તથા તેણે ઝુમનની સાથે વાલબજારમા આવેલુ કાશીનાથનુ મકાન અનાયાસે શોધી કાઢ્યુ ઘરમા પ્રવેશ કરતા પહેલા કનકલતાએ ઝુમનને કહ્યુ –" કેમ રે ઝુમન ! ત્હારી વ્હેન તને પેલા પત્રની વાત પૂછશે તો તુ શુ કહીશ ?"

ઝુમન –એમ જ કહીશ કે, હજી સુરેશભાઈ અમારે ત્યા આવ્યા નથી

કનક –તથા એમ પણ કહેજે કે આવશે એટલે તરત એ પત્ર એમને આપવામા આવશે, પણ જોજે તુ એમ ન કહેતો કે, એ પત્ર ત્હે મને આપ્યો છે

ત્યાર પછી કનકલતા અને ઝુમને એ મકાનમા પ્રવેશ કર્યો આનદીએ આવીને કનકલતાને પૂછ્યુ –" વ્હેન ! તમે કોણ છો અને ક્યાથી આવો છો ?"

કનક –અમે બાગુજીના બાગ પાસે જ રહીએ છીએ અમારે સરોજિની વ્હેનને મળવુ છે

એવામા પોતાનુ નામ સાભળવામા આવતા સરોજિની તત્કાળ કનકલતા પાસે આવી પહોચી તેને જોઈ ઝુમને કહ્યુ –' વ્હેન ! આ મ્હારા

નન્દલાલભાઈના બ્હેન છે હું એમનો ન્હાનો ભાઇ થાઉં છું સુરેશ-ચંદ્રભાઇ એમને ઘેર જતા આવતા રહે છે ”

કનકલતાની હાજરીમાં એઅદબ ઝુમને આવી રીતે સુરેશચંદ્રનું નામ લીધું તેથી સરોજિનીના ગાલ લજ્જાતિશયથી લાલ થઈ ગયા, છતાં એ નામ જાણે કે પોતે પૂર્વે કદાપિ સાંભળ્યું જ ન હોય એવો ભાવ તેણે દર્શાવ્યો ઝુમનની વાતને વચ્ચે જ રોકીને કનકે કહ્યું –“ તમે ઝુમનના બ્હેન છો અને ઝુમન મ્હારો ન્હાનો ભાઈ છે તેથી હું તમારી પણ બ્હેન છું ”

આ સંબંધથી સરોજિનીને ઘણી પ્રસન્નતા થઇ તે પોતાની નવી બ્હેનને ફોઇ પાસે લઇ ગઇ દયામયીએ આગ્રહપૂર્વક કનકલતાને થોડો નાસ્તો કરાવ્યો પછી તેણે કહ્યું, “હવે અમે જ્યારે ગંગા ગાર્ડનમાં આવીશું ત્યારે માળીને મોકલી તમને ખબર આપીશું તેની સાથે તમે અમારા બાગમાં આવજો. ઝુમને પણ અમારા બાગને સારી રીતે જોયો છે ”

ત્યાર પછી સરોજિની કનકલતાને પોતાની વિમાતા પાસે લઇ ગઇ કનકલતાએ સુલોચનાની સાથે પણ ઘણા પ્રેમભાવથી અને સરળ હૃદયથી વાતચિત કરી કનકલતા પહેલા કૃષ્ણનગર રહેતી હતી એ સાંભળી સુલોચનાએ કહ્યું, “ કૃષ્ણનગરમાં મ્હારી એક બ્હેન રહે છે ત્યાંના સરકારી વકીલ રાધાવલ્લભ મ્હારા બનેવી થાય છે ”

રાધાવલ્લભનું નામ સાંભળી કનકલતા સહજ ચમકી ઉઠી, પરંતુ સુલોચના તેની વાસ્તવિક મતલબ સમજી શકી નહિ તેથી તેણે એ પ્રકાર તરફ વિશેષ લક્ષ્ય આપ્યું નહિ

આ સમય દરમ્યાન ઝુમન આખું મકાન તપાસી છેવટે પાછળ આવેલા બાગમાં જઇ એક ઝાડ ઉપર ચઢી પોતાના શાખામૃગ સ્વભા-

વનો પરિચય કરાવી રહ્યા હતો સરોજિનીએ ત્યા જઈને એકાન્તમા તેને પેલા પત્રની વાત પૂછી હતી કુમને કનકલતાના આદેશાનુસાર ઉત્તર આપ્યો હતો

સરોજિનીને વેગથી વિદાય લેતા પહેલા કનકલતાએ એટલી માહિતી મેળવી લીધી કે સરોજિની એક શ્રીમંત ગૃહસ્થની એકની એક કન્યા છે અને તે બાળવિધવા હોવા છતા અનુપમ સુંદરી છે આઠ વર્ષની ઉમ્મરે તેનો વિવાહ થયો હતો તથા વિવાહ પછી એક વર્ષે તે વિધવા થઈ હતી સરોજિનીની સગી માતા જીવતી નથી તથા તેની વિમાતા ઘણી વાચાળ સ્ત્રી છે તે સરોજિનીને મત્સર દૃષ્ટિથી જુએ છે

(૧૯)

પછી સત્યપ્રમાદ મામા નન્દલાલને મળવા આવ્યા એટલે કનકલતાએ સરોજિનીનો પેલો અદ્ભુત પત્ર તેમને બતાવ્યો તથા સુરેશ હવે આવતો જતો નથી એમ પણ કહ્યુ પછી સરોજિનીની મુલાકાત કરી જે હકીકત જણાવવામા આવી હતી તે પણ તેણે જણાવી સઘળી હકીકત સાભળી સત્યપ્રમાદ મામાએ સ્મિતહાસ્ય કર્યુ તેઓ કાઈ બોલ્યા નહિ

સત્યપ્રમાદ મામાનો સુરેશ ઉપર નૈસર્ગિક સ્નેહ હતો વળી તેઓ એમ સારી રીતે જાણતા હતા કે કોમળ હૃદયના, કલ્પનાકુશળ સુંદર અવિવાહિત યુવકોના હૃદયમા રમણીઓનો રમણીય પ્રેમ સહેલાઈથી પ્રવેશ કરે છે વિવાહ પૂર્વે વરકન્યામા પૂર્વાનુરાગનો સચાર થાય તેના તેઓ વિરોધી નહોતા તેમનુ એવુ કહેવુ હતુ કે હિંદુ સમાજમા પ્રણયનો સચાર થતા પૂર્વેજ વિવાહની વ્યવસ્થા થતી હોવાથી દાપત્યજીવનના Romance નો નાશ થઈ ગયો છે તેથી પ્રેમનુ ચિત્ર

આલેખવા માટે અમારા નવલકથાકારોને ઘણી મુશ્કેલી વેઠવી પડે છે બીજા કારણો છોડી દઈએ તો પણ આપણા સાહિત્યની ખર્વતાને દૂર કરવા માટે આપણા સમાજમા પ્રેમવિવાહ Love Mairaige અને વિધવાવિવાહ Late Mairaige નો પ્રચાર થવો જોઈએ

સત્યપ્રસાદે કલકત્તા જઈને એક દિવસે છાત્રાવાસમા સુરેશની મુલાકાત કરી એ દિવસે પ્રથમ તેમણે સામાજિક વાતોની અવતારણા કર્યા પછી પૂછ્યુ–" સુરેશ ! તુ આ વેકેશનમા ઘેર કેમ ન ગયો ? ત્હારા માતાજીની તબિયત કેવી છે ?'

સુરેશ – તેમની સારી તબિયતના સમાચાર મળ્યા છે ઘેર જવાની વિશેષ ઇચ્છા નહિ હોવાથી આ વખતની રજાઓમા નથી ગયો

સત્ય–હવે ત્હારો વિવાહ થઇ જવાની અત્યંત આવશ્યકતા છે જો હમણા ત્હારી પત્ની હોત તો ત્હારે જરૂર ઘેર જવુ પડત.

સુરેશે હસતા હસતા કહ્યુ –' વિવાહ કરવાની મ્હારી ઇચ્છા નથી હમણા થોડા દિવસ ઉપર જ ઘેરથી એક પત્ર આવ્યો હતો તેમા મ્હારો સબંધ નક્કી કરવાની વાત લખી હતી મ્હે સ્પષ્ટ ઉત્તર લખી નાખ્યો છે કે, વિવાહ કરવાની મ્હારી ઇચ્છા નથી "

સત્ય – ત્યારે જીવનપર્યંત અવિવાહિત રહેવાનો ત્હે નિશ્ચય કર્યો છે કે ?

સુરેશ –અવિવાહિત રહુ તો તેથી નુકસાન પણ શુ છે ? સત્યપ્રસાદ મામા ! તમે પણ ક્યા વિવાહ કર્યો છે ?

સત્ય –જો સુરેશ ! કોઇ પણ રમણીના પ્રેમે મ્હારા હૃદયમા પ્રવેશ કર્યો નથી. જો હુ કોઈ રમણીના પ્રેમપાશમા ફસાઇ જાત તો જરૂર તેની સાથે વિવાહ કરત. સમસ્ત સસાર મ્હને રમણીપ્રેમવિવ-

ર્જિત કહે છે તું પણ જો મ્હારી માફક પ્રેમશૂન્ય બનીને રહી શકે તેમ હોય તો હું તને કદાપિ વિવાહ કરવાની સલાહ આપું નહિ.

સત્યપ્રસાદ મામાના આ વચનો સાંભળી સુરેશ ચુપ થઇ ગયો. મામા પાછા કહેવા લાગ્યા –" જે માણસ શ્રમથી વિમુખ થઇ એકાન્તમાં આત્મચિંતા કરવી પસંદ કરે છે, જે પ્રકૃતિનું સૌન્દર્ય જોઇ આત્મવિસ્મૃત થઇ જાય છે, જેનું હૃદય સ્વભાવત વિશ્વના સઘળા હૃદયોને આલિંગન કરવાને ઇચ્છે છે તેના જ હૃદયમાં રમણીનો પ્રેમ પ્રવેશ કરે છે સુરેશ ' મ્હેં બરાબર લક્ષ્ય આપીને એ વાત જોઇ છે કે, ત્હારામાં આ સઘળાં લક્ષણો સર્વાંશે વર્ત્તમાન છે મ્હારો એવો દૃઢ વિશ્વાસ છે કે ત્હારે રમણીના પ્રેમબંધનમાં બંધાવું જ પડશે, પણ તે સાથે એક વાત યાદ રાખવાની છે કે જો તું કદાચ કોઇ રમણીના પ્રેમબંધનમાં બંધાય તો સેંકડો વિઘ્નો વટાવીને પણ તેની સાથે વિવાહ કરજે. "

સુરેશે પૂછ્યું – ' વિશુદ્ધ પ્રેમની સાથે વિવાહનો શો સંબંધ છે ? "

સત્યપ્રસાદ—વિવાહ દાંપત્ય સંબંધનું સામાજિક અનુમોદન છે. જ્યાં એ સામાજિક અનુમોદન નથી હોતું ત્યાં પવિત્ર પ્રેમનો સંબંધ પણ પાપ સંબંધમાં પરિણત થઇ જાય છે અવિવાહિત પ્રેમિક દંપતિને પોતાનો પ્રેમ સંબંધ છુપાવી રાખવો પડે છે એનું બીજું નામ ગુપ્ત પરકીયા પ્રેમ છે એનો ઉન્માદ ઘણો પ્રબળ હોય છે એની ચિંતા ક્રમશ તન્મયત્વમાં પરિણત થઇ મનુષ્યને એક પ્રકારે પાગલ તથા સર્વ કાર્યોને માટે નિરુપયોગી બનાવી દે છે. કર્મ ચિંતા વખતે મસ્તકની પરિચાલના થાય છે સર્વ પ્રકારની ચિંતા બુદ્ધિની સાથે ક્રીડા કર્યા કરે છે. એમાં કોઇ એક બીજીની ક્ષતિ કરી શકતી નથી;

પરંતુ એ ચિંતા જ્યારે ગંભીરથી પણ ગંભીર થઇને તન્મયત્વના સંધિ બિંદુ ઉપર જઇ ખડી થાય છે ત્યારે મસ્તિષ્કમાં શૈથિલ્યનો સંચાર થાય છે, બુદ્ધિવૃત્તિ લુપ્ત અને સઘળી જ્ઞાનેન્દ્રિયો બંદિની થઈ જાય છે ભાવ અને ભાવનાઓમાં આ જ પાર્થક્ય છે ભાવના જ્ઞાનની અનુશીલન સ્વરૂપિણી છે તથા ભાવની માદકતાથી એ જ્ઞાન સંજ્ઞાહીન થઇ જાય છે

સુરેશ આ વચનો સ્થિર ભાવથી સાંભળી રહ્યો હતો સત્યપ્રસાદ મામા કહેતા હતા કે –"ગુપ્તપરકીયા પ્રેમની માદકતામાં સંજ્ઞાહીન થઇને કોઇ કોઈ માણસ આત્મહત્યા સુદ્ધાં કરે છે એને હું વિક્ટર હ્યુગોના શબ્દોમાં બતાવું છું-'By continually going out for reverie, there comes a day when you go out to throw yourself into the water' અર્થાત્ સતત વિભોર થઇને ઘુમવાથી એક દિવસે તમારે જળમાં કૂદવું જ પડશે શ્રી ચૈતન્ય દેવે પોતાના કાલ્પનિક પરકીયા પ્રેમના ભાવથી વિભોર બની સમુદ્રમાં કૂદી પડી શરીરનો ત્યાગ કર્યો હતો મ્હારી માન્યતા પ્રમાણે એ સઘળાં કર્મ આત્મહત્યા જ છે. એ કારણથી મ્હારી એવી ધારણા છે કે, વિવાહ નથી થયો હોતો ત્યાં સુધી પ્રેમિક દંપતિને કર્મ કરવાનો અધિકાર નથી વિવાહરૂપ સામાજિક અનુમોદનદ્વારા એ પોતાના પરકીયા પ્રેમને સ્વકીયા તથા સંયત કરી કર્મમાર્ગપર પદાર્પણ કરે છે"

વિના કારણ તર્ક કરવાની સુરેશની ઇચ્છા નહિ હોવાથી તેણે સત્યપ્રસાદ મામા પાસે પોતાનો પરાજય સ્વીકારી લીધો તથા તેણે એ વાત પણ કબૂલ કરી કે આવશ્યકતા ઉપસ્થિત થતાં તે અવશ્ય

વિવાહ કરશે આટલું કબૂલ કરવા છતાં તેણે પોતાના મનમાં કહ્યું–'હું સરોજિની સિવાય બીજી કોઈ પણ બાળિકા સાથે વિવાહ નહિ કરું' પરંતુ સરોજિની છે ક્યાં? તેને કેવી રીતે પત્ની તરીકે મેળવી શકાશે? એ પ્રશ્નોનો સુરેશે વિચાર કર્યો નહિ. પછી સત્ય-પ્રમાદ મામા તેને એક વખત નન્દલાલને ઘેર આવવાની ભલામણ કરી ચાલ્યા ગયા

(૨૦)

વિવાહ કરવાનું કબૂલ કરી સુરેશ એમ સમજ્યો હતો કે તેના જીવનની સમસ્યા ઘણા અંશે નક્કી થઈ ગઈ છે એક દિવસે સ્વપ્નમાં તેણે જોયું કે, સાધારણ આર્યસમાજમાં સરોજિની સાથે તેનો વિવાહ થાય છે તથા આચાર્યની આજ્ઞાનુસાર સુરેશ–' **सपदे विपदे, सुखे दुखेच** ' ઇત્યાદિ મંત્રો ઉચ્ચારતો હતો એ સ્વપ્ન જોવામાં આવ્યા પછી તેનું ચિત્ત ઘણા અંશે સ્થિર થઈ ગયું, તેથી જ આજે સવેર નન્દલાલને ઘેર ઉપસ્થિત થઈ શક્યો

શ્યામબજાર પાસેથી આવતી વખતે સુરેશે સરોજિનીના બાગના માળી સાથે થોડી વાતચિત કરવાનો વિચાર કર્યો હતો, પણ તે જ્યારે બાગ નજીક ઉપસ્થિત થયો ત્યારે તેણે માળીના મકાનને પણ તાળાથી બંધ થયેલું જોયું સુરેશ સમજી ગયો કે સરોજિનીના સઘળા સમા-ચાર–એટલે સુધી કે તેની સાથે જેનો જેનો સંબંધ છે એ સર્વનામાં ધીમે ધીમે તાળું વસાતું જાય છે સુરેશ હતાશ હૃદયથી નન્દલાલને ઘેર ઉપસ્થિત થયો

એ દિવસે નન્દલાલ કે કુમનમાંથી કોઈ ઘેર નહોતું નન્દલાલની માતા પણ કોઈ પાડોશીને ઘેર ગઈ હતી એકલી કનકલતાએ સુરેશની

ખબર પૂછીને બેનવા માટે ચટાઈ બિછાવી દીધી. તેણે સુરેશને એમ ન પૂછ્યું કે, 'આટલા બધા દિવસથી તમે કેમ આવ્યા નહિ?' સુરેશ પણ એ આપત્તિમાંથી પોતાને મુક્ત થયેલો સમજી શક્યો. કનકલતાએ તેની સાથે અનેક પ્રકારની વાતચિત કરતાં કરતાં કહ્યું –"સુરેશચંદ્ર! તમે તમારા ગયા પત્રમાં એમ લખ્યું હતું કે, સંન્યાસ લેવાનો તમે વિચાર કર્યો છે' શું એ સાચી વાત છે? તમારા નામનો એક પત્ર આવેલો છે. ઘણા દિવસથી તમે અત્રે નહિ આવેલા હોવાથી હું એ પત્ર તમને આપી શકી નથી. એ પત્ર વાંચ્યા પછી તમારે ભગવાં વસ્ત્રો પહેરી સંન્યાસી થવાની જરૂર રહેશે નહિ.'

આમ કહી કનકલતા સરોજિનીનો પેલો પત્ર લઈ આવવા ઘરમાં ગઈ. સુરેશે ઉત્કંઠિત ભાવથી પૂછ્યું – 'પત્ર કોણે મોકલ્યો છે?'

કનકલતાએ સરોજિનીનો પેલો ખુલ્લો પત્ર લઈ આવી સુરેશના હાથમાં મૂક્યો. એ પત્ર વાંચી સુરેશ ઘણો લજ્જિત બની ગયો. કનકલતાએ કહ્યું –"જેણે આ પત્ર લખ્યો છે તેને હું વાવબજારમાં જઈ મળી આવી છું. એ ઘણી સુન્દર બાળિકા છે. એ સાક્ષાત લક્ષ્મી હોય રૂપ ગુણમાં તમારી સ્ત્રી થવાને લાયક છે. પ્રયત્ન કરો તો તમારો તેની સાથે વિવાહ થઈ શકે તેમ છે. એ વિધવા છે. આપણા સમાજમાં વિધવાવિવાહની ઘણી ચર્ચા ચાલી રહી છે. કાંઈક અંશે એ ખરું છે કે, જે કન્યાઓ તદ્દન ન્હાની ઉમ્મરમાં વિધવા થઈ છે, જેમણે કેવળ એક પણ વખતે પોતાના વિવાહના પતિનું મ્હોં જોયું નથી એવી બાળાઓનો વિવાહ થવાથી સમાજને કાંઈ નુકસાન થતું નથી. સરોજિની પણ એવી બાળવિધવા છે. એની સાથે મ્હારો સ્નેહસંબંધ થયો છે. તેથી વિવાહ વખતે એને વરણ કરી લાવવાનો ભાર મ્હારા ઉપર છે.'

સુરેશે લજ્જિત થઇને કહ્યું –" બ્હેન ! આજે તમે ગાંડા માણ-સની માફક મરજી પડે તેમ શા માટે બકોછો ? "

આમ કહી પત્રને ખીસ્સામા મૂકી સુરેશે વાર્તાપ્રવાહને મહા મુશિબતે બીજી દિશામા ફેરવ્યો સુરેશને વિશેષ લજ્જિત નહિ કરવાના વિચારથી કનકલતાએ પણ સરોજિનીના પ્રસગનો ત્યાગ કર્યો

(૨૧)

વર્ત્તમાન જ ભવિષ્યને ભ્રૂણ રૂપથી ગર્ભમા ધારણ કરે છે. કાલે જે કાંઇ થવાનુ હોય છે તેની સૂચના આજે અદૃશ્ય રૂપથી અવશ્ય મળી જાય છે કુભકારરૂપી ભગવાન્ કાળચક્રને ફેરવીને ઘટના વૈચિત્ર્યની માટીથી ઘટને બનાવે છે

જો તે દિવસે કાશીનાથે રસિકલાલને નોકરી ઉપરથી હાંકી કાઢયો હોત તો સુલોચના માટે એ બહુ સારુ થાત, પરતુ તેમ થયુ નહિ પિપાસાનુ જળ તો પાસે જ રહ્યું બીજી તરફ સુલોચનાની છાતી ફાટી જવા લાગી એ જળ તે કદાપિ પી ન શકે એવો નૃશસ વ્યવહાર તેનાથી કેવી રીતે સહન કરી શકાય ?

સુલોચનાએ ઘરમા બેઠે બેઠે ઘણા યત્નથી રસિકની આરતિ ઉતારવા માંડી જમતી વખતે રસિકલાલના થાળમા અનેક પ્રકારની સ્વાદિષ્ટ વસ્તુઓ આવતી હતી. મધ્યાન્હકાળ વીતી ગયા પછી ઘરમાથી તેને માટે ચ્હા તથા નાસ્તો આવતો હતો એ સર્વ પ્રકાર ઉપર આનદીની કડક નજર હતી તે સમજતી હતી કે, એ સઘળું શેઠાણીની કૃપાનુ પરિણામ છે જો એમ જ છે તો પછી તે માટે શેઠાણીને દોષી ઠરાવવી ઉચિત નથી, કારણ કે કાશીનાથ આજકાલ દમદમના બગલામા જ પડી રહેતા હતા તેમને ઘેર આવતા દુ ખ

થતું હતું આમ હોવાથી સ્વામીની સેવા કરી આરતિ ઉતારવાનો સુયોગ સુલોચનાને મળતો નહોતો એટલા માટે તેને એક એવા માણસની જરૂર હતી કે, જેને તે સારી રીતે ખવડાવી પીવડાવીને તૃપ્તિ મેળવી શકે લોકાભાવથી રસિકને જ એ પદની પૂર્ત્તિ કરવી પડતી હતી રસિક વિચારતો હતો કે, એ એનુ સૌભાગ્ય છે તથા એ સૌભાગ્યના બળથી જ તેના ભાગ્યમા આ રાજભોગ છે

ભોગથી લાલસાની વૃદ્ધિ થાય છે રસિકની લાલસા પણ ધીમે ધીમે વધવા લાગી તેણે પોતાનાથી બની શકે ત્યા સુધી માલિકની સંપત્તિને પોતાની બનાવવા માંડી તેની બીજી લાલસા સુલોચના ઉપર હતી તથા એ લાલસાની વૃદ્ધિ સુલોચનાએ જ કરી હતી

દયામયી દેવસેવા કરવામા તથા બાર મહિનામા તેર પર્વ ઉજવવામા વ્યસ્ત રહેતી હતી કાશીનાથના ખાસ પરિવારની સંખ્યા વિશેષ નહોતી, તથાપિ નોકર ચાકર, દાસદાસી વગેરેની સખ્યાથી તેમનુ કુટુબ કોઈ સાધારણ કુટુબ જેવુ લાગતુ નહોતુ. નહિ જેવો બદોબસ્ત હોવા છતા એ ઘણો મ્હોટો પરિવાર મશીનની માફક ચાલતો હતો એટલા માટે સુલોચના કિંવા સગોજિનીની ચાલચલણ ઉપર દયામયી વિશેષ નજર રાખતી નહોતી વળી આવા સામાન્ય પ્રકારો ઉપર મ્હોટા ઘરની મ્હોટી ડોશીઓને નજર રાખવાની પણ ખાસ જરૂર નથી '

આનદી ઉપર રસિકનો પૂર્વે જે મોહ હતો તે હવે સર્વાંશે ઉતરી ગયો હતો આ વખતે રસિકલાલની પાચે આગળીઓ ઘીમા હતી, આમ હોવાથી આનદી જેવી એક સામાન્ય સુંદરી તેના ચિત્તને કેવી રીતે પોતાના તરફ આકર્ષી શકે ? ચદ્ર આગળ તારાની જેવી કિમ્મત હોય છે તેવી કિમ્મત સુલોચના આગળ આનદીની હતી, આમ છતા

પોતાની બેઇજ્જતીનો સંપૂર્ણ બદલો લેવાનો એક પણ માર્ગ આનંદીને સૂઝતો નહોતો આનંદીની જંજાળાથી ગભરાઈ જઈને રસિકે થોડા દિવસથી પાડોશમા એક સ્વતંત્ર મકાન ભાડે રાખ્યુ હતુ એ મકાનમા તે રાત્રિ પસાર કરતો હતો તથા દિવસે માલિકને ત્યા હાજર રહી નોકરી બજાવતો હતો'

(૨૨)

સુરેશે કાશીનાથના મકાનમાના ખડકીવાળા બાગમા ગુપ્ત પ્રવેશ કરવાને માટે ઘણા પ્રયત્નથી યોગ્ય માર્ગ નક્કી કરી રાખ્યો હતો આજે દશ વાગી ગયા પછી બીજાઓની નજરથી પોતાને છુપાવીને ચુપકીદીથી તે અંદર ચાલ્યો આવ્યો હતો સુરેશે પહેલા દીવાલ ઓળંગી બાગમા આવવાનો વિચાર કર્યો હતો, કેમ કે બાગનો દરવાજો સદૈવ બંધ રહેતો હતો, પરંતુ આજે તેણે એ દરવાજાને સહજ ખુલ્લો જોયો એ પ્રકાર જોવામા આવતા સુરેશના મનમા કાંઇ સંદેહ થયો, પરંતુ બીજી જ ક્ષણે તેણે વિચાર્યું કે, તેની સગવડતા માટે કદાચ સરોજિનીએ દરવાજો સહજ ખુલ્લો રાખ્યો હોય તો એ પણ બનવા જેવુ છે બાગમા પ્રવેશ કરી, ચોતરફ દૃષ્ટિ ફેરવી આસપાસમા કોઇ છે કે નહિ એ વિષયની તેણે ખાત્રી કરી લીધી પછી તે ચુપકીદીથી આગળ વધવા લાગ્યો બાગ ન્હાનો હોવા છતા તે સર્વથા જનમાનવશૂન્ય હતો તેની પાસે જે ગલી આવેલી હતી તે ગલીમાથી દિવસે સુદ્ધા ભાગ્યે જ કોઇ જતુ આવતું હતુ રાત્રિને વખતે તો એ બાગ સર્વથા નિઃશબ્દ અને અંધકારપૂર્ણ રહેતો હતો સુલોચનાએ ખડકી તરફનો દીવો સળગાવવાનુ બંધ કરાવ્યુ હતુ કદાચ તેલના અપવ્યય માટે તેણે એમ કર્યું હોય તો તે પણ સંભવિત છે'

સુરેશ બાગમાં પ્રવેશ કરી ધીમે ધીમે મકાનની ખડકીના દ્વાર નજીક ગયો એ દ્વારને તેણે અંદરથી બંધ જોયું એ જોઇ તેણે વિચાર્યું કે, સરોજિની એ દ્વાર ઉઘાડી બાગમાં આવશે થોડા સમય સુધી તેની રાહ જોવી જોઇએ સુરેશે જોયું કે પ્રાસાદની પાસે એક સ્થળે બે ત્રણ કામિની અને કુબેરના વૃક્ષ એકત્ર થઇ એક કુંજના રૂપમાં પરિણત થઇ ગયા છે સુરેશ ચુપકીદીથી એ કુંજમાં જઈ સરોજિનીની રાહ જોવા લાગ્યો યથાક્રમે એક કલાક વીતી ગયો પણ સરોજિની આવી નહિ સુરેશના ધૈર્યનો ભંગ થયો નહિ

એકાએક કોઈ પુરુષનો કંઠસ્વર સુરેશના સાંભળવામાં આવ્યો સુરેશ જે સ્થળે ઉભો રહ્યો હતો તેની નજીક એક ઝરોખું હતું ઉપર્યુ-ક્ત કંઠસ્વર એ ઝરોખામાંથી આવતો હતો અંદર સામાન્ય પ્રકાશ હોવા છતાં જે માણસો વાતચિત કરતા હતા તેમને સુરેશ જોઇ શક્યો નહિ ઝરોખા ઉપર પર્દો ઝુલતો હોવાથી એ પર્દાને સુરેશની દૃષ્ટિ ભેદી શકી નહિ થોડા વખત પછી સુરેશ નીચે પ્રમાણે વાતચિત થતી સાંભળી શક્યો

સ્ત્રીએ કહ્યું—" આવા પ્રકારનું વિલ થવાથી મ્હારું સત્યાનાશ વળી જશે

પુરુષ —ત્યારે એ વાર્ત્તાને તું બરાબર સ્મરણમાં રાખજે કે જો વિષયસંપત્તિ સ્ત્રીઓના હાથમાં જશે તો ઘરની કોઈ વસ્તુને તું સ્પર્શ સુદ્ધાં કરી શકીશ નહિ કહે જોઇએ કે, હવે બીજો શો ઉપાય છે ?

" ઉપાય ! ઉપાય એ જ કે કોઈ પણ રીતે વિલ થવું ન જોઇએ. મ્હારા બનેવી કહેતા હતા કે, જો કોઇ પણ રીતે વિલ

નહિ થાય તો સઘળી સંપત્તિની અધીશ્વરી કિંવા ઉત્તરાધિકારિણી હું થઇશ. સરોજિની વિધવા છે તથા તેને સંતાન નથી તેથી સંપત્તિમાંથી તેને એક પૈસો પણ મળી શકે તેમ નથી એ તદ્દન સ્પષ્ટ છે "

' કાશીનાથ બાબુના એટર્નીએ મ્હને કહ્યું છે કે, એક બે દિવસમાં જ વિલનો મુસદ્દો તૈયાર થઈ જશે "

" ત્યારે તો હું તમારે પગે પડું છું તમે કાલે જ કૃષ્ણનગર જઇને આ આપત્તિજનક વાર્ત્તા મ્હારા બનેવીને જણાવી આવો તથા કોઇ પણ રીતે તેમને તમારી સાથે અત્રે લઈ આવો ગધાવલ્લભ આવશે એટલે વિલની વાત અવશ્ય ઉડી જશે "

' બાબુની તબિયત કેવી છે ? "

" આજે પણ ૧૦૫ ડિગ્રી તાવ છે દર્દ પણ કાલના જેવું છે ડૉક્ટરો કહી ગયા છે કે, કાલે પાછી ફરીથી પીઠમાં પીચકારીથી દવા આપવામાં આવશે ને વિલ કરતાં પહેલાં જ મરી જાય તો સઘળી બલા અનાયાસે દૂર થાય "

" એમના મૃત્યુ પછી પણ તને કાંઇ મળી શકે તેમ નથી, કેવળ ખાવાપીવામાં તું ઇચ્છા હોય એટલું ખરચ કરી શકે તેમ છે "

" અરે, રામ રામ કરો મ્હે કાંઈ આટલી ઉમ્મર બરબાદ કરી નથી હું જીવતી છું અને તમે જીવતા છો એટલે ભવિષ્યમાં શું થાય છે તે જોજો '

" ઠીક, ત્યારે તું એક કામ કેમ નથી કરતી ? રોગીના દવા-દારૂમાં ભેળ સેળ કરી ત્હારો હેતુ કેમ પાર પાડતી નથી ? "

"સરોજિની પીછો છોડે ત્યારે હું એમ કરું ને ! એ તો રાત્રિ દિવસ પલંગની પાસે જ બેસી રહે છે. દવા પણ એ પોતે જ પીવડાવે છે ઠીક છે, હવે આ બધી વાત જવા દો કેવળ વાતોમા જ રાત વીતાવી દેવાથી શો લાભ છે ? જાઓ, ઘેર જઈને જલ્દી સૂઈ રહો તથા પ્રભાતકાળે કૃષ્ણનગર ચાલ્યા જજો "

"ઠીક, સારી વાત છે."

વાર્તાલાપ બંધ થઈ ગયો જેઓ પરસ્પરમા વાતચિત કરતા હતા તેઓ ઝરોખા પાસેથી ખસી ગયા નાટયમંચના એક દૃશ્યની માફક એ પ્રકાર સુરેશના નયનપથમા આવી પુન અદૃશ્ય થઈ ગયો પાઠકો સમજી ગયા હશે કે પુરુષ રસિકલાલ અને સ્ત્રી શ્રીમતી સુલોચના દેવી હતી બીજી ક્ષણે જ ખડકીનુ દ્વાર ખુલ્યુ રસિક અંદરથી નીકળી બાગના દરવાજાની બારીમાથી બ્હાર ચાલ્યો ગયો એ દરવાજો અત્યાર સુધી રસિકલાલ માટે જ ખુલ્લો રાખવામા આવ્યો હતો થોડા સમય પછી સુલોચના આવીને એ દરવાજાને બંધ કરી ગઈ સરોજિની તેના બીમાર પિતાની સેવા કરવામા રોકાયલી છે એવુ સાભળી સુરેશ એ વાતને સારી રીતે સમજી શકયો કે, એને માટે વિશેષ સમય સુધી રાહ જોવી નકામી છે વખત વૃથા નહિ ગૂમાવતા તે બાગની દિવાલ ઓળંગી બ્હાર નીકળી પડયો એના આવિર્ભાવ અને તિરોભાવની કોઈને ખબર પડી નહિ

(૨૩)

રાધાવલ્લભનુ આગમન વૃથા થયુ નહિ. આવતાની સાથે જ એમણે કાશીનાથ બાબુને સારી રીતે સમજાવી દીધુ કે, 'જો વિલ કરીને સમસ્ત સંપત્તિ ટ્રસ્ટીઓના હાથમા સોપી દેવામા આવશે તો

થોડા દિવસ પછી ટ્રસ્ટીઓ જ એ સંપત્તિને હજમ કરી ગયા સિવાય રહેશે નહિ તેથી એવું વિલ નહિ કરતા સત્વર સાજા થઇ જાઓ તથા કોઇ સારા વંશના બાળકને યથાવિધિ દત્તક લઈ સર્વ પ્રકારે નિશ્ચિંત થઇ જાઓ.' વકીલ મહાશયના આવા ભડકાવનાર વચન સાંભળી કાશીનાથનું મન ચળાયમાન થઇ ગયું હવે તેઓ પૂર્વ પ્રસ્તાવિત વિલ કરવા માટે આમ તેમ કરવા લાગ્યા એટર્ની બે દિવસ સુધી ટાટીઆ તોડી પાછો ચાલ્યો ગયો તથા આવી રીતે શ્રીમતી સુલોચનાનો જય થયો

બીજી તરફથી કાશીનાથની પીઠ ઉપરનો ઘા પુષ્કળ સારવાર ચાલતી હોવા છતા હમ્મેશા વધવા લાગ્યો હતો પેશાબ પણ અત્યંત દૂષિત થવાથી વિકૃત જણાતો હતો અને અનેક ડૉક્ટરોની સઘળી મહેનતને વ્યર્થ કરી કાશીનાથ સ્વર્ગગમન કરી ગયા સુરેશે તેમના મૃત્યુના સમાચાર કલકત્તામા પ્રસિદ્ધ થતા પત્રોમા ઘણી સહૃદયતાથી વાચ્યા જગતને જરૂર નહિ હોવા છતા પણ મ્હોટા માણસોની ગતિવિધિ તથા પરલોકપ્રાપ્તિના સમાચારથી વર્તમાનપત્રોનું કલેવર ઘણું પુષ્ટ થાય છે

ચોથે દિવસે સરોજિનીએ યથા નિયમ પિતાની ચતુર્થી કરી દીધી એક મહિના પછી કાશીનાથનું આદ્ય કૃત્ય ઘણા સમારોહથી સમાપ્ત થયું લગભગ પાચ હજાર માણસોને ભૂરિ ભોજનથી પરિતૃપ્ત કરવામા આવ્યા નવદ્વિપ ગામથી બ્રાહ્મણો આવ્યા હતા બ્રાહ્મણ પંડિતો યથાયોગ્ય વિદાયગી મેળવી વિદાય થઈ ગયા. રાધાવલ્લભે પોતે દ્વાર નજીક ઉભા રહી કંગાલોને વિદાય કર્યા એમની સ્ત્રી શ્રીમતી મોક્ષદાસુન્દરી પણ આ પ્રસંગે કલકત્તા આવી હતી તેણે પોતાની ન્હાની બ્હેન સુલોચનાની, ન્હાની ઉમ્મરનો વિચાર કરી તેના

હાથોની ચુડીઓ ભાગવા દીધી નહિ શરીરના આભૂષણ પણ પ્રથમની માફક રહેવા દીધા

કાશીનાથ સ્વર્ગવાસી થયા તે દિવસથી જ રસિકલાલે અંત-પુરમા પ્રવેશ કરવાનો અધિકાર મેળવી લીધો એનો આ પ્રવેશાધિકાર પણ સશરીર સ્વર્ગલાભની માફક આનદાયક થયો સુલોચના અતપુરની અધીશ્વરી થઇ એટલે રસિકલાલ બ્હારના સર્વ મામલાઓનો માલિક બની ગયો ઘટનાચક્રથી પ્રત્યેક માનવનુ ભાગ્ય જાગ્રત થાય છે એટલે પછી રસિકલાલ નોકરમાથી માલિક બની જાય એમાં આશ્ચર્ય જેવુ શુ છે '

હવે આનદીનુ કામ ઘણુ હલકુ થઈ ગયુ છે હવે તેને પ્રથમની માફક સુલોચના અને રસિકલાલની વચ્ચે વ્યવધાનની પૂર્તિ કરવી પડતી નથી વ્યવધાન સ્વય પૂર્ણ થઇ ગયુ એથી આનંદી ક્રમશ ભિન્ન રહીને સરોજિનીને આધીન થઇ ગઇ છે સુલોચનાના ઓરડામા હવે તે ભાગ્યે જ દેખા દે છે. તે હવે એ ઓરડાને રસિકલાલના અધિકારમા સોપી સરોજિની તથા દયામયીના ઓરડામા સરકી ગઇ છે, કારણ તેને એવો ભય હતો કે, જો રસિકલાલની પ્રતિદ્દિતામા કાઇ ચાલાકી કરવામા આવશે ને એ ચાલાકી વિફળ થશે તો છેવટે પોતાની નોકરી પણ જતી રહેશે ' આનદી એ મકાનમાથી નીકળવાને ઇચ્છતી નહોતી. હવે તેણે સંકલ્પ કર્યો છે કે, તે એ સ્થળે રહીને યથા પ્રસગે સુલોચના અને રસિકલાલનો બદલો લેશે.

એક દિવસે ઝુમને ઝડપથી આવી પહોચી સર્વથી પ્રથમ કનકલતાને એવી ખબર આપી કે, તેની બ્હેન બાગવાળા મકાનમા આવી

પહોચી છે. તેની સાથે દયામયી પણ છે. આજે ગુમન એ બાગમા જઇ વૃક્ષો ઉપરથી પુષ્કળ ફળ અને ફુલો તોડી તેમને આપી આવ્યો હતો. સરોજિનીએ તેને સુરેશ સબધી જે હકીકત પૂછી હતી તે તેણે કનકલતાથી છુપાવી રાખી

ભાઇનુ શ્રાદ્ધ થઇ ગયા પછી શોકાતુર દયામયી સરોજિનીની સાથે બાગવાળા મકાનમા ચાલી આવી હતી ભાઈનો વિયોગ થયો ત્યારથી વાઘબજારવાળુ મકાન તેને જેલખાના જેવુ લાગતુ હતુ દયામયીની એવી ઇચ્છા હતી કે, તે ગગા ગાર્ડનમા આવેલા મકાનમા થોડા દિવસ રહી, ત્યાથી સઘળો બદોબસ્ત કરી કાશી ધામ ચાલી જશે તથા નિત્ય ગગાસ્નાન કરીને તેમ જ શ્રી વિશ્વેશ્વરના શાન્તિદાયક દર્શન કરીને અવશિષ્ટ આયુષ્ય પસાર કરશે, છતા સરોજિનીને તેની સાથે કાશીમા રહેવુ પડે તેમ હોવાથી એ વાતનુ તેને ઘણુ દુખ થતુ હતુ. વચ્ચે વચ્ચે દયામયી એવુ કહીને પોતાના મનને શાન્ત કરતી હતી કે, જ્યારે સરોજિનીનુ ન્હાની ઉમ્મરમા જ ભાગ્ય ફુટ્યું છે ત્યારે પછી હવે તેને માટે બીજો શો ઉપાય થઇ શકે તેમ છે ? બ્રાહ્મણ અને કાયસ્થના ઘરની વિધવા માટે ધર્મ કર્મ કરવા સિવાય બીજો કોઈ માર્ગ જ નથી

સરોજિની આ વખતે આનદીને પોતાની સાથે લઇ આવી હતી દયામયીએ તેને કહી દીધુ હતું કે, 'જ્યારે અમે કાશી જઇશુ ત્યારે તને વાઘબજારવાળા મકાનમા રાખી જઈશુ.' આનદી તેમની સાથે કાશી જવાને રાજી નહોતી. તેના હૃદયમા થોડો કૃષ્ણપ્રેમ અવશિષ્ટ હતો તેના શ્રીકૃષ્ણ હમણા ચદ્રાવલિના કુજમા વિહારપરાયણ થયેલા હોવા છતા તે તેમના ઉપર ક્રોધે ભરાઈ એકાએક કાશિવાસની થઇ શકે ખરી કે ?



સરોજિનીએ તેની સાથે બાગમા જઈ શિવમદિર ગગાઘાટ,
પ્રશસ્ત ઉદ્યાન તથા ત્યા તેણે પોતે બનાવેલો પુષ્પોદ્યાન તેમજ લતા
કુજ વગેરે બતાવી દીધુ પૃષ્ઠ ૧૪૭

ઝુમનદ્વારા સરોજિનીના આગમનના સમાચાર સાંભળી કનકલતા પ્રથમથી કબૂલ કર્યા પ્રમાણે દયામયીને મળવા ગઈ. કનકલતાનું દર્શન થતાં સરોજિનીના આનંદની સીમા રહી નહિ. તે તેને પોતાની ફોઈ પાસે લઇ ગઇ. ફોઇએ તેનો ઘણો આદર સત્કાર કર્યો. ઘણા વખત સુધી અનેક વિષયની વાતચિત થઇ. દયામયી પોતાના બાપુના રોગ, ચિકિત્સા, તથા તેના મૃત્યુની વાત દુઃખથી રડતાં રડતાં કહેવા લાગી. પિતૃવિયોગના પ્રસંગમાં સરોજિનીના ગાલ અશ્રુથી ભીંજાવાથી તેના સુંદર મુખમંડળપર એક અપૂર્વ જ્યોતિ ખીલી નીકળી હતી. અમારા પાઠકોમાંથી જેમણે કોઇ સુંદરી યુવતીને દારૂણ મનોદુઃખથી સજળ નયનથી રુદન કરતાં જોઈ હશે તેઓ સરોજિનીના એ વખતના સજળ મુખકમળની કલ્પના કરી શકશે.

કનકલતાના નેત્રોમાંથી પણ અશ્રુબિંદુઓ ટપકતાં હતાં, તેથી જ તે આ શોકપ્રસંગના પ્રવાહને બીજી તરફ વાળવાનો પ્રયત્ન કરવામાં બે ત્રણ વખત વ્યર્થમનોરથ થઇ હતી, કારણ જે સ્વયં રડે છે તે બીજાના રુદનને અટકાવી શકતું નથી.

સરોજિની કનકલતાને અત્યંત આત્મીય સમજતી હતી. કનકલતા જવા લાગી એટલે તેણે કહ્યું-" બ્હેન ! હવેથી રોજ તમારે અમારે ત્યાં આવવું પડશે. કહો આવશોને ? "

કનકલતાએ હકારમાં ઉત્તર આપ્યો. સરોજિનીએ તેની સાથે બાગમાં જઈ શિવમંદિર, ગંગાઘાટ, પ્રશસ્ત ઉદ્યાન તથા ત્યાં તેણે પોતે બનાવેલો પુષ્પોદ્યાન તેમજ લતાકુંજ વગેરે બતાવી દીધું. ત્યાર પછી વિદાય આપતી વખતે સરોજિનીએ આનંદીને બોલાવીને કહ્યું -"આ-

નહી, તુ એમની સાથે જઈને એમનુ ઘર જોઈ આવ જે દિવસે કનકલતા બ્હેન ન આવે તે દિવસે તુ એમને ઘેરથી પકડી લાવજે '

ઝુમન પ્રથમથી જ ચાલ્યો ગયો હતો, કેમ કે એક જ સ્થળે ત્રણ ચાર કલાક સુધી તે રહી શકતો નહોતો કનકલતાના મિલનથી સભવત સરોજિની સુરેશની વાત ભૂલી ગઇ હતી તેથી તેને ઝુમનને શોધી કાઢવાની જરૂર પડી નહિ

(૨૫)

કાશીનાથનુ શ્રાદ્ધાદિ થઈ ગયા પછી સુરેશે લાગલાગટ ત્રણ રાત સુધી વાઘબજારવાળા મકાનની ખડકીમાથી ચોરની માફક બાગમા પ્રવેશ કર્યો હતો તથા ત્યાથી તે ચોરની માફક જ પાછો ફર્યો હતો એ ત્રણે દિવસ પ્રાય નિરાશ ઓળગીને તેણે આવજા કરી હતી, કેમ કે એ દિવસોમા બાગનો મુખ્ય દરવાજો બધ રહેતો હતો પ્રથમની માફક સુરેશ ત્યા સ્ત્રી પુરુષનો પ્રેમપૂર્ણ આલાપ પુન સાભળી શક્યો નહિ તથા કોઈ પુરુષને પણ આવતો જતો જોઇ શક્યો નહિ હવે રસિકલાલને એ ખડકીને રસ્તેથી આવજા કરવાની શી જરૂર હતી? સરોજિનીએ પણ પોતાના પથાનુયાયી સુરેશની સાથે ખડકીવાળા બાગમા આવી મુલાકાત કરી નહિ તે આજકાલ બાગવાળા મકાનમા રહેતી હતી એ વાત સુરેશ જાણતો નહોતો

હવે સુરેશ ઘણો અધીર બની ગયો સરોજિનીનુ દર્શન થાય એવો એક પણ ઉપાય તેને સૂઝ્યો નહિ એક વખત સરોજિનીના નામ ઉપર પત્ર લખવાનો તેણે વિચાર કર્યો, પરતુ એ પત્ર બીજા કોઈના હાથમા જવાની આશકાથી એ વિચાર તેણે માડી વાળ્યો આવા પ્રસંગે કોઇ બ્રાહ્મણીદ્વારા પત્ર મોકલવો એ પણ આપત્તિશૂન્ય ન-

હેતુ સરોજિનીએ પોતાના માળી સાથે જે પત્ર મોકલ્યો હતો તે કનકલતાના હાથમા જઇ પડવાથી તેનુ એક સારુ ફળ નિપજ્યુ હતુ. એ પત્ર મળતા વાવબજારના મદનમોહનના દર્શન કરવાના નિમિત્તથી કનકલતા સરોજિનીને મળી તેની સાથે વાર્ત્તાલાપ કરી આવી હતી સુરેશે વિચાર્યુ કે, જો કનકલતા પુન એક વખત મદનમોહનના દર્શન કરવા જાય તો ઘણુ સારુ થાય, પરંતુ વિચાર કરતા પાછી એવી આશંકા થઈ કે એ વાત જાણી કનકલતા પુન પોતાને લજ્જિત કરે તો ?

પોતાની બોર્ડિંગના એક એકાંત ઓરડામા બિછાવેલી સુદર શય્યામા સૂઈ રહી 'અભાગિની' નામની એક કરુણારસિક નવલકથા વાચતો સુરેશ ઉપર્યુક્ત વિચાર કર્યા કરતો હતો ધીમે ધીમે એની ચિંતાનો પ્રવાહ એટલો બધો પ્રબળ થઈ ગયો કે, નવલકથા વાચવાનુ બિલકુલ ભૂલી જઇ સરોજિનીની સજીવ મૂર્ત્તિનુ દર્શન કરવા તે લાલાયિત બની ગયો એ વખતે મૃત્યુલોકના નારદ શ્રી સત્યપ્રસાદે એ ઓરડામા પ્રવેશ કર્યો. સુરેશ પુસ્તક બધ કરી ઉઠી બેઠો થયો સત્યપ્રસાદ પણ બિછાના ઉપર એક બાજૂએ બેઠા કુશળ પ્રશ્ન પછી બન્ને વચ્ચે અનેક પ્રકારની વાતચિત ચાલૂ થઇ એ વાતચિતમા દર્શન, વિજ્ઞાન, રાજનીતિ અને સમાજતત્વ વગેરે સર્વ આવી ગયુ છેવટે વિધવાવિવાહની વાત નીકળી કારણ આજકાલ વિલાયતથી આવેલા એક બગાળીએ પ્રાયશ્ચિત્ત કરી હિંદુ મતથી એક વિધવા રમણીનુ પાણિગ્રહણ કર્યું હતુ એ વખતે એ ઘટના સમાચારપત્રોમા ઘણી ચર્ચાતી હતી. સત્યપ્રસાદે કહ્યુ –" એ વિવાહ હિંદુ મત પ્રમાણે થયો છે એમ સાભળી હુ અત્યંત પ્રસન્ન થયો છુ. એના ઉપલક્ષ્યમા હિંદુ સમાજપર શ્રદ્ધા દેખાડવી

જોઈએ યૂરોપથી આવેલા શિક્ષિત હિંદુઓ જો હિંદુસમાજમાં રહેવા ઇચ્છતા હોય તો તે કરતાં વિશેષ આનંદની બીજી કયી વાત છે ?"

સુરેશ – વિલાયત જઈ આવેલા હિંદુ યુવકો કાંઈ પોતાની ઇચ્છાથી હિંદુસમાજનો ત્યાગ કરતા નથી, હિંદુસમાજ જ તેમને દૂર કાઢી મૂકે છે

સત્યપ્રસાદ – નિગૃહિત થઇને પણ જે વ્યક્તિ માતૃતુલ્ય સમાજનું ગળુ ઘણા જોરથી પકડી રાખે છે એનામાં જ ખરી બહાદુરી છે. એ જ યથાર્થ સમાજભક્ત છે સમાજ આપણને છોડી દે તો પણ આપણે તેને છોડી દેવો જોઇએ નહિ

સુરેશ –વિધવાવિવાહ થઈ ગયા પછી સમાજ વૈવાહિકનો બહિષ્કાર કરે છે એ તેનો ઘણો કઠોર જુલ્મ છે

સત્યપ્રસાદ –જે વ્યક્તિએ વિધવાવિવાહ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હોય તેણે પોતાના મનમાંથી સમાજના જુલ્મનો ભય એકદમ દૂર કરવો જોઇએ. આજકાલનો સામાજિક અત્યાચાર વિશેષ દિવસ સુધી સ્થાયી રહેતો નથી શિક્ષણનો વિસ્તાર થવાથી તથા અન્યાન્ય જાતિઓના સંબંધમાં આવવાથી આપણો સમાજ હવે સુસંસ્કૃત થતો જાય છે. હવે સમુદ્રમાર્ગે વિદેશ જતાં સમાજ અટકાવતો નથી આજ કાલ વિલાયત જઈ આવેલા ઘણા બૅરિસ્ટર નવીન સમાજના આવરણમાં છુપાઇ જાય છે હિંદુસમાજમાં વિધવાવિવાહની સંખ્યામાં પણ ધીમે ધીમે વધારો થતો જાય છે સમાજના શીર્ષસ્થાનીય કોઇ કોઇ મ્હોટા ઘરમાં પણ આજકાલ વિધવા કન્યાઓનો પુનર્વિવાહ થાય છે એ વિષયમાં મ્હારો મત તો એવો છે કે જે સ્ત્રી ન્હાની ઉમરમાજ વિધવા થઇ ગઇ હોય તથા જે સ્વભાવથી ત્યાગમાર્ગથી વિમુખ હોય તેને

માટે બળાત્કારથી બ્રહ્મચર્યની વ્યવસ્થા કરવી એ ન્યાયયુક્ત નથી, કારણ તેથી વિપરીત ફળ આવે છે

સુરેશ—મ્હારો પણ એવો જ મત છે આપણા સમાજમા એવી વિધવાઓનો વિવાહ અવશ્ય થવો જોઇએ.

સત્યપ્રસાદ— ખરુ છે એવી વિધવાઓ માટે ચિરવૈધવ્યનુ વિધાન કરી હિંદુસમાજ આત્મઘાતી બની રહ્યો છે અને એ કારણથી જ આ દેશમા મુસલ્માન અધિવાસીઓની સખ્યામા જેવો વધારો થાય છે તેવો વધારો હિંદુ અધિવાસીઓની સખ્યામા થયો નથી પરિણામે બે ત્રણ વર્ષ પછી ભારતવર્ષમા મુસલ્માનોની જનસખ્યા હિંદુઓની જનસખ્યા બરાબર થઈ જશે. આમ હોવાથી હિંદુસમાજ માટે વિધવા-વિવાહનો પ્રચાર થવાની અત્યંત આવશ્યકતા છે

સુરેશ—પણ હજી સુધી વિધવાવિવાહનો જોઇએ એટલો પ્રચાર કેમ નથી થયો?

સત્યપ્રસાદ—વિવાહ કરવાની ઇચ્છા તો ઘણી વિધવાઓના હૃદયમા ઉત્પન્ન થયેલી છે, પરંતુ સાહસપૂર્વક તેમની સાથે વિવાહ કરે એવા પુરુષોની આપણા સમાજમા ઘણી ખોટ છે સુરેશ! તું એક શિક્ષિત યુવક છે. તને પણ કોઇ સારા વંશની વિધવા સાથે વિવાહ કરવાની ઇચ્છા થાય છે કે નહિ?

સુરેશ—મામા! આપ મ્હારી ઇચ્છાની શી વાત પૂછોછો? મ્હે તો ઘણા દિવસથી મ્હારા મનમા એવો સંકલ્પ કરી રાખ્યો છે કે, જો હુ વિવાહ કરીશ તો કોઈ બાળવિધવાની સાથે જ કરીશ, નહિ તો જીવનપર્યંત અવિવાહિત રહીશ

સત્યપ્રસાદ—ઘણી સારી વાત છે, પરંતુ આ વખતે હું તને

એક વાત તદ્દન સ્પષ્ટતાથી પૂછવાને ઇચ્છુછુ વાઘબજારના સ્વર્ગીય કાશીનાથ બસુની એક પરમ સુન્દરી બાળવિધવા કન્યા છે આપણી કનક-લતા સાથે થોડા દિવસથી એનો પરિચય થયો છે ત્હારા વિવાહ માટે કનકે એ કન્યા નક્કી કરી રાખી છે આ વિષયમા ત્હારો શો વિચાર છે?

આ વાત સાભળી સુરેશ ચુપ થઇ ગયો. તેનુ સહાસ્ય અને સલજ્જ મુખ જોઇ સત્યપ્રસાદે ભાણેજના મનનો વિચાર જાણી લીધો મુખશ્રીને પણ એક પ્રકારની ભાષા હોય છે રસનાદ્વારા વ્યક્ત નહિ કરવા છતા મુખશ્રીથી પણ ઘણા માણસોના મનની વાત વ્યક્ત થઇ જાય છે

(૨૬)

કનકલતા ઘણુખરુ હમ્મેશા સરોજિનીના બાગવાળા મકાને જતી હતી એક દિવસે તેણે વાતમા ને વાતમા જ વૃદ્ધા દયામયી પાસે સરોજિનીના પુનર્વિવાહની વાત કાઢી દયામયીનુ એવુ કહેવુ હતુ કે, ‘સરોજિની હજી ન્હાની બાળિકા છે. હમણા તો આનદ વિનોદ કર-વાનો એનો વખત છે તેથી તેને કાશી લઇ જવાની ઇચ્છા થતી નથી, પણ બીજો ઉપાય ક્યા છે? સરોજિનીનુ એવુ કોઇ આત્મીય નથી કે, જેની પાસે એને રાખી હુ કાશી જઈ શકુ ’

કનકલતાએ કહ્યુ—“ ફોઇ ! તમે સરોજિનીનો પુનર્વિવાહ કેમ નથી કરતા ?’

દયામયી—બ્હેન ! આ તુ કેવી વાત બોલે છે ? કાયસ્થના ઘરની જે છોકરી બ્રહ્મદેવના કોપથી વિધવા થઈ ચુકી છે તેનો પુ-નર્વિવાહ કેવી રીતે થઇ શકે ?

કનકલતા—ફોઇ ! તમે પણ જાણે કે અજાણ્યા બની જાઓ છો ! આજકાલ પ્રતિષ્ઠિત ઘરની વિધવા કન્યાઓના વિવાહ થવા લાગ્યા છે બ્રાહ્મણોમા પણ પુનર્લગ્ન થવા લાગ્યા છે થોડા દિવસ ઉપર કાયસ્થની એક વિધવા કન્યા સાથે બ્રાહ્મણ કુમારનો વિવાહ થયો હતો ! કલકત્તાના મ્હોટા પ્રખ્યાત પડિતો અને સમાજના અગ્રગણ્ય ગૃહસ્થો સુદ્ધા એ વિવાહમા ભાગ લઈ ગયા હતા

દયામયી—એ વાત હવે મ્હને યાદ આવી એ દિવસે હુ વાઘ-બજારવાળા મકાને હતી. તે દિવસે વિધવાવિવાહનુ સમર્થન કરનાર એક પુસ્તકની પ્રતો મફત વહેચવામા આવી હતી જો ન્યાતના લોક હરકત ન ઉઠાવે તો મ્હારી સરોજિનીનુ ઠેકાણુ પડી શકે તેમ છે, પણ સરોજિનીને યોગ્ય ઘર તથા વર મળે એવુ મ્હારા ફુટેલા નસીબમા ક્યાથી હોય ?

કનકલતા—ફોઇ ! મ્હે એક સુદર વર પણ શોધી રાખ્યો છે. એ વર પ્રદ્યુમ્નના જેવો સુદર છે બી એ મા પાસ થઇ હમણા તે એમ એ નો અભ્યાસ કરે છે તેનુ નામ સુરેશચદ્ર હોઇ તે કૃષ્ણનગરના રામલાલ મિત્રનો પુત્ર છે કૃષ્ણનગરમા તેના બે ત્રણ મકાન અને થોડી સપત્તિ છે સુરેશના પિતા સદ્દસ્વભાવના દાનશીલ જમીનદાર હતા બાપુજીના મૃત્યુ પછી અમે જ્યારે સર્વાંશે નિરાધાર બની ગયા ત્યારે સુરેશના પિતાએ જ અમને પોતાના ઘરમા આશ્રય આપી અમારુ પાલન કર્યું હતુ ત્યારથી સુરેશચદ્ર મ્હને પોતાની સગી બ્હેન સમજે છે અને હું પણ એને મ્હારા નન્દલાલથી વિશેષ ચ્હાઉ છુ."

આ સબધી જે કાઇ કહેવા જેવુ હતુ એ સઘળુ કહી રહ્યા પછી કનકલતાએ કહ્યુ—"ફોઇ! સરોજિની સાથે સુરેશની, કેટલીક

વખત મુલાકાત સુદ્ધાં થઈ ચુકી છે તેઓ બન્ને પરસ્પરને વિવાહ કરી સુખી થવાને ઇચ્છે છે તથા બન્નેએ પોતાના અંતરની વાત મ્હને સ્પષ્ટતાથી કહી છે આમ હોવાથી આપ મ્હારી વાત અમાન્ય કરશો નહિ, નહિ તો સરોજિની વિષપાન કરી આત્મહત્યા કરશે !"

આ વાક્યોમાં કનકલતાને પોતાના તરફથી થોડું મીઠું મરચું મેળવવું પડયું હતું, પરંતુ તેથી સત્યની મર્યાદાનો ક્ષય થયો હતો કે કેમ એ વિષે અમે કાંઇ કહી શકતા નથી માનવના જીવનમાં અનેક એવા પ્રસંગ ઉપસ્થિત થાય છે કે, જેમાં મનુષ્ય સત્ય વાતને છુપાવી પાપનો સંચય કરે છે તથા અનેક એવા પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે કે, જેમાં અસત્ય ભાષણથી પુણ્યનો સંચય થાય છે એવા ઘણાં સત્ય છે કે જે અસત્યથી પણ અધમ છે તથા એવા ઘણાં અસત્ય છે કે જે સત્યથી પણ મહાન્ છે !

કનકલતાની વાત સાંભળી દયામયી ચુપ થઇ ગઇ તેણે કહ્યું –
"બેટા ! આ તું શું ક્હે છે ? શું આ સાચી વાત છે ?"

આ સમયે દયામયીના મનમાં ભય, વિસ્મય, સ્નેહ, હર્ષ અને ચિંતા ક્રમશ ક્રીડા કરી રહી હતી આવી સ્થિતિમાં આ વિષય ઉપર ચોક્કસ અભિપ્રાય દર્શાવવાનું કાર્ય તેને માટે અસંભવ હતું.

વાતચિત પૂર્ણ થવા આવી એવામાં આનંદી ત્યાં ઉપસ્થિત થઈ તેણે કહ્યું –"અહા ! સરોજિની બ્હેનનો પુનર્વિવાહ થઈ જાય તો કેવું સારું ! જો વિવાહ થશે તો હું સોનાની બંગડીઓ ભેટ લીધા સિવાય માનવાની નથી."

સૂર્યાસ્ત થતાં પૂર્વે જ આનંદીએ સરોજિની પાસે જઇને કહી દીધું કે, ઘણી ઝડપથી તેને બીજા વરની પ્રાપ્તિ થશે કનક બ્હેને

એક સુંદર વર શોધી રાખ્યો છે આનંદીની વાત સાભળી સરોજિનીએ ધીમેથી તેના ગાલ ઉપર એક ચુટી ખણી કહ્યુ —"જા, જા, ગાંડી "

(૨૭)

શાન્તિપુરનિવાસી સ્વર્ગીય રામલાલના પુત્ર સુરેશચંદ્ર સાથે વાગ્બજારનિવાસી સ્વર્ગીય કાશીનાથની વિધવા કન્યા સરોજિનીનો વિવાહ થયો એ પ્રસંગમા અમે અમારા પાઠકોને નિમંત્રણ કર્યુ નહિં તેનું કેવળ એજ કારણ છે કે એ કાર્ય બાગવાળા મકાનમાં ચુપકીદીથી સંપન્ન થયુ હતુ પત્રદ્વારા પાઠકોને નિમંત્રિત કરી ત્રુટી ક્ષમા કગવવાથી અથવા ઉક્ત પત્રમા વર યા કન્યાપક્ષથી લૌકિકતા ગ્રહણ કરવામા અક્ષમતા દર્શાવવાથી ઘણા લોક અગ્નિશર્મા બની જાય એવો સંભવ હતો કોઈ કોઈ તો ગંગા સ્નાનદ્વારા એ પત્રસ્પર્શથી લાગેલા પાપનુ પ્રાયશ્ચિત્ત સુદ્ધા કરી નાખત

શ્રીમતી દયામયી વિવાહ સમયે ઉપસ્થિત નહોતી વિવાહના ખરચ માટે થોડા સેકડા રૂપિયા અને સરોજિની માટે પાચ હજાર રૂપિયાના અલંકારો આપી તે કાશી ચાલી ગઈ હતી સરોજિનીનું કન્યાદાન તેની એક દૂરની સગી માશીએ દીધુ હતું એ માશીને આનંદીદ્વારા બોલાવવામા આવી હતી. તેના ખરચને માટે પણ કોઇ સો રૂપિયા આપી ગઈ હતી

વિવાહ સમયે નન્દલાલે લખેલી એક લાંબી કવિતા છપાવીને વહેંચવામા આવી હતી. સ્વર્ગીય ઇશ્વરચંદ્ર મહાશયના ગામથી શાલગ્રામશિલાસહિત એક પુરોહિતજી પધાર્યા હતા. કલકત્તાથી સુરેશના કેટલાક વિદ્યાર્થી મિત્રો અને પાચ સાત આર્યસમાજીઓ વરપક્ષ તરફથી

આવ્યા હતા તેઓમાના એક સમાજી ભાઇએ કહ્યુ હતુ કે, 'આટલુ જ્ઞાન થવા છતા પણ અંધપરંપરાનો બહિષ્કાર કરી શકાતો નથી અત્રે પણ પત્થરોની પૂજા કર્યા સિવાય મન માનતુ નથી' આવા અંધ-શ્રદ્ધાપૂર્ણ સ્થળે ટકવામા હુ અન્યાય સમજુ છુ, પણ આ હિંદુઓનો વિધવાવિવાહ છે તેથી તેનો ઉત્સાહ વધારવો એ મ્હારુ મુખ્ય કર્ત્તવ્ય હોવાથી સર્વ ભાઈઓને નમસ્તે કરી હુ એમા યોગદાન કરુ છુ.' આ વચનો સાભળી સત્યપ્રસાદ મામાએ મૃદુ હસતા હસતા કહ્યુ, નિરાકારવાદી સમાજી ભાઇઓ પણ મૂર્ત્તિપૂજક છે, કેમ કે તેઓ ભગવાનની શાબ્દિક મૂર્ત્તિની રચના કરી એને કર્ણેન્દ્રિયદ્વારા ગોચર કરે છે તથા સાધારણ મૂર્ત્તિપૂજક હિંદુ માટી અને પત્થરની મૂર્ત્તિ ઘડીને ભગવાનને દર્શનેન્દ્રિયદ્વારા ગોચર કરે છે આ બન્ને ઉપાસનાઓમા શો ભેદ છે? સર્વ પ્રકારની ઉપાસનાઓ પૌત્તલિકતાનો આશ્રય સ્વીકાર્યા સિવાય પૂર્ણ થતી નથી એટલા માટે આ વખતે ઉપાસનાના ભેદ અભેદ ઉપર શાસ્ત્રાર્થ કરવાની કાઇ આવશ્યકતા નથી ઉપાસના કાઇ મનુષ્ય જીવનનુ કેવળ એક માત્ર કર્ત્તવ્ય નથી રાત્રિ દિવસ ઉપાસનામા વ્યસ્ત રહેવાથી બુદ્ધિની તીક્ષ્ણતા શક્તિ ઓછી થઇ જાય છે સંસારના ઇતિહાસમા નેપોલિયન, બિસ્માર્ક, ક્રૉમવેલ આદિ પુરુષ-પુંગવોની માફક જેટલા કર્મવીરોએ અમરત્વ મેળવ્યુ છે તેમના જીવનમા ઉપાસનાની અધિકતા દૃષ્ટિગોચર થતી નથી, ધર્મવીરોની વાત એનાથી સ્વતંત્ર છે "

કહેવાની આવશ્યકતા નથી કે, સત્યપ્રસાદ, કનકલતા, નન્દલાલ અને આનંદી વગેરેના એકત્રિત પ્રયત્નથી ઉપર્યુક્ત વિવાહ સંપન્ન થયો હતો. ઝુમને ઘોડે ચડવાની ઇચ્છા દર્શાવી હતી, પણ નન્દલાલે તેને

એક થપ્પડ લગાવી દીધી હતી સુરેશની માના અને સરોજિનીની વિમાતાને આ વિવાહ સંબંધીની બિલકુલ ખબર પડી નહોતી સત્યપ્રસાદ મામાએ સુરેશને કહી દીધું હતું કે, "ત્હારા માતાજીના સ્વભાવને હું ઘણી સારી રીતે જાણું છું તેઓ ઘણા પુત્રવત્સલ છે જો કે તેઓ આ વિવાહમાં કોઇ રીતે સંમતિ દર્શાવે તેમ નથી એ ખરું છે, પરંતુ વિવાહ થઇ ગયા પછી તેઓ પોતાના પુત્ર અને પુત્રવધૂનો ત્યાગ પણ નહિ કરી શકે એ માટે તું બિલકુલ ચિંતા કરીશ નહિ "

શ્રમજીવી સમિતિના કેટલાક યુવકોએ તથા થોડા સુશિક્ષિત માણસોએ એ વિવાહમાં ભાગ લીધો હતો ગામના સભ્ય સમાજે એ માટે થોડી આપત્તિ દર્શાવી હતી ગ્રામ્ય સમાજના મુખ્ય નેતા આવા સુયોગને વૃથા જવા દે ખરા કે ? હરેક વિષયની મરજી પડે તેવી ચર્ચા કરવી એ જ તેમનું નિત્યકર્મ હતું તેમણે જ્યારે ઉપરોક્ત યુવકોને પકડી અગ્નિશર્મા થવા માંડયું ત્યારે બીચારા યુવકોએ સમાજ કિંવા જાતિમાંથી બહિષ્કૃત થવાના ભયથી પોતપોતાના બચાવ માટે ગમે તેવી બનાવટી વાત કહેવા માંડી. કોઇએ કહ્યું, 'હું વિધવાવિવાહનો તમાશો જોવા ત્યાં ગયો હતો ' બીજા કોઈએ કહ્યું, 'અવૈધ વિવાહમાં જે જે માણસોએ ભાગ લીધો હતો તેમના નામ નોંધી લેવા હું ગયો હતો' વિવાહમાં ભાગ લેનારા શિક્ષિત વ્યક્તિઓએ જ્યારે એમ જોયું કે, આખા ગામમાં આ વિવાહ વિરુદ્ધ ચર્ચા ચાલી રહી છે અને તેને લીધે સ્થાનીય સ્કૂલ અને હિતકારિણી સભા આદિ સારી સારી સંસ્થાઓ બે પક્ષની ખેંચતાણમાં પડી ધુરમાર થઇ જશે ત્યારે તેમણે સંસ્કારવિરોધી પક્ષ સમક્ષ સહજ નમ્ર થઇ જઈને

કહ્યું –' આ વિવાહમાં ભાગ લેવાથી સમાજ એકદમ આટલો બધો વિરુદ્ધ થઇ જશે એમ તેઓ જાણતા નહોતા અને તેથી એમને ક્ષમા મળવી જોઇએ ' આવા આશયના વચન સાંભળવામાં આવતાં વિરુદ્ધ પક્ષવાળાઓ શાન્ત થઈ ગયા. ગામની આ બધી સામાજિક ગરબડ જોઇને સત્યપ્રસાદ મામાએ કહ્યું –" સમાજમાં પુષ્કળ જ્ઞાન કિંવા શિક્ષણનો પ્રચાર થયા સિવાય સુધારાના આવા કાર્યો જોરશોરથી થઇ શકે તેમ નથી હિંદુસમાજની સ્હામે જ સમાજગૃહમાં સરકાર અથવા સુધારાની સોય પ્રવેશ કરી શકતી નથી, કિંતુ કૌશલદ્વારા ગુપ્ત રીતે એમાં હાથી સુદ્ધાં પ્રવેશ કરી શકે છે ' આ કાર્ય કરવા માટે સંસ્કારવાદીઓ અથવા સુધારકોને ગમે તે પ્રકારે સમાજમાં ઉભા રહેવું જ પડશે બહિષ્કૃત થઇને તેઓ હિંદુ સમાજને સુધારી શકે તેમ નથી

(૨૮)

સુરેશ અને સરોજિનીનો વિવાહ એક એકાન્ત સ્થળે–બાગવાળા મકાનમાં સંક્ષેપતઃ સંપન્ન થવા છતાં પણ એ વિષયની ખબર વર્તમાનપત્રોમાં પ્રકાશિત થઇ. કૃષ્ણનગરમાં એ ખબર જાણી રાધાવલ્લભ વિશેષ વિચલિત બની ગયા. સુરેશને તેઓ સારી રીતે ઓળખતા હતા તથા સરોજિની તેમના સાઢુની કન્યા હોવાથી તે પણ તેમનાથી અપરિચિતા નહોતી વિવાહ હિંદુ મતાનુસાર થયો છે એમ જાણી રાધાવલ્લભ વિચારવા લાગ્યા કે, જો હવે સરોજિનીને એકકે સંતાન થશે તો સુલોચનાને એક પૈસો પણ મળશે નહિ રાધાવલ્લભને હવે એમ લાગ્યું કે, કાશીનાથ પાસે વિલ ન કરાવ્યું એ ખોટું થયું જો વિલ થયું હોત તો સુલોચનાને સંપત્તિમાંનો અમુક ભાગ અવશ્ય મળત.

પછી શ્રીમાન્ રાધાવલ્લભ પોતાના કોઈ આવશ્યકીય કાર્યવશ કલકત્તા આવી સુલોચનાને મળી એ વાર્તા સારી રીતે સમજાવી ગયા કે, એ વિવાહથી તેને કેટલું બધું નુકસાન થયું છે '

એ વિવાહ સંબંધી કલકત્તાના કાયસ્થ સમાજમાં ઘણો ખળભળાટ થયો હતો કાશીનાથના પરિવારને જાતિબહિષ્કૃત કરવાની વાત પણ નીકળી હતી સુલોચનાના પક્ષ તરફથી ગંસિકલાલે જ્ઞાતિના અગ્રેસરો સમક્ષ ઉપસ્થિત થઇ એવો ખુલાસો કર્યો કે, 'એ વિવાહ સુલોચનાની ગેરહાજરીમાં તેની રજા સિવાય થયો છે તેથી એ બીચારીનો શો અપરાધ છે? સરોજિની અને સુરેશની સાથે એનો બિલ્કુલ સંબંધ નથી, તેથી આપ સઘળા વિચાર કરી યથોચિત વ્યવસ્થા કરજો '

આવી રીતે સામાજિક અત્યાચારમાંથી તો સુલોચનાએ મુક્તિ મેળવી લીધી, પરંતુ ભવિષ્યમાં સંપત્તિ પરહસ્તગત થવાની તેની ચિંતા દૂર થઇ નહિ કાશીનાથ મૃત્યુ પૂર્વે કહી ગયા હતા કે, જ્યાં સુધી તેમની બ્હેન દયામયી જીવતી હોય ત્યાં સુધી બાગવાળું મકાન તેના અધિકારમાં રહેશે. તેથી દયામયીની અનુમતિથી સરોજિની અને સુરેશ બાગવાળા મનોરમ મકાનમાં રહેતા હતા. એક દિવસે સુલોચના છુપાઇને સરોજિની તથા તેના નવીન સ્વામીને જોવા માટે ગઈ, કેમ કે બ્હારથી તેમની સાથે પ્રેમભાવ દર્શાવવાની રાધાવલ્લભ તેને સૂચના કરી ગયા હતા અને કનકલતા સાથે પણ બે ચાર વખત તેની મુલાકાત થઇ તથા બન્નેનો પરિચય વિશેષ ભાવથી થયો કનકલતા પહેલાં સુરેશના કૃષ્ણનગરમાં આવેલા મકાનમાં રહેતી હતી તથા તેનો રાધાવલ્લભ સાથે પરિચય હતો એ વાર્તા પણ હવે સુલોચનાના જાણવામાં આવી હતી તે ઉપરાંત સુલોચનાએ પણ જાણી શકી હતી કે કનક-

લતાનો ભાઇ નન્દલાલ અત્રે નોકરી કરતો હોવાથી કનકલતા હવે આ બાગની નજીક રહે છે

સુલોચનાના વિદાય થયા પછી આનંદીએ કનકલતા પાસે તેના ગુણ તેમજ અવગુણોની કથા વિસ્તારથી કહેવા માડી તેણે કહ્યુ – "એના જેવી બદમાશ અને અધર્માચારિણી અબળા સમસ્ત વિશ્વ-સંસારમા બીજી એક પણ નહિ હોય કાર્યાનાથ મહાશયનુ મૃત્યુ થતા પૂર્વેજ તેણે રમિકલાલની સાથે એટલી બધી રસિકતા કરવા માડી હતી કે એ જોઇ દાનમા આગળી ઘાલવી પડતી હતી. એ કેવળ નામની જ વિધવા થયેલી છે, હજી એનો પહેરવા ઓઢવાનો શોખ ઓછો થયો નથી તે તમે જોઇ શક્યા હશો ' આપણા સરોજિની બ્હેનનુ ઉદાહરણ લઇ તે કદાચ રમિકલાલ સાથે ઘર માડી બેસે એવો મ્હને ભય રહે છે ' એ કરી ન શકે એવુ કાર્ય દુનિયામા છે જ નહિ "

ઉપરોક્ત વચન સાભળી કનકલતા સમજી ગઇ કે, આનંદી અને સુલોચના વચ્ચે પ્રથમથી કાઇ દ્વેષભાવ હોવો જોઇએ તેણે આનંદીને કહ્યુ –" એમ છે ત્યારે પછી તુ ચુપકીદીથી સુલોચનાની હિલચાલ ઉપર નજર કેમ રાખતી નથી ? "

આમ છતા સુલોચના ઉપર આનંદીને કેમ નજર રાખવી પડતી હતી એ સરળ સ્વભાવની કનકલતા સમજી શકી નહોતી

તૃતીય ખણ્ડ

(૧)

ઈશ્વરે સુરેશને બે સુન્દર વસ્તુઓનુ દાન આપ્યુ હતુ તેમાની એક વસ્તુ હૃદયને મહાન્ કરનારી મનોવૃત્તિ અને બીજી સ્વાધીન ભાવથી જીવિકાનો નિર્વાહ કરવાની શક્તિ હતી સરોજિની સાથે વિવાહ કરી સુરેશને સસારી થવુ પડ્યુ હતુ તે ઉપરાન્ત હવે થોડા કાળ પછી તેને સતતિનુ દાન મળવાનુ છે, કારણ સરોજિની હવે છેક બાળિકા નથી આમ હોવાથી સસારી મનુષ્યોને નાછુટકે પણ દ્રવ્યની ચિતા કરવી પડે છે

હવે સ્વતત્ર ભાવથી કોઇ વ્યવસાય કરવાનો સુરેશે વિચાર કર્યો નોકરી ઉપર તેને ઘણો તિરસ્કાર છે વિશેષે કરીને સ્વદેશીની હિલચાલ તથા બહિષ્કાર પછી તો સુરેશ વિશેષ સ્વાધીન વિચારનો થઇ ગયો હતો છેલ્લી ઔદ્યોગિક પરિષદમા વિલાયતથી આવેલા એક સાહેબે ભારતના શિલ્પ અને વાણિજ્યની ઉન્નતિ સબધી ભાષણ કર્યું હતુ સુરેશે સાહેબનુ એ મનોમુગ્ધકર ભાષણ સાભળ્યુ હતુ સાહેબે ઉપસહારમા કહ્યુ હતું કે, ‘જર્મની, ઇંગ્લેન્ડ, અમેરિકા અને જાપાને પોતાના શિલ્પ તથા વાણિજ્યની ઉન્નતિ કરીને જ જાતીય ઉન્નતિના શિખર પર આરોહણ કર્યું છે હવે દેશની ઉન્નતિ માટે ભારતવાસીઓએ પણ એ માર્ગનુ અવલબન કરવુ જોઈએ કેવળ રાજનીતિ લઇને જ તેમણે પોતાની સઘળી શક્તિનો વ્યય કરી નાખવો ઉચિત નથી દ્રવ્યોપાર્જનના મુખ્ય અગોને પણ તેમણે પોતાના અધિકારમા

લેવા જોઈએ ' એ ભાષણ સાંભળ્યા પછી સુરેશે સ્વાધીન ભાગ્યી વ્યવસાય કરવાની દૃઢ પ્રતિજ્ઞા પોતાના મન સાથે કરી હતી

વિજ્ઞાન અને રસાયન વિદ્યા ઉપર સુરેશની ઘણી આસ્થા હતી એટલા માટે તેણે ફાર્મોકોપિયર ઔષધિ અને કેમકલ્સ તૈયાર કરવા માટે એક કારખાનું ખોલવાનો વિચાર કર્યો આ કાર્યમાં રસાયન વિદ્યાના ઘણા જ્ઞાનની જરૂર પડતી હોઇ સુરેશ એ વિદ્યાનો જ્ઞાતા હતો સુરેશે વિચાર્યું કે, એ વસ્તુઓ તૈયાર કરી કલકત્તાની મ્હોટી મ્હોટી દુકાનોને જથ્થાબંધ પૂરી પાડવાથી વિશેષ લાભ થવાનો સંભવ છે

' સુરેશે સગોજિનીના સુવર્ણાલંકારો ગીરો રાખી અઢી હજાર રૂપિયા એકઠા કર્યા તથા પહેલ વહેલા એ રૂપિયાથી જ તેણે પોતાના સ્વતંત્ર વ્યવસાયનો આરંભ કરી દીધો બાગના એક ભાગમાં ટીનનો એક ઓરડો બનાવડાવવામાં આવ્યો તથા તેમાં લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી કારખાનાનું નામ 'નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સ' રાખવામાં આવ્યું બજારમાં કારખાનાનો માલ વણો વખણાયો. કલકત્તાના સઘળા દુકાનદારો કહેવા લાગ્યા કે, ' વિલાયતી માલ કરતાં આ સ્વદેશી માલ કોઇ પણ રીતે ઉતરતો નથી '

એક દિવસે સત્યપ્રસાદ મામા સુરેશે સ્થાપેલી લેબોરેટરીનું દર્શન કરવા આવ્યા તેમણે કહ્યું—' ઉચ્ચ રાજપુરુષોના ઉત્સાહિત કર્યા સિવાય આવા વ્યવસાયોની ઉન્નતિ ભાગ્યે જ થાય છે તું સર્વથી પ્રથમ ત્હારો માલ સરકારી દવાખાના તથા ધર્માદા દવાખાનાઓને આપવાનો પ્રયત્ન કર એ પ્રયત્ન સફળ થાય એટલા માટે ત્હારે ગવર્નમેન્ટના ચીફ સેક્રેટરી સાહેબ અને સિવિલ હૉસ્પિટલના ઇન્સ્પેક્ટર જનરલને મળવાની ખાસ જરૂર છે '

સત્યપ્રસાદ મામાની સલાહ પ્રમાણે સુરેશ આવશ્યકીય ભલામણો મેળવી માનનીય ચીફ સેક્રેટરી સાહેબને મળવા ગયો. સેક્રેટરી સાહેબ ભાગવાગીઓને વિશેષ પ્રેમની દૃષ્ટિથી જોતા હતા એટલા માટે કોઇ કોઇ એંગ્લો ઇન્ડીઅન પત્રના સંપાદક 'સેક્રેટરી બાબુ' કહીને એમની મજાક કરતા હતા સેક્રેટરી સાહેબે સુરેશને મુલાકાત આપી, તેની સઘળી હકીકત સાંભળી લર્ડ સિવિલ હૉસ્પિટલના ઇન્સ્પેકટર જનરલ સાહેબના નામ ઉપર એક વિસ્તૃત પત્ર લખી, સુરેશના હાથમાં આપી કહ્યું –" આ પત્ર લઇ જાઇને તમે તેમને મળો "

ધન્યવાદસહ એ પત્ર લઇ સુરેશ વિદાય થયો તથા બીજે જ દિવસે તેણે ઇન્સ્પેકટર જનરલ સાહેબને મળી પોતાના કારખાનામાં તૈયાર કરેલા માલના નમુના દેખાડ્યા તથા નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સનું એક સૂચિપત્ર આપ્યું સાહેબે સ્પષ્ટ હૃદયે એ વાત્તાનો સ્વીકાર કર્યો કે, સુરેશે જે વસ્તુઓ તૈયાર કરી છે તે વણી સારી છે ભારતમાં આવા પ્રકારનો માલ બની શકતો હશે એવી પહેલાં તેમની ધારણા નહોતી સાહેબે કહ્યું –" આવતા શનિવારે સ્હાજે સાડાચાર વાગ્યે હું તમારું કારખાનું જોવા આવીશ. "

આ વાત સાંભળી પરમ પ્રસન્નતાપૂર્વક સાહેબને સલામ કરી સુરેશ ઘેર પાછો ફર્યો.

(૨)

બાગનો માળી શાકપાન અને ફળફુલ લઇ પ્રત્યેક રવિવારે વાઘબજારવાળા મકાને જતો હતો તેના મુખે સુલોચનાએ પોતાના નવીન જમાઇએ સ્થાપેલા કારખાનાની વાત સાંભળી હતી. એક દિવસે

રસિકલાલે બાગમાં જઇ સુરેશને મળી કહ્યું –" હું આપના સ્વર્ગીય શ્વસુર મહાશયનો એક જુનો મુનીમ છું "

સુરેશે તેને પોતાનું કારખાનું અને સઘળો સાજસરંજામ બરાબર બતાવ્યો તથા ઔષધો તૈયાર કરવાની કાર્યપ્રણાલી પણ સમજાવી દીધી પછી રસિકલાલ જ્યારે ઘેર ગયો ત્યારે તેણે રાધાવલ્લભને આવેલા જોયા. રાધાવલ્લભ સુલોચના સાથે સુરેશ અને સરોજિની સંબંધીની વાત કરતા હતા

સુલોચનાએ રાધાવલ્લભને કહ્યું –" મ્હને એક વાત યાદ આવી છે કૃષ્ણનગરમાં સુરેશનું જે મકાન છે ત્યાં કનકલતા નામની એક બાળિકા રહેતી હતી તેના ભાઇનું નામ નન્દલાલ છે તમે તેને ઓળખો છો કે ? હમણાં તે અમારા બાગની નજીકમાં જ રહે છે કનકલતા કહેતી હતી કે, એ તમને ઘણી સારી રીતે ઓળખે છે' '

રાધાવલ્લભે ગંભીરભાવથી ઉત્તર આપ્યો –"એનો ભાઇ નન્દલાલ મ્હારી નોકરી કરી ચુક્યો છે કનકલતાને હું ઘણી સારી રીતે ઓળખું છું એ બાળિકા અદ્વિતીય સુન્દરી છે હમણાં તે ક્યાં રહે છે એ હું જાણતો નહોતો "

સુલોચના –સુરેશની સાથે સરોજિનીનો વિવાહ કરવામાં એ કનકલતાએ જ આગળ પડતો ભાગ લીધો હતો હજી પણ તે હમ્મેશાં સાયંકાળે કનકલતાને મળવા માટે બાગમાં આવે છે નન્દલાલ શ્યામબજારની નજીક કોઇ મીલમાં નોકરી કરે છે

રાધાવલ્લભ –જો તમે કહો છો તેવી રીતે કનકલતાએ તમારી સૌક્યની પુત્રીના પુનર્વિવાહમાં આગળ પડતો ભાગ લીધો હોય તો

તેણે તમારા સર્વસ્વનો નાશ કર્યો છે એમ જ સમજવું જોઈએ તમારી એ સૌકયની પુત્રીને એક બે બાળક થશે એટલે તમને સાડાસાતની પનોતી બેસશે, સમજ્યા ?

હવે રસિકલાલે કહ્યું –“ ત્યારે આપ કૃપા કરી એ વિષયનો કોઈ ઉચિત ઉપાય કરો, નહિ તો અમે સહેલાઈથી આપનો પીછો છોડીશું નહિ આપ એક મ્હોટા વકીલ છો તથા આપના પ્રયત્નથી સઘળી આપત્તિ સહજમાં દૂર થઇ શકે તેમ છે ”

રાધાવલ્લભ–પ્રયત્ન કરીને હું જોઈશ કે ક્યાં સુધી કૃતકાર્ય થઈ શકાય છે ! જ્યારે કનકલતા આ વિષયમાં ભળેલી છે ત્યારે મ્હારે પણ ઘણી ચાલાકીનો પ્રયોગ કરવો પડશે હું કાંઇ જેવો તેવો માણસ નથી

સુલોચના—હમણાં તો હું જ સઘળી સંપત્તિની અધીશ્વરી છું તથા એ સર્વને સહેલાઈથી હું બાગની બ્હાર કાઢી શકું તેમ છું.

રસિકલાલ–તમે કેવી રીતે તેમને બ્હાર કાઢી શકશો ? તમારો નવો જમાઈ ત્યાં ઝંડો રોપીને બેઠો છે બાગમાં એક મજબૂત ટીનનું ઘર બનાવી એમાં ઔષધો તૈયાર કરવાનું કારખાનું ખોલવામાં આવ્યું છે ત્યાં દશ પંદર માણસો કામ કરે છે આજે હું જાતે ત્યાં જઇ મ્હારી નજરે સઘળું જોઇ આવ્યો છું ઘણાં મશીનો મંગાવવામાં આવ્યાં છે આ જુઓ, સુરેશે મ્હને તેના કારખાનાનું એક પુસ્તક પણ આપ્યું છે.

આમ કહી રસિકલાલે નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સનું એક સૂચિપત્ર રાધાવલ્લભના હાથમાં આપ્યું. સુલોચનાએ કહ્યું –“ રસિકલાલ ! આ તમે શું કહો છો ? શું એ લોકો મ્હને સંપત્તિથી વિમુખ

કરવા ઇચ્છે છે? રાધાવલ્લભ! તમારો શો અભિપ્રાય છે? એ લોકોને હું બાગમાંથી હાંકી કાઢું કે?"

રાધાવલ્લભ—ના, એ માટે તમને બિલકુલ તકલીફ નહિ લેવી પડે-એ લોકોએ જાણી જોઈને મૃત્યુના મુખમાં પોતાના પગ મૂક્યા છે.

ત્યાર પછી રાધાવલ્લભ, રસિકલાલ અને સુલોચના વચ્ચે ઘણા સમય સુધી કાંઇ ગુપ્ત વાતચિત થઈ. વિદાય થતી વખતે રાધાવલ્લભે રસિકલાલને કહ્યું —"જોજે રસિકલાલ! આપણી વાતચિતનો એક અક્ષર પણ કોઇ ચોથાને કાને જવો જોઇએ નહિ, નહિ તો વિષમ સંકટ ઉપસ્થિત થશે."

(૩)

આજે શનિવાર છે. પૂર્વ પ્રતિજ્ઞા પ્રમાણે સિવિલ હૉસ્પિટલના ઇન્સ્પેક્ટર જનરલ સાહેબ આજે ત્રીજા પ્રહરના સાડાચાર વાગ્યે નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સનું દર્શન કરવા આવ્યા હતા. કારખાનાને ધજા પતાકાઓ તથા પુષ્પતોરણોથી સુસજ્જિત કરવામાં આવ્યું હતું. કામ-રહિત હૉસ્પિટલના ડૉક્ટર સાહેબે સુરેશની સાથે ગેટ પાસે ઉભા રહી ઇન્સ્પેક્ટર સાહેબની અભ્યર્થના કરી હતી તથા તેમને ગૌરવસહ કાર-ખાનામાં લઈ ગયા હતા.

સઘળું જોયા તપાસ્યા પછી સાહેબે સુરેશને પૂછી એ વાત જાણી લીધી કે, આ વ્યવસાય ફક્ત અઢી હજાર રૂપિયાની પુંજીથી ચાલૂ કર-વામાં આવ્યો છે. તેમણે કહ્યું —"આની પહેલાં સ્પિરિટ ડિસ્ટલરી સ્થા-પિત કરી એમાં ઔષધિઓની ફૅક્ટરી ખોલવી જોઈએ. ડિસ્ટલરીની અંદર ટિંચર, ક્લોરોફાર્મ, ઇથર વગેરે તૈયાર કરવાથી કાંઈ નુકસાન નહિ થાય. એ માટે આ શંકા રાખવાની જરૂર નથી. યૂરોપ

અને અમેરિકામા સર્વત્ર ડિસ્ટલરી અને કેમિકલ લેબોરેટરી એક સાથે જ ખોલવામા આવે છે, તેથી વિદેશી માલની સાથે વસ્તુઓના મૂલ્યમા હરિફાઇ કરવાને ભારતમા પણ આવા પ્રકારની ડિસ્ટલરીઓમા ઔષધિઓની લેબોરેટરી સ્થાપિત કરવી જોઈએ એ માટે ઓછામા ઓછા એક લાખ રૂપિયાની આવશ્યકતા છે ”

એક લાખ રૂપિયાની મુડી એકઠી કરવી એ પોતાની શક્તિ ઉપરાંતનુ કામ છે એવુ સાહેબને સમજાવીને સુરેશે કહ્યુ –' જો આપ સાહેબ સરકારી હૉસ્પિટલો માટે મ્હને કોઇ કોઈ માલના ન્હાના મ્હોટા ઑર્ડર આપી ઉપકૃત કરશો તો એ ઑર્ડરો બજાવ્યા કરી ધીમે ધીમે હુ કારખાનાની ઉન્નતિ કરીશ '

સાહેબે હસીને ઉત્તર આપ્યો –" સરકારી હૉસ્પિટલો માટે પ્રત્યેક વખતે દરેક જાતના હજાર હજાર બબ્બે હજાર પાઉન્ડ ટિંક્ચરની જરૂર પડે છે આવી ન્હાની ફેક્ટરીમા એ તૈયાર થઈ શકે એવો બિલકુલ સભવ નથી. વળી આવતા બે વર્ષ માટે અન્યાન્ય કંપનીઓ સાથે સરકારી હૉસ્પિટલો માટે જોઇતી દવાઓના કૉન્ટ્રેક્ટ થઇ ગયા છે એ બે વર્ષ પછી અમે આપને પણ કોઈ કોઇ ઑર્ડર આપવાનો વિચાર કરીશુ એ સમય દરમ્યાન તમે તન મન ધનથી તમારા કારખાનાની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરો '

સુરેશે સવિનય કહ્યુ–' અધિકારી વર્ગની કૃપાદૃષ્ટિ સિવાય એમ થવુ સર્વથા અશક્ય છે. જો અધિકારી વર્ગ કોઇ મ્હોટા માણસને કારખાનાના ભાગીદાર થવાની ભલામણ કરે તો તેથી સત્વર ઉન્નતિ થઈ શકે.''

આ વાત સાંભળી સાહેબ સ્વગત કાંઇ વિચાર કરવા લાગ્યા

થોડા સમય પછી તેમણે કહ્યું –" ઠીક છે પંદરેક દિવસ પછી તમે મ્હારી ઑફિસમાં આવજો એટલા વખતમાં હું માનનીય ચીફ સેક્રેટરી સાહેબને મળી તમારી આ વાતનો વિચાર કરી જોઇશ "

વિદાય આપતી વખતે સુરેશે સાહેબના કંઠમાં બે પુષ્પમાળાઓ પહેરાવી દીધી તથા તેમના હાથમાં એક મ્હોટી કલગી આપી સાહેબ પ્રસન્ન થઇ મૃદુહાસ્ય કરવા લાગ્યા

(૪)

ઈન્સ્પેક્ટર જનરલના પ્રયત્નથી સુરેશ સત્વર માનનીય ચીફ સેક્રેટરી સાહેબને મળી ઉત્તર બંગાળાના એક મ્હોટા જમીનદાર ગંગા ગોવિંદ રાયના નામ ઉપર એક ભલામણપત્ર લખાવી લાવ્યો હતો ભલામણપત્ર લઈ સુરેશ એ જમીનદારને મળ્યો જમીનદાર ગંગાગો-વિંદ રાય મુખ્યત્વે કરીને કલકત્તામાં જ રહેતા હતા સેક્રેટરી સાહેબનો પત્ર મળતા તેઓ ઘણા આનંદિત થયા પોતાના કેટલાક નોક-રોને પણ તેમણે એ પત્ર વંચાવ્યો પત્રમાં માનનીય ચીફ સેક્રેટરી સાહેબે તેમને સુરેશના ભાગીદાર થવાની ભલામણ કરી હતી ગંગા-ગોવિંદ સુરેશચંદ્રનો પરિચય પૂછી તેના વ્યવસાય સંબંધી અનેક પ્રશ્ન પૂછવા લાગ્યા અંતે તેમણે કહ્યું –" આ વ્યવસાય માટે ઓછામાં ઓછા કેટલા રૂપિયાની તમને જરૂર છે ? "

સુરેશે ઉત્તરમાં કહ્યું –" સિવિલ હૉસ્પિટલના માનનીય ઇન્સ્પે-ક્ટર જનરલ સાહેબે કહ્યું છે કે, આ વ્યવસાયમાં સર્વથી પ્રથમ એક લાખ રૂપિયાની જરૂર છે પછીથી જો વિશેષ જરૂર પડશે તો જોઈ લેવાશે "

એ વ્યવસાયમાં એક લાખ રૂપિયા રોકવાથી શો લાભ થશે એ

જાણવાની ગંગાગોવિંદે ઇચ્છા દર્શાવી સુરેશે એક કાગળ ઉપર આવક જાવકના અડસટ્ટાના આંકડા મૂકી સૂક્ષ્મ રીતે હિસાબ કરી તેમની એવી ખાત્રી કરી આપી કે, સઘળુ ખર્ચ બાદ કરતા મહેકે ઓછામાં ઓછો ૫ંદર રૂપિયાનો લાભ થશે

ગંગાગોવિંદે કહ્યુ—" ઠીક છે, હુ આ વ્યવસાયમા રૂપિયા રોકીશ વળી જ્યારે આ કાર્ય કરવા માટે ચીફ સેક્રેટરી સાહેબે મ્હને ભલામણ કરી છે ત્યારે પછી એ વિષયનો વિશેપ વિચાર કરવાની જરૂર જ નથી હુ પત્ર લખી તમને મ્હારી સંમતિ જણાવીશ ઠીક છે, નફામાથી કેટલો ભાગ લઈ તમે સંતુષ્ટ થઇ શકશો ? "

સુરેશ—આપ રૂપિયા આપી નિશ્ચિત રહેજો. વ્યવસાયની ધમાલ સાથે આપ સંબંધ ન રાખશો Working partner હુ રહીશ તથા એ માટે જો આપને હરકત નહિ હોય તો નફાનો ત્રીજો ભાગ હુ લઇશ.

ગંગાગોવિંદ માટે આ કાંઈ અનુચિત પ્રસ્તાવ નહોતો તેમણે કોઇ પણ પ્રકારની અડચણ સિવાય સુરેશના આ પ્રસ્તાવને સ્વીકાર્યો. હવે સુરેશ પ્રાય હમ્મેશા ગંગાગોવિંદને ત્યા જવા આવવા લાગ્યો. વાતમા ને વાતમા ત્રણ માસ જેટલો સમય પસાર થઇ ગયો. એટર્ની-ઑફિસમાથી ભાગીદારનામાની દલીલ પણ તૈયાર થઇ આવી ગઈ, પરંતુ કોણ જાણે શા કારણથી ગંગાગોવિંદ દલીલને રજીષ્ટર કરાવી રૂપિયા આપી કાર્યનો આરંભ કરવામા વિલંબ કરવા લાગ્યા તેઓ હમ્મેશા સુરેશ સંતુષ્ટ થાય એવા વચન ઉચ્ચારી તેને વિદાય કરી દેતા હતા. ધીમે ધીમે સુરેશના ધૈર્યનો પણ અંત આવ્યો એક દિવસે જમીનદાર મહાશયના એક નોકરે સુરેશને એકાન્તમા લઇ જઇ કહ્યુ—"આ-

વતા જાન્યુઆરી માસનું ગેઝેટ જોયા સિવાય જમીનદાર મહાશય તમારી સાથે કાર્યનો આરંભ કરે એમ લાગતું નથી ”

આ વાત સાંભળી સુરેશ સર્વથા નિરાશ થઇ ગયો બીજી તરફ એક વિષમ સમસ્યા ઉપસ્થિત થઈ. સુરેશના કારખાનામાં ભિન્ન ભિન્ન પ્રકારના ઔષધો તૈયાર થતા હતા બજારમાં એ સર્વ ઔષધોની પાછળ પાઉંડે ત્રણ ત્રણ ચાર ચાર આના કિમ્મત ઘટી ગઇ. જર્મનીની 'ગિહી એન્ડ સન્સ કંપની'એ એ વખતે બજારમાં પોતાના માલનો પ્રભાવ જમાવી દીધો હતો, પરંતુ સુરેશના કારખાનામાં માલ બનવા લાગ્યો એટલે એ કંપની હરિફાઇ કરવા માંડી તથા તેણે પોતાના માલની કિમ્મતમાં પાઉંડે ત્રણ ત્રણ ચાર ચાર આનાનો ઘટાડો કરી નાખ્યો સુરેશ એટલી ઓછી કિમ્મતે માલ વેચવા અશક્ત હતો તેથી તેના માલનું વેચાણ ઓછું થઇ ગયું સુરેશે જોયું કે, આજકાલ સ્વદેશી ચળવળને લીધે જ માલ વેચાતો હતો દુકાનદાર લોક તેને કહ્યા કરતા હતા કે –“ મહાશય ' આપનો માલ આપણા દેશમાં બનેલો હોવાથી જ અમે તેને વિશેષ મૂલ્ય આપી ખરીદ કરીએ છીએ, કેમ કે ખરીદદાર આજકાલ સ્વદેશી માલ ત્યાગી વિદેશી માલ ખરીદવા ઇચ્છતા નથી ’

સુરેશે વિચાર્યું કે, સ્વદેશી આંદોલનની જેટલી વિશેષ પ્રબળતા થશે તેટલો તેનો માલ વિશેષ વેચાશે તેથી તે પોતાનાથી બની શકે એટલી સ્વદેશી આંદોલનની પોષકતા કરવા લાગ્યો પછી એમ પણ સાંભળવામાં આવ્યું કે, કેવળ એકલા સુરેશચંદ્રના જ પ્રયત્નથી છ માસમાં જ ભિન્ન ભિન્ન સ્થળોએ પચીસ સ્વદેશી સભાઓ સ્થાપિત થઇ ગઇ હતી તથા સ્વદેશી ચળવળ સબંધીના ચાર પુસ્તકો જનસભામાં વહેંચવામાં આવ્યા હતા.

(૫)

ઔષધો બનાવવાનું કામ શીખવા માટે કેટલાક યુવકો સુરેશના કારખાનામાં ઉમેદવાર તરીકે ગયા હતા તેઓમાં રામભજદાસ નામનો એક યુવક સર્વ કાર્યોમાં વિશેષ દક્ષ હતો સરોજિનીની વિમાતા સુલોચનાની ભલામણથી સુરેશે તેને પોતાના દવાખાનામાં આશ્રય આપ્યો હતો. રામભજ આવ્યો ત્યારે તેણે એવું કહીને પોતાનો પરિચય આપ્યો હતો કે, ' હું રસિકલાલના સાળીનો પુત્ર છું તથા ખુલના જીલ્લામાં આવેલા સિંહલાટ નામના ગામમાં રહું છું "

રામભજ એક આગળ પડતો ' સ્વદેશિષ્ટ ' હતો કારખાનાના તથા ત્યાં રહેતા યુવકોને એકઠા કરી તેણે એક સ્વદેશી સંકીર્ત્તન મંડળી તૈયાર કરી હતી જો કોઇ પણ સ્થળે સ્વદેશી સભા હોય અને એ વિષયની રામભજને ખબર પડતી તો તત્કાળ તે પોતાની મંડળી સાથે ત્યાં ઉપસ્થિત થતો કલકત્તાની સમસ્ત વિરાટ સ્વદેશી સભાઓમાં પણ કાશીનાથના બાગનો આ 'સ્વદેશિષ્ટ' હાજર રહેતો હતો એનું મંડળ જ્યારે બ્હાર નીકળતું ત્યારે રામભજ ભગવા રંગનું પહેરણું અને ધોતીઉં પહેરી, હાથમાં 'નૅશનલ ફ્લેગ' કિંવા રાષ્ટ્રીય ધ્વજ લઇને, ' વંદેમાતરમ ' ધ્વનિથી સ્વર્ગ તથા મૃત્યુલોકને કંપાવી સર્વની આગળ ચાલતો હતો રામભજનો સ્વભાવ વઢકણો હોવાથી રસ્તે બે ત્રણ સિપાહીઓ સાથે એને તકરાર સુદ્ધાં થઇ હતી. સુરેશ એવી તકરારો નહિ કરવાનો ક્વચિત્ ક્વચિત્ તેને ઉપદેશ આપતો હતો, તેથી રામભજ જેને તેને એમ કહેતો હતો કે, " સુરેશચંદ્ર ઘણો ડરપોક અને કાયર છે."

રામભજના પેટમાં ઘણું વિલક્ષણ રાજનતિક જ્ઞાન ભરેલું હતું.

તે પોતાનો પરિચય એક્સ્ટ્રિમિસ્ટ (ગરમ પક્ષ)ના નામથી આપ્યા કરતો હતો તેણે કલકત્તામા રહેતી વખતે તિલક, ગોખલે, અરવિંદ ઘોષ, મોતીલાલજી વગેરે સ્વદેશી નેતાઓના ઘણા વ્યાખ્યાન સાભળ્યા હતા તે ગોખલેને એક્સ્ટ્રિમિસ્ટ અને તિલકને મૉડરેટ તરીકે ઓળખાવતો હતો, કારણ ગોખલેના ભાષણો મરચાના ઢગલામા સળગતી આગના જેવા થતા હતા તથા તિલકના વ્યાખ્યાનમા કેવળ ન્યાયદર્શનની ચર્ચા આવતી હતી '

(૬)

સ્વદેશી આદોલનના પ્રસાદથી સઘળા સ્વદેશી વ્યવસાય આજ-કાલ ઘણા ધીકતા ચાલતા હતા નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્કર્સનો માલ આ દિવસોમા ઘણો વેચાતો હતો, પણ કારખાનાની મુડી થોડી હોવાથી મ્હોટા મ્હોટા ઑર્ડરો સુરેશ વાયદા પ્રમાણે પૂરા પાડી શકતો નહોતો એવુ જોઇ બડાબજારના એક દુકાનદારે તેને કહ્યુ –" સુરેશ-ચદ્ર ' આપ બીજી વિશેષ રકમ રોકી આપના વ્યવસાયને વધારો. વ્યવસાય વધાર્યા સિવાય આપના કારખાનાની વિશેષ ઉન્નતિ થઇ શકશે નહિ."

આ વખતે સુરેશને પુન ગંગાગોવિદનુ સ્મરણ થઇ આવ્યુ. લગભગ ૭ માસથી સુરેશ તેમને મળ્યો નહોતો આ વર્ષે તેમણે રાજાનો ખિતાબ મેળવ્યો હતો તેથી પોતાનો હેતુ સફળ થવાનો સભવ વિચારી સુરેશ તેમને મળ્યો આ વખતે સુરેશને રાજાસાહેબનુ હૃદય સમુદ્રના જેવુ પ્રશસ્ત જણાયુ સુરેશે તેમને માનનીય ચીફ સેક્રેટરી સાહેબની ભલામણની વાત યાદ કરાવીને કહ્યુ –"આજકાલ સ્વદેશી આદોલનને લીધે કારખાનામા બનતા માલની એટલી બધી માગણી થાય છે કે, તેને પહોચી વળાતુ નથી "

રાજાસાહેબે સ્વદેશી આંદોલન સંબંધી વગી વાત કર્યા પછી કહ્યું—"તમારા સ્વદેશી વ્યવસાયને વધારવા માટે હમણાં હું પચાસ હજાર રૂપિયા આપી શકવાની આશા રાખું છું તે પહેલાં ભાગીદારોની દલીલને રજેરજ ઉડાવી નાખવાની જરૂર છે આવતા સોમવારે ભોજનાદિથી નિવૃત્ત થઇ લગભગ બાર વાગ્યે તમે અત્રે આવજો '

હર્ષપ્રફુલ્લ ચિત્તે ઘેર જઇ એ વાત સુરેશે સરોજિનીને કહી સંભળાવી પતિના હર્ષશોકમાં અર્ધાંગનાનો પણ અર્દ્ધ ભાગ હોય છે. ભગવાને જ એ ભાગીદારીનામું લખેલું હોય છે

સુરેશ કલ્પનાના તંતુઓથી પોતાના વ્યવસાયરૂપી ભવિષ્યના વસ્ત્રને વણતો હતો એ તંતુઓથી અતિ ઉત્તમ વસ્ત્ર વણાઇને તૈયાર થયું છે હવે કેવળ એક અઠવાડીઆ પછી રાજા ગંગાગોવિંદ રાય તેના વ્યવસાયની વૃદ્ધિ માટે રૂપિયા આપવાના છે એ વખતે એનું નેશનલ વર્ક્સ દેશનું એક આદર્શ કારખાનું થઇ જશે તેની આગામી વાર્ષિક જયંતિ' પ્રસંગે ગવર્નર સાહેબને નિમંત્રણ કરવામાં આવશે તથા ગવર્નમેન્ટના આબકારી ખાતા પાસેથી સત્વર એક પ્રાયવેટ ડિસ્ટલરી સ્થાપિત કરવા માટે લાઇસન્સ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે. સુરેશ આવા પ્રકારના આકાશકુસુમોની રચના કરી રહ્યો હતો.

આ સમયે એકાએક એનાર્કિસ્ટોએ બનાવેલા બૉમ્બ ફાટયા અને ચોતરફ ગભરાટ ફેલાઇ ગયો, કેમ કે એવા બૉમ્બ ભયંકર અવાજ કર્યા સિવાય ફાટતા નથી. એનો અવાજ ટેલિગ્રામના તારોની સહાયતાથી પૃથ્વીના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચી જાય છે, પણ બૉમ્બનો અવાજ ઘણે દૂર સુધી પહોંચતો હોવા છતાં સઘળા ધીર અને વિચારશીલ માણસો એ વાર્તાનો ખુલ્લા દિલથી સ્વીકાર કરે છે કે, એ ખાલી

અવાજ નકામા છે એનાર્કિસ્ટોના બૉમ્બના અવાજથી બ્રિટિશ સામ્રાજ્યનો નાશ થાય તેમ નથી, કેમ કે શસ્ત્રબળની કિંવા પશુબળની શક્તિમા કોઈ પણ રાષ્ટ્ર બ્રિટિશ રાષ્ટ્રના હરિફાઇ કરી વિજય મેળવી શકે તેમ નથી. એ બૉમ્બના અવાજથી બૉયકોટ કિંવા બહિષ્કારની હિલચાલ ઉપર ધાડ આવી પડી ચોતરફ જપ્તીઓ અને પકડાપકડી ચાલૂ થઈ 'વન્દેમાતરમ્'નો ધ્વનિ ધીમો પડી ગયો સ્વદેશી હિલચાલમા જે નવજીવનનો સચાર થયો હતો તે જીવન પુન શુષ્કપ્રાય થઇ જવા લાગ્યુ ચારે તરફ શાન્તિપ્રિય સમાજોની રાજભક્તિ સુપ્રગટ તથા મૂર્તિમંતી થઈ રાજશક્તિની પોષકતામા ઉપસ્થિત થઈ એનાર્કિસ્ટોના ઉપદ્રવથી સમસ્ત દેશાની ગવર્નમેન્ટને આવી રીતે લાભ થાય છે એના પ્રમાણ તરીકે આપણો સુરેશચદ્ર અને એનો બાગવાળો વ્યવસાય છે બૉમ્બના અવાજથી તેના શરીરનુ સમસ્ત શોણિત ખળભળી ઉઠ્યુ રાજા ગગાગોવિન્દ રાય હવે તેને તેના સ્વદેશી વ્યવસાયમા ઉત્તેજન આપશે કે કેમ એ માટે તેના મનમા શકા ઉપજી

(૭)

રામભજ ખુલ્લી રીતે એનાર્કિસ્ટોના સઘળા અત્યાચારોનુ સમર્થન કરતો અને કહેતો કે, '**नान्य पन्था विद्यतेऽयनाय.**' તે નન્દલાલને ઘેર પણ જતો આવતો હતો કનકલતાના હૃદયમા પણ ઘણી સ્વદેશી ભાવના જોઇને તેની પાસે તેણે ગુપ્ત રીતે એમ કબૂલ કર્યું હતુ કે, પહેલા ઢાકા જીલ્લાના મુન્શીગંજ નામક સ્થળે ઘણા દિવસ સુધી તેણે એનાર્કિસ્ટો સાથે કામ કર્યું હતુ રામભજે વિશેષમા કહ્યુ કે, કૃષ્ણનગરમા પાર્વતી નામની વિધવાને ત્યા તેનો એક મામો રહેતો હોઇ તેનુ નામ પ્રેમચદ છે પોતાનો એ મામો ગુન્હેગારોને સપડાવે

છે એવુ જાણવામા આવ્યા પછી તેણે તેને મળવાનુ બંધ કરી દીધું છે પહેલા તે વારંવાર કૃષ્ણનગર જતો આવતો હતો.

એ સમય દરમ્યાન સુરેશના અંતરમા એવો સંદેહ ઉત્પન્ન થયો હતો કે રામભજ તેના કારખાનામા કેટલાક યુવકો સાથે મળી જઈ એનાર્કિસ્ટોનુ એક મંડળ તૈયાર કરે છે આવો સંદેહ ઉપજવાથી સુરેશ રામભજની હિલચાલ ઉપર વિશેષ લક્ષ્ય રાખતો હતો

એક દિવસે કુમુદે સરોજિની પાસે ઉપસ્થિત થઈને કહ્યુ –" આજે રામભજે કારખાનામા ઘણો ભારે તમાશો કર્યો હતો કલકત્તાથી ત્રણ ચાર જાતનો મસાલો લાવી તેણે એક નવી જાતનો ફટાકો બનાવ્યો હતો. એ ફટાકો ફોડવાથી બરાબર બંદુકના જેવો અવાજ થયો હતો."

એ દિવસે સુરેશ કલકત્તે ગયો હતો રાત્રે ઘેર આવી સરોજિની પાસેથી તેણે ઉપર્યુક્ત વાત સાંભળી બીજે દિવસે સ્હવારે રામભજને પોતાની પાસે બોલાવી તેણે એ વાતની વાસ્તવિકતા પૂછી રામભજે કહ્યુ – "મ્હારી પાસે 'High Explosives' નામનુ એક પુસ્તક છે તેમાથી મ્હે કેવળ એક પ્રયોગ કરી જોયો હતો "

સુરેશ –એ પુસ્તક તને ક્યાથી મળ્યુ છે ?

રામભજ –જુના પુસ્તકો વેચનાર એક દુકાનેથી હુ એ પુસ્તક ખરીદ કરી લાવ્યો હતો

સુરેશ –એવુ પુસ્તક ત્હે શા માટે ખરીદ કર્યું હતુ ?

રામભજ –એમા મ્હે શુ ખોટુ કર્યુ છે ? આવી નજીવી વાતથી આપ કેમ ડરો છો ?

સુરેશે વિચાર્યું કે, આવા માણસને વિશેષ દિવસ સુધી પોતાને ત્યા રાખવો ઉચિત નથી. તેણે તેજ દિવસે રામભજને પોતાના કાર-

ખાનામાંથી વિદાય કરી દીધો. વિદાય થઇ જતી વખતે ગમભજે સુરેશ પાસેથી પોતાના શિક્ષણ સંબંધીનું એક સર્ટિફિકેટ લખાવી લીધું હતું.

(૮)

આજે સોમવારનો દિવસ છે. આજે સુરેશને ગજા ગંગાગોવિન્દને મળવા જવાનું હતું, પણ પ્રભાતકાળ થતા પૂર્વે જ લગભગ પચાસ સિપાહીઓએ આવી તેનું ઘર અને કારખાનું ઘેરી લીધું. એ ખબર જાણવામાં આવતાં સુરેશ બ્હાર નીકળ્યો. ઇન્સ્પેક્ટર સાહેબે તેને કહ્યું – "અમે તમારી ઔષધોની ફૅક્ટરી તથા તમારા મકાનની જડતી લેવા આવ્યા છીએ." આમ કહી તેમણે 'સર્ચ'નું વૉરંટ બતાવ્યું.

પોલિસની સાથે ગમભજ પણ આવ્યો હતો. તેને જોઈ સઘળા માણસોને ઘણું આશ્ચર્ય લાગ્યું. ગમભજે કહ્યું –" હું મ્હારી ઇચ્છાથી અત્રે આવ્યો નથી, પોલિસ મ્હને જડતીના સાક્ષી તરીકે લઇ આવી છે !"

પાંચ છ કલાક સુધી કારખાનાની અને મકાનની સૂક્ષ્મરૂપે જડતી લેવામાં આવી. સર્વત્ર ઘણી સાવધાનતાથી તપાસ કરવામાં આવી. સુરેશનું મન મલિન નહોતું. જડતી વખતે તેણે પોલિસને પોતાનાથી બની શકે એટલી સહાયતા કરી. કોઈ પણ સ્થળે 'પિક્રિક ઍસિડ' કિંવા 'ક્લોરેટ ઑફ પોટાસ' નો પત્તો લાગ્યો નહિ તથા કોઇને પકડવામાં પણ આવ્યું નહિ.

જડતી પૂર્ણ થતાં સુરેશે દયાજનક સ્વરે ઇન્સ્પેક્ટર સાહેબને પૂછ્યું – "મ્હારા કારખાનાની તથા મકાનની જડતી લેવા જેવો શો ગુન્હો મ્હેં કર્યો છે ?"

સાહેબે ઉત્તરમાં કહ્યું –' અમારી પાસે એવા આશયનો એક

પત્ર આવ્યો હતો કે, આપના કારખાનામાં બૉમ્બ તૈયાર થાય છે; પરંતુ તેથી આપ માઠું લગાડશો નહિ રીપોર્ટમાં હું લખી દઈશ કે, અત્રેથી કાંઇ મળી આવ્યું નથી, તપાસ વખતે ઇન્સ્પેક્ટર સાહેબે આરંભથી અંત સુધી વિશેષ સભ્યતાપૂર્ણ વર્તન રાખ્યું હતું

સર્ચપાર્ટીની સાથે વર્તમાનપત્રનો એક રીપોર્ટર પણ આવ્યો હતો સુરેશ એને ઓળખતો હતો એ રીપોર્ટરને સુરેશે અનેક સ્વદેશી સભાઓમાં જોયો હતો. પોલિસના ચાલ્યા ગયા પછી સુરેશે તેને પોતાની પાસે બોલાવી દશ રૂપિયાની એક નોટ તેના હાથમાં આપી કહ્યું – "આ નોટ સ્વીકારો તથા આ જડતી સંબંધીની કાંઇ હકીકત આપના પત્રમાં પ્રસિદ્ધ ન થાય એમ આપ કરજો એ હકીકત પ્રસિદ્ધ થવાથી મ્હારા આ વ્યવસાયને નુકસાન પહોંચવાનો સંભવ છે."

રીપોર્ટરે સુરેશનું કહેવું કબૂલ કર્યું, પણ બીજે દિવસ ઉપર્યુક્ત જડતીના સમાચાર પ્રાય હરેક વર્તમાનપત્રમાં મ્હોટા મ્હોટા અક્ષરોમાં પ્રસિદ્ધ થયેલા સુરેશના જોવામાં આવ્યા. આથી તે ઘણો લજ્જિત બની ગયો તેણે વર્તમાનપત્રોની ઑફિસોમાં એમ લખી જણાવ્યું કે, કોઈ દુષ્ટ માણસે જૂઠો પત્ર લખેલો હોવાથી જ પોલિસે આ જડતી લીધી હતી, માટે તે તથા પોલિસ કોઇ પણ રીતે દોષી નથી

લજ્જા અને ફિકરમાં બીજું એક અઠવાડીઉં પસાર થઇ ગયું. પછી એક દિવસે સુરેશ રાજા ગંગાગોવિંદને મળવા ગયો રાજા બહાદુરે વર્તમાનપત્રોમાં જડતી સંબંધીની હકીકત વાંચેલી હોવાથી આજે સુરેશને જોતાં તેની સાથે કાંઇ વાતચિત કર્યા સિવાય તત્કાળ તેમણે તેને વિદાય કરી દીધો. ત્યાર પછી તેમણે દરવાનને

બોલાવી એવી આજ્ઞા કરી દીધી કે, “ જોજે, હવેથી કદાપિ એ માણસને આ મકાનમાં કોઇ પણ રીતે આવવા દેશો નહિ ”

કાઉન્સિલના એક ઑનરેબલ મેમ્બરે ‘નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સ’ની ઝડતી તપાસની વાત કાઢી એક દિવસે બંગાળ કાઉન્સિલમાં પ્રશ્ન કર્યો હતો. જેના જવાબમાં ગવર્નમેન્ટ પક્ષ તરફથી કહેવામાં આવ્યું હતું. કે, ‘ પોલિસને મળેલા સમાચાર ઉપરથી એ તપાસ કરવાની જરૂર પડી હતી ’

ઝડતી થઇ ગયા પછી ‘ નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્ક્સ’ની સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ. કલકત્તાના મ્હોટા મ્હોટા વેપારીઓએ આ કારખાનાનો માલ લેવાનું બંધ કરી દીધું. એ લોકોમાંથી એક માણસે સુરેશને કહ્યું—“ ના મહાશય ! હવે અમે આપના ત્યાંનો માલ લઇ શકીશું નહિ. કદાચ લઇએ તો આપના માલ સાથે એકાદ બોમ્બ ગોળો પણ આવી જાય ! માફ કરજો, આપના માલની અમને બિલકુલ જરૂર નથી ”

પહેલાં જે જે દુકાનોને સુરેશ પોતાના કારખાનાનો માલ પૂરો પાડતો હતો તે તે દુકાનોએ જતાં હવે તેનો પ્રથમના જેવો સત્કાર થતો નહોતો. કોઇ કોઇ દુકાનદાર તો તેના મ્હોં તરફ જોતો પણ નહિ. એક દુકાનદારે તેને કહ્યું— ‘ જ્યાં સુધી માલ માટે આપને અમે પત્ર લખીએ નહિ ત્યાં સુધી આપને આવવાની જરૂર નથી. ’ સુરેશ સમજી ગયો કે, કોઇ પણ દુકાનદાર હવે તેનો માલ ખરીદ કરે તેમ નથી. થોડા માસ સુધી અનેક પ્રકારનું કષ્ટ સહન કરીને અંતે છેવટે વધુ નુકસાન જવાથી પોતાનું કારખાનું બંધ કરી દીધું

(૯)

સર્ગામ મનુષ્યમાં પ્રાણ નામની જે એક વસ્તુ છે તેનું પરિણામ અગમ્ય અને અનંત છે. એની તુલના વિરાટ સમુદ્ર સાથે કરી શકાય તેમ છે. નિસર્ગના ફૂંકાતું મેઘ અને વિક્ષેપ વાયુ પરસ્પરમાં મળી ક્વચિત્ ક્વચિત્ આ પ્રાણસમુદ્રમાં તુમુલ તોફાન ઉત્પન્ન કરે છે. તેથી જ્ઞાન, બુદ્ધિ અને વિચારરૂપી નૌકા ડૂબી જાય છે. અવિરામ તરંગપૂર્ણ આ સમુદ્રમાં નિત્ય કેટલાં આશારૂપી વહાણ ડૂબે છે અને ડૂબે છે! વળી આ સમુદ્રમાં ક્વચિત્ ક્વચિત્ કામ ક્રોધાદિ પરિપુઓનું ભીષણ નૌકાયુદ્ધ પણ થાય છે.

આજકાલ સુરેશના પ્રાણસમુદ્રમાં એવા જ પ્રકારનું એક તુમુલ તોફાન ચાલતું હતું. લગભગ સાત દિવસથી તેને વિપિનચંદ્રનો એક પત્ર મળ્યો હતો. પત્રમાં વિપિને નીચે પ્રમાણે હકીકત લખેલી હતી.—

"ભાઈ સુરેશ!

"એક મહિનાથી હું કૃષ્ણનગર આવ્યો છું. આટલા દિવસ સુધી હું ક્યાં રહ્યો હતો એનો ખુલાસો કરવાની જરૂર નથી. વર્તમાનપત્રમાં મ્હેં ત્હારા વિવાહની ખબર વાંચી હતી. ભાઈ! ગૃહસ્થ થઈ જઈને જીવનમાં વિશેષ શાન્તિ ભોગવવાની પ્રથમ ત્હેં ઇચ્છા રાખી હશે, પણ પારિવારિક શાન્તિ ભોગવવામાં તું કદાચ આપણી જનની જન્મભૂમિની વાત ભૂલી જઈશ એવો મ્હને ડર છે.

"સુરેશ! ત્હેં ઘણી ગંભીર ભૂલ કરી છે. ઠીક, કહે જોઈએ કે, અન્યના મ્હોં તરફ જોઈ રહેલા ભારતમાતાને માટે શાન્તિ ક્યાં છે? ખાનપાનનું સુખ કાંઈ ખરી શાન્તિ નથી. જે લોક અંતર બાહ્યથી ઝંઝા-વાતથી અસ્થિર છે એમને માટે શાન્તિની આશા રાખવી એ

કેવળ વિડંબના છે, એટલા માટે જ મ્હેં મ્હારા ક્ષુદ્ર જીવનમાં અશાન્તિ-ને જ ચિરસખારૂપે આલિંગન કર્યું છે. આ સંસારમાં જે લોક અન્નના અભાવથી અશાન્ત છે તેઓ પણ જીવિત છે તથા જેઓ ખાનપાનમાં શાન્તિનો ઉપભોગ ભોગવે છે તેઓ મૃત છે.

"ત્હારા કારખાનાની જડતી લેવાયાના સમાચાર જે દિવસે મ્હેં વર્તમાનપત્રમાં વાંચ્યા તે દિવસે હું સમજી ગયો કે તને સજ્ઞાન કરવા કિંવા જાગ્રત કરવા માટે જ ઇશ્વરે ત્હારી પીઠ ઉપર એવી રીતે કશાઘાત કર્યો છે. આ દેશમાં સ્વાધીન વ્યવસાયને માટે કેટલી અનુકૂળતા છે એ તું હવે બરાબર સમજી ગયો હોઇશ એમ હું ધારું છું.

"તું મ્હોટા મ્હોટા રાજ્યાધિકારીઓ પાસે જતો આવતો હતો એ વાત અજ્ઞાનવાસમાં રહેવા છતાં હું જાણતો હતો. ત્હેં તેમની કૃપા સંપાદન કરવા માટે શું શું કર્યું હતું એ પણ હું સારી રીતે જાણું છું સુરેશ! હજી પણ ત્હારે માટે એમ સમજવું શું બાકી રહ્યું છે કે આ રાજ્યનો રાજા કોઇ એક પુરુષ નથી પણ બહુવચનનો પ્રયોગ કરી એમ કહી શકાય છે કે, એના અસંખ્ય રાજા છે! તેત્રીસ કરોડ દેવતાઓમાં સંહારકારી શંકર જેનો નાશ કરવા ઇચ્છે તેનું રક્ષણ બ્રહ્મા કિંવા વિષ્ણુ આવીને પણ કરી શકે નહિ.

"ત્હારા કારખાનાની તપાસના સંબંધમાં બંગાળ કાઉન્સિલમાં પ્રશ્ન કરવામાં આવ્યો હતો, એને વૈધ આંદોલન કહે છે. એ આંદોલનમાં એવી કોઇ ઐન્દ્રજાલિક શક્તિ છે કે, જેથી તે Absolute કિંવા સંપૂર્ણ સ્વાધીન અને નિરંકુશ રાજશક્તિને પ્રજા તરફ જોવાની ફરજ પાડી શકે. Autocratic અથવા સ્વેચ્છાચારી સમ્રાટ્ જે વસ્તુનું એક હાથે દાન કરે છે તેને મરજી થાય ત્યારે બીજા હાથે પાછી લઇ શકે

છે પ્રજા વૈધ આંદોલનની દોરીથી એના હાથ પગ બાંધી શકતી નથી તથાપિ એટલો વિશ્વાસ છે કે, સ્વેચ્છાચારી રાજાઓનું સ્વાસ્થ્ય કદાપિ સારું નહિ રહેતું હોવાથી તેઓ દીર્ઘજીવી રહી શકતા નથી,--તેથી તેમના સ્વર્ગવાસ કિંવા અંતર્ધ્યાનથી સઘળી પ્રજા છુટકારો મેળવી શકે છે

"ભાઈ મુકુટ અને રાજદંડને પણ મનુષ્યત્વના તુલાદંડમાં તોળી શકાય છે. અંધભક્તિ કદાપિ મુક્તિના દ્વારને ખોલી શકતી નથી મુક્તિને માટે આત્મબળિદાનની આવશ્યકતા છે અકલ્પનીય આત્મબળિદાનને જોઈને જનસમાજ સ્તંભિત થઈ જાય છે, તેના દેવત્વની ઉજ્વળ દૈવી જ્યોતિથી સાધારણ શક્તિના નેત્ર અંજાઈ જાય છે. ભાઈ! આપણી જન્મથી માતા તને ત્યાગપર આવવા માટે આવાહન કરે છે કારણ ત્યાગ જ મનુષ્ય માટે યથાર્થ ગૌરવ છે

ત્હારો ચિરસુહૃદ વિપિનચંદ્ર"

ઉપરનો પત્ર વારંવાર વાંચવાથી સુરેશના હૃદયમાં જે તોફાન ઉપસ્થિત થયું હતું તેથી તેની રાજભક્તિનું સામુદ્રિક જહાજ લંગર તોડવાની તૈયારી કરવા લાગ્યું હતું તેણે વિચાર્યું કે, આ દેશમાં યથાવિધિ આંદોલનથી વર્તમાનપત્રોમાં કૉલમો ભર્યા સિવાય બીજું કાંઈ ફળ આવે તેમ નથી પરાધીન જાતિના શિલ્પ વાણિજ્યની ઉન્નતિ કરવાનો પ્રયત્ન રાજનૈતિક અપઘાતથી કેવી રીતે નષ્ટ થાય છે એનો સુરેશને પ્રત્યક્ષ અનુભવ થયો હતો તેથી તેણે એવો નિશ્ચય કરી લીધો કે સર્વ સ્થળે તથા સર્વ પ્રસંગે રાજભક્તિની સાથે દેશભક્તિનું રક્ષણ કરી શકાતું નથી

નિરાશાની અંદર જે જ્ઞાન ઉપજે છે તેનો પ્રભાવ અત્યંત

અધિક હોય છે એ પ્રભાવને વશ થઈ સુરેશે તત્કાળ અનેક ગ્રંથો ખરીદ કરી તેના વાચનનો આરંભ કરી દીધો એ ગ્રંથોમા કેટલાક ગ્રંથ ઘણા ઉત્તમ હતા. ફ્રેંચ વિપ્લવનો ઇતિહાસ, મેઝિનીનું ચરિત્ર, અમેરિકાના સ્વાધીન સગ્રામનો ઇતિહાસ રશિયાના નિહિલિસ્ટ તથા એનાર્કિસ્ટો સબધીના પુસ્તકો સુરેશે ખાસ પસંદ કરી ખરીદ કર્યા હતા અપકવાવસ્થામા આવા પુસ્તકો વાચવાથી જેવુ ફળ આવે તેવુ જ ફળ સુરેશના વાચનનુ આવ્યુ અર્થાત્ તેનુ મસ્તક ધીમે ધીમે ગરમ થવા લાગ્યુ

એવામા એક દિવસે સત્યપ્રસાદ મામા નન્દલાલને મળવા આવ્યા. એ વખતે નન્દલાલ નોકરી ઉપરથી છૂટી ઘેર આવ્યો નહોતો તેથી તે આવે ત્યા સુધી મામા સુરેશના અતિથિ બન્યા

(૧૦)

સત્યપ્રસાદ મામા સાથે સ્વદેશી વાતચિત કરતી વખતે સુરેશ વારંવાર રિવોલ્યુશન (ક્રાંતિ) શબ્દનો ઉપયોગ કરવા લાગ્યો તથા તેણે કહ્યુ—" રિવોલ્યુશનનો ખરો અર્થ શોણિત સાગરમાથી પાર ઉતરવુ એ છે "

સુરેશના વચન સાભળી સત્યપ્રસાદે પોતાની દૃષ્ટિ સ્થિર કરી. તેઓ સમજી ગયા કે સુરેશના મસ્તકમા એક ભયંકર વસ્તુએ પ્રવેશ કર્યો છે તેમણે પૂછ્યુ—" સુરેશ ! રિવોલ્યુશન શબ્દનો તુ શો અર્થ કરે છે ? "

સુરેશ—રાજશક્તિની વિરુદ્ધ સશસ્ત્ર પ્રજાશક્તિ હરિફાઈ કરે એને હુ રિવોલ્યુશન સમજુ છુ.

સત્યપ્રસાદ—ત્યારે તો રિવોલ્યુશન શબ્દનો અર્થ હું Fig

of sword અથવા તલ્વારનો ખેલ કર્યો હોય એમ લાગે છે, પણ મ્હારી માન્યતા પ્રમાણે ત્હારો આ અર્થ બરાબર નથી મ્હારી માન્યતા એવી છે કે, જ્યા ભૂતકાળની જબરદસ્તી વર્તમાનનુ સ્થાન ભ્રિ નવી લઈ બેસે છે ત્યા અનિવાર્ય ભવિષ્યના વેગ સહિત આવી એને પણ ધક્કેલી મૂકવા જે સંઘર્ષ ઉપસ્થિત થાય છે તેનુ નામ જ રિવોલ્યુશન છે રિવોલ્યુશનનો અર્થ કદાપિ મારામારી કે કાપાકાપી થઇ શકતો નથી

સુરેશ – પ્રજાવિદ્રોહ અને રાષ્ટ્રવિપ્લવમા શોણિત રુધિર અવશ્ય વહે છે ફ્રેંચ વિપ્લવ વખતે પણ લોહીની નદી વહી હતી એ આપ ક્યા નથી જાણતા?

સત્યપ્રમાદ – એટલા માટે જ ફ્રેંચ વિપ્લવને જગતના ઇતિહાસમા હમ્મેશા નિન્દનીય સમજવામા આવે છે વળી જે વખતે ફ્રેંચ રિવોલ્યુશન થયો હતો એ વખતે રેલ્વે, ટેલિગ્રાફ, મશીનગન વગેરેમનુ કાંઈ નહોતુ એ જમાનામા સમ્રાટની બુદ્ધિ પણ હાલની ગવર્નમેન્ટના જેટલી તીક્ષ્ણ નહોતી પ્રાચીનકાળના સામ્રાજ્યોમા પ્રપીડિત પ્રજાવૃન્દ વિદ્રોહી થઈ રાષ્ટ્રવિપ્લવ ઉત્પન્ન કરતા હતા, પરંતુ પૃથ્વીના આધુનિક મ્હોટા સામ્રાજ્યોમા હવે કોઇ પણ રીતે પ્રજાનો વિદ્રોહ સફળતા પ્રાપ્ત કરી શકે તેમ નથી કેવળ બ્રિટિશ સામ્રાજ્ય તો શુ પણ જર્મની, ફ્રાન્સ, ઇટાલી તથા અમેરિકાના યુક્ત રાજ્યમા કોઇ પણ સ્થળે પ્રજાવિદ્રોહ ઉપસ્થિત થતા ગવર્નમેન્ટ સહેલાઇથી એનુ દમન કરી શકે છે એ સામ્રાજ્યોની ગવર્નમેન્ટ એક High intellectual plan અથવા જ્ઞાન અને બુદ્ધિના ઉચ્ચ સ્થાનપર અવસ્થિત છે. દેશમા અંતર્વિપ્લવ ઉપસ્થિત થતા અધિકારી લોક તેની વિરુદ્ધ આધુનિક જ્ઞાન વિજ્ઞાનના સઘળા ઉત્કૃષ્ટ ઉપાયોનો વિશેષ વિલક્ષણતાસહ ઉપ-

યોગ કરી શકે છે અને તેથી વિપ્લવનું બળ જતું રહી તેનો નાશ થઈ જાય છે મ્હારી એવી માન્યતા છે કે, મૅટ્રઝિની, ગૅરિબલ્ડી પ્રભૃતિકથી પુન અવતરણ કરીને પણ આજકાલના આ સામ્રાજ્યોમા પ્રજાવિદ્રોહ ખડો કરી સફળતા મેળવી શકે તેમ નથી વળી બીજી પણ એક વાત છે વર્તમાનયુગમા આ સામ્રાજ્યોમા Political espionage રાજનતિકચાર તંત્રના પ્રકારોને એક Perfect science અથવા સર્વાંશે પૂર્ણ વિજ્ઞાનનુ રૂપ આપવામા આવ્યુ છે તેથી જે નેતા પ્રજાવિદ્રોહ ઉપસ્થિત કરવા માટે ગુપ્ત ભાવથી પ્રયત્ન કરે છે તેનુ કોઈ પણ કાર્ય આજકાલ ગવર્નમેન્ટની આખોથી છુપાઈ રહેતુ નથી. આમ હોવાથી વિદ્રોહનો આરંભ થાય તે પૂર્વે જ વિદ્રોહી મંડળના નેતાને કારાગારમા નાખવામા આવે છે એનુ કારણ એ છે કે, આધુનિક કોઈ વૃદ્ધ સામ્રાજ્યના કોઇ પણ સ્થળે વિદ્રોહનુ કારણ અને સુયોગ ઉપસ્થિત થવા છતા તેને કાર્યમા પરિણત કરવા માટે યોગ્ય નેતાઓનો અભાવ છે અંગ્રેજીમા એક એવી કહેવત પ્રસિદ્ધ છે કે, With the hour will come the man અર્થાત્ સમય આવતા આવશ્યકતાનુસાર લોક પણ એકઠા થઇ જશે આજકાલના યુગમા એવુ બની શકે તેમ નથી

સત્યપ્રસાદ મામાની આ લાબી વક્તૃતા સાભળી સુરેશે સહજ નિરાશ થઇ જઇને કહ્યુ –"ત્યારે સ્વરાજ્ય મેળવવાની આપણે કાઇ આશા જ ન રાખવી કે?"

સત્યપ્રસાદ –શા માટે ન રાખવી જોઇએ? મ્હને તો સ્વરાજ્યની દૃઢ આશા છે, પણ રિવોલ્યુશનદ્વારા આપણને કદાપિ સ્વરાજ્ય મળી શકે તેમ નથી શાસનવિભાગના નિયમોમા ધીમે ધીમે પરિવ-

ર્તન થવાથી અથવા તો અકલ્પનીય આતર્જાતિક ઘટનાની પરંપરાઓ-ના આઘાત પ્રત્યાઘાતથી ભારતશાસનની હાલની પદ્ધતિ બદલાઈ જાય એવો સભવ છે આજે જાપાનની સાથે ઇંગ્લેંડની મિત્રતા છે. જો થોડા કાળ પછી એ સ્થિતિ બદલાઇ જાય અથવા જો વિરાટ ચીન સામ્રાજ્ય થોડા સમયમા એક Powerful Democratic republic અર્થાત સાધારણ પ્રજાનુ શક્તિશાળી પ્રજાતત્ર થઇ જાય અને તેની સાથે બ્રિટિશ ગવર્નમેન્ટને યુદ્ધ કરવાનો પ્રસગ ઉપસ્થિત થાય તો ચાળીસ કરોડ ચીનવાસીઓને પ્રતારિત કરવા માટે ત્રીસ કરોડ ભારત-વાસીઓના હાથમા દેશરક્ષણનો ભાર આપોઆપ છોડી દેવો પડે. એ વખતે જો જરૂર જેવું જણાય તો ભારતના પ્રજાવર્ગમા પણ Conscription અર્થાત્ રાજ્યના સવળા બળવાન્ પુરુષોને ફરજીઆત સૈનિક બનાવવાનો કાયદો પસાર કરવો પડે એ દિવસે ભારતવાસીઓ સમાન હક્ક મેળવી ઇંગ્રેજોને યથાર્થ ભ્રાતૃભાવથી આલિગન કરે. એ દિવસે બ્રિટિશ સામ્રાજ્યનુ નામ પણ બદલાઈ જઇ સભવત 'ઇંડો બ્રિટિશ' સામ્રાજ્ય થઇ જાય. આપણે આ વિશ્વવ્યાપી વિશાળ સામ્રાજ્યના ઉત્તમ ભાગના અધિકારી છીએ. કેટલાક અદૂરદર્શી લોકોની સકુચિતતાથી આપણે હમણા એ અધિકારથી વઞ્ચિત થયા છીએ, પરંતુ એટલાથી જ આ સુદર સમૃદ્ધિશાળી સામ્રાજ્યના ન્યાયાશ ઉપરથી આપણે આપણો હક્ક શા માટે ઉઠાવી લેવો જોઇએ ? એ હક્કને દઢતાની સાથે પકડી રાખ-વાથી જ ભવિષ્યમા એક દિવસે આપણને આપણો ઇશ્વરદત્ત અધિકાર અવશ્ય પ્રાપ્ત થશે. સુરેશ ! ઇંગ્રેજજાતિ ચાણક્યનીતિ પસદ કરે છે. 'सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पंडितः' એવો દિવસ આવતાં જ તે આપણા હાથમા સામ્રાજ્યના લગભગ અડધા હક્ક સોંપી દેશે.

સુરેશે પૂછ્યું–“ ત્યારે એનાર્કિસ્ટો અથવા રાજદ્રોહીઓદ્વારા કોઈ પણ કામ નથી થતું કે ? ”

સત્યપ્રમા:–કેમ નથી થતું ? તેમને લીધે તો દેશમાં સી આઈ ડી. પોલિસનું કામ ઘણું વધી ગયું છે અવિશ્વાસના એક પ્રબળ કાળા મેઘે આવી સમસ્ત સમાજને પોતાની છાયાથી ઢાંકી દીધો છે આજ-કાલ કોઈ કોઈના ઉપર વિશ્વાસ મૂકીને પોતાના અંતરની વાત સ્પ-ષ્ટતાથી કહી શકતું નથી વક્તાના સ્પષ્ટ ભાવોમાં મનના ભાવ વ્યક્ત કરવાની શક્તિ નથી લેખકો અને વર્તમાનપત્રના સંપાદકોનું લેખન-સ્વાતંત્ર્ય નષ્ટ થઈ ગયું છે વિચાર કર્યા સિવાય નિર્વાસન કરવાનો (Deporation without trial) નો જમાનો આવ્યો છે. અધિકારીઓની સંદેહદૃષ્ટિને લીધે જાતીય ઉન્નતિના આપણા પ્રયત્નો સફળ થતા નથી સમાજમાં શંકા, સ્વાર્થપરતા અને ક્રૂરતા ધીમે ધીમે વધતી જાય છે સુરેશ ! તું જાણે છે કે, આ રાજનૈતિક અશા-ન્તિના દિવસોમાં કેટલા માણસો રાજભક્તિનો ધંધો આદરી પોતાનો સ્વાર્થ સાધવાનાજ પ્રયત્ન કરે છે ? એનાર્કિસ્ટ યુવકોના ઉપદ્રવોનું ફળ આથી વિશેષ કેટલું મીઠું હોઈ શકે ?

સુરેશ —જેમને એનાર્કિસ્ટ કહી શકાય છે એમનામાં કેટલાક શિ-ક્ષિત યુવકો છે ખરી રીતે તેઓ એનાર્કિસ્ટ છે કે ? અરાજકતા કરવી એજ એમનું અંતિમ લક્ષ્ય છે કે ?

સત્યપ્રમા:—જો કે એમનું એવું લક્ષ્ય નથી, પરંતુ સ્વરાજ્ય-પ્રાપ્તિનો મહામંત્ર સમજવામાં તેમણે ભૂલ કરી છે એ મંત્રભ્રષ્ટ યુવકોના ઉપદ્રવોને લીધે દેશમાં અરાજકતા થઈ પડી છે બાકી સુરેશ ! બૉમ્બ, ગુપ્ત ખૂનો અને મારફાડની સહાયતાથી સ્વરાજ્ય પ્રાપ્ત થઈ

શકે તેમ નથી એથી તો વિના કારણ રાજપુરુષોનો ક્રોધ અને દેશના લોકોનો નિગ્રહ વધી જાય.

સુરેશ સ્વગત કાંઈ વિચારવા લાગ્યો. સત્યપ્રસાદ મામાએ કહ્યું—‘ વિલાયતના સુપ્રસિદ્ધ ગ્રેટ સાહેબે એક સ્થળે કહ્યું છે કે, ‘The bomb has failed in Russia, it will fail in India as well.’ અર્થાત્ રશિયામાં બૉમ્બ વગેરે વ્યર્થ થયું છે; હિન્દુસ્થાનમાં પણ તેમજ થશે ”

(૧૧)

સત્યપ્રસાદ મામા સુરેશ માટે વિશેષ ચિંતાતુર થયા નહિ તેમની વિશેષ ચિંતા વિપિનચંદ્ર માટે હતી તેઓ જાણતા હતા કે, સુરેશ સરોજિની સાથે વિવાહ કરી સામાજિક બંધનોમાં બંધાઈ ગયો છે. જે કોઈને પ્રેમ જેવી વસ્તુ મળી જાય છે તે પોતાના ભાવિ જીવનમાં સહેલાઈથી મૃત્યુના માર્ગે પદાર્પણ કરી શકતું નથી વિપિનચંદ્ર અવિવાહિત હતો તેમાં વળી જે ગુણ દોષ હોવાથી શિક્ષિત યુવક એનાર્કિસ્ટ (રાજદ્રોહી) થઈ જાય છે એ સઘળા ગુણદોષ વિપિનચંદ્રમાં સર્વાંશે વિદ્યમાન હતા

સત્યપ્રસાદે સુરેશને કહ્યું હતું કે, “ તું એના પત્રનો ઉત્તર આપીશ નહિ ઉત્તર હું જ લખીશ ’ અને નીચે પ્રમાણે એક પત્ર લખી સત્યપ્રસાદ મામાએ તે વિપિનચંદ્રના કૃષ્ણનગરના ઠેકાણે પોસ્ટમાં રવાના કરી દીધો —

“ પ્રિય વિપિનચંદ્ર ’

“ જે પત્ર ત્હેં સુરેશને લખ્યો હતો તે મ્હેં વાંચ્યો છે તથા એ સંબંધી જે કાંઈ કહેવાની મ્હારી ઇચ્છા છે તે હું આ પત્રમાં લખું છું

"સર્વથી પહેલી અને મુખ્ય વાત એ છે કે, રશિયાની ગવર્ન-મેન્ટની માફક બ્રિટિશ ગવર્નમેન્ટ સ્વેચ્છાચારિણી રાજશક્તિ ઉપર પ્રતિષ્ઠિત નથી, તેથી એની ગવર્નમેન્ટ સાથે શત્રુતા કિંવા વિરોધ કરવો એ કોઇ રીતે ઉચિત નથી. શાસનતંત્રમાં ધીમે ધીમે આપણે આપણો અધિકાર વધરાવવો પડશે, તેનો નાશ કરવાનો યત્ન આદર-વાથી પરિણામે આપણને જ નુકસાન ભોગવવું પડશે

"હું એમ માનું છું કે, આજકાલ રાજપુરુષો સ્વદેશી હિલચાલ તરફ જોઇએ એવી સહાનુભૂતિ દર્શાવતા નથી, પરંતુ એક દિવસે આ દેશમાં જર્મનીના શિલ્પ વાણિજ્યના વિસ્તાર ઘટાડવાને માટે એમને આપણા સ્વદેશી શિલ્પ વાણિજ્યના પૃષ્ઠપોષક થવું પડશે અધીર બનવાથી કાંઇ કામ થતું નથી

'વૈધ આંદોલન ઉપર તું આટલો બધો રુષ્ટ કેમ છે એ હું સમજી શકતો નથી સઘળા 'વૈધ આદોલન'ને તું ભિક્ષાવૃત્તિ સમજતો હોય તો એ ત્હારી ભૂલ છે Anarchism and Terrorism અથવા અરાજકતા અને રાજનૈતિક હત્યાકાણ્ડ વૈધ આદોલનની વિપ-રીતતા છે રશિયાના વિખ્યાત પેટ્રિયટ સ્ટેપ નિયક્રે પોતાની પ્રથમાવ-સ્થામા Terrorism નું ઘણું સમર્થન કર્યું હતું. તેણે પોતાના Underground Russia કિંવા 'ભૂગર્ભસ્થ રશિયા' નામના ગ્રંથ તથા બીજા ગ્રંથોમાં બૉમ્બ તેમજ રાજનૈતિક ગુપ્ત હત્યાઓની પોષકતા કરે એવી ઘણી વાતો કહી છે. તેથી તેને રશિયાથી ઇંગ્લેંડ પલાયન કરી જવું પડ્યું હતું, પરંતુ પ્રૌઢાવસ્થામાં જ્ઞાન બુદ્ધિ પરિપક્વ થતાં સ્ટેપ નિયક્નો એ મત સર્વથા બદલાઇ ગયો પોતાના શેષજીવનમાં લખેલા 'King Log and King Stork' નામક ગ્રંથમાં તે કહે છે કે,

“Terrorism is the worst of all revolutionary warfare, and there is only one thing that is worse still–slavish submissiveness and the absence of any protest. We could not look upon the revival of it than as a disgrace for Russia if she is not able to produce by way of protest any thing stronger than terrorism. Now there is only one means of preventing the possibility of such an out burst and of turning to good account popular movements when they begin It is for the whole of the Liberal Opposition to avail it-self of the temporary present lull, and by broad and energetic action to compel the unsetteld Government to change the drift of its politics.

“ભાવાર્થ કે, વિપ્લવ કરવાના જેટલા અસ્ત્ર છે એમા ગુપ્તહત્યા ઘણી ધિક્કારવા જેવી સ્પૃહા છે, પરંતુ તેના કરતા પણ ગુલામીનો દાસ્યભાવ તથા સર્વ પ્રકારના પ્રતિવાદોની વર્જના વિશેષ તિરસ્કારવા યોગ્ય છે ગુપ્તહત્યાના પુન અભિનયને અમે અવશ્ય રશિયાનુ એક કલંક સમજીશુ ગવર્નમેન્ટની વિરુદ્ધ પ્રતિવાદ સ્વરૂપ જો એના કરતા પણ કોઇ અધિક શક્તિશાળી ઉપાય ઉત્પન્ન ન કરી શકાય તો તે વળી વિશેષ કલંકની વાત છે. આજકાલ ઉદાર નૈતિક લોક જો સતત પ્રયત્નથી શાસનપદ્ધતિના નિયમોમા ફેરફાર કરાવવામા સમર્થ થાય તો ગુપ્તહત્યા ફરીથી નહિ થાય તથા પ્રજાવર્ગે ઉઠાવેલાં આંદોલનની પણ થોડી ઘણી સાર્થકતા અવશ્ય થશે.

'ઇટાલીના ઉદ્ધારકર્તા અને 'યંગ ઇટાલી–સંપ્રદાય'ના પ્રતિષ્ઠાતા જોસેફ મૅટ્ઝિની ઉપર તું એક ગુરુના જેવી શ્રદ્ધાની નજરથી જોજે. હોરેસ મૅટ્ઝિનીએ પોતાની જીવનકથામાં એક સ્થળે લખ્યું છે કે:–

'I abhor—and all those who know me well know that I abhor-bloodshed and every species of terror erected into a system, as remedies equally ferocious, unjust, and inefficacious against evils that can only be cured by the diffusion of liberal ideas of vengeance or expiation, as the basis of a penal code, are immoral or useless, whether applied by individuals or by society.

Young Italy while repudiating the vindictive formulae and customs of Carbonarism, abolished all threats of death against traitors.

To all those, who proposed to us the destruction of spies or traitors, we replied· 'Let the Judes be made known, the infamy will be punishment enough.

'ભાવાર્થ, હું રક્તપાત અને ગુપ્ત હત્યાતંત્રનો ઘણો તિરસ્કાર કરું છું જેઓ મને સારી રીતે જાણે છે તેમનાથી મ્હારો આ મત અવિદિત નથી. કેવળ એક માત્ર ઉચ્ચ ઉદાર ભાવના પ્રચારદ્વારા જે વ્યાધિ આરોગ્ય થવો અસંભવ છે એ વ્યાધિનું ઔષધ સઘળી ઇર્ષ્યા-દ્વેષબુદ્ધિપ્રેરિત દુષ્કર્મો થઈ શકે તેમ નથી મ્હારો એવો વિશ્વાસ છે

કે સામાજિક યા વ્યક્તિગત દૃષ્ટિબિંદુના મૂળમાં પ્રતિહિંસાનો ભાવ હોય છે તો તે નીતિ વિરુદ્ધ અને નિરર્થક નિવડે છે

'નવીન ઇટાલી' સંપ્રદાયે કાર્બોનેરિયાના હિંસામૂલક અનુષ્ઠાનોનું પ્રત્યાખ્યાન કર્યું છે અને દેશદ્રોહીઓનો પ્રાણદંડ વર્જિત કર્યો છે.

જેઓ સ્વદેશદ્રોહી હતા, જેમણે ગુપ્તયોગની હત્યાનો પ્રસ્તાવ કર્યો તેમને પણ ઉત્તરમાં કહી દીધું કે, એવા લોકોનો અપરાધ ઉપેક્ષિત કરી નાખો એમના પોતાના જન-મતનો તિરસ્કાર તેમને માટે ઉપયુક્ત શાસન થશે.

"મને આશા છે કે, આ બન્ને સુવિખ્યાત વ્યક્તિઓનો મત જાણ્યા પછી તારા મતનું પરિવર્તન થઇ જશે

'તેં લખ્યું છે કે, 'યુદ્ધ અને રાજદંડને મનુષ્યત્વના દુરાચારથી તોડવા જોઈએ' વાસ્તવિકતાને વિચારી આ વાત ખરી છે પરંતુ પ્રજા-શક્તિની સમષ્ટિ રાજશક્તિ છે રાજશક્તિની ત્રુટી અને અપૂર્ણતા થતાં પ્રજાશક્તિએ તેને પૂર્ણ કરી નાખવી જોઈએ રાજા અને પ્રજાનો સનાતન સંબંધ છે. સર્વ એમ માને છે કે, અંધભક્તિ સર્વત્ર પતનનું કારણ છે અંધ રાજભક્તિ તથા અંધ દેશભક્તિ—બન્ને સમાન અંશે સમાજ માટે નુકસાનકારક છે તેથી હું એવી આશા રાખું છું કે, તું હમ્મેશા એ બન્નેથી પોતાને દૂર રાખીશ અંધ સ્વદેશભક્તિ સંબંધમાં Anti foreign feeling અથવા પરજાતિ-વિદ્વેષના ઉત્પન્ન થાય છે જો ત્યાગ હૃદયમાં પૂરતા જ્ઞાનનો પ્રકાશ થયો હશે તો ત્યાં કદાપિ અંધભક્તિ કિંવા અંધવિદ્વેષને સ્થાન મળશે નહિ વિક્ટર હ્યુગોએ કહ્યું છે કે,—'All hatred goes out of the heart in proportion as all light enters the mind'

" અર્થાત્ હૃદયમા જેટલો પ્રકાશ પ્રવેશ કરશે તેટલો ત્યાથી વિરૂપનો અન્ધકાર દૂર થશે.

" હુ કુશળ છુ નન્દલાલ પણ આનન્દમા છે સુરેશ કુટુબસહ સુખમા છે. વચ્ચે વચ્ચે તું ત્હારા કુશળ વર્ત્તમાન જણાવતો રહેજે.

શુભચિંતક સત્યપ્રસાદ "

(૧૨)

નૅશનલ ફાર્મેસ્યુટિકલ વર્કસમાથી હાકી કાઢવામા આવેલો રામભજ થોડા દિવસ સુધી વાત્રબજારમા રસિકલાલ પાસે રહ્યો. ઉપર્યુક્ત કારખાનાની જે દિવસે જપ્તી લેવાઇ તે દિવસે તેને સુરેશના બાગમા જવુ પડ્યુ હતુ ત્યાર પછી તે કૃષ્ણનગર ચાલ્યો ગયો ત્યા સ્વદેશી યુવકોનુ નવીન મડળ તૈયાર કરવાનો તેનો ઉદ્દેશ હતો મક્ષિકા જેવી રીતે ઘાને તત્કાળ શોધી કાઢે છે તેવી રીતે રામભજે સહેલાઇથી વિપિનચદ્રને શોધી કાઢ્યો. તેણે વિપિનચદ્રને સુરેશે લખી આપેલુ સર્ટિફિકેટ તથા વિસ્ફોટક વસ્તુઓ તૈયાર કરવામા ઉપયોગી થઇ પડે એવુ પેલુ પુસ્તક બતાવીને કહ્યુ હતું કે, " હું જોઇએ એવા બૉમ્બ બનાવી શકુ છુ ' "

રામભજ અને વિપિનચદ્ર એક જ મકાનમા રહેતા હતા. બન્ને વચ્ચે ઘણો પ્રેમ હતો. એમણે દશબાર સ્વદેશી યુવકોને પોતાના મડળમા ભેળવ્યા હતા તેઓમાથી કોઈ ખુલ્લી રીતે સ્વદેશી સબધીની ખટપટ કરતો નહોતો. તેઓ સર્વ એકઠા મળી પણ શકતા નહોતા. આમ હોવાથી તેમના સ્વતત્ર મડળના અસ્તિત્વની બહારના કોઇ પણ માણસને માહિતી નહોતી. સ્વદેશી હિલચાલમા ભાગ લઇને વિપિનચદ્રે એક વખતે કારાગારના દુખ વેઠ્યા હતા. તેના હૃદયમા સાહસનો

અભાવ હોવાથી તેને હરેક કાર્યમાં વાંઝ્યા રહેવું પડતું હતું, પણ રામભજ એટલી સીમા સુધી સાહસિક હતો કે, તે પોતાના સ્વદેશી મંડળના મનગમતા યુવકો પાસે નિર્ભયતાથી આવ જા કરતો હતો. તે દારોગા દીનદયાળની પણ મશ્કરી ઉડાવતા એમ કહેતો હતો કે, એ બોદુ એને શું કરનાર છે?

સ્વદેશી મંડળના કાર્યનું અને તેના શોચનીય પરિણામનું વર્ણન કરવા પૂર્વે એ મંડળના એક બે યુવકો સાથે વાચકોનો પરિચય કરાવવાની જરૂર છે.

કૃષ્ણનગરના સબજજ રાવસાહેબ રામધન મુખોપાધ્યાયના કનિષ્ઠ પુત્ર કુમુદનાથ પાસે લાઇસેન્સ કરેલી એક બ્રિટિશ બુલડૉગ પિસ્તોલ હતી. કુમુદનાથના પિતા પાસે એક બંદૂક અને બે તલવાર હતી. કુમુદનાથ હજી સુધી ઉપર્યુક્ત સ્વદેશી મંડળમાં દીક્ષિત કિંવા 'ઇનસિયેટેડ' થયો નહોતો. યથાનિયમ વિપિનચંદ્રે હજી સુધી તેને ગુરુદીક્ષા દીધી નહોતી. આમ છતાં રામભજ તેનું લાઇસેન્સ લઇ તેની મદદથી કલકત્તાથી અઢીસો ટોટા તેમજ બીજો એ સબંધીનો ઘણો માલ લઇ આવ્યો હતો. રામભજનામાં જોઈએ તે કરતાં વિશેષ ચાલાકી હતી. તેણે ચુપકીદીથી પોતાની પાસે પણ ત્રણ પિસ્તોલ રાખી હતી તથા પત્થરપર ઘસીને તેણે ઉપરના નંબરોનો પણ નાશ કર્યો હતો. રામભજ પોતાના મંડળના યુવકો સમક્ષ પ્રાય એમ કહેતો હતો કે, "મેં અમેરિકાથી પચીસ રિવૉલ્વર (પિસ્તોલો) મંગાવી છે, તેમાંની આ ત્રણ છે જો આપ લોકોને જરૂર હોય અને કહો તો બીજી પિસ્તોલો પણ આવી શકે તેમ છે."

એક પોર્ટમેન્ટ કિંવા ચામડાની પેટીમાં સઘળાં હથિયારો મૂકી પોર્ટમેન્ટ બંધ કરીને તે રામભજ કુમુદનાથને ત્યાં મૂકી આવ્યો પોર્ટમેન્ટમાં શું છે એ સંબંધી કુમુદનાથ કાંઈ જાણતો નહોતો રામભજે વિપિનચંદ્રને કહી દીધું હતું કે, " આપણું ' ઍસિમલ ' કિંવા શસ્ત્રાગાર જજનું મકાન છે પોલિસ પોતાના સ્વાભાવિક સંદેહને વશ થઈ ત્યાં એકાએક જડતી લેવા જવાની હિમ્મત દર્શાવી શકશે નહિ "

વેણીમાધવ અને મોતીલાલ પહેલાં વિપિનચંદ્રની સાથે કેદમાં જઈ આવ્યા હતા એ વખતે સ્કૂલમાંથી તેમનું નામ નીકળી જવાથી લોકો તેમને નામરડા સિપાહી કહ્યા કરતા હતા વેણીમાધવને અન્નનું કષ્ટ નહોતું, તેથી મોતીલાલ તેનો ભાગીદાર બની ગયો હતો મોતીનું સઘળું ખરચ વેણી ઉઠાવી લેતો હતો રામભજ તેમને વારંવાર એમ કહેતો કે, " કેવળ જેલમાં જઈ આવવાથી તમારું કર્ત્તવ્ય સંપૂર્ણ થયું નથી હવે તમારે પ્રાણનો પણ ત્યાગ કરવો પડશે. " મોતી પ્રાય એક ગીત ગાયા કરતો હતો એનું એક પદ અત્રે ઉતારીએ છીએ –

" કાયા કાચી માટીની છે માટીમાં મળનારી
સ્વદેશ માટે કાયા ત્યાગી, જીવનને લે તારી "

મંડળના બીજા યુવકોમાં ઘણા ખરા ' ન્યુ રિક્રૂટ ' (નવી ભરતીના) હતા તેઓમાં યોગેન્દ્ર નામનો એક યુવક સ્થાનીય છાપખાનામાં કમ્પોઝીટરનું કામ કરતો હતો રામભજે તેને કહ્યું હતું કે, " ભાઈ છાપખાનાદ્વારા ત્હારે સ્વદેશસેવાનું કાર્ય કરવું પડશે કારણ તું આપણા આ સ્વદેશી મંડળનો એક ' ઇનશિયેટેડ મેમ્બર ' છે એ

છાપખાનામાં રામભજે બનાવેલી 'યુગાન્ત' નામની ન્હાની પત્રિકા છૂપી રીતે છપાઇ હતી તેના આગળમાં ગીતાનો **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत**—શ્લોક છાપેલો હતો અને અંદર 'મારો મારો–કાપો કાપો' બીજુ સિવાય કાઇ નહોતુ

આવી રીતે એક વર્ષ સુધી આ રાજનૈતિક ષડ્યંત્રની ક્ષીણધારા કુંજનગરના સમાજની અંદર ફલ્ગુ નદીની માફક અંતઃશીલા પ્રમાણે વહેતી રહી

(૧૩)

સુરેશના બાગમાં પણ એનાર્કિસ્ટો (રાજદ્રોહીઓ) નુ એક નવીન સેન્ટર અથવા કેન્દ્ર સ્થાપિત થાય એવી વિપિનચંદ્રની ઘણા દિવસથી ઇચ્છા હતી એ ઉદ્દેશથી તેણે પેલો પત્ર સુરેશને લખ્યો હતો સત્યપ્રસાદ મામાએ એ પત્રનો જે ઉત્તર લખ્યો હતો તે વિપિનચંદ્રને મળ્યો નહિ, કેમ કે રામભજે એ ઉત્તરને વચમાંથી જ ગૂમ કરી દીધો હતો

ઉત્તર નહિ મળવાથી વિપિનચંદ્રને એમ લાગ્યુ કે, સુરેશ પોતાના મતથી વિરુદ્ધ હશે. તેની સાથે એક વખત મુલાકાત કરવાથી પોતાની ઇચ્છા સફળ થાય એવો સંભવ તેને જણાયો, પરંતુ રામભજે તેને પ્રથમથી જ કહ્યુ હતુ કે, "સુરેશબાબુ ઘણા ભીરુ સ્વભાવના માણસ છે મ્હે તેમના કારખાનામાં બૉમ્બ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો તેથી તેમણે મ્હને હાંકી કાઢ્યો તેમની મદદથી કોઇ કાર્ય થાય એવી આશા નથી, પરંતુ ત્યાં એક સ્ત્રી રહેતી હોય તેનાથી આપણુ ઘણુ કાર્ય સધાય તેમ છે. એ સ્ત્રી નન્દલાલની બ્હેન કનકલતા છે કનક બ્હેનનો સ્વભાવ ઘણો અદ્ભુત છે"

ગમે તેમ હો પણ અંતે સુરેશને મળવા માટે વિપિનચંદ્ર એક દિવસે પ્રાતઃકાળે કાશીબાબુના ગંગા ગાર્ડનમાં ગયો. રામભજ પણ તેની સાથે હતો. રામભજ વિપિનચંદ્રને સીધો નન્દલાલને ઘેર લઇ ગયો. નન્દલાલ ઘણા દિવસ પછી વિપિનચંદ્રને જોઈ અત્યંત આનંદિત થયો. રામભજને તે પ્રથમથી જ પિછાનતો હતો. વિપિનચંદ્રે નન્દલાલને પૂછ્યું - 'અત્રે સ્વદેશીનું કામ કેવી રીતે ચાલે છે ?"

નન્દલાલે ઉત્તર આપ્યો —' હાલમાં અત્રે એક સ્વદેશી સ્ટોર ખોલવામાં આવ્યો છે. શિક્ષિત લોકો એ સ્ટોરમાંથી આવશ્યકીય સ્વદેશી વસ્તુઓ ખરીદ કરે છે, છતાં ગરીબ માણસો હજી સુધી વિલાયતી વસ્ત્રો જ ખરીદે છે."

રામભજ —આપ તથા બીજા સ્વદેશસેવકો તેમને સમજાવીને તેમનો એ અભ્યાસ છોડાવી શકો તેમ નથી કે? એ માણસોમાં જ્ઞાનનો અભાવ છે. '**मूर्खाय लाटचौषधि**' એમના ઉપર કોઇ પ્રકારની જબર્દસ્તી કર્યા સિવાય કામ નહિ ચાલી શકે.

નન્દલાલ—જબર્દસ્તી અથવા બળાત્કારનું કેવું પરિણામ આવે છે તેનું તમને જ્ઞાન નથી. તેથી તો પોલિસ કેમ ઉભો થાય અને જેલજાત્રા કરવા જવું પડે.

રામભજ —જેલજાત્રાનો આપને આટલો બધો ભય કેમ લાગે છે? જ્યાં સુધી આપનામાં એવો ભય હશે ત્યાં સુધી આપનાથી પણ સ્વદેશસેવાનું કામ નહિ બની શકે.

વિપિનચંદ્ર નન્દલાલને સારી રીતે ઓળખતો હતો. તેણે કહ્યું.- " હશે, હવે આ સંબંધી વાત જવા દો. મ્હારે સુરેશચંદ્રને મળવું છે; છતાં તેનું નિવાસસ્થાન ક્યાં છે એ મ્હને માલૂમ નથી. કૃપા કરી તમે મ્હારી સાથે આવી મ્હને તેની પાસે લઇ જાઓ."

ગમભજ બોલી ઉઠયો —"જોજો વિપિનચંદ્ર ! હું સુરેશચંદ્રના કારખાનામાં આવનાર નથી થોડો સમય અત્રે બેઠા પછી વાત્રબજારમાં હું મ્હારા માહાને મળવા જનાર છું."

નન્દલાલ —ના, એમ નહિ બને ! આજે તમારે અત્રે રહીને ભોજનાદિ કરવું પડશે

વિપિન—આજે સુરેશને ત્યાં જ ભોજન કરવાનો મ્હે વિચાર કર્યો હતો, કેમ કે, હજી કાંઇ વિશેષ વખત થયો નથી જો ગમભજને જરૂર હોય તો તે ભલે કલકત્તે જાય.

નન્દલાલ વિપિનચંદ્રને સાથે લઇ સુરેશના બાગવાળા મકાને ચાલ્યો ગયો પ્રથમ કનકલતાએ ગમભજને કાચા નાળીએરનું પાણી એક પાત્રમાં ભરી આપ્યું પછી તેણે તેના નાસ્તાની વ્યવસ્થા કરી. નાસ્તો કરતાં કરતાં ગમભજે કનકલતાને કહ્યું – બ્હેન ! તમે 'આનંદમઠ' નામનું પુસ્તક વાંચ્યું છે કે ?'

"હા વાંચ્યું છે"

"ત્યારે તો સંતાન સંપ્રદાય કોને કહે છે એ વાત તમે સારી રીતે જાણતા હશો !"

'થોડું થોડું જાણું છું"

"થોડું જાણવાથી કામ ચાલશે નહિ અમે લોકોએ કૃષ્ણનગરમાં એવા જ એક મંડળની પ્રતિષ્ઠા કરી છે વર્ત્તમાન સમયમાં એવો એક સંતાન સંપ્રદાય બનાવવો પડશે તથા તમારે તેની દ્વિતીય 'શાન્તિ' બનવું પડશે"

કનકલતા હસતાં હસતાં કહેવા લાગી –"ના ભાઇ ! હું ઘોડા તથા ઝાડ ઉપર ચઢી શકું તેમ નથી એ બન્ને કામ સિવાય બીજું જે કહેશો તે કરવાનો હું પ્રયત્ન કરીશ"

"ના બ્હેન ! આવશ્યક પ્રસંગે આપણા દેશને માટે તમારે સર્વ કાર્ય કરવા પડશે તમે સ્ત્રી છો. સ્ત્રીઓ શક્તિસ્વરૂપિણી હોય છે. તમારા જાગ્રત થયા સિવાય દેશનો ઉદ્ધાર થાય તેમ નથી."

"ના ભાઇ ! મ્હારામાં એટલું બળ, બુદ્ધિ અને સાહસ નથી."

"બ્હેન ! જો તમારામાં બળ, બુદ્ધિ અને સાહસ ન હોય તો બીજા કોનામાં હશે ? કૃષ્ણનગરના વકીલ રાધાવલ્લભને મુખે તમારા જે સાહસ અને બુદ્ધિની વાત સાંભળી છે તે યાદ કરતાં તો એમ માલૂમ પડે છે કે, તમારી પાસે કોઇ કાર્ય અસાધ્ય નથી. બ્હેન ! હવે હું કોઈ પણ રીતે તમને છોડવાનો નથી. તમે રણચણ્ડીનું સ્વરૂપ ધારણ કરી અમને સર્વને ઉત્તેજિત કરજો તથા અમે સર્વ 'વન્દેમાતરમ્' કહેતા કહેતા મૃત્યુના મુખમાં કૂદી પડીશું."

વાસ્તવિક રીતે કનકલતાના હૃદયમાં 'આનન્દમઠ'ની શાન્તિનાં કાર્યોનું અનુકરણ કરવા જેટલું સાહસ નહોતું, કારણ કે તે રામભજનના મુખમાંથી રાધાવલ્લભનું નામ સાંભળતાં જ કંપી ઉઠી, પણ રામભજે તે તરફ ધ્યાન આપ્યું નહિ. કનકલતાએ તેને પૂછ્યું – 'તમારો રાધાવલ્લભ સાથે ઘણો સ્નેહસમ્બન્ધ હોય એમ લાગે છે ! શું તમે એમને ઘેર જ રહોછો કે ?"

કનકલતાનો આ પ્રશ્ન સાંભળી રામભજે પોતાના મનમાં વિચાર્યું કે, તેની પાસે તેણે રાધાવલ્લભની વાત કાઢી એ ઠીક કર્યું નથી. તેથી વાતના ભાવને બદલી નાખવાનો પ્રયાસ કરતાં તેણે કહ્યું –"ના બ્હેન ! હું વિપિનચંદ્રને ઘેર રહું છું. રાધાવલ્લભ સાક્ષાત નરપિશાચ અને પાખંડી છે. તેણે તમારી સાથે પહેલાં એક દિવસે ઘણો ઘૃણિત તેમજ અસભ્ય વ્યવહાર ચલાવ્યો હતો એ હું જાણું છું અને તેથી મ્હારે

હાથે એ નરપિશાચનું મસ્તક કાપી તમારી સાથેના તેના દુષ્ટ વ્યવહારનો બદલો લેવાની મ્હેં મ્હારા મનમાં પ્રતિજ્ઞા કરી છે મ્હારો આ શુભ સંકલ્પ આજે મ્હેં કેવળ તમારી પાસે પ્રકટ કર્યો છે બીજું કોઈ એ જાણી ન શકે એની પૂર્ણ સંભાળ રાખજે.

કનક'—પાપીઓને સજા કરનાર પરમાત્મા છે, તેજ તેને તેના કુકર્મોની સજા કરશે

રામભજ —પરમાત્મા મ્હને નિમિત્ત બનાવીને જ એ સજા કરશે

ગમે તેમ હો પણ કનકલતા રાધાવલ્લભને યોગ્ય સજા થયેલી જોવાને ઇચ્છતી હતી તેથી રામભજ એક ઇશ્વરપ્રેરિત માણસ હોય એમજ તેને લાગ્યું

લગભગ એક કલાક સુધી કનકલતા સાથે અનેક પ્રકારનો વાર્તાલાપ કરી, વિદાય લેતી વખતે રામભજે તેને કહ્યું —' બ્હેન ' નન્દલાલભાઈની રાહ જોઈ હું વિશેષ સમય સુધી રોકાઈ શકું તેમ નથી. મ્હારે હજી કલકત્તામાં મ્હારા માહાને મળવા જવું છે હું મ્હારી આ બેગ તમારી પાસે રાખી જાઉં છું, એને તમે તમારી પેટીમાં મૂકી રાખજો કૃષ્ણનગર જતી વખતે પુનઃ તમને મળી હું એને પાછી લઈ જઈશ ''

આમ કહી કનકલતાના હાથમાં એક ન્હાની ચામડાની બેગ આપી રામભજ ચાલ્યો ગયો બેગ થોડી ભારે હોઈ તેને એક ત્રણ પૈસાનું તાળું વાસેલું હતું કનકલતા પોતાની પેટીમાં કપડાં વિશેષ હોવાથી બેગને તેમાં મૂકી શકી નહિ. અને દિવાલ સાથેની એક ખીંટી ઉપર તેણે બેગને ભરાવી દીધી.

(૧૮)

લગભગ એક અઠવાડીઆથી વિપિનચંદ્ર સુરેશના બાગવાળા બંગલામાં આવીને રહ્યો છે. ધર્મ, સમાજ અને રાજનીતિ ઉપર સુરેશની સાથે વારંવાર તેના વાદાનુવાદ થયા કરે છે. ઝુમન ઘણા દિવસ પછી પોતાના જુના મિત્ર—જેલખાનાવાળા વિપિનચંદ્રને મળતાં અત્યંત પ્રસન્ન થયો છે. તેણે વિપિનચંદ્રને કહ્યું કે— 'ભાઇ! હવે હું ચોરી કરતો નથી. હવે તો હું તદ્દન ભલો માણસ બની થયો છું!'"

આ દિવસોમાં કેટલાક સ્થાનીય યુવકો સાથે વિપિનનો પરિચય થયો છે. એક દિવસે તેણે 'મજુરી સમિતિ' તથા 'રાત્રિ પાઠશાળા'નું નિરીક્ષણ કરી સુરેશને કહ્યું—'એના પૃષ્ઠપોષક એક અંગ્રેજ ગૃહસ્થ હોવાથી એ બન્ને સંસ્થાઓમાંથી એક પણ સંસ્થાદ્વારા સ્વદેશી તેમજ સ્વરાજ્યના કાર્યમાં બિલકુલ મદદ મળી શકનાર નથી."

સુરેશે કહ્યું—'ભારતવર્ષમાં લગભગ એક લાખથી વિશેષ અંગ્રેજો રહે છે. તેમને છોડી દઇ જો કોઇ સાર્વજનિક સ્વરાજ્ય ગઠન કરવા ઇચ્છે તો એ કેવળ એક વિડંબના થઇ પડે."

વિપિન—હિંદુસ્તાનમાં હિંદુઓએ જ સ્વરાજ્યની પ્રતિષ્ઠા કરવી જોઇએ. એમાં મુસલમાનો તથા અંગ્રેજોની શી જરૂર છે?

સુરેશ—ત્યારે આ હિંદુ સ્વરાજ્યમાં ભારતવર્ષના મુસલમાન, પારસી, ઇસાઇ, યાહુદી વગેરેએ હિંદુઓની આધીનતામાં રહેવું એમ તું માનતો હોઇશ?

વિપિન—હા.

સુરેશ—'ભાઇ! હું ત્હારા એવા સંકુચિત સ્વરાજ્યનો

પક્ષપાતી કદાપિ થઇ શકીશ નહિ ! આપણને એક જ પ્રકારનું સ્વરાજ્ય ઇચ્છનીય નથી પહેલાં તું જ એવી વાત કહ્યા કરતો હતો કે એક જાતિ બીજી જાતિને પરાધીન રાખે છે તો તેથી દેશનો નાશ થાય છે—અને જાતિ ડૂબવામાં જઇ પડે છે

વિપિનચંદ્રે થોડા સમય સુધી વિચાર કરી પૂછ્યું —“ત્યારે તું કેવું સ્વરાજ્ય ઇચ્છે છે ?”

સુરેશે ગંભીરભાવથી ઉત્તર આપ્યો —“જે સ્વરાજ્યમાં અંગ્રેજ, હિંદુ, મુસલમાન, ઇસાઇ, પારસી આદિ સર્વ જાતિઓનો અધિકાર રહે એવું જ સ્વરાજ્ય હું ઇચ્છું છું. જે માણસ અમુક ધર્મ કિંવા અમુક એક જ જાતિના પાયાપર ભારતના ભાવિ સ્વરાજ્યનું મંડાન કરવા ઇચ્છે તેને ઉન્માદ થઇ ગયો છે એમ જ સમજવું જોઇએ ”

બીજા એક દિવસે વિપિનચંદ્ર ગીતાના ‘**वासांसि जीर्णानि–**’ શ્લોકને બોલી સુરેશને એવું સમજાવતો હતો કે, “શરીરનો નાશ થઇ જવા છતાં આત્માનો નાશ થતો નથી—આત્મા અવિનાશી છે જેવી રીતે આપણે જુના વસ્ત્રનો ત્યાગ કરી નવીન વસ્ત્ર પહેરીએ છીએ તેવી જ રીતે આત્મા પણ એક શરીરનો ત્યાગ કરી બીજા દેહને ગ્રહણ કરે છે આત્માની અમરતા ઉપર વિશ્વાસ રાખીને જ સ્વદેશી યુવક ફાંસીની રસ્સીને ગળામાં નાખી પોતાનો પ્રાણ ત્યાગી શકે છે ”

સુરેશ—અપરાધ કર્યા સિવાય કોઇને ફાંસીની સજા કરવામાં આવતી નથી સ્વદેશી યુવકોમાંથી કોઇ કોઇ ગુપ્ત નરહત્યા કરે છે, તેથી તેમના ગળામાં ફાંસીની રસ્સી નાખવામાં આવે છે હું સમજી

શકતો નથી કે, આવી નરહત્યાઓ અને આત્મહત્યાઓથી દેશનું શું ભલું થઈ શકે તેમ છે! એવી ગુપ્ત હત્યાઓથી ગવર્નમેન્ટ કદાપિ વિચલિત થતી નથી એ નિશ્ચિત છે; એમ છતાં તું શા માટે એવું કહે છે કે, તેથી દેશનું હિત થાય છે? જો નિરર્થક પ્રાણ ત્યાગવા-થી જ દેશનું હિત થઇ શકે તેમ હોય તો ચાલ, આપણે કલકત્તાના ફોર્ટ વિલિયમની નજીક જઇ એક વૃક્ષ સાથે રસ્સી બાંધી આપણો પ્રાણ ત્યાગીએ.

સુરેશની આવી વ્યંગોક્તિથી વિપિનચંદ્ર ચીડાઈ ગયો. તેણે કહ્યું –" સુરેશ! મ્હને એમ માલૂમ પડયું છે કે, ત્હારાથી દેશહિતનું કોઈ કાર્ય થઈ શકે તેમ નથી. તું તદ્દન પાછો હઠી ગયો છે."

તે દિવસે જ વિપિનચંદ્ર કૃષ્ણનગર ચાલ્યો ગયો.

(૧૫)

આજકાલ કરતાં લગભગ પંદર દિવસથી રામભજની બેગ કલક-ત્તાના ઘરની દિવાલ ઉપર લટકે છે. રામભજ તેને લઈ ગયો નથી તથા એ બેગને બીજું કોઇ અડકતું પણ નથી.

એ બેગ ઉપર આપણા ઝુમનની થોડી થોડી નેકનજર પડી હતી. સંભવત, એ બેગમાં થોડી સિગારેટ અથવા તો બીડીઓ હોવાનો તેણે વિચાર કર્યો હશે, કારણ રામભજ સ્વદેશી યુવક હોવાથી સુરેશના કારખાનામાં કામ કરતી વખતે તે વિદેશી સિગારેટોને બદલે સ્વદેશી બીડીઓ પીતો હતો તથા એ વાત ઝુમન પણ સારી રીતે જાણતો હતો.

કહેવત છે કે, 'કૂતરાની પુછડી પત્થર સાથે બાંધવામાં આવે તો પણ તે પાછી વાંકીને વાંકી થઇ જાય છે.' એવી રીતે કોઈ

કહ્યા કર્યા સિવાય છુપી રીતે બીજાની વસ્તુપર હાથ ચલાવવાનો ઝુમનનો અભ્યાસ હતો કનકલતા વગેરે ઉપર એક પ્રકારની મમતા હોવાથી તે તેમની પેટી પટારાઓ ઉપર હાથ ચલાવતો નહોતો પરન્તુ રામભજન ઉપર તેની એવી મમતા નહોતી વળી રામભજનની એ બેગ ઘણા દિવસથી એક પ્રકારે Unclaimed property હક્કદાર વગરનો માલ થઈ પડી હતી આમ હોવાથી તેના ઉપર પોતાનો થોડો ઘણો હક્ક છે એમ ઝુમનના મનમા આવ્યુ.

એક દિવસે કનકલતાની ગેરહાજરીમા ઝુમને બેગને ખીંટીપરથી નીચે ઉતારી તેનું તાળુ તોડી નાખ્યુ તથા અંદર શી શી વસ્તુઓ છે તે જોવા માટે હાથ નાખી પરીક્ષા કરવા લાગ્યો બેગની અંદરથી કેટલાક કાગળ, બે પિસ્તોલ, કેટલીક 'કેટ્રિજ' અને સિગારેટની એક બૉક્ષ મળી આવવાથી ઝુમનને ઘણો આનંદ થયો એમા ઘણી સિગારેટો હશે એમ વિચારી તે બૉક્ષ ઉઘાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરન્તુ એ ટીનના બૉક્ષના ઢાંકણાને તેણે રેણથી બંધ કરેલુ જોયુ બરાબર આ વખતે નન્દલાલ ત્યા આવી પહોચ્યો. ઝુમનનુ કર્ત્તવ્ય જોઈ પ્રથમ તો તેને ઘણો ક્રોધ ઉપજ્યો હતો, પરન્તુ બે પિસ્તોલ નજરે પડતા જ તેનો ક્રોધ વિસ્મયમા પરિણત થઈ ગયો તેણે ઝુમનને કહ્યુ –" જા, દોડતો દોડતો જઈ જલ્દી સુરેશચન્દ્રભાઈને બોલાવી લાવ "

ઝુમન તત્કાળ સુરેશને બોલાવી લાવ્યો હવે સુરેશ અને નન્દલાલે રામભજનની બેગની બરાબર પરીક્ષા કરવા માડી તેમણે જોયુ કે બન્ને પિસ્તોલ નિરુપયોગી છે તથા ટોટાની સાઇઝ જોતા એ પિસ્તોલમા આવી શકે તેવા નહોતા સુરેશે પેલી ટીનની બૉક્ષમા એક છિદ્ર

જોયું એ છિદ્રમાંથી હળદર જેવા રંગનો થોડો થોડો મસાલો બહાર નીકળતો હોઇ તેને જોઇને તે 'પિક્રિક એસિડ' છે એમ તત્કાળ તે સમજી શક્યો. બેગની અંદરથી સુરેશે કેટલાક 'યુગાન્તર'ના હૅન્ડ-બીલ્સ અને પોતાના કારખાનાનાં પાંચ સૂચિપત્ર બહાર કાઢ્યાં. એ વસ્તુઓ ઉપરાંત કનકલતા અને નન્દલાલે ઘણા દિવસ પહેલાં સુરેશને જેટલા પત્ર લખ્યા હતા તે તથા સત્યપ્રસાદ મામાએ વિપિનચંદ્ર ઉપર જે પત્ર લખ્યો હતો તે બેગમાંથી મળી આવ્યા. આ સામાન કેવી રીતે રામભજના હાથમાં ગયો તેનો ઘણો વિચાર કરવા છતાં સુરેશ કાંઈ નિશ્ચય કરી શક્યો નહિ.

એ સઘળી વસ્તુઓ જોઈ કનકલતા થોડા સમય સુધી ચુપ રહી. પછી તેણે કહ્યું—"આ વિષયમાં રાધાવલ્લભનો હાથ હોય એવો સંદેહ મ્હારા મનમાં ઉપજ્યો છે. તે દિવસે રામભજ મ્હારી પાસે એકાએક એમ બોલી ઉઠ્યો હતો કે, રાધાવલ્લભ સાથે તેનો ઘણો સ્નેહસંબંધ છે. એ લોકો એક બીજાને મળી આપણને પુનઃ કોઈ સંકટમાં ફસાવવાનો પ્રયત્ન કરતા હોય એમજ મ્હને લાગે છે."

સુરેશે કહ્યું—"આ સઘળી વસ્તુઓ આપણે વિના વિલંબે પોલિસને સ્વાધીન કરી દેવી જોઇએ."

નન્દલાલે સ્વગત કાંઈ વિચાર કરીને કહ્યું—"એમ કરવાથી વિપિનચંદ્ર ઉપર પુનઃ સંકટ આવી પડવાનો સંભવ છે. રામભજ તેમની સાથે અત્રે આવીને આ બેગ રાખી ગયો છે. મ્હારી માન્યતા પ્રમાણે તો આ બેગને આપણે કૃષ્ણનગરમાં વિપિનચંદ્ર પાસે મોકલી દઇએ એ જ ઉત્તમ છે."

સુરેશ—રામભજનું આ કપટકારસ્થાન આપણે વિપિનચંદ્રને

જણાવવું જોઇએ વળી આ વિષય સંબંધી પોષ્ટમાં પત્ર લખવો ઉચિત નથી. ઝુમન જાતે જઇ તેને અત્રે તેડી લાવે એ વિશેષ ઉત્તમ છે.

પછી સહુની સંમતિથી સુરેશનો પત્ર લઇ ઝુમન તેજ દિવસે કૃષ્ણ-નગર ચાલ્યો ગયો. સુરેશે નન્દલાલને કહ્યું –" જ્યાં સુધી વિપિનચંદ્ર અત્રે આવે નહિ ત્યાં સુધી આ બેગને બીજા કોઇ સ્થળે રાખવાની જરૂર છે."

નન્દલાલે સુરેશના કહેવા પ્રમાણે કર્યું.

(૧૬)

લગભગ આઠ માસથી સરોજનીને કમળપુષ્પના જેવી કાન્તિવાળો એક પુત્ર થયો છે. માતાનો આનંદ પ્રાય પુત્રના આનંદનું અનુકરણ કરે છે. બાળકને હૃદય સાથે ચાંપી લાડ કરતી વખતે જનનીનું શૈશવ પણ એટલા સમય માટે પાછું આવે છે. મધ્યાન્હકાળ થતા પૂર્વે સરોજિની બાળકને ખોળામાં લઇ તેની ભાષાનું અનુકરણ કરીને પ્યાર કરતી હતી. એવામાં કનકલતાએ હાથમાં લાડુ લઈ એ સ્થળે પ્રવેશ કર્યો. સુરેશ છજામાં ઉભો હતો. કનકલતાનો કંઠસ્વર સાંભળી તે પણ અંદર ચાલ્યો આવ્યો. આવવાની સાથે જ તેણે પૂછ્યું –" બ્હેન! તમારા હાથમાં શું છે?"

કનક –વિપિનચંદ્ર કૃષ્ણનગરથી પ્રસાદ લાવ્યા છે તે છે.

સુરેશ –તમે તેને રામભજના કપટકારસ્થાનની વાત કહી દીધીને?

કનક –હા, સઘળી વાત કહી દીધી છે. બેગમાં જે કાંઇ હતું તે બધું જોયા પછી વિપિનચંદ્રભાઇ રામભજ ઉપર ઘણા ક્રોધે ભરાઈ લાલચોળ

બની ગયા છે તેમણે કહ્યું, ' રામભજ શયતાન નીકળ્યો હું તો એને એક કામનો માણસ સમજી હમ્મેશા અંતઃકરણપૂર્વક તેના ઉપર વિશ્વાસ રાખતો હતો, પરંતુ એણે તો આપણને સર્વને ભીષણ સંકટમાં સપડાવવાનો પ્રયત્ન કર્યો હતો ' હમણા વિપિનચંદ્ર નન્દલાલની સાથે વાતચિત કરે છે હું તમને ખબર આપવા ચાલી આવી છું

ગઇ રાત્રે શયન કરતી વખતે સરોજિનીએ સુરેશને મુખે રામભજ સંબંધીની સઘળી વાત સાંભળી હતી, તેથી તેણે કહ્યું –' મ્હારા વિમાતા સુલોચનાએ તો એને માટે ઘણી ભલામણ કરી હતી તેમણે કહ્યું હતું કે, એ એમના બનેવીનો વિશ્વાસુ માણસ છે "

કનકલતા બોલી ઉઠી —" ગધાશ્યામનો વિશ્વાસુ માણસ કે ? તેથી જ આમ બન્યું છે જે દિવસોમા રામભજ અત્રે કામ કરતો હતો તે દિવસોમા એક વખતે તેણે મ્હને એમ કહ્યું હતું કે, કૃષ્ણનગરમા પાર્વતી નામની કોઇ એક સ્ત્રીને ઘેર તેનો એક મામો રહે છે તે પોલિસની જાસુસી કરતો હોઇ તેનું નામ પ્રેમચંદ કે રૂપચંદ જેવું છે -"

સુરેશ—એ પ્રેમચંદની સાક્ષી ઉપર જ નન્દલાલને સજાનો હુકમ થયો હતો હવે રામભજ પાછો કૃષ્ણનગર નાઠેલો હોવાથી તેણે તેના મામાના રજીસ્ટરમા નન્દલાલનું નામ રાજદ્રોહીઓમા લખાવી દીધું હશે વળી તે રસિકલાલની સાળીનો છોકરો છેને ?

આ વાત સાંભળી સરોજનીએ કહ્યું –" એ કેવી રીતે ? મ્હેં તો રામભજને કદાપિ વાઘબજારવાળા મકાને રસિકલાલની પાસે આવતા જતા જોયો નથી ' "

આમ કહી તત્કાળ આનંદીને બોલાવીને તેણે પૂછ્યું-"આનંદી ! પહેલાં હું રસિકલાલની પાસે કોઇ વખતે રામભજને જતા આવતા જોયો હતો કે ? રસિકલાલ તેના મળતા થાય છે કે ?"

આનંદીએ ઉત્તરમાં કહ્યું -"વાત્રભજાગ્વાળા મકાનમાં રહેતી વખતે હું હમ્મેશાં રસિકલાલના ઘરનું કામકાજ કરતી હતી મ્હેં તો કદાપિ એમની પાસે રામભજ નામના કોઇ માણસને આવતા જતા જોયો નહોતો ! આ દુનિયામાં રસિકલાલનું કોઇ સગું વ્હાલું નથી."

આવી રીતે એ વખતે રામભજનો પ્રસંગ લઇને એ લોકોમાં એક ભાગે આંદોલન થવા લાગ્યું રામભજ સંબંધી જેને જે વાતની ખબર હતી તે આ વખતે એ વાત કહી સંભળાવવા લાગ્યું સુરેશ બોલ્યો -"આગળમાં તેણે મ્હારા કારખાનામાં બૉમ્બ બનાવવા માંડ્યા હતા સૌભાગ્યવશાત એને સત્વર કાઢી કાઢ્યો તે સારું થયું નહિ, તો આજે આપણા સર્વના હાથમાં બેડીઓ પડી હોત"

કનક પહેલાં રામભજ ઢાકા અગર તો બીજા કોઇ સ્થળે સ્વદેશી ડાકુઓના પક્ષમાં હતો એ પક્ષના માણસો પકડાઇ જવાથી તે આ તરફ નાસી આવ્યો હતો. આ વાત રામભજે પોતાને મુખે મ્હારી પાસે કબૂલ કરી હતી. તે મ્હને કહેતો હતો કે, 'બ્હેન ! અમે 'આનંદમઠ'ના સંતાનોનો સંપ્રદાય બનાવીશું તથા તમારે અમારી 'શાન્તિ' બનવું પડશે'

આ સાંભળી સહુ હસી પડ્યાં. સુરેશે કહ્યું -"મ્હને તો એમ લાગે છે કે એ રામભજ સેંકડો માણસોને ખરાબ કરશે"

પછી સુરેશ વિપિનચંદ્રને મળવા માટે નન્દલાલને ઘેર ગયો. રાત્રે આનંદીને એકાએક એક વાત યાદ આવી તે જે વખતે વાગ-બજારવાળા મકાનમાં રહેતી હતી એ વખતે એક દિવસે સુલોચનાના ઓરડામાં રાધાવલ્લભ, રસિકલાલ અને સુલોચનાની વચ્ચે કાંઈ છુપી મસલત ચાલતી હતી. રાધાવલ્લભને તૃષા લાગવાથી તેમણે એક પ્યાલો પાણી માગ્યું એટલે આનંદી તેમને પાન અને પાણી આપવા ગઈ હતી. એ વખતે રામભજના નામનો ઉલ્લેખ કરીને રાધાવલ્લભ કાંઇ કહેતા હતા, પરંતુ આનંદી નજરે પડતાં તેઓ ચુપ થઈ ગયા હતા. એ પ્રસંગ બન્યા પછી થોડા દિવસ સુધી રામભજનું નામ આનંદીના મનમાં ગુંજી રહ્યું હતું આજે તેને એ જુની વાત યાદ આવી. કોઇ કારસ્થાનમાં રામભજ એ લોકોનું પુતળું હોય એવો સંદેહ આજે તેના મનમાં ઉપજ્યો

બીજે દિવસે પ્રાતઃકાળે આનંદીએ સરોજિની પાસે જઇને કહ્યું "બ્હેન! ઘણા દિવસથી હું વાગબજારમાં જઈ શેઠાણીને મળી નથી એમને મળવા માટે થોડા દિવસથી મ્હારી ઇચ્છા થઇ છે. હવે હું ચાર પાંચ દિવસ માટે વાગબજારમાં જાઉં છું" આમ કહી આનંદી વિદાય થઈ ગઈ

(૧૭)

જે વખતે સુરેશ નન્દલાલને ઘેર જઇ પહોચ્યો એ વખતે વિપિનચંદ્ર એકાગ્રચિત્તથી એક પત્ર વાંચતો હતો એ પત્ર સત્યપ્રસાદ મામાએ તેના નામ ઉપર લખ્યો હતો તથા રામભજે એ પત્ર વચ્ચેથી જ ગૂમ કર્યો હતો સુરેશના આવતા પહેલાં વિપિનચંદ્રે એ પત્રને ત્રણ વખત વાંચ્યો હતો. હમણાં તે ચોથી વખત એ પત્ર વાંચતો હતો.

વિપિનચંદ્ર એ પત્ર વાંચતા વાંચતા એટલો બધો તન્મય થઈ ગયો હતો કે સુરેશે આવી તેને કુશળ સમાચાર પૂછ્યા પણ તેણે કાંઈ ઉત્તર આપ્યો નહિ પછી સુરેશે જ્યારે ઉપરાઉપરી બે ત્રણ પ્રશ્ન પૂછ્યા ત્યારે વિપિનચંદ્ર સુસ્તીદીથી તેના તરફ જોઇ રહ્યો. એની તન્મયતા જોઈ સુરેશે કહ્યું –" તું આ પત્ર વાંચી જડમડ બની ગયો હોય એમ લાગે છે ' કોનો પત્ર છે ? "

વિપિનઃ—સત્યપ્રસાદ મામાએ મ્હારા ઉપર લખેલો પત્ર છે એ પત્ર આ બેગમાં હતો એ મ્હને આજે જ મળ્યો છે સુરેશ ' ત્હેં આ પત્ર વાંચ્યો છે ?

સુરેશ.—હા, વાંચ્યો છે.

વિપિન.—શું તું એમ ધારે છે કે, Compaign of Terrorism કિંવા રાજનૈતિક ગુપ્ત હત્યા વૃથા જશે ? શું એનાથી કોઇ પણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત નહિ થાય ?

સુરેશ—આયર્લેન્ડ અને રશિયામાં તો એવા ઉપદ્રવ ઘણા વર્ષો ગયા છે. તેનાથી શી સિદ્ધિ પ્રાપ્ત થઇ છે તે તું જ બતાવ જોઇએ ? હું તો એમ ધારું છું કે, એનાર્કિઝમ કોઈ પણ દેશમાં સ્થાયી થઇ શકે તેમ નથી

વિપિનચંદ્ર આ ઉત્તરનો કાંઇ પ્રતિવાદ કરી શક્યો નહિ સુરેશે કહ્યું—" દેશમાં અધિકારીઓથી ગુપ્ત હોય એવું કોઈ પણ રાજનૈતિક ષડ્યંત્ર આજસુધી અસ્તિત્વ ધરાવતું નથી. વિચાર કરી જો કે, આજ સુધીમાં અમેં જે કાંઇ કર્યું છે એ સઘળું ગવર્મેન્ટ જાણે છે. તેથી મ્હારી ગુપ્ત મંડળ ખોટી છે કે, પોલિટિકલની દૃષ્ટિથી પણ એમાનું કાંઇ

ગુપ્ત નથી. એનાર્કિસ્ટ લોકો એમ સમજે છે કે, તેઓ પાણીમાં ડુબકી મારી જળપાન કરે છે તેથી તેમની એ ક્રિયાને કોઈ જોઈ શકતું નથી; પરંતુ વાસ્તવિક રીતે તેમના પ્રાય સઘળા કાર્યોને પોલિસના માણસો નખદર્પણની માફક અનાયાસે જોઈ લે છે વળી જે દિવસે તેમને તમને પકડવાની જરૂર જણાશે તે દિવસે તેઓ તમને સર્વને કારાગૃહની માફક કઠોર કોટડીઓમાં પુરી દેશે ”

આ વિષય પર વિપિનચંદ્રની સાથે સુરેશની બીજી પણ ઘણી વાતચિત થઈ. અને વિપિનચંદ્રના પ્રથમના ઉત્સાહનો પારો ઘણો શિથિલ થઈ ગયો. સત્યપ્રસાદ મામાનો પત્ર વાંચીને તથા સુરેશની સાથે વાતચિત કરીને તે સ્વરાજ્યપ્રાપ્તિના મહામંત્રને કાંઈક અંશે સમજી શક્યો. અત્યંત વ્યથિત ચિત્તથી વિપિનચંદ્ર રામભજની એમને એ રાત્રે ગંગાના જળરાશિમાં ફેંકી દઈ પ્રાતઃકાળે કૃષ્ણનગર ચાલ્યો ગયો. મધ્યાન્હકાળે સ્થાનીય પોલિસ થાણાના ઇન્સ્પેક્ટરે આવીને નન્દલાલને પૂછ્યું કે, “તમારે ત્યાં વિપિનચંદ્ર નામના જે માણસ આવ્યા હતા તે હમણા અત્રે છે કે ચાલ્યા ગયા છે?”

નન્દલાલે ઉત્તર આપ્યો “તેઓ આજે સવારે જ ચાલ્યા ગયા છે”

(૧૮)

દાસદાસીઓના મનમાં માલિકની કોઈ પણ ગુપ્ત વાત જાણવાની ઇચ્છા પ્રબળ થતાં તેમનામાં દ્રોહબુદ્ધિ ઉત્પન્ન થાય છે. સુલોચના ઉપર આનંદીનો જે દ્રોહભાવ હતો તેમાં બીજે દિવસના બનાવની કારણ છત્રી સમ્મિલિત સંબંધીની આ અર્થીની કારણથી તેનો દ્રોહભાવ વિશેષ તીવ્ર બની ગયો.

પ્રાવઅજારવાળા મઠાને આવી આનદીએ સુલોચનાને કહ્યું– "વહુજી, સરોજિનીને જે પુત્ર થયો છે તે બહુ રૂપાળો છે. આજ-કાલ તે ઘણુ હસવા લાગ્યો છે એ ઘણા સરળ સ્વભાવનો હસમુખો છોકરો છે રડવાનુ તો તે જાણે કે જાણતો જ નથી "

સુલોચના પોતાના મનનો ખરો ભાવ પ્રયત્ન કરવા છતા પણ છુપાવી શકતી નહોતી, પરંતુ આનદી એ વાત સારી રીતે જાણતી હતી કે, સુલોચના સરોજિનીના બાળકને વિષદૃષ્ટિથી જુએ છે. એ વાત જાણતી હોવા છતા તે તેણે એવી રીતે છુપાવી કે, સરોજિનીના મનમા એ વિષે બિલકુલ સદેહ ઉપજ્યો નહિ એક દિવસે આનદીએ સુલોચનાને કહ્યુ–'વહુજી, ગમે તેમ હોય પરતુ તમારે એક દિવસે સરોજિનીના પુત્રને જોવા જરૂર આવવુ જોઇએ તમને બોલાવી લાવવા માટે સરોજિની બ્હેને ભાર દઇને કહ્યુ છે "

સુલોચનાએ સહજ નમ્ર થઇ ધીમેથી કહ્યુ–" એ બાળકનો જન્મ થવાથી મ્હારુ કેટલુ બધુ અનિષ્ટ થયુ છે એ તુ જાણે છે કે? રાધાવલ્લભ એમ કહે છે કે જો એ છોકરો જીવતો રહેશે તો એક દિવસે તે મ્હારી સમસ્ત સપત્તિનો માલિક થઇ બેસશે પછી મ્હારે અન્નવસ્ત્ર ઉપર જ જીવન વીતાડવુ પડશે આટલી બધી સપત્તિમાથી હું પછી કોઈને એક પાઈ પણ આપી શકીશ નહિ. એ બાળક જીવતો રહેશે તો મ્હારુ સત્યાનાશ વળી જશે."

આનદીએ આશ્ચર્યચકિત ભાવ દર્શાવતાં કહ્યુ–" વહુજી ' આ શુ તમે સાચુ કહો છો ?"

સુલોચના–સાચુ નહિ તો શુ હુ ત્હારી પાસે જૂઠું બોલું છું ?

આ સાંભળી આનંદીએ પોતાના સ્વરને ધીમો કરી કહ્યું–"વ-

હુજી, ત્યારે આ વાત તમે પ્રથમથી મ્હને કેમ કહી નહિ? જો પહેલાથી કહી હોત તો આટલા દિવસમાં જ હું તમારી સઘળી ચિંતાનો અંત લાવવાનો પ્રયત્ન કરત.”

હવે સુલોચનાએ ઝડપથી આનંદીનો હાથ પકડી લીધો તથા તેને પોતાની પાસે ખેંચીને કહ્યું—“ આનંદી, કેવળ તું જ મ્હને આ સંકટમાંથી બચાવી શકે તેમ છે જો તું મ્હને મદદ કરે તો અવશ્ય કાર્યોદ્ધાર થાય ”

આનંદી—વહુજી, આ તે શી મ્હોટી વાત છે! તમે જે વખતે મ્હને જે કામ કરવા કહો તે મ્હારે કરવું જ જોઈએ મ્હેં તમારું ઘણું નમક ખાધેલું હોવાથી તમારી એ દયાનો બદલો ચુકવવા હમ્મેશાં હું તૈયાર છું તમે જે કામથી પ્રસન્ન થઇ શકો તેમ હો તે મ્હારે કરવું જ જોઈએ તમારું કાર્ય કરવા જતા કદાચ મ્હારો આ તુચ્છ જીવ જાય તો તેની પણ મ્હને ચિંતા નથી

સુલોચના—આનંદી, મ્હારા ઉપર ત્હારી આવી અપાર પ્રીતિ જોઈ હું ઘણી આનંદિત થાઉં છું ઠીક છે, વખત આવ્યે હું તને મ્હારું કામ સોંપીશ કામ ઘણું કઠિન છે જો સાહસથી તું તે કામ પાર પાડીશ તો હું તને હમ્મેશાને માટે મ્હારી પાસે રાખીશ

આનંદી—વહુજી, શું કામ કરવાનું છે તે એક વખત કહો તો ખરા વળી તે સાથે એટલું યાદ રાખજો કે, જે કામ તમારી આનંદીથી નહિ થઇ શકે તે દુનિયાના બીજા કોઈ પણ માણસથી નહિ જ થઇ શકે.

આનંદીના આ વચનોથી સુલોચનાને થોડું આશ્વાસન મળ્યું. પહેલા સુલોચના એમ ધારતી હતી કે, સરોજિની વિધવા હોવાથી

તે કદાપિ સંપત્તિની અધિકારિણી બની શકશે નહિ સરોજિનીનો પુનર્વિવાહ થવાથી એની ધારણા ધૂળમાં મળી ગઇ રામભજને કહ્યું હતું કે રામભજને નેશનલ ફાર્મેસ્યુટિકલ વર્કસમાં રાખી લે સુરેશને પોલિસદ્વારા કેદ કરાવશે સુરેશની જપ્તી લેવાઇ પરંતુ તે કેદ પકડાયો નહિ સુલોચનાની બીજી આશા ઉપર પણ પાણી ફરી વળ્યું તે દિવસે રામભજ સુલોચનાને એમ કહી ગયો હતો કે આ વખતે રામબાણ ઉપાય છે આ ઉપાય કદાપિ વૃથા થનાર નથી, પરંતુ સુલોચનાનો તેના એ શબ્દો ઉપર વિશ્વાસ બેઠો નહિ સરોજિનીને સંતાન થવાથી સુલોચના ઉપર વજ્રાઘાત થયો હતો એ સંતાનને આ વિશ્વસંસારમાંથી વિદાય કર્યા સિવાય સુલોચના નિશ્ચિંત થઇ શકે તેમ નહોતી આનંદીની સહાયતાથી તેણે પોતે એ કામ પાર પાડવાનો પોતાના મનમાં નિશ્ચય કર્યો.

યથા સમયે સુલોચનાએ પોતાનો આ ભયંકર નિશ્ચય રસિકલાલને જણાવ્યો. તેણે રસિકલાલને પ્રેમનું દાન દીધેલું હોવાથી હરેક કાર્યમાં તે તેનો વિશ્વાસ રાખ્યા સિવાય રહી શકતી નહોતી પ્રેમના કૂવામાં અમૃત અને ઝેર બન્ને રહે છે કોઇને માટે તે સુંદર અમૃતફળ છે અને કોઇને માટે તે કંટકિત ધતુરો છે રસિકલાલે એ ધતુરાનું સેવન કરી પોતાની બુદ્ધિશુદ્ધિ ગુમાવી દીધી હતી. તે સુલોચનાના ઉપરોક્ત પ્રસ્તાવને સર્વાંશે સંમત થયો સુલોચનાએ કહ્યું–"આ કામમાં મ્હને મદદ-કરવા આનંદી કબૂલ થઇ છે."

રસિકે કહ્યું–"જો તે ધારે તો આ કામ ઘણી સહેલાઇથી કરી શકે તેમ છે હું આનંદીને સારી રીતે ઓળખું છું"

સુલોચનાને હમણા એક પ્રકારનો રોગ થયેલો હોવાથી તરતને માટે એ કામ મુલતવી રાખવામાં આવ્યું.

(૧૯)

કૃષ્ણનગરથી પાછા આવ્યા પછી વિપિનચંદ્ર રામભજને પહેલાં જે દૃષ્ટિથી જોતો હતો એ દૃષ્ટિમાં ફેરફાર થઈ ગયો આજકાલ રામભજ વિપિનચંદ્રને અસ્થિર જોતો હતો કોઇ પણ વાત કહેતાં તેને વિરક્તિ લાગતી હતી તથા ક્વચિત્ તે ક્રોધે પણ ભરાતો હતો એક દિવસે ક્રોધે ભરાઇને વિપિનચંદ્રે રામભજને એમ સ્પષ્ટ કહી દીધું કે, " તું બીજા કોઇ સ્થળે જઇને રહે હવે અત્રે હારી ગોઠવણ થઈ શકે તેમ નથી " બીજે જ દિવસે રામભજ પોતાનું બિછાનું તથા સરસામાન લઇ મોતી તથા વેણીની બોર્ડિંગમાં ચાલ્યો ગયો

રામભજને કાઢી મૂકી વિપિનચંદ્ર એમ સારી રીતે સમજી શક્યો કે, એ બેમુખો સાપ હવે ફરડવાનો પ્રયત્ન કરશે, તેથી પ્રથમથી જ તેનું પ્રતિવિધાન કરી રાખવાની જરૂર છે

બીજે દિવસે રાતના વખતે મોતી વિપિનચંદ્રના મુકામે આવ્યો. મોતી અને રામભજની મિત્રતા વધતી જતી હતી રામભજે તેને કહી દીધું હતું કે, " વિપિનચંદ્ર મ્હારા ઉપર વિના કારણ ક્રોધે ભરાયા છે હું તેમને હવે કદાપિ મળવાનો નથી તું જ હમ્મેશાં જઇને તેમને મળજે. તેઓ આપણા મંડળના નેતા (Leader) છે એમના આદેશ અને ઉપદેશની આપણને હરેક પગલે ઘણી જરૂર છે "

ખરી વાત એ છે કે, વિપિનચંદ્રના મનોભાવનું સર્વદા અધ્યયન કરવાની રામભજને ઘણી આવશ્યકતા લાગી હતી એ અધ્યયનનું કાર્ય હવે મોતીદ્વારા થાય તો પણ હરકત જેવું નહોતું

વિપિનચંદ્રે મોતીને કહ્યું —" હું તમને એક વાત કહેવા ઇચ્છું છું. જો એ વાત રામભજને નહિ કહેવાના તમે સોગન ખાઓ તો હું કહું "

મોતી—આપને જે વાત કહેવી હોય તે બેધડક કહો. આપનો નિષેધ હોય તો મ્હારે શા માટે આપની વાત રામભજને કહેવી જોઇએ? આપ જ અમારા નાયક છો. આપે જ અમને આ પુણ્યવ્રતમાં દીક્ષિત કર્યાં છે.

વિપિન—રામભજ સાથે તમારી વિશેષ ઘનિષ્ઠતા હોવાથી જ આ વાત મ્હારે તમને કહેવી પડે છે. મ્હેં ખાત્રીપૂર્વક એવી વાત સાંભળી છે કે, રામભજનો પોલિસ સાથે કાંઇ સંબંધ છે. આપણાં સઘળાં કામ તે સારી રીતે જાણે છે. હું એમ ધારું છું કે, એક દિવસે તે આપણને સર્વને જરૂર ફસાવશે.

રામભજ સંબંધી આવી વાત સાંભળી કિંકર્તવ્યવિમૂઢ બની જઈ મોતીએ કહ્યું—"આ શું? આ આપ કેવી વાત કહો છો? આપણા મંડળ સાથે સંબંધ ધરાવતાં જે સઘળાં કઠિન કાર્યો છે, તે રામભજ ઘણી સારી રીતે કરે છે. એટલું હોવા છતાં તે પોલિસનો દૂત હોય એવી આશંકા કરી શકાય ખરી કે? ના—ના, આપને ભ્રમ થયો છે. આપે એના ઉપર અનુચિત સંદેહ કર્યો છે."

વિપિન—હું અનુચિત સંદેહ નથી કરતો મોતી, હું સારી રીતે જાણું છું કે, રામભજ unreliable છે—અવિશ્વાસી છે. આ વાત મ્હારા જાણવામાં કેવી રીતે આવી છે એ હજી થોડા દિવસ સુધી હું તમને કહીશ નહિ મોતી, તમે એક બુદ્ધિમાન યુવક છો. જો તમે તેની હિલચાલ ઉપર થોડા દિવસ સુધી બારીક નજર રાખશો તો એ કેવો ભયંકર માણસ છે એ તમારા જાણવામાં આવશે. આ વખતે વિશેષ કાંઈ કહેવા સાંભળવાની જરૂર નથી."

"મોતી થાકેલો બોલ્યો, રામભજ સંબંધી શી વ્યવસ્થા કરવી તેનો

વિપિનચદ્ર વિચાર કરવા લાગ્યો ઘણો વિચાર કરવા છતા તે કાઈ કર્ત્તવ્ય નક્કી કરી શક્યો નહિ વિપિનચદ્ર પોતાના ઔદ્ધત્યના આવેશમા આવી વિચારવા લાગ્યો –"રામભજનો એકદમ નાશ કરી નાખી હુ મ્હારો માર્ગ નિષ્કટક કરુ ? એના જેવા સ્વદેશદ્રોહીઓને માટે પ્રાણદડ જ ઉપયુક્ત દડ છે" પણ બીજી જ ક્ષણે સત્યપ્રમાદ મામાએ પોતાના પત્રમા ઉતારેલા મૅઝિનીના વચનોનુ સ્મરણ થઈ આવવાથી તેણે પોતાની હિસાવૃત્તિને દૂર કરી. મૅઝિનીનુ કથન એવુ હતુ કે, "Let the Judas be make known, the infancy their of will be punishment enough." અર્થાત એવા લોકોના અપરાધને સર્વત્ર જાહેર કરી દો સર્વ સાધારણનો તિરસ્કાર તેમને માટે ઉપયુક્ત દડનુ કામ કરશે. વિપિનચદ્ર મનમા ને મનમા કહેવા લાગ્યો –"મૅઝિનીનુ કહેવુ જ બરાબર છે પાપીઓને સજા કરનાર સાક્ષાત ઈશ્વર છે એ નિયમાનુસાર રામભજને સજા કરનાર હુ કોણ છુ !"

ચિતાની પણ ઉચી નીચી સ્થિતિ હોય છે. વિચારતા વિચારતા વિપિનચદ્ર ચિતાના ઉચ્ચ સ્તરમા જઈ સમજી શક્યો કે, એક મનુષ્યને બીજા મનુષ્યનો જીવ લેવાનો બિલકુલ અધિકાર નથી. જે જીવનુ દાન કરવાનો અધિકાર મનુષ્યાને નથી તે જીવ લેવાનો અધિકાર તેને ન જ હોઇ શકે એનાર્કિસ્ટોના હત્યાકાણ્ડ, ન્યાયાધીશોની આજ્ઞાથી ખુની આસામીઓના પ્રાણદડ તથા યુદ્ધમા અસખ્ય મનુષ્યોનો નાશ એ સર્વ ઇશ્વરની દૃષ્ટિમા અપરાધ છે આ સસારમાથી જે દિવસે ગુપ્ત નરહત્યા, અદાલતના વિચારમાના પ્રાણદડ અને યુદ્ધવિગ્રહ દૂર થઈ જશે એ દિવસોમા ખરી રીતે સત્યયુગનો પુન આરભ થશે."

(૨૦)

એક માસ કમના વિશેષ વખતથી સુલોચનાને એક પ્રકારનો રોગ થયો હતો તેને ભોજન પર અરુચિ થઈ હતી તથા કોઈ કોઈ દિવસે સ્હવારે ઉલટી થતી હતી તેના પેટનો ભાગ કાંઈક અંશે વધી ગયો હતો એ રોગનું નામ મેદવૃદ્ધિ હોઈ શકે ખરું કે? ના ના, સુલોચના સ્થૂલાંગી નહિ હોવાથી એ રોગને મેદવૃદ્ધિ તરીકે ઓળખાવી શકાય તેમ નથી સુલોચનાનું કહેવું હતું કે, સંભવત. એને 'ઉદરી' રોગ થઈ ગયો છે આ વાત કેટલે અંશે સાચી છે એ તો એક માત્ર ઈશ્વર જાણે, પરંતુ આ રોગને લીધે સુલોચના હમ્મેશાં ચિંતાતુર રહેતી હતી સ્વામિની રોગી થઈ જતાં પ્રભુભક્ત નોકર ચાકરો અસ્વસ્થ બની જાય છે, આપણા રસિકલાલમાં પણ એવો વિમર્ષ ભાવ દેખાતો હતો આનંદીએ એ પ્રકાર એક વખત નહિ પણ અનેક વખતે જોયો હતો

સુલોચનાની તબિયત તપાસવા માટે એક દિવસે કલકત્તાના એક બીજા મહોલ્લામાંથી એક નવીન ડાક્ટરને બોલાવવામાં આવ્યા. એ ડૉક્ટર પહેલાં કદાપિ આ મકાનમાં ચિકિત્સા કરવાને આવ્યા નહોતા. ડૉક્ટર સાહેબે રોગીનો હાથ જોયો, પેટની પરીક્ષા કરી તથા ત્યાં સ્ટેથોસ્કોપ લગાડી બરાબર તપાસીને કહ્યું –" રોગ ઘણો ભયંકર છે એ માટે સહજ પણ સંદેહ નથી વિધવા સ્ત્રીઓનું પેટ આવી રીતે વધી જવાથી કોઈ કોઈ જુલાબની દવા આપે છે, પરંતુ મ્હારાથી જુલાબની દવા આપી શકાશે નહિ આ રોગમાં ઔષધની કાંઈ જરૂર નથી ડરવાનું કાંઈ કારણ નથી આ ઉદરી રોગ યથા સમયે આપોઆપ મટી જશે.

ડૉક્ટર સાહેબ ઔષધની વ્યવસ્થા કર્યા સિવાય રજા લઇને ચાલ્યા ગયા રસિકલાલ તેમને વિશેષ કાંઇ પૂછવાનું સાહસ કરી શક્યો નહિ. આનંદી સમજી ગઇ કે, એ હાથ પગવાળો 'ફિકરી' રોગ છે તથા વહુજીના એ રોગ માટે રસિકલાલ જ જવાબદાર છે

આ બનાવ બન્યો તે પૂર્વેથી જ આનંદીના ઉપર રસિકલાલે પ્રસન્ન ભાવ ધારણ કર્યો હતો એક દિવસે આનંદીએ તેમને પૂછ્યું –" બાગવાળા બંગલામાં મનોરમાની બ્હેન રહે છે ત્યાં તમારી સાળીનો જે છોકરો હતો– તેનું નામ મ્હને યાદ નથી આવતું–હા હા, એનું નામ રામભજ હતું, એ તો વળો ભયંકર ખુની છોકરો છે ! તેણે કેવા કેવા કારસ્થાનો કર્યાં છે તે તમે જાણો છો કે ? તે કનકલતા બ્હેનને ઘેર એક બેગ મૂકી ગયો હતો પછી ઘરના માણસોએ એ બેગ ઉઘાડી જોઇ તો તેમાથી તોપ, બંદુક તથા મ્હોટા મ્હોટા દારૂગોળા નીકળ્યા ! તમારી સાળીનો એ છોકરો તો ઘણો બદમાશ છે "

રસિકલાલ–આનંદી, આ તું શું કહે છે ? એની બેગમાથી તોપ બંદુક નીકળી ? બેગ તો ન્હાની હોય, એમા તોપ બંદુક કેવી રીતે રહી શકે ?

આનંદી–મ્હોટી તોપ બંદુક નહિ (હાથથી બતાવીને) આટલી આટલી તોપ બંદુકો

" તેમણે એ વસ્તુઓ બ્હાર કાઢીને શું કર્યું ? "

" બીજું શું કરે ? ગંગામાં ફેંકી દીધી જેમ તેમ હો પણ તમે હવે એને તમારી પાસે કદાપિ બેસાડશો નહિ, નહિ તો તમારે સીધા થાણામા જવું પડશે સિપાહીઓ હાથમાં બેડી નાખીને તમને લઇ જશે "

"એ તો શું પણ એની સાત પેઢીમાંના કોઈ પણ માણસ સાથે મ્હારો સંબંધ થતો નથી રાધાવલ્લભે એને મ્હારી પાસે મોકલ્યો હતો. અમે અમારું એક કામ પાર પાડવાના ઉદ્દેશથી એને સુરેશ પાસે રખાવ્યો હતો, છતાં તે આવો કાચો છોકરો હશે એમ હું પ્રથમ જાણી શક્યો નહોતો ઠીક આનંદી, કહે જોઈએ કે, પોલિસે એ વસ્તુઓનો પત્તો મેળવ્યો છે યા નહિ?"

"પોલિસમાં ખબર આપતા પૂર્વે જ સલાહ કરવામાં આવી હતી. મ્હને એમ લાગ્યું કે, પોલિસ આવતાની સાથે જ તમારી સર્વની તપાસ કરશે, તેથી ચાલાકી વાપરીને મ્હેં કહ્યું 'પોલિસને ખબર આપી ગરબડ વધારવાની કાંઈ જરૂર નથી એ વસ્તુઓને ગંગામાં ફેંકી દ્યો."

"આનંદી, ત્યારે તો ત્હેં અમારા સર્વના ઉપર ઉપકાર કર્યો છે. જો ત્હેં એવી ચાલાકી ન વાપરી હોત તો જોતજોતામાં અમે સહુ મહાન્ સંકટમાં ફસાઈ પડત"

રસિકલાલે તે જ દિવસે રાધાવલ્લભને એક પત્ર લખી એમ જણાવ્યું કે, એમના ગમખર્જ બધા ઉપાયો ઉપર પાણી ફેરવ્યું છે તેની બેગ ગંગામાં ફેંકી દેવામાં આવી છે તથા કનકલતાએ પોલિસને કોઈ પણ પ્રકારની ખબર આપી નથી

(૨૧)

આજકાલ મોતી રામભજનાં સઘળાં કાર્યોમાં-મુખ્યત્વે કરીને તેની ગમનાગમનની હિલચાલ ઉપર લક્ષ્ય રાખતો હતો જો ખરી રીતે તે પોલિસનો ગુપ્તદૂત હોય તો રાત્રિના સમયે છુપી રીતે એનું અનુસરણ કરવાનું કામ સહેલું નથી એમ વિચારી મોતીને આત્મરક્ષણની વ્યવ-

રક્ષા કરી રાખવાની જરૂર પડી હતી કંટકપૂર્ણ વનમાં જતાં પહેલાં પગોમાં જોડા પહેરી લેવાની જરૂર પડે છે સબજજના પુત્ર કુમુદનાથની સાથે મોતીની ઘણી મિત્રતા હતી પિસ્તોલ છોડવાનું શીખવાના નિમિત્તથી તેણે કુમુદનાથ પાસેથી એક પિસ્તોલ અને થોડા ટોટા માગી લીધા હતા એ રિવૉલ્વર અને ટોટા ખીસ્સામાં રાખીને જ આજકાલ મોતી બ્હાર નીકળતો હતો.

મોતીની સાથે રામભજની મુલાકાત હમ્મેશાં એક વખત મધ્યાહ્નકાળ પછી થતી હતી. પોષ માસ હતો. આજકાલ પોણા છ વાગતાં જ સ્હાંજ પડતી હતી નવ વાગી જવા છતાં રામભજ આજે મોતીને મળવા આવ્યો નહિ બોર્ડીંગની મજુરણે કહ્યું કે ' રામભજ કહી ગયા છે કે, આજે તેમને પાછા આવતાં થોડો વિલંબ થશે ' મોતી રામભજના ઓરડામાં ગયો તો ત્યાં તેણે રામભજની શય્યા નીચે જમીન ઉપર કેટલાક કાગળના કડકા પડેલા જોયા મોતીએ એ ફાટેલા કડકાઓ ગોઠવી જોયા તો એ એક પત્ર હતો એમ તેને માલૂમ પડ્યું. એ પત્રમાં રામભજને રાત્રિના બાર વાગી ગયા પછી પેલી પાર્વતી વિધવાના મકાન ઉપર રાધાવલ્લભને મળવાનું નિમંત્રણ કરવામાં આવ્યું હતું પત્રમાં લેખકનું નામ નહોતું જો કે પત્ર વાંચીને ફાડી નાખવામાં આવ્યો હતો, પરંતુ તેનું અસ્તિત્વ કોઈ રીતે લુપ્ત થયું નહોતું

પછી મોતી ભોજન કરી દશ વાગતાં જ ઓરડામાંનો દીપક બુઝાવી સૂઇ ગયો, પરંતુ ખરી રીતે તે કાંઇ નિદ્રાવશ થવાને સૂઈ ગયો નહોતો. રામભજ આખી રાતને બધ જોઈ સીધો પાછો ચાલ્યો જાય એવી મોતીની ઈચ્છા હતી. આ વખતે તેને મળવાનો તેનો બિલકુલ

વિચાર નહોતો એક કલાક સુધી મોતી ચુપકીદીથી પથારીમા પડી રહ્યો; પછી તેણે શય્યાનો ત્યાગ કરી કોટ પહેર્યો, પેટીમાથી ગોળી ભરેલી રિવૉલ્વર બ્હાર કાઢી ખીસ્સામા નાખી તથા એક કાળા ઑવરકોટમાં સર્વાંગ છુપાવી તે બ્હાર નીકળી પડયો

મોતી પેલી વિધવા પાર્વતીને ઓળખતો હતો એ મકાનમા રામભજનો મામો પ્રેમચદ રહેતો હતો એની સાક્ષીથી જ મોતી તથા વિપિનચદ્ર વગેરે યુવકોને સજા થઇ હતી મુખ્યત્વે કરીને રાધાવલ્લભ એ પુણ્યક્ષેત્રમા રાતના વખતે આવી આમોદ પ્રમોદ કરતા હતા એ વાત એકલો મોતી જ નહિ પણ આખુ નગર જાણતુ હતુ મોતી સમજી ગયો હતો કે, રામભજ ચુપકીદીથી અત્રે આવી રાધાવલ્લભને મળશે એ પ્રમાણે તેની કલ્પના ખોટી ઠરી નહિ જે વખતે મોતી એ મકાનની પાસે ઉપસ્થિત થયો એ વખતે એક ઓરડામાથી રાધાવલ્લભનો સુપરિચિત સ્વર તેને કાને પડયો

રાધાવલ્લભ કહેતા હતા કે–" મનમા પુષ્કળ બળ હોવાની જરૂર છે, જેમના મનમા બળ નથી હોતુ તે આવા કામ ગુપ્ત રીતે કરવાને ઇચ્છે છે."

દારોગા દીનદયાળે કહ્યુ –" આપનુ કહેવુ ખરુ છે પાપ પુણ્ય એ કેવળ મનનુ જ કારણુ છે. જેમને થોડો શરાબ પીવામા અગર તો સુંદર મનમોહિનીના સુકોમળ શરીરને સ્પર્શ કરવામા સંકોચ આવતો છે તેમને માટે એ સર્વ પાપ છે અને જે લોકો બેપરવાઇથી ઉક્ત કામો કરી શકે છે તેમને માટે એ પુણ્ય કર્મ છે. રાધાવલ્લભ બાબુ ' આપ ઇશ્વરના અસ્તિત્વને માનો છો કે નહિ ?"

રાધાવલ્લભ.–જો કે, સર્વાંશે નહિ માનતો હોવા છતાં તર્ક અને યુક્તિઓદ્વારા ઇશ્વરના અસ્તિત્વને હું સાબિત કરી શકું તેમ છું, કેમ કે, To believe in God is science અર્થાત્ ઇશ્વરમાં વિશ્વાસ રાખવો એ એક વૈજ્ઞાનિક વ્યાપાર છે

દીનદયાળ–જો ઇશ્વર કદાચ ખરેખર સર્વશક્તિસંપન્ન હોય તો તે સિંહ અને વાઘથી પણ વિશેષ ભયંકર છે ! હું કહું છું કે ભગવાન્ છે તો ભલે તે રાજીખુશીથી રહે, એને લૂલો લંગડો કરવાની કાંઇ જરૂર નથી

રાધાવલ્લભ–ભાઈ ! ડરવા જેવું કાંઇ નથી અત્યંત વૃદ્ધ થઇ જવાથી ભગવાન્ આજકાલ તદ્દન દંતહીન દાદા જગન્નાથ થઇ ગયા છે એમનામાં હવે ઉઠવા બેસવા તથા હાલવા ચાલવા જેટલી શક્તિ પણ રહી નથી

બરાબર આ સમયે એ મજલિસમાં રામભજે પ્રવેશ કર્યો એને જોઇ દીનદયાળ બોલી ઉઠ્યો –"લ્યો, રામભજ પણ આવી પહોંચ્યો "

રાધાવલ્લભે કહ્યું –"રામભજ ! ત્હારું વજ્રમંથન ખોવી નાખવામાં આવ્યું હોય એમ લાગે છે તું શ્યામબજારમાં નન્દલાલને ઘેર ત્હારી બેગ રાખી આવ્યો હતો કે ? એ બેગમાં શી શી વસ્તુઓ હતી ?"

રામભજ–બે પિસ્તોલ, થોડા ટોટા, પાંચ છ યુગાન્તરની પત્રિકાઓ તેમજ સુરેશ અને નન્દલાલના કેટલાક પત્રો હતા તે ઉપરાંત ટીનના એક ડબ્બામાં થોડો પિક્રિક એસિડ હતો કેમ, બેગનું શું થયું ?

રાધાવલ્લભ–થયું, ત્હારું માથું પેલી કનક છોકરીએ ત્હારી બેગ ઉઘાડી, એમાંની સઘળી વસ્તુઓ નહિન્ તેમ ગંગામાં ફેંકી દીધી.

દીનદયાળ–હવે એના ઘરની જડતી લેવાથી પણ કાંઇ લાભ નથી.

રાધાવલ્લભ—આ બેવકૂફને મ્હેં સારી રીતે સમજાવી દીધું હતું કે, એ છોકરી ઘણી ચાલાક છે, ઘણી હોશિયારીથી કામ નહિ કરવામાં આવે તો તેઓ આપણી જાળમાં કોઈ પણ રીતે ફસાશે નહિ.

રામભજ—હું તો કનકલતાની પાસે જ બેગ રાખી આવ્યો હતો. મ્હેં એમ કહી દીધું હતું કે—બેગને તે પોતાની પેટીમાં સંભાળથી રાખી મૂકે. હવે કહો જોઈએ કે મ્હારો શો દોષ છે? આ એક જ ઉપાયથી એમનો સર્વને ફસાવી શકાત. વળી તે ઉપરાંત ત્યાંના એનાર્કિસ્ટોની સાથે સુરેશને પણ પકડાવી શકાત. કનકલતાને પણ કેદ કરાવી તપાસને માટે અત્રે લાવી શકાત.

રાધાવલ્લભે હવે દારોગા તરફ જોઈને કહ્યું—"ઠીક છે, દારોગા સાહેબ! હવે કોઈ રામબાણ ઉપાય અજમાવવો જોઈએ, કેમ કે—આ કાંઈ સાધારણ કામ નથી. આ કામ પાર પાડવા માટે કોઈ ચાલાક માણસની મદદ કરવી જોઈએ. હું એ કનકને કોઈ પણ રીતે પકડાવીને અત્રે તેડાવવા ઈચ્છું છું."

[illegible] દરવાજાની બહાર એક વૃક્ષની પાછળ ઉભો રહી ચુપકી-દીથી, બન્ને કાન ઉંચા કરી આ સઘળી વાતચિત સાંભળતો હતો. આ વાત સાંભળતા સાંભળતા તેના શરીરનું રુધિર લોહી તપી જઈ મગજ ઉપર ચઢવા લાગ્યું. તેણે પોતાના મનમાં ને મનમાં કહ્યું—"વાસ્તવિક રીતે એ વાત બરાબર છે કે, ભગવાન આજકાલના જમાનામાં તદ્દન અકર્મણ્ય જગન્નાથ-હાથ (પગ વગરના) સ્વામી બની ગયા છે. તમારા જેવા પાપીઓને દંડ કરવાનું એમનામાં સામર્થ્ય રહ્યું નથી. ઠીક છે, હવે એમનું કામ હું કરીશ. [illegible]

વ્યક્તિનું લક્ષ્ય કર્યા સિવાય મોતીએ એક સાથે ઉપરા ઉપરી ચાર વખત ગોળી છોડી રામભજ અને દીનદયાળને ગોળી વાગી નહિ, પરંતુ એક ગોળીએ રાધાવલ્લભના ભેજાને ફોડી નાખ્યું રાધાવલ્લભ 'બાપરે' મરી ગયો !'' કહી લાંબા થઈ ઢળી પડયા. તેમના સિવાય બીજું કોઈ ઘાયલ થયું નહિ.

એ સ્થળે બે સ્ત્રીઓ હતી. તેઓ ભયની ભાવનાથી બૂમ પાડી ઉઠી. મંડળીના સઘળા માણસો જે તરફ રસ્તો મળ્યો તે તરફ શ્વાસ રોકી નાસી ગયા. રામભજ અને દીનદયાળ સર્વથી પહેલા અદૃશ્ય થઈ ગયા હતા. થોડા સમયમાં જ પોલિસના માણસોથી ઘટનાસ્થળ ભરાઈ ગયું. તેમણે પાર્વતીના મકાન પાસેથી જનારા આવનારા દરેકને માટે બંધી કરી દીધી. સવાર થતા જ એ ખુનના સમાચાર આખા શહેરમાં ધુમાડાની માફક ફેલાઈ ગયા. ફાંસુનગરના ઘણા વકિલો તથા બીજા લોકોએ આવીને જોયું કે, રાધાવલ્લભનો મૃતદેહ વેશ્યાલયની સામેની સડક ઉપર શોણિતસમુદ્રમાં તરી રહ્યો હતો. પાનવાળી ગુલાબીએ આવી માથું કુટી રડવા માંડયું. મેજીસ્ટ્રેટ સાહેબ પોતે ખુન થયું હતું એ સ્થળે આવ્યા. પોલિસના મ્હોટા સાહેબ તેમના આવતા પહેલા ઘણા વખતથી આવી પહોંચ્યા હતા. એ લોકો અનુમાનપ્રમાણનો આશ્રય લઈ કહેવા લાગ્યા કે-કોઈ વેશ્યાગામી માણસે સંભવતઃ રાધાવલ્લભને પોતાના પ્રેમના માર્ગમાં પ્રતિદ્વન્દ્વી સમજી ઇર્ષ્યાથી મારી નાખ્યા છે. બીજા માણસો પણ પ્રથમથી સમજી ગયા હતા કે, આ રાજનૈતિક હત્યાકાંડ નથી.

(૨૨)

ખુન કરી પલાયન કરી આવતી વખતે કોઈએ મોતીનું અનુસરણ કર્યું નહિ. તેના હાથમાં પિસ્તોલ હતી. હજી પણ એમાં એક



રાધાવલ્લભ 'બાપરે! મરી ગયોરે!' કહી લાંબા થઈ ઢળી પડ્યા

પૃષ્ઠ ૨૨૪

ગોળી હતી બોર્ડિંગમાં આવી મ્હોટી પિસ્તોલને માથાના ઉશિકા નીચે મૂકી બ્લૅંકેટમાં મ્હો છુપાવી તે સુઇ ગયો. તેની પાસે હથિયારની ઘણી જરૂર હતી, કદાચ કોઇ એકાએક તેને પકડવા આવે તો.'

થોડા સમય પછી મોતીને યાદ આવ્યું કે, તે ઓરડાનું દ્વાર બંધ કરવું ભૂલી ગયો છે ઉઠીને ભ્રમની પરીક્ષા કરી તો દ્વાર અંદરથી બરાબર બંધ જણાયું તે પાછો શય્યામાં આવી સૂઇ રહ્યો પછી પોતાનું માથું ફાટી જતું હોય એવો તેને ભાસ થયો. તેણે માથા ઉપર એક કપડું બાંધી દીધું. આટલું છતાં પણ તૃષાથી તેનું ગળું સુકાઇ જવા લાગ્યું. તે બીચારો પાણી પીવા ઉઠયો એવામાં બ્હાર કોઇના પગલાનો અવાજ સંભળાયો મોતી કાન ખડા કરી સાંભળવા લાગ્યો, પણ તે પોતાની છાતીના ધડકવાના અવાજ સિવાય બીજો કોઇ અવાજ સાંભળી શક્યો નહિ. આ પોષ માસની કડકડતી ઠંડીમાં પણ તેને ગરમી જણાવા લાગી તે ઉઠી બેઠો થયો હતો કોટ વગેરે શરીર ઉપર જણાયું. પોતે કપડાં ઉતાર્યાં સિવાય ઓઢીને સુઇ ગયો છે તેથી જ ગરમી થાય છે એમ વિચારી સઘળાં વસ્ત્રો ઉતારીને સૂઇ જવા છતાં તેને શાન્તિ થઇ નહિ. હવે તે દ્વાર ઉઘાડી બ્હાર નીકળ્યો. તેણે જોયું કે ઘોર ઘનઘટાચ્છન્ન ગગને જાણે કે એક ભીષણ અંધકારચ્છિન્ન વિરાટ ગુહાની માફક મ્હો ફેલાવ્યું છે મોતીને ભય લાગ્યો. તેના હૃદયમાં કમ્પ ઉત્પન્ન થયો હતો તે ઘરમાં આવી દ્વાર બંધ કરી શય્યામાં બેઠો પણ આ વખતે તે સાંકળ વાસવી ભૂલી ગયો.

મોતી સૂઇ ગયો. આ વખતે એને ઉંઘ આવી નહિ. થોડા વખત ઉપરાન્ત પછી આસન્ન પ્રાતઃકાળની રાતમાં મારપીટના અવાજથી

તથા ઓરડાના દ્વાર ખુલવાના અવાજથી મોતીની નિદ્રાનો ભંગ થયો. તે વ્યાકુળતાથી ફરી બેઠો થયો તેણે જોયું કે બ્હાર બોર્ડિંગના છોકરાઓ કેટલાક અજાણ્યા માણસોને પુષ્કળ મારતા હતા. એ લોકો કોઇ ખોટા વિચારથી આટલી રાત્રે બોર્ડિંગમા આવ્યા હતા. કેટલાકના માથા ફાટી ગયા હતા. ત્રણ માણસોના શરીરમાથી લોહીની ધારાઓ વહેતી હતી. બધા 'પોલિસ-પોલિસ' કહીને બૂમો મારતા હતા. માર ખાતા ખાતા બદમાસ માણસો નાશી ગયા. પોલિસનુ નામ સાંભળી મોતી ઉઠીને બ્હાર જવાનુ સાહસ કરી શક્યો નહિ. ધીમે ધીમે સઘળો કોલાહલ બંધ થઇ ગયો. બોર્ડિંગના માણસો પોત-પોતાના ઓરડામા ચાલ્યા ગયા. મોતી પાછો ફરી સૂઇ ગયો. થોડા સમય પછી બોર્ડિંગના એક નોકરે તેને હાક મારી કહ્યું, 'બાબુજી! ચ્હા તૈયાર છે.' મોતીએ આંખો ચોળતા ચોળતા તેને મારફાડનુ કારણ પૂછ્યુ. નોકરે કહ્યું, 'આપ શુ કહો છો? મારફાડ તો બિલકુલ થઇ નથી! આપે કદાચ કોઇ સ્વપ્ન જોયુ હશે.' નોકરના ચાલ્યા ગયા પછી વેણીએ ઓરડામા પ્રવેશ કર્યો તો તેણે મોતીને સૂઇ રહેલો જોયો. તેણે કહ્યું, 'કેમ, હજી સૂઇ જ રહ્યો છે કે? આટલા દિવસ ચઢવા છતા નિદ્રાદેવીને વિદાય કરવાની ઇચ્છા નથી થતી કે?'

મોતી બ્લૅંકેટ કાઢી નાખી પલંગમા બેઠો થયો. વેણીએ જોયુ કે, તેના એક પગમા હજી સુધી મોજુ અને બૂટ છે એવુ જોઈ તેણે કહ્યુ, "કેમ ભાઈ! સૂઈ જતી વખતે આ એક પગનુ મોજુ અને બૂટ ઉતારવાનુ પણ ભૂલી ગયો કે?"

મોતીએ અસ્થિર ભાવથી કહ્યુ—"હા ભાઇ એમજ છે. કાલે રાત્રે તબિયત ઘણી ખરાબ થઇ ગઇ હતી. માથામા ઘણું દર્દ થવા લાગ્યુ હતુ."

વેણીએ જોયું કે, વાસ્તવિક રીતે મોતીનું મુખ અત્યંત વિવર્ણ અને વિશીર્ણ બની ગયું છે તેણે કહ્યું—' ત્યારે તો હજી થોડો વખત સૂઈ રહે, તેથી દર્દ થોડા ઘણા અંશે ઓછું થશે "

થોડા સમય પછી રામભજે બોર્ડિંગમાં આવી રાધાવલ્લભનું ખૂન થયાના સમાચાર આપ્યા એ વિષય ઉપર બોર્ડિંગના માણસો અનેક પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા કોઈએ કહ્યું—" આ પોલિટિકલ હત્યાકાંડ છે " રામભજે કહ્યું, " ના, સ્વદેશી યુવક રાધાવલ્લભનું ખુન શા માટે કરે ? આ વેશ્યાગમનનો પ્રસાદ છે "

રામભજે જ્યારે એમ સાંભળ્યું કે, આજે મોતીની તબિયત બગડી છે ત્યારે તે તેના ઓરડામાં તેની ખબર જોવા આવ્યો રામભજને ઓરડામાં આવતો જોઈને મોતી ચમકી ઉઠ્યો તથા તેના તરફ સ્થિરદૃષ્ટિથી જોવા લાગ્યો, પરંતુ રામભજ તેના આ ભાવનું લક્ષ્ય કરી શક્યો નહિ, કેમ કે તેના મનની સ્થિતિ પણ એવી જ હતી

રામભજે જે વખતે મોતીને રાધાવલ્લભનું ખુન થયાની વાત કહી એ વખતે મોતીએ ચુપકીદીથી એ ખબર સાંભળી તેણે ચિત્તની સહેજ પણ ચંચળતા પ્રકાશિત કરી નહિ. રામભજે કહ્યું —" વિપિનચંદ્રભાઈને આ ખબર આપવી જોઈએ, પરંતુ તમે ત્યાં સૂધી જઈ શકશો ? મ્હેં એમ સાંભળ્યું છે કે, તમારી તબિયત ખરાબ થઈ ગઈ છે ! '

મોતી—ખરું છે રાતથી માથામાં ઘણી વેદના થાય છે વળી થોડો તાવ પણ ચઢ્યો હોય એમ લાગે છે

અંતે મોતીને બદલે વેણી એ ખબર લઈને વિપિનચંદ્રને ઘેર ગયો થોડા સમય પછી તેણે પાછા આવી બોર્ડિંગના સઘળા છોકરાં-

ઓને કહ્યું—"વિપિનચંદ્રભાઇ અને બીજા સ્વદેશી યુવકોના ઘરની જડતી લેવામાં આવે છે "

આ વાત સાભળી રામભજે કહ્યું—" મ્હને એમ લાગે છે કે, આપણી બોર્ડિંગની જડતી નહિ લેવામાં આવે જો જડતી લેવાની હોત તો પોલિસે ક્યારનીય બોર્ડિંગને ઘેરી લઇ પહેરો ભરવા માંડ્યા હોત "

રામભજની જ વાત ખરી પડી એ લોકોની બોર્ડિંગની જડતી લેવામાં આવી નહિ. જો બોર્ડિંગની જડતી લેવાઇ હોત તો રામભજની પેટીમાંથી ઘણી ભયંકર વસ્તુઓ ભ્હાર નીકળત તથા રિવૉલ્વર સાથે મોતી પણ પકડાઇ જાત ખેર, આ વખતે એ સર્વ શે બચી ગયો સ્વદેશી આંદોલનમાં શામિલ થઈને મોતી તથા વેણી—બન્ને જણા પહેલા સજા ભોગવી ચુક્યા હતા એથી એમના નિવાસસ્થાનની જડતી નહિ લેવાયાથી કેટલાક માણસોને આશ્ચર્ય લાગ્યું

(૨૩)

પોલિસે સ્વદેશી યુવકોના ઘરોની જડતી લઈ સમાજના જગને કેવળ થોડું ઉછાળી એ ખટપટ છોડી દીધી કોઇ પણ સ્થળેથી કોઈ વસ્તુ મળી આવી નહિ એક પણ યુવકને ગિરફતાર કરવામાં આવ્યો નહિ. કારણ માછલાઓ પકડતા પકડતા જ્યારે નદી કિંવા તળાવનું પાણી મલિન થઇ જાય છે ત્યારે માછલાઓ પકડવાનું કામ મુલતવી રાખવામાં આવે છે. મલિન જળમાં કાંઇ દેખાતું નથી, તેથી જળ સ્વચ્છ થઇ જવાની ગડ જોવી પડે છે કૃષ્ણનગરની પોલિસે પણ તેમજ કર્યું.

રાધાવલ્લભના શરીરમાંથી જે ગોળી મળી આવી હતી તેના આધારે દારોગા દીનદયાળે સબજજ બહાદુરને ઘેર જઇ કુમુદનાથને પૂછ્યું –"આપની રિવૉલ્વર ક્યાં છે ?"

કુમુદે કહ્યું –"આ પેટીમાં રાખેલી છે" આમ કહી તેણે દીનદયાળની હાજરીમાં જ પેટી ઉઘાડી અંદર જોયું તો તેમાં રિવૉલ્વર જણાઈ નહિ એમાં કેવળ લાઇસેન્સ અર્થાત્ પરવાનો પડેલો હતો. કુમુદનાથે આશ્ચર્યચકિત બની જઇને કહ્યું –"ગજબ થઇ ગયો છે. રિવૉલ્વર ગૂમ થયેલી છે! પેટીની અંદરથી તે કેવી રીતે ગૂમ થઈ?" આમ કહી કુમુદનાથે પોતાની સઘળી પેટીઓ પટારા ઉથામીને રિવૉલ્વરની તપાસ કરવા માંડી, પરંતુ પત્તો લાગ્યો નહિ છેવટે તેણે હતાશ થઈ દીનદયાળને કહ્યું –' રિવૉલ્વર કોઇ જરૂર ચોરી ગયું છે આપ નોંધ કરી લ્યો કે, મ્હારી રિવૉલ્વરની ચોરી થઇ છે."

દીનદયાળ –કેટલા દિવસ પૂર્વે આપે રિવૉલ્વર પેટીમાં મૂકી હતી ?

કુમુદ લગભગ એક માસ પહેલાં ત્યાર પછી મ્હેં વચ્ચે કોઈ દિવસે આ પેટીને ઉઘાડી નથી.

દીનદયાળ –પેટીની ચાવી કોની પાસે રહે છે ?

કુમુદ –બીજી ચાવીઓની સાથે રીંગમાં પડી રહે છે ચાવીઓનો ઝુમખો કવચિત મ્હારી પાસે રહે છે તો કવચિત્ ટેબલ ઉપર પડ્યો રહે છે

દીનદયાળે આ સઘળી હકીકત તથા લાઇસેન્સ ઉપરથી રિવૉલ્વર નંબર વગેરે લખી લીધું પછી તે ચાલ્યો ગયો રાધાવલ્લભના ખુનીનો પત્તો લાગ્યો નહિ તપાસ ધીમે ધીમે બંધ પડી

* * * *

લગભગ એક અઠવાડીઆથી મોતીને તાવ આવતો હતો. વેણી તેની સારવાર કરવામાં ગુંથાયો હતો. આજે જ્વર ૧૦૫ ડિગ્રી સુધી આવવાથી મોતીની શુદ્ધિ પ્રાય ગૂમ થઈ જવા આવી હતી. વેણી તેના માથા ઉપર પાણીનું પોતું મૂકી પંખાથી પવન નાખતો હતો. મોતીની બીમારીની હકીકત સાંભળી વિપિનચંદ્ર તેની ખબર જોવા આવ્યો. રોગી અર્ધનિદ્રિત સ્થિતિમાં હતો. વિપિનચંદ્રે તેના શરીરપર હાથ ફેરવ્યો એટલે તે 'પોલિસ–પોલિસ' કહી બૂમ પાડી ઉઠ્યો. પછી થોડા સમય સુધી ચુપ રહી તે અસ્પષ્ટ ભાવથી બકવાદ કરવા લાગ્યો. એક વખત તેણે રાધાવલ્લભના નામનો પણ ઉચ્ચાર કર્યો.

વિપિનચંદ્રે વેણીને દ્વાર બંધ કરી દેવા કહ્યું. દ્વાર બંધ થયા પછી વિપિનચંદ્રે પોતે જ મોતીની જડતી લેવા માંડી. મોતીએ પોતાના મસ્તક નીચે સાત આઠ દિવસથી રિવૉલ્વર છુપાવી રાખી હતી. સર્વથી પ્રથમ એ રિવૉલ્વર મળી આવી. વિપિનચંદ્રે કહ્યું –' વેણી, રાધાવલ્લભનું ખૂન કોણે કર્યું છે એ તું જાણે છે કે ?"

વેણીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. વિપિનચંદ્રે કહ્યું –" કાલે સ્નાન કરવા જતી વખતે આ રિવૉલ્વરને તું ત્હારા ધોતીઆ તથા રૂમાલમાં છુપાવી લઈ જજે અને સુયોગ જોઈ નદીમાં ફેંકી દેજે. આ કામ હું પોતે કરત, પણ આજકાલ હરેક વખતે મ્હારી પાછળ છુપી પોલિસના માણસો ભૂતની માફક લાગેલા જ હોય છે."

વેણી આ કામ કરવા કબૂલ થયો. વિપિનચંદ્રે તેને કહ્યું –" હું તને બીજી એક વાત કહી પ્રથમથી સાવધાન કરું છું. તું રામભજ ' ઉપર બિલકુલ વિશ્વાસ રાખીશ નહિ. મોતી પ્રલાપ કરતો હોય એના

વખતે તું તેને કદાપિ ઓરડામાં આવવા દઇશ નહિ, નહિ તો એ પ્રલાપ ઉપરથી રામભજ સમજી જશે કે, ગધાવલ્લભનું ખુન મોતી-એ જ કર્યું છે ”

થોડા દિવસ ઉપર મોતીએ પણ વેણીને રામભજ માટે સાવધાન કરી દીધો હતો તેથી એ વિષય સંબંધી તેણે વિપિનચંદ્રને વિશેષ કાંઇ પૂછ્યું નહિ.

રાત્રે સાડા દશ વાગ્યે વિપિનચંદ્ર પોતાને મુકામે પાછો આવ્યો એ રાત્રે દુશ્ચિંતાની વિશેષતાથી તેને નિદ્રા આવી નહિ. ખુની પોતાને ઘણા દિવસ છુપાવી શકતો નથી વિપિનચંદ્રને એ માટે સહજ પણ સંદેહ નહોતો કે, એક દિવસે મોતી જરૂર પોલિસના પંઝામાં પકડાશે એ વખતે તેની સાથે બીજા સ્વદેશી યુવકોને પણ પકડવામા આવશે તથા સર્વને પકડી પોનિમ સંભવત એક મ્હોટો ભારે 'ગેમ કેસ' ઉભો કરશે.

હવે વિપિનચંદ્ર રાજનૈતિક ગુપ્ત હત્યાઓનો સર્વાંશે વિરોધી હતો, તેથી અપરાધ વગર હવે આરોપી બનીને અદાલતમાં ઉભા થવાની કિંવા Martyr અર્થાત્ સદુદ્દેશથી પ્રાણ ત્યાગી વીર બનવાની તેની ઇચ્છા નહોતી, પરંતુ તેથી શું ? પોલિસ તેને છોડે એ કેવળ અસંભવ હતું તે એક સ્વદેશી મંડળનો નેતા હતો. વિપિનચંદ્ર સમજી ગયો કે, ગમે તેમ હો, પણ એ કારણથી જ સી આઇ ડી ના માણસો તેની પાછળ સદા સર્વદા લાગેલા રહે છે એથી વિપિનચંદ્રનો દમ નાકે આવ્યો હતો

વિપિનચંદ્ર મુર્શિદાબાદમાં જઇ પોતાના એક ઓળખીતાને ઘેર પાંચ છ દિવસ સુધી રહ્યો. ત્યાં પણ પોલિસના દૂતોને આઠે પ્રહર

તેણે પોતાની પાછળ ફરતા જોયા હવે તેણે પલાયન કરી જવાનો સંકલ્પ કર્યો તથા તેનો ઉપાય પણ નક્કી કર્યો જેવી રીતે એક કાચબો આવશ્યકતાનુસાર પોતાના દેહની ખોલમા હાથપગને છુપાવી દે છે તેવી રીતે વિપિનચંદ્ર પણ એક બુર્ખામા પોતાનુ સત્રળુ અંગ છુપાવી મક્કાથી પાછી ફરેલી હાજીની બીબી બનીને એક દિવસે મધ્યાન્હકાળે શહેરની પોલિસ ચોકી પાસે થઇને જ હમ્મેશાને માટે અદૃશ્ય થઇ ગયો

(૨૪)

આજે ઘણી ખરાબ ઘડી હતી મધ્યરાત્રિ પ્રાય પસાર થઇ ગઈ હતી આકાશમા ચારે તરફ કાળા વાદળા એકત્રિત થવા લાગ્યા હતા વચ્ચે વચ્ચે વાયુના જબર્દસ્ત તોફાન સાથે મૂસલધારથી વૃષ્ટિ પણ થતી હતી પોષના વસતમા જ વર્ષાકાળ ઉપસ્થિત થયો હોય એવા ભાસ થતો હતો તેથી ટ ડી ચારગણી વધી ગઇ હતી આવા સમયે સુલોચના દૂધ કરતા પણ સ્વચ્છ અને મખમલ જેવી નરમ શય્યામા સૂઈ રહી છટફટ કરતી હતી તેના આખા શરીરમાથી પસીનો નીકળતો હતો આનદી તથા બીજી એક વિશ્વાસપાત્ર દાસી પાસે બેસી તેના શરીરપરનો પસીનો લુછી નાખતી હતી વચ્ચે બે વખત રસિકલાલ આવીને ખબર જોઇ ગયો હતો

આજે બે દિવસથી પેટનુ દર્દ વધી જવાથી અને તાવ ચઢી આવવાથી સુલોચના શય્યાવશ થઇ હતી. રસિકલાલે વિચાર્યું હતું કે, આ રોગમા ડૉક્ટરને નહિ બોલાવવા પડે, પરંતુ રાત્રે અગીઆર વાગ્યે વિશેષ પસીનો છુટવાથી તથા હાથપગ ટંડા પડી જતા હોવાથી રસિકલાલ ડરી ગયો લાગ્યાથી તેને આવી ભીષણ રાત્રે પણ

ડૉક્ટર મહેન્દ્રકુમારને બોલાવી લાવવા પડ્યા મહેન્દ્રકુમાર કાશીનાથના વખતથી જ તેમના કુટુંબના ફૅમિલી ડૉક્ટર હતા ' ઘરના સઘળા માણસો તેમને ઓળખતા હતા અત્રે ગધાવલ્લભ સાથે પણ તેમની મુલાકાત થઈ હતી

મહેન્દ્રકુમારે આવી પરીક્ષા કરે જોઈ તો સુલોચનાનુ સઘળું પેટ ફુલી ગયેલુ જણાયુ એમા એટવી બધી વેદના થતી હતી કે, સ્પર્શ માત્રથી દુ ખ થતુ હતુ નાડીનુ ઠેકાણુ નહોતુ વચ્ચે વચ્ચે તે ઘણી ધીમેથી ચાલતી જણાતી હતી મ્હો વિવર્ણ અને વિકૃત બની ગયું હતુ તાવનુ નામ નહોતુ શરીરની ગરમી સ્વાભાવિક સ્થિતિથી ઘણી થોડી હતી હાથપગ ઠ ડા થઇ ગયા હતા રોગ થવાના કારણ સબધી મહેન્દ્રકુમારે અનેક પ્રશ્ન પૂછ્યા, પરંતુ પોનાના એક પણ પ્રશ્નનો તેમને સંતોષજનક ઉત્તર મળ્યો નહિ.

ડૉક્ટરે કિંચિત્ મ્હો મચકોડી કહ્યું –" એમને આ ઘણો ખરાબ રોગ થઇ ગયો છે રોગ ઘણો કઠિન હોઇ સ્થિતિ પણ સારી નથી " આમ કહી પ્રિસ્ક્રિપ્શનપર બે ચાર જાતની દવાના નામ તેમણે લખ્યા. દર કલાકે ઉત્તેજક આપવા કહ્યુ, પેટને માટે લેપ તથા પોટિસની વ્યવસ્થા કરી પછી એક ચાલાક દાયણને બોલાવી રોગિણીની સેવામાં રાખવાનુ સૂચવી ડબલ ફી લઇને ડૉક્ટર સાહેબ ચાલ્યા ગયા હવે તેમની વ્યવસ્થા અનુસાર સઘળુ કામ થવા લાગ્યુ કેવળ દાયણને બોલાવવામા આવી નહિ ચિકિત્સાનુ સઘળુ આયોજન કરી રસિકલાલ પોતાના ઘરમા જઈ સૂઈ ગયો. રોગીના કરતા તેના મનમા વિશેષ ભય અને દુશ્ચિંતાઓ હતી જેવી રીતે બ્હાર તુફાન હતું તેવી રીતે તેના મનમા પણ ભયંકર તુફાન ચાલતું હતું. જાણે કે ક્રોધે ભરાયલી પ્રકૃતિ તેના

હૃદયમાં પ્રવેશ કરી પાપનો પ્રતિશોધ લેતી હતી એથી રસિકલાલને સહેલાઈથી નિદ્રા આવી નહિ અંતિમ રાત્રે અનેક પ્રકારના ખરાબ સ્વપ્નસહિત તેને થોડી નિદ્રા આવી

પ્રાતઃકાળે આકાશ સ્વચ્છ થઈ ગયું હતું સાત વાગ્યે ડૉક્ટર મહેન્દ્રકુમાર આવ્યા તેમણે જોયું તો રોગિણીની સ્થિતિ પ્રથમના જેવી જ હતી તેમણે કેવળ એટલું જ કહ્યું કે–"નાડીની ગતિ કાંઈક સુધરી છે તથા પેટની વ્યથા પણ સહજ ઓછી થયેલી હોય એમ લાગે છે"

મહેન્દ્રકુમારે પૂર્વોક્ત ઔષધની વ્યવસ્થામાં ફેરફાર કર્યો નહિ રોગિણીના પથ્ય માટે સોડા વૉટરની વ્યવસ્થા કરી રસિકલાલને તેમણે કહ્યું–"મુનીમ મહાશય! આજે અત્રે જલ્દી આવવું પડેલું હોવાથી હજી મ્હેં ચ્હા પીધી નથી આપ ચ્હાનો બંદોબસ્ત કરી શકશો કે?"

"જેવી આજ્ઞા એમાં સંકોચાવા જેવું શું છે? હમણાં જ મંગાવું છું" કહી રસિકલાલે એક નોકરને બોલાવી ચ્હાની આજ્ઞા કરી ડૉક્ટર સાહેબે સુલોચનાની શય્યા પાસે જ એક ખુરસી ઉપર બેસી ખીસ્સામાંથી પ્રાતઃકાળે પ્રસિદ્ધ થતું એક દૈનિક વર્ત્તમાનપત્ર કાઢી તે વાંચવાનો આરંભ કર્યો. આજે તેઓ સુલોચનાને એટલા વહેલા જોવા આવ્યા હતા કે, તેમને વર્ત્તમાનપત્ર વાંચવા જેટલો પણ અવકાશ મળ્યો નહોતો એ પણ ચ્હા પીવાના જેવું તેમનું એક સમસામયિક કામ હતું પાંચ મિનિટમાં જ નોકર એક ચીનાઈ પ્યાલામાં ચ્હા લઈ આવ્યો તથા રબ્બરની નળીવાળો એક ભરેલો હુક્કો મોકલી ગયો એ વખતે મહેન્દ્રકુમાર વર્ત્તમાનપત્ર, ચ્હા અને તમાકુ એ ત્રણે વસ્તુનું સેવન એક સાથે કરવા લાગ્યા ચ્હાનો પ્યાલો અને હુક્કાની નળી હરેક મિનિટમાં પર્યાયક્રમથી તેમના મુખમાં પ્રવેશ કરવા

લાગ્યા રસિકલાલ સ્હામે ઉભો રહ્યો વર્તમાનપત્ર વાચતા વાચતાં મહેન્દ્રકુમાર એકાએક બોલી ઉઠ્યા –" અરે ! આ કેવી ખબર છપાઇ છે ? તમારા રાધાવલ્લભ બાબુનુ ખુન થયુ છે કોઇએ તેમને ગોળીથી ઠાર માર્યા છે ખૂનીનો પત્તો નથી "

રસિકલાલ—ડૉક્ટર સાહેબ ! આપ કયા રાધાવલ્લભ બાબુની વાત કરો છો ?

મહેન્દ્ર—આમા સ્પષ્ટ લખ્યુ છે કૃષ્ણનગરના સરકારી વકીલ રાધાવલ્લભ બાબુ સુલોચના દેવીના બનેવી હુ એમને ઓળખુ છુ

આ વાત સાભળી સુલોચના ઉચ્ચ સ્વરે રડી પડી " હે–હે ! આ શુ કરો છો ? ચુપ રહો–ચુપ રહો, રડશો નહિ !–તમારા પેટમાં વેદના થાય છે–જો રડશો તો ઘણો ભયકર બનાવ બનશે અને તમારો જીવ બચાવવાનુ કામ કઠિન થઇ પડશે " આમ કહી મહેન્દ્રકુમાર સાત્વના આપવા લાગ્યા એથી સુલોચનાનો વિલાપ વધી ગયો ડૉક્ટર સાહેબ ડરી ગયા તેમણે કહ્યુ –" જો રોગિણી આવી સ્થિતિમા રુદન કરશે તો મરી જશે "

પછી રસિકલાલ, આનદી, ડૉક્ટર સાહેબ વગેરેએ મળી ૧૫–૨૦ મિનિટમા બનતો પ્રયત્ન કરી સુલોચનાને શાન્ત કરી, પરતુ સુલોચનાનો શ્વાસ ધીમે ધીમે વધવા લાગ્યો ડૉક્ટર સાહેબ રોગિણીને આવી સ્થિતિમા જ છોડી ચાલ્યા ગયા જતી વખતે રસિકલાલને તેઓ કહેતા ગયા કે –" ઘણી સાવધાનતા રાખવામા નહિ આવે તો ઘણું ખરાબ પરિણામ આવશે રાધાવલ્લભ બાબુના ખુનની વાત સાભળી રોગિણીના હૃદય ઉપર જે આઘાત થયો છે તેથી રોગ વધી જવાનો સભવ છે તમે બરાબર સાવચેત રહેજો. "

(૨૫)

સ્હાંજે સુલોચનાને ઘણા જોરથી તાવ આવ્યો શરીરની ગરમી ઘણી વધી ગઈ તે સાથે પ્રાણ નીકળી જતો હોય એવુ શ્વાસકષ્ટ થવા લાગ્યુ.

મહેન્દ્રકુમારને ખબર મોકલવામા આવી ખબર સાંભળીને તેમણે કહ્યું –" જે ધાર્યું હતુ તે જ થયુ હવે બચી શકે એવી આશા નથી " ગમે તેમ પણ ડૉકટર મહેન્દ્રકુમાર એક અગ્રેજ ડૉકટરને સાથે લઇ અડધા કલાકમા આવી પહોચ્યા ડૉકટરે રોગીની પરીક્ષા કરી ઘણા ગભીર તથા વિમર્ષ ભાવથી મહેન્દ્રકુમારને કાઇ પૂછ્યુ. પછી મહેન્દ્રકુમારે ચુપકીદીથી રસિકલાલને કહ્યુ –" હવે થોડા સમયમા જ મૃત્યુ થશે આ તાવમા જ જીવ નીકળી જશે "

સુલોચના પણ સમજી ગઇ હતી કે, તેનો અતકાળ પાસે આવી પહોચ્યો હતો અનેક પ્રસગોમા એવુ જોવામા આવે છે કે, જ્યારે મૃત્યુકાળ સમીપ ઉપસ્થિત થાય છે ત્યારે ' સત્ય ' ની ઉપલબ્ધિ થાય છે ડૉકટરની હાજરીમા જ સુલોચનાએ લજ્જાનુ બધન દૂર કરી દીધુ તેના હૃદયમા પ્રાણવાયુ ઉન્મત્ત બનીને પ્રચડ તૂફાન મચાવી રહ્યો હતો શ્વાસની સાથે તેની છાતી કપતી હતી હૃદયમા અસહ્ય વેદના થતી હતી તથા માથાથી પગ સુધી–આખુ શરીર કપતુ હતું. રસિકલાલને જોઇને સુલોચનાની આખોમાથી વિજળીની અગ્નિમયી જવાળા બ્હાર નીકળી પડી–સાથે સાથે એ સમયે મુખમાથી વજ્રધ્વનિ નીકળીને તેને આહત કરવા લાગ્યો રસિકલાલ તરફ જોઇ મુખરા સુલોચનાએ કહ્યુ –" નરકના કીડા ! ત્હેં જ મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે તુ જ મ્હારા ગર્ભનુ કારણ છે. ત્હેં જ મ્હને ગર્ભસ્રાવનું ઔષધ આપ્યું હતુ નરાધમ ! હુ હવે તને સારી રીતે ઓળખી શકી છુ તુ આ ક્ષણે જ મ્હારી નજર આગળથી દૂર ચાલ્યો જા. "

ઘરના સઘળા માણસો લાકડાના પુતળાની માફક ચુપકીદીથી ઉભા રહ્યા ડૉક્ટર સાહેબ સુલોચનાના ઉપરોક્ત વચનોનો મર્મ સમજી શક્યા નહિ. અધમુઆ જેવો રસિકલાલ બન્ને હાથ આંખો ઉપર દબાવી એ સ્થળનો ત્યાગ કરી ગયો ઘુવડથી દિવસનો પ્રકાશ વેઠી શકાતો નથી સત્યનો પ્રકાશ રસિકલાલથી પણ વેઠી શકાયો નહિ.

સુલોચના થોડા વખત માટે બચી જાત, પરંતુ આ ઉત્તેજનાનું ફળ ઉલટું આવ્યું તેનો પ્રાણવાયુ એક મુહૂર્તમાં જ પ્રશ્વાસની સાથે બ્હાર નીકળી ગયો આનંદી તથા અન્યાન્ય જન રૂદન કરવા લાગ્યા. ડૉક્ટર સાહેબને લાચારીથી ફી લીધા સિવાય જ પાછા જવું પડ્યું. રસિકલાલ હવે ત્યાં હાજર નહિ હોવાથી તેમને ફી આપે પણ કોણ?

(૨૬)

આજકાલ કરતા લગભગ ત્રણ વર્ષથી સુરેશચંદ્ર અને સરોજિનીએ સ્વર્ગસ્થ કાશીનાથ બાબુ તથા સુલોચનાના ઘર ઉપર અધિકાર મેળવ્યો હતો આ રંગમંચ ઉપર જુના અભિનેતાઓ-દાસદાસીઓની જગ્યાએ નવીન અભિનેતાઓનું થોડું પરિવર્ત્તન થયું હતું દૃશ્યપટ વગેરેમાં વિશેષ પરિવર્ત્તન થયું નહોતું સઘળા દાસદાસીઓમાં પ્રાય સર્વ કાયમ હતા' પેલી ભાગલપુરની ભગેની, બનારસનો બનારસી ગુમાસ્તો તથા કટકનો કટકી તો હતા જ, પરંતુ તેમની સાથે આનંદી પણ હતી.

પુરુષ નોકરોમાં કેવળ રસિકલાલ નહોતો. વળી બીજી પણ એક વ્યક્તિ નહોતી' એ વ્યક્તિનો પરિચય ક્યા નામથી આપીએ? એક દિવસે સરોજિનીએ આનંદીની સાથે વાતચિત કરતા રસિકલાલનો પ્રસંગ ઉપસ્થિત કર્યો. એ સાભળી આનંદીએ એક ગાઢ નિશ્વાસ મુકી કહ્યું-"એ કાળમુખાનું નામ લેશો નહિ, એનું નામ લેવાથી પણ પાપ

લાગે તેમ છે " કે વ્યક્તિ કોઈ સ્થળે કોઈ વખતે કોઇ સ્વરૂપમા એક વખત પકડાય છે તેને માટે પલાયન કરી જવાનો ઉપાય રહેતો નથી તેથી એમ લાગે છે કે, સુલોચના પણ આ ઘરમાથી પલાયન કરી શકી નહોતી એક દિવસે અમાવાસ્યાની ગભીર રાત્રે ઘેર જતી વખતે આનદી રામકલાલના ઓરડાની બારીમા સુલોચનાનો અવછાયા જોઇને બૂમ પાડી ઉઠી હતી સભવત સુલોચના સૂક્ષ્મદેહથી રસિકલાલના આગમનની પ્રતીક્ષા કરતી હતી વળી બેઠકખાનામા ચિત્રાકિત કાશીનાથ બાજુ ખુની બારીમા પોતાની પ્રેત-પોની સહધર્મિણીની એ અપૂર્વ પ્રેમલીલા જોઇને દીવાલમા સમાઇ જતા હતા

સુરેશ સાથે હવે તેની માતાના સપ થઈ ગયો હતો દયામયી પહેલા જે મહેલમા રહેતી હતી એ મહેલમા હવે સુરેશની સ્નેહમયી માતા રહેતી હતી સરોજિનીનો પુત્ર સનત્કુમાર તેનો કડહાર હતો. સત્યપ્રસાદ મામા પણ હવે સુરેશના ગૃહમા જ પડયા પાથરા રહેતા હતા સરોજિનીએ તેમને કહ્યુ હતું –' મામા ' આપે જ અમારો વિવાહ કરી અમને સસારી બનાવ્યા છે, તેથી એક શુભેચ્છક વડિલ તરીકે આપને અમારા સસારમા રહેવુ પડશે આપ જ અમારા શિરછત્ર છો "

પહેલાની માફક હજી પણ સત્યપ્રસાદ મામા પુસ્તકો અને વર્તમાનપત્રો વાચ્યા કરતા હતા સનત્કુમાર એમને 'દાદાજી, દાદાજી ' કહીને બોલાવતો હતો સનત્ સધ્યાકાળે પોતાની "મ્હોટી મા પાસે જે જે વાતો સાભળતો હતો તે વાતો બીજે દિવસે 'દાદાજી 'ને પોતાની તોતડી મધુર વાણીથી સભળાવતો હતો એક વાત પૂરી 'થતી' એટલે ઇનામ તરીકે દાદાજી તેને એક ચુબન કરતા

હતા મહોલ્લાના બીજા ઘણા બાળકો સત્યપ્રસાદ મામા પાસે આવતા હતા મામા તેમના ઉપર ઘણો પ્રેમ રાખતા હતા. વૃદ્ધાવસ્થામાં લોહી અને મન ઠંડુ પડી જવાથી હૃદયમા અવસાદ ઉપસ્થિત થાય છે. બાળબચ્ચાનો સમાગમ તથા તેમના પ્રેમનો ઉત્તાપ જ તેમને બચાવે છે. વૃદ્ધ સત્યપ્રસાદ મામાને એક પણ સંતાન નહોતુ, પણ પાડોશીઓના બાળબચ્ચાઓ જ તેમને માટે ગરમ જળથી ભરેલી બૉટલોનુ કામ કરતા હતા।

આ સુખસ્વર્ગમા રહીને સુરેશ ભૂતકાળનુ સઘળુ દુઃખ ભૂલી ગયો હતો પરંતુ દેશના અનાથ તથા દીન દરિદ્ર મનુષ્યના દુઃખને તે ભૂલી શકતો નહોતો સત્યપ્રસાદ મામાએ પણ તેને એ વાત ભૂલવા દીધી નહિ સુરેશ સારી રીતે સમજી ગયો કે, જન્મભૂમિના સઘળા પ્રાણી એક સંબંધસૂત્રથી બંધાયલા છે—તેથી તેમના કલ્યાણમા જ પોતાનું કલ્યાણ છે સર્વને સુખી કર્યા સિવાય પોતે સુખી થઇ શકે તેમ નથી આમ હોવાથી સકળ જનસમાજના હિતના કાર્યોને સુરેશ પોતાના હિતના જ કાર્ય સમજતો હતો તેણે કર્મપથમા પદાર્પણ કર્યું હતુ, પરંતુ હજી સૂધી કોઇ પણ સ્વદેશહિત વિષયક કાર્ય કરવાનો સુયોગ તેને મળ્યો નહોતો

ગયા વર્ષના વૈશાખ માસમા નન્દલાલની માતાનો સ્વર્ગવાસ થયો હતો. શ્રાદ્ધના નિમંત્રણમા સુરેશ સત્યપ્રસાદ મામા સાથે નન્દલાલને ઘેર ગયો હતો શ્રાદ્ધાદિ સંપન્ન થઈ ગયા પછી તેણે કનકલતાને કહ્યુ—' બ્હેન ' તમે આ ઘરમા કેમ રહોછો ? મ્હારે ત્યા બગીચાવાળુ મ્હોટું આલિશાન મકાન ખાલી પડ્યુ છે, એમા જઈને રહો તો તેથી તમારા આશ્રમમા બે ચાર અનાથ બાળક રહી શકશે એ એક લાભ છે" કનકલતા અને નન્દલાલ સુરેશની આ વાતમા રાજી થયા.

(૨૭)

ગયા છ માસમાં સુરેશના બગીચાવાળા મકાનમાં નન્દલાલે એક ન્હાનું અનાથાશ્રમ સ્થાપિત કરી દીધું હતું એકે એકે વીસ બાળકોએ એ આશ્રમનો આશ્રય સ્વીકાર્યો હતો કનકલતા અન્નપૂર્ણા બનીને એ બાળકોને ભોજન કરાવતી હતી ઝુમન હવે એ બાળકોનો સરદાર બની ગયો હતો તે કહ્યા કરતો કે, ' હું આ સ્કૂલનો હેડમાસ્તર છું ' '

કાશીનાથ બાબુએ દમદમના બંગલામાં અવિરામ દિરની સ્થાપના કરી હતી તથા તેમની સ્વર્ગીય દાદીએ ગંગા ગાર્ડનમાં શિવમંદિરની સ્થાપના કરી હતી. પરંતુ સુરેશચંદ્રે એ શિવમંદિરની છાયામાં એક ન્હાનું અનાથાશ્રમ સ્થાપિત કર્યું હતું ' **भिन्न रुचिर्हि लोका** ' ' સુરેશે આ અનાથાશ્રમનું સઘળું ખરચ ઉપાડી લીધું હતુ. પરોપકારનું તેનું આ પ્રથમ કાર્ય હતું

સત્યપ્રસાદ મામા અને સુરેશ એક દિવસે અનાથાશ્રમ જોવા ગયા હતા ત્યાં નન્દલાલને મુખે એમણે સાંભળ્યું કે, રાધાવલ્લભનું ખુન કરવાના અપરાધ માટે કૃષ્ણનગરના મોતીલાલને આટલા દિવસ પછી ફાંસીની સજા થઈ છે તેઓ સર્વ મોતીને જાણતા હતા સુરેશે નન્દલાલને પૂછ્યું —" આ ખબર તમને કેવી રીતે મળી ? "

નન્દલાલે ઉત્તરમાં કહ્યું —" કૃષ્ણનગરના વકીલ યોગેશચંદ્રની સાથે મુલાકાત થતાં તેમણે મ્હને એ ખબર કહી હતી તેમણે એમ પણ કહ્યું હતું કે, મોતીએ પોતે જ મેજીસ્ટ્રેટ પાસે જઇને પોતાનો ગુન્હો કબૂલ કર્યો હતો. જો તેણે એમ ન કર્યું હોત તો તે પકડાત નહિ. યોગેશચંદ્ર કહેતા હતા કે, ફેસલો આપતી વખતે મોતીએ હ-કીમને કહ્યું હતું કે, ' રાધાવલ્લભનું ખુન કર્યા પછી આટલા દિવસ

પછી પણ મ્હારા આત્મામાં કોણ જાણે કોઈ એમજ કહ્યા કરતું હતું કે, 'જા, જલ્દી ગુન્હો કબુલ કરી ત્હારા પાપનું પ્રાયશ્ચિત્ત કર '

સુરેશ–ઘણા આશ્ચર્યની વાત છે ! પરંતુ તેણે રાધાવલ્લભનું ખુન શા માટે કર્યું હતું ? એ સંબંધી યોગેશચંદ્ર કાંઈ કહ્યું છે કે ?

નન્દલાલ–મોતીએ કહ્યું હતું કે, કોઈ રાજકીય કારણને લીધે તેણે રાધાવલ્લભનું ખુન કર્યું નહોતું રાધાવલ્લભે એક વેશ્યાના ઘરમાં કારસ્થાન રચ્યું હતું સંયોગવશ મોતી હાથમાં રિવૉલ્વર લઇ એ કાર-સ્થાનની વાત સાંભળતો હતો એ વાત સાંભળતાં સાંભળતાં મોતીને ક્રોધ ચઢયો અને તેણે ગોળી છોડી એ ગોળીથી રાધાવલ્લભનું ખુન થયું

સત્યપ્રસાદ –આ બનાવમાં કાંઈ પોલિટિકલ–રાજનૈતિક મિશ્રણ અવશ્ય છે, નહિ તો એ વખતે મોતી હાથમાં રિવૉલ્વર લઇને એ સ્થળે ક્યાંથી ઉપસ્થિત હોઇ શકે ?

નન્દલાલ–એ કેસમાં રામભજે સાક્ષી આપી છે તે પણ ઘટના-સ્થળે ઉપસ્થિત હતો

સત્યપ્રસાદ–જે સ્થળે રામભજ ઉપસ્થિત હોય એ સ્થળે સ્વદે-શીની ગંધ હોવાનો ઘણો સંભવ છે એમ લાગે છે કે, વિચાર વખતે એ બનાવનો રાજનૈતિક અંશ દબાઈ રહ્યો છે અને તેથી જ એ બના-વની હકીકત કોઇ વર્ત્તમાનપત્રમાં પ્રકાશિત થયેલી જણાતી નથી મ્હને તો એમ લાગે છે કે, એનાર્કિસ્ટો–રાજદ્રોહીઓનું જ આ એક હત્યાકાણ્ડ છે

સુરેશ–મામા ! સ્વદેશી યુવકોમાંથી કોઇ કોઇ રાજદ્રોહી કેમ થાય છે ?

સત્યપ્રસાદ—યૂરોપના રાજનૈતિક પંડિતોનું એવું કહેવું છે કે, 'Anarchism is the direct out-come of Political despair' અર્થાત્ રાજનૈતિક ક્ષેત્રમાં જ્યારે નિરાશા ઉત્પન્ન થાય છે ત્યારે રાજદ્રોહની ઉત્પત્તિ થાય છે' સ્વરાજ્યપ્રાપ્તિ માટે કરવામાં આવતા વૈધ આંદોલનો વૃથા થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ સ્વદેશભક્ત યુવકો અધીર બની જાય છે. આવા પ્રસંગની નિરાશાજનક સ્થિતિમાં અલ્પબુદ્ધિવાળા દુરાગ્રહી સ્વદેશી નવયુવકો એમ વિચારે છે કે, તેઓ ગુપ્ત હત્યાઓ તથા મારફાડ કરીને સરકારના શાસનયંત્રને તોડી નાખવામાં સફળતા મેળવશે; પરંતુ આજકાલના બૃહત્ સામ્રાજ્યોના શાસનયંત્ર એવી હિલચાલથી કદાપિ તૂટતા નથી

મોતીને થયેલી ફાંસીની સજા જાણવામાં આવી ત્યારથી કનકલતાના નેત્રોમાંથી અશ્રુજળની વૃષ્ટિ થતી હતી એવું જોઈ સત્યપ્રસાદ મામાએ કહ્યું—" કનકલતા ! તું રડે છે કે ? એ અભાગી છોકરાનું પરિણામ જોઇ સહુ કોઈ રડે છે સુરેશચંદ્ર ! સાંભળ. રાજદ્રોહી યુવક ફાંસી ઉપર લટકીને પોતાના દુષ્કર્મનું પ્રાયશ્ચિત્ત કરી જાય છે તથા તે સમાજની છાતી ઉપર એક પ્રકારનું કલંક લગાડે છે. એ સબળા વિપ્લવવાદી યુવકોના સંબંધમાં વિક્ટર હ્યુગો કહે છે કે, 'Gallows becomes their apotheosis Foolish posterity prays on their tombs' સમાજની સહાનુભૂતિ સિવાય રાજદ્રોહરૂપી વૃક્ષ રસના અભાવથી બિલકુલ સુકાઈ જશે એટલા માટે સરકારને પ્રજાના મુખ તરફ જોવું પડશે—રાજશક્તિને આપણા જાતીય આંદોલનની અધિનાયકતા સ્વીકારવી પડશે "

સુરેશ—રાજશક્તિ પ્રજાના મુખ તરફ શા ઉપાયથી જોઇ શકે તેમ છે?

સત્યપ્રસાદ—જે પ્રમાણથી શાસનયંત્રમાં આપણે આપણો અધિકાર વિસ્તૃત કરતા જઈશું તે પ્રમાણથી રાજશક્તિ પણ પ્રજા તરફ જોતી થશે. આ માર્ગ બૉયકોટ કિંવા બહિષ્કારના માર્ગથી બિલકુલ વિપરીત છે બૉયકોટ કરવાથી ગવર્નમેન્ટની નોકરી થઇ શકે તેમ નથી દેશના સ્વાધીન ભાવના લોક જો વિશેશ સખ્યામા સરકારી નોકરી કરવા લાગે તો શાસનયંત્રમા દેશવાસીઓના અધિકાર જરૂર વધે જો ધીરજથી આપણે એ માર્ગે આગળ વધી શકીએ તો યથા સમયે સ્વરાજ્ય મેળવવામા આપણને મુશ્કેલી ન નડે સુરેશ! તુ હવે **સ્વરાજ્યપ્રાપ્તિનો મહામંત્ર** સમજી શકયો છે. ત્હારા હૃદયમા સ્વાધીન ભાવ પણ છે. તુ સ્વાર્થનો ત્યાગ કરી યથાર્થ માર્ગનુ અનુસરણ કરીશ એવી હું આશા રાખુ છુ ત્હારા હૃદયમા સ્વદેશપ્રેમ છે. તુ પગારથી કિંવા બિનપગારથી સરકારી કાર્યમા જોડાઈ ઉચ્ચ રાજપુરુષોની સહાયતાથી દેશવાસીઓનુ ઘણું હિત સાધી શકે તેમ છે ત્હારે દેશભક્તિની સાથે રાજભકિતનુ પણ રક્ષણ કરી વર્તવુ પડશે.

સુરેશ અને સત્યપ્રસાદ મામા વચ્ચે આવી વાતચિત ચાલતી હતી એવામા પોષ્ટમૅન આવી એક પત્ર આપી ગયો. એ પત્ર વિદેશથી આવ્યો હતો. એના ઉપર ઘણી પોષ્ટ ઑફિસોની છાપ હતી પત્ર ઉપર સુરેશનું નામ અને શ્યામબજારનુ ઠેકાણું લખેલુ હતુ પત્ર ખોલી જોતા તે ચીનથી લખાવવામા આવ્યો છે એમ સુરેશ સમજી શકયો એમા નીચેની હકીકત લખેલી હતી—

" ભાઇ સુરેશ !

" જ્યારે હું સ્વદેશમાં હતો ત્યારે ગુપ્ત પોલિસને ચોવીસે કલાક મ્હારી પાછળ પડેલી જોતો હતો. તેથી મ્હને મ્હારૂં જીવન બોજારૂપ લાગતું હતું. એથી હું સ્વદેશથી આ તરફ ભાગી આવ્યો છું હવે બ્રિટિશ સામ્રાજ્યમાં નહિ રહેવાનો જ મ્હેં સંકલ્પ કર્યો છે પ્રથમ હું પાંડીચેરી ગયો હતો ત્યાં પણ છુપી પોલિસે મ્હારો પીછો છોડયો નહોતો એ સ્થળે હું લગભગ એક વર્ષ રહ્યો મ્હેં વિચાર્યું કે, મ્હારે માટે બ્રિટિશ અને ફ્રેંચ રાજ્યમાં વિશેષ અંતર જેવું નથી

" મ્હેં બ્રિટિશ ગવર્નમેન્ટની વિરુદ્ધ કોઈ પણ કાર્ય નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. આમ છતાં મ્હારી હિલચાલ ઉપર દેખરેખ રાખવાનું બ્રિટિશ સરકારની છુપી પોલિસે બંધ કર્યું નહોતું ! એ પ્રકાર મ્હારે માટે અસહ્ય બની ગયો એક ફ્રેંચ સ્ટીમરમાં બેસી હું ચીન સામ્રાજ્યમાં આવી પહોંચ્યો છું આજકાલ કરતાં ત્રણ વર્ષથી હું ચીનમાં છું ભારતવાસીઓ માટે આ દેશ કાંઈ ખોટો નથી.

"ભાઇ ! જેટલા દિવસ સ્વદેશમાં હતો એટલા દિવસ સુધી સ્વદેશના ઘર બ્હાર, ફુલ ફળ, પહાડ પર્વત, નદી તથા મનુષ્ય વગેરેમાં જે એક વિશેષ આકર્ષણ છે એનો યથાર્થ આનંદ અનુભવી શક્યો નહોતો. હવે આ દૂર દેશમાં રહી પ્રાણ સ્વદેશની પ્રત્યેક વસ્તુ માટે વ્યાકુળતાથી રડી ઉઠે છે સંતાન જ્યાં સુધી માતાની પાસે હોય છે ત્યાં સુધી માતાના ખોળાનો યથાર્થ આનંદ તે અનુભવી શકતું નથી. માતા નથી હોતી ત્યારેજ તે રડી રડીને વ્યાકુળ બની જાય છે. ભાઈ ! આજે મ્હારી પણ એવી જ દશા છે મ્હેં શો ગુન્હો કર્યો છે એ હું જાણતો નથી અફસોસ કે એટલા મ્હોટા ભારતવર્ષમાં મ્હારે માટે સ્થાન નથી !

" ભાઈ સુરેશ ! જો કદાચ સત્યપ્રસાદ મામા તને મળે તો મ્હારા તરફથી તું એમને કહેજે કે, એનાર્કિઝમ અથવા રાજદ્રોહ ઉપર હવે મ્હારી બિલ્કુલ ભક્તિ નથી આ વાત સાભળી તેઓ અવશ્ય સંતુષ્ટ થશે હું સારી રીતે સમજ્યો છું કે, ભારતવર્ષની સમસ્યા ઘણી ભારે છે રાજદ્રોહીઓના તુચ્છ બૉમ્બથી એની મીમાંસા થઈ શકે તેમ નથી

" આટલા દિવસ સુધી ચીન દેશમા રહી અહીંની સઘળી અવસ્થા જોઈ હું એમ સમજી શક્યો છું કે, ચીનમા પ્રકૃત જાતીય જીવન જાગૃત થયુ છે વિદેશીઓ તરફ પહેલા ચીનવાસીઓનો જે વિદ્વેષ હતો તે દૂર થઇ ગયો છે. આ વિદ્વેષને લીધે પહેલા જેટલી વખત વિદ્રોહ થયો તે તદ્દન વ્યર્થ થયો છે ગયા ' બક્સાર વિદ્રોહ ' પ્રસંગે ચીનની મૂર્ખ પ્રજાએ યૂરોપિયન મિશનરી વગેરે ઉપર રાક્ષસી જુલ્મ ગુજારવા માડ્યો હતો એ પ્રસંગે ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, અમેરિકા, જાપાન, જર્મની વગેરે દેશોએ પોતાના સૈનિકો મોકલી એ વિદ્રોહનુ સર્વ પ્રકારે દમન કર્યું હતુ એ પ્રસગે ચીનની સરકારને વિશેષ કાઈ કરવું પડ્યુ નહોતુ હવે ચીના લોકમા શિક્ષણનો ફેલાવો થયો છે પૃથ્વીની અન્યાન્ય જાતિઓ સાથેના પ્રથમના વિદ્વેષનો ત્યાગ કરી ચીનાઇ પ્રજા પોતાની સંપૂર્ણ શક્તિથી પ્રજાતંત્ર સ્થાપવાનો પ્રયત્ન કરે છે મ્હારો એવો વિશ્વાસ છે કે, થોડા જ વર્ષમા ચીન, સંસારની પ્રબળ શક્તિઓ–world Powers માની એક પ્રબળ શક્તિ ગણાશે એને કોઈ રોકી શકશે નહિ પ્રાચીન જરાગ્રસ્ત વિશાળ ચીના જાતિનુ નવીન શરીરથી પુનરુત્થાન થવુ એ એક અતિ અપૂર્વ દૃશ્ય છે ! હુ એ મહાન્ દૃશ્યની પ્રતીક્ષામા છુ

"આ દેશના મકાન વગેરે આપણા દેશના જેવું છે હિંદુ સમાજના ઘણા રીતરીવાજની સાથે ચીન દેશના રીત રીવાજો સુંદર રૂપથી મળતા આવે છે ચીનાઇ સમાજમા વિવાહ થતા પહેલા વર-કન્યાનો પરિચય થતો નથી બન્ને પક્ષના માબાપો અથવા નિકટના સબંધીઓ એ સબધ નક્કી કરે છે ચીનાઇ સમાજમા વિધવાવિવાહ પ્રચલિત નથી આ દેશના લોક ભારતવાસીઓની માફક અતિથિસત્કારમા નિપુણ છે બૌદ્ધધર્મ અને બૌદ્ધ સભ્યતાને માટે ચીન ભારતનુ ઋણી છે આ સર્વ કારણોથી જ હુ સ્વદેશમાથી સ્વય નિર્વાસિત થઇને ચીનવાસીઓના દ્વારમા લજ્જા અને હીનતા અનુભવતો નથી

"ભાઇ ! હવે મ્હારી એવી ધારણા થઈ ગઈ છે કે, ભારતવર્ષની હમણાની શાસનપદ્ધતિ એશિયાની આતર્જાતિક ઘટના પર પડેલા આઘાત પ્રત્યાઘાતથી ધીમે ધીમે ફેરવાઇ જશે વિદેશમા પ્રવાસ કરતો કરતો એ સઘળી ઘટનાઓના પ્રવાહની ગતિનુ હુ દર્શન કરવા ઇચ્છુછુ. જ્યા સુધી ભારતવર્ષના રાજનૈતિક અપરાધીઓ માટે સરકાર તરફથી Amnesty-દયા જાહિર નહિ થાય ત્યા સુધી હુ સ્વદેશમા પાછો ફરીશ નહિ આશા છે કે તુ કુટુબસહ કુશળ હોઇશ હુ તને મ્હારું ઠેકાણુ જણાવવાની જરૂર ધારતો નથી, ત્હારે ઉત્તર લખવાની જરૂર નથી ભારતવર્ષના કેટલાક વર્તમાનપત્રો વાચી હુ સ્વદેશના સમાચાર જાણી શકુ છુ

લિ ત્હારો ચિરસુહૃદ જ્ઞાનચદ્ર."

આ પત્ર સત્યપ્રસાદ મામાએ પણ ઘણા ધ્યાનથી વાંચ્યો. પછી તેમણે કહ્યું-"વિપિનચંદ્રના વિચારો બદલાયા છે જાણી હું ઘણો ખુશી થયો છું. તે ચીન દેશમાં રહીને પણ શાન્તિપૂર્વક એકાગ્રચિત્તથી જો ભારતના કલ્યાણની કામના કરે તો તેથી ઇષ્ટ સિદ્ધિ થશે મ્હને તેની ઇચ્છાશક્તિ 'will force' ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. હવે તે સ્વરાજ્યપ્રાપ્તિનો મહામંત્ર સમજી શક્યો છે.

સમાપ્ત

